ભારતના મુસ્લિમ શાસકોની ધાર્મિક ઉદારતા

ભાગ : ૧

મુઘલ શાસન પૂર્વે ભારતના મુસ્લિમ શાસકોની ધાર્મિક ઉદારતા અને માનવતાની વિસ્તૃત ચર્ચા પ્રમાણભૂત સંદર્ભોના આધારે.

સંપાદક

સૈયદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન સાહબ

પ્રેરક

મુફ્તી અમીન કલા સા. (દા.બ.)

અનુવાદક

અહમદહુસૈન ઉમર ગાઝી સા.

પ્રકાશક

વિગત

❑	કિતાબનું નામ :	ભારતના મુસ્લિમ શાસકોની ધાર્મિક ઉદારતા
❑	સંપાદક :	શૈખ સબાહુદ્દીન અબ્દુર્રહમાન સા.
❑	પ્રેરક :	મુફ્તી અમીન કલા સા.
❑	અનુવાદક :	અહમદહુસૈન ઉમર ગાઝી
❑	પ્રકાશક :	
❑	પ્રકાશન વર્ષ :	નવેમ્બર : ૨૦૧૮

અનુક્રમણિકા

પ્રસ્તાવના

હઝરત મૌલાના ઈકબાલ મુહમ્મદ ટંકારવી (સા.)

(મુહતમિમ : દારૂલ ઉલૂમ માટલીવાલા – ભરૂચા)

પ્રો.ઈશ્વરી પ્રસાદ લખે છે કે, મધ્યયુગના મુસ્લિમ શાસકોએ પોતાની હુકુમતને સેકયુલર બનાવવામાં ઘણી બહાદુરીના પગલાં ભર્યા. એવા કાયદાઓ અમલમાં મુકયા જેનાથી સામાન્ય પ્રજાને (જેમાં બહુમતિ હિંદુઓની હતી) વધુથી વધુ રાહત પહોંચે. જીવન જરૂરિયાતની પ્રત્યેક વસ્તુ છુટથી મળતી. તેમણે ખેતી અને વેપારને ખૂબ પ્રગતિ આપી. હિંદુઓને ધાર્મિક અને સાંસ્કૃતિક આઝાદી આપી અને તેને અમલમાં મૂકવા સરકારી અદાલતોમાં પંડિતો નિયુકત કર્યા. તેમણે ધર્મને રાજકારણથી દૂર રાખી પોતાની સંપૂર્ણ શકિત પ્રજાહિત કાર્યોમાં લગાડી. પ્રથમ મુસ્લિમ ઈમારત કુતુબમિનારના પહેલા માળે આયત **"લા ઈકરાહ ફીદીન"** (એટલે કે ધાર્મિક બાબતમાં કોઈ જ બળજબરી નથી) લખી. જેથી સ્પષ્ટ થાય છે કે, મુસ્લિમ શાસન પહેલાથી જ બિનસાંપ્રદાયિક હતું.

મુસ્લિમ શાસનમાં હિંદુ સંસ્કૃતિ એટલા માટે સલામત રહી કે હુકુમતની વ્યવસ્થા હિંદુઓના હાથમાં જ રહી. ઘણા ઉચા હોદ્દાઓ ઉપર હિંદુઓને બિરાજમાન કરવામાં આવ્યા. ધાર્મિક સંતો, મહંતો અને બ્રાહમણોનું સન્માન કરવામાં આવતું હતું, અલાઉદ્દીન જેવા શકિતશાળી રાજા આચાર્ય મહાસેનને કર્ણાટકથી પોતાના દરબારમાં બોલાવી ધાર્મિક ચર્ચા કરાવતા હતા.

દિગમ્બર પંથના આચાર્ય પોરનીચંદ્ર અને શ્વેતાંબર યોગી રામચંદ્ર સુરીનું અલાઉદ્દીનના દરબારમાં ઘણું જ માન હતું. ગ્યાસુદ્દીન તઘલકના બે ગવર્નરો જૈન હતા. રત્નશિખર ફીરોજ શાહના માનીતા દરબારી કવિ હતા.

મુસ્લિમ શાસકો પોતાની સાથે દરેક ક્ષેત્રને લગતા અનુભવી માણસો લઈને આવ્યા ન હતા, જેથી હિંદુઓને દરેક ખાતામાં નિયુકત કર્યા, નહીં તો દેશનો વહીવટ ખોરવાઈ જતો. હિંદુ કારીગરોએ મુસ્લિમ ઈમારતો બાંધી, ટંકશાળોમાં સિક્કા છાપ્યા, હિસાબો લખ્યા, પંડિતોએ હિંદુ લૉ પર અમલ કરાવવા બાદશાહોને સલાહ સૂચનો આપ્યા.

મુસ્લિમ શાસકોની બિન સાંપ્રદાયિકતાનો પુરાવો એ છે કે જયાં જયાં એમની સત્તા હતી, ત્યાં આજે પણ મુસ્લિમોની સંખ્યા ઘણી જ ઓછી છે. ઉત્તર ભારતમાં ૭૦૦ વરસના લગાતાર શાસન બાદ પણ મુસ્લિમો ૧૫ ટકાથી વધી ન શકયા. એ જ પ્રમાણે મહારાષ્ટ્રમાં બહમનીવંશ અને હૈદરાબાદમાં નિઝામનું રાજ હોવા છતાં પણ મુસ્લિમો લઘુમતીમાં છે. એની તુલનામાં બંગાળ, કાશ્મીર અને દક્ષિણની પૂર્વ–પશ્ચિમ સમુદ્રપટ્ટી મલબાર, કેરાલા, મદ્રાસ વગેરે જગ્યાઓ જયાં હિંદુ શાસન હતું, ત્યાં મુસ્લિમોની સંખ્યા સારા પ્રમાણમાં છે.

૭૦૦ વર્ષના શકિતશાળી શાસન છતાં મુસ્લિમોની વસતી ઓછી હોવી એ જીવંત પુરાવો છે કે આ અરસામાં હિંદુ ધર્મ સલામત રહયો, બલકે આ સમય દરમ્યાન હિંદુ ધર્મગુરૂઓએ ધાર્મિક પ્રગતિ માટે વખતોવખત જરૂરી સુધારાઓ પણ કર્યા.

હઝરત ફરીદુદ્દીન ગંજશકર (રહ.) અલ્લાહપાકની બંદગી બાદ ફકત અલ્લાહપાકની મખ્લૂકની ખિદમતની જ ફિકર વધારેમાં વધારે રાખતા. કોઈ સરકારી અધિકારી લોકો ઉપર જુલ્મ કરતો જોવા મળતો, તો તેને જુલ્મી વહેવારથી અટકાવતા. બેગુનાહોને સજાથી બચાવતા.

મઝહબના રીત–રીવાજોમાંથી કોઈ ગેરમાર્ગે ફંટાઈ જતો, તો તેને સાચા માર્ગ તરફ દોરી જતા. તેની આદતોને સુધારવાની કોશિશ કરતા.

(બઝમે સૂફિયાઃ ૧૭૦)

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા (રહ.) અલ્લાહપાકકી મખ્લૂક સાથે વેરભાવ રાખવાને ધર્મ વિરૂધ્ધ બાબત માનતા. (બઝમે સૂફિયા : ૨૮૮)

તેઓ ફરમાવે છે કે, કયામતના મેદાનમાં કોઈ વસ્તુની કિંમત એટલી નહીં હોય, જેટલી દિલાવરી અને લોકોને ખુશ કરવાની નેક આદતોની હશે. (સિયરૂલ અવલિયાઃ ૨૮)

બાદશાહ અલ્તમશે એલાન કરી રાખ્યું હતું કે, જે કોઈ પણ માણસ ઉપર જુલ્મ થાય, તે બાદશાહના મહેલમાં રાખેલ ઈન્સાફની સાંકળને હલાવે. જેથી બાદશાહ તેને પૂરેપૂરો ન્યાય આપી શકે. નહીંતર કયામતના દિવસે એની ફરિયાદનો બોજ ઉપાડવાની તાકાત તેનામાં (બાદશાહમાં) નહીં હોય. (ફવાઈદુસ્સાલિકીનઃ ૨૯)

બાદશાહ ગિયાસુદ્દીન બલબન વિશે ઈતિહાસકાર ઝિયાઉદ્દીન બરનીએ લખ્યું છે કે, " તે ઈન્સાફ આપવાની બાબતમાં ભાઈઓ, દીકરાઓ અને સગા– સંબંધીઓની જરા પણ આમાન્યા જાળવતો નહીં. જયાં સુધી જુલ્મનો ભોગ બનેલાને પૂરેપૂરો સંતોષ ન થઈ જાય અને તેના દિલને પૂરેપૂરી રાહત ન થઈ જાય ત્યાં સુધી. તેના અદલ ઈન્સાફના અનેક કિસ્સાઓ જાણીતા છે.

દેખીતું છે કે, અલ્લાહ તઆલાની મખ્લૂકની ખિદમત કરવી, લોકોના દિલોને રાહત પહોંચાડવી અને રૈયત ઉપર જુલ્મ કરવાથી બચવું તેમજ ભૂખ્યા, નાગા અને જરૂરતમંદોની મદદ કરવામાં હિંદુ– મુસ્લિમ બધી જ જાતના લોકો સામેલ હોય છે. અને ઈન્સાફ આપવાની બાબતમાં નાત–જાત કે ધર્મના કોઈ ભેદભાવ હોતા નથી.

અદલ ઈન્સાફની સુંદર વ્યવસ્થા અને મઝહબી સદ્ભાવને કારણે લોકો હંમેશા સુખ–શાંતિથી જીવી શકયા. ઈસ્લામી હુકૂમતોમાં રાજકારણ અને મઝહબનો ગાઢ સંબંધ રહેલો છે. પરંતુ મોઘલોની સૌની સાથે સમાન ભાવનાથી કોઈ ખતરો ઉભો થયો નહીં અને કોઈ પણ સમયે એવી કોશિશો કરવામાં આવી નહીં કે, બાદશાહોના મઝહબને એમના તાબામાં રહેલ લોકો ઉપર લાદી લેવામાં આવે. ત્યાં સુધી કે મઝહબના ચુસ્ત બાદશાહ ગણાવનાર ઔરંગઝેબે પણ રાજ્યની નોકરીઓ માટે ઈસ્લામ ધર્મી હોવાની શરત રાખી ન હતી. મોઘલોના સમયમાં " Five miles Act" અથવા"Corporation Act" જેવી કોઈ મિસાલ મળતી નથી. લોકોની મરજી વિરૂધ્ધનો Act of Uniforty જેવો કોઈ કાયદો ઘડવામાં આવ્યો ન હતો.

એલિઝાબેથના સમયમાં એક એવો કાયદો હતો કે, જેના વડે બળજબરીથી બંદગી કરાવવામાં આવતી હતી. મોઘલોના સમયમાં આ પ્રકારની કોઈ બળજબરી કરવામાં આવી નહીં.

Bortho Landas Salary જેવી કત્લેઆમથી મોઘલોનો ઈતિહાસ કયારેય કલંકિત થયો નથી. ધાર્મિક યુધ્ધોથી થયેલ ખૂન – ખરાબાથી યુરોપનો ઈતિહાસ ખરડાયેલો છે. પરંતુ મોઘલોના સમયમાં એવા ધાર્મિક યુધ્ધનો કોઈ દાખલો મળતો નથી. બાદશાહને ઈસ્લામ મઝહબનો રક્ષક અને પહેરેગીર જરૂર માનવામાં આવતો, પરંતુ એણે કયારેય પોતાની હિંદુ પ્રજાઓ ઉપર ઈસ્લામ ધર્મના કાયદા – કાનૂનો પાળવાનો દબાવ નાંખ્યો નથી. બાબરથી લઈને ઔરંગઝેબ સુધીનો મોઘલોનો ઈતિહાસ સંકુચિત દ્રષ્ટિ અને સાંપ્રદાયિક કડવાશોથી મોટેભાગે સ્વચ્છ રહયો છે.

"એન્સાયકલોપીડિયા ઓફ ઈસ્લામ"ના ખ્રિસ્તી લેખકે લખ્યું છે કે : " મહમૂદે ધર્મના મામલામાં કયારેય પણ બળજબરી કરી નથી. બલકે

ઘણા પદો ઉપર તેણે પોતાના ધર્મના લોકો કરતાં વિધર્મીઓને પ્રધાન્ય આપ્યું"

એડવર્ડ ગિબ્બને મહમૂદ ગઝનવીની દૂરંદેશી, ઉદારતા તેમજ સંતુલિત સ્વભાવને સ્વીકારતાં લખે છે: " મહમૂદ દુનિયાના શ્રેષ્ઠ બાદશાહોમાંથી એક હતો. તે એક નીડર સૈનિક હતો. એક અનુભવી કમાન્ડર, ન્યાય અને ઈન્સાફનો આવાહક તથા વિદ્વાનો અને જ્ઞાનીઓનું સન્માન કરનારો હતો. તે એક એવો શાસક હતો, જેણે શાંતિ વ્યવસ્થા અને સુખદ વાતાવરણનો પ્રયાસ કર્યો તથા શિક્ષણ અને વેપારને પ્રોત્સાહન આપ્યું. તે માનવીય રૂપે નિયમોનું ચુસ્ત પાલન કરતો હતો. સ્વાભાવિક રીતે તે અત્યાચારી અને ક્રૂર ન હતો, ન તે લાલચુ હતો, પરંતુ સંતુલિત સ્વભાવનો હતો, દાનવીર હતો."

(ઈસ્લામ ઔર ગેરમુસ્લિમ : પૃઃ ૩૮, પ્રકાશક : યુનિવર્સલ પીસ ફાઉન્ડેશન, નવી દિલ્હી)

ગઝનવી મહત્વાકાંક્ષી જરૂર હતા. જેથી ગઝની આજુબાજુના બાદશાહ અને રાજાઓ સાથે તેમની લડાઈ રહેતી હતી. તેમણે જેમ હિંદુઓ સાથે જંગ ખેલ્યો તેમ મુસ્લિમ બાદશાહો સાથે પણ યુધ્ધ લડયા તે છતાં રાજા હોવાની હેસિયતથી પોતાની હિંદુ પ્રજા સાથે ઘણો જ સારો સંબંધ રાખ્યો. ગઝની શહેરમાં હિંદુઓના મહોલ્લા હતા. જેમાં તેઓ આઝાદીથી પોતાની ધાર્મિક વિધિઓ અને રિવાજો કરતા હતા. ગઝનવીના સિક્કા ઉપર સંસ્કૃત ભાષાના શબ્દો કોતરેલા હતા. તે જ્ઞાન પ્રેમી હતા. તેમની સાથે સંસ્કૃત અને હિંદીના અનુભવી પંડિતો પણ હતા. યુધ્ધ દરમિયાન મથુરાના મંદિરોની કલા અને સૌંદર્યથી પ્રભાવિત થઈ પોતાની નોંધપોથીમાં (બાબરની જેમ) તેના ઘણાં વખાણ કર્યા છે. અલ્બેરૂની જેવા ભારત પ્રેમીનું તેમના દરબારમાં પ્રોત્સાહન પામવું જ તેમની ધાર્મિક સહિષ્ણુતાની નિશાની છે.

(સી.વી વૈદીયા – મુંબઈ યુનિવર્સિટી)

હૅમિલ્ટન નામે એક અંગ્રેજ ઔરંગઝેબના કાળમાં ભારત આવ્યો હતો. તે પોતાના સફરનામામાં વિભિન્ન શહેરોનો નજરે જોયેલ અહેવાલ લખતાં જણાવે છે કે, " શાસનનો ધર્મ માત્ર ઈસ્લામ છે, પરંતુ સંખ્યામાં જો દસ હિંદુઓ છે તો એક મુસલમાન. હિંદુઓ સાથે ઉદારતા અને ભાઈચારો પૂર્ણ રીતે રાખવામાં આવે છે. તેઓ પોતાના વ્રત રાખે છે, પૂજાપાઠ કરે છે અને તહેવારોને એ જ રીતે ઉજવે છે, જેમકે આગળ ઉજવતા હતા, જયારે શાસન હિંદુઓનું હતું." (સફરનામા હૅમિલ્ટનઃ ૧/૧૨૭– ૧૨૮)

હૅમિલ્ટન સુરત શહેર વિશે લખે છે કે, " આ શહેરમાં લગભગ એકસો વિભિન્ન ધર્મોના લોકો રહે છે, પરંતુ તેમના દરમ્યાન કયારેય કોઈ ઝઘડો તેમની આસ્થા અને પૂજાપાઠની રીતો વિશે નથી થતો. દરેકને અધિકાર છે કે જે રીતે ચાહે, પોતાની રીતે પોતાના ઈશ્વરની ઉપાસના કરે. માત્ર ધાર્મિક મતભેદોના આધારે કોઈને કષ્ટ પહોંચાડવું કે તકલીફ આપવી, તે મુસ્લિમ લોકોમાં જોવા મળતું નથી."

(સફરનામા હૅમિલ્ટન, ૧–૧૨૭–૧૨૮)

બળપૂર્વક ધર્મ પરિવર્તન અંગે ટી. ડબલ્યુ. આર્નોલ્ડ નોંધે છે કે, " ઔરંગઝેબના શાસનકાળના ઈતિહાસના પુસ્તકોમાં જયાં સુધી મેં સંશોધન કર્યું છે, બળપૂર્વક મુસલમાન બનાવવાનો કયાંય ઉલ્લેખ નથી."

(પ્રિચિંગ ઓફ ઈસ્લામ)

ઈતિહાસકાર ઍનફિસ્ટન પણ એ જ અભિપ્રાય આપે છે કે, "એવું પ્રમાણિત થતું નથી કે કોઈ હિંદુને તેના ધર્મના કારણે ઔરંગઝેબે કતલ કર્યો હોય અથવા કેદ કે દંડની સજા કરી હોય કે પછી કોઈ વ્યકિત ઉપર ખુલ્લી રીતે પોતાના ધર્મ અનુસાર ઉપાસના કરવાને કારણે વાંધો લીધો હોય." (તારીખે હિંદ)

ટીપુ સુલ્તાને કદાપિ જાતિભેદ દર્શાવ્યો ન હતો કે ન તો તેઓ મુસ્લિમોનું પ્રભુત્વ ચાહતા હતા. ન તો તેઓ મૂર્તિભંજક કે મંદિરભંજક હતા, બલકે હકીકતમાં એ તમામ મંદિરો જે તેમના રાજ્યમાં આબાદ હતા તેને સક્રિય પ્રોત્સાહન પણ આપતા અને નાણાંકીય સહારો પણ પૂરો પાડતા. તેનો ઉદાહરણીય દાખલો શ્રીગેંરીના હિંદુ મઠના જગતગુરૂ સાથે તેમનું રક્ષણ કરી પૂરો પાડયો હતો અને સાથે નાણાં, અનાજ, કાપડ વગેરે ભેટમાં આપ્યા. હિંદુ હુમલાખોરોના આ મંદિર ઉપર લૂંટના પ્રસંગે તેમણે ત્વરીત પગલાં ભર્યા.

મેલૂકોટિના શ્રી નારાયણ સ્વામી મંદિરને તેમણે ૧૨ હાથી, ઘરેણાં, સોના અને ચાંદીના વાસણો ભેટમાં આપ્યા હતા. નનજાગુડના શ્રી કંઠેશ્વરના મંદિરને ચાંદીનો કપ તથા પ્રખ્યાત "પાદશાહ લિન્ગા" જે એક ખાસ પ્રકારના લીલા મજબૂત સુશોભિત પથ્થરમાંથી બનેલ હતો, ત્યાં લગાવ્યો હતો. સાત ચાંદીના કપ તથા ચાંદીની ધુપદાની દીપક શ્રી રંગપટ્ટમના શ્રી રંગનાથન મંદિરને ભેટ આપ્યા હતા. શ્રી વેંકટરામન અને તિરૂમાલાનો માન–મર્તબો વધાર્યો હતો. રથ ઉત્સવમાં તેઓ ભાગ લેતા અને દારૂખાના, રોશની માટે દાન પણ આપતા. દક્ષિણ મલબાર અને બીજા સ્થળોએ વિના મૂલ્યે મંદિરો માટે જમીનની વ્યવસ્થા કરતા. પુષ્પાગીરી મઠ, ગોંડિકોઠનું અંજયનિયા સ્વામી મંદિર, ગુટુપેટનું નરસિમ્હા સ્વામી મંદિર, મંચુરનું ચિનાકેશવા સ્વામી, માતુરનું પ્રસન્ના વેંકટેશ્વર મંદિર, પ્રિવેલીમાં આવેલ શ્રીરંગા મંદિર આ સર્વનો ખર્ચ ટીપુ સુલ્તાન ઉપાડતા હતા. પુલીવેન્ડામાં અંજાનેશ્વર મંદિરમાં બંધ પડેલ પૂજાવિધિ એમણે ચાલુ કરાવી. મહારાજા હરિપ્પા જેવા બ્રાહમણોને તેમણે જમીન ભેટમાં આપી. રાયાકોટ્ટાઈ મંદિરના પૂજારીઓને તેમણે રોકડ રકમની મદદ કરી હતી. મેલૂકોટીમાં શ્રીવિશ્નવ સંપ્રદાયના બે વર્ગો વેડાગલાઈ અને ટીનકલાઈ વચ્ચે મંદિર બાબતમાં તેમનો ન્યાય નિષ્પક્ષપાતી હતો. આ સત્યો, હકીકતો, શાંતિ અને ભારે પુરાવાઓ

દર્શાવે છે કે, હિંદુઓને તેમના તરફથી મદદ અને પ્રોત્સાહન સતત મળતા રહેતા અને તેઓ શાંતિથી પોતાના ધર્મનું સંપૂર્ણપણે સ્વતંત્રતાથી પાલન કરતા હતા. ખ્રિસ્તી ધર્મ સાથે પણ તેમનો વ્યવહાર સમાનહકધર્મી હતો. સિરીયન અને આર્મેનિઅન સંપ્રદાયના ખ્રિસ્તીઓના જનકલ્યાણ અર્થે ધ્યાન આપતા અને ગોવાના આર્કબિશપને તેઓના કેથોલિક પાદરીઓને મૈસૂરના ખ્રિસ્તીઓની સેવામાં મોકલવા માટે વિનંતી પણ કરી હતી.

"યંગ ઈન્ડિયા" તંત્રી, મહાત્મા ગાંધી, ૨૩ જાન્યુઆરી ૧૯૩૦, પેજ ૩૧માં નીચેની હકીકત દર્શાવવામાં આવી છે.

મૈસૂરના ફતેહઅલી ટીપુ સુલ્તાન જેમને વિદેશી ઈતિહાસકારોએ ધર્મઝનૂની તરીકે વર્ણવેલ કે જે પોતાની હિંદુ પ્રજાને દબાવી તેઓને તાકતના જોરે ધર્મ પરિવર્તન કરાવી ઈસ્લામમાં દાખલ કર્યો હોવાનો આરોપ લગાવે છે, પરંતુ સમગ્ર રીતે તે આ પ્રમાણે ન હતા. અન્યથા હિંદુ પ્રજા સાથે તો સંબંધો સંપૂર્ણપણે અત્યંત સ્નેહાળ હતા. મૈસુર રાજ્યના આર્કિઓલોજી વિભાગના કબ્જામાં ૩૦ થી વધુ પત્રો ટીપુ સુલ્તાનના છે. જે તેણે શ્રીંગેરી મઠના શંકરાચાર્ય ઉપર લખ્યા હતા. આ પત્રો કન્નડ ભાષાની લાક્ષણિકતામાં લખેલ છે. ઈ.સ ૧૭૯૩માં શંકરાચાર્ય ઉપર લખેલ એક પત્રમાં તેમના તરફથી મળેલ પત્રનો ઉલ્લેખ કરે છે અને તેઓને વિનંતી કરે છે કે, તેઓ તપ કરે અને સમગ્ર જગત માટે તથા પોતાના રાજય માટે કલ્યાણ અને પ્રગતિ માટે પ્રાર્થના કરે. અંતમાં તે શંકરાચાર્યને વિનંતી કરે છે કે, તેઓ મૈસુર રાજયમાં પરત ફરે. કારણ પવિત્ર વ્યકિતઓની હાજરીથી સારા વરસાદ અને સારા પાક અને ભંડારની અનુભૂતિ થાય છે." આ પત્ર ભારતના ઈતિહાસમાં સોનેરી પત્ર તરીકે છાપકામનો આદર્શ નમૂનો છે.

મોહતરમ જનાબ સય્યિદ સબાહુદ્દીન અ.રહમાન સા. દારૂલ મુસન્નિફીન આ'ઝમગઢ ઘણા મોટા વિદ્વાન અને પ્રખર ઈતિહાસકાર અને રાજકીય તથા ભૌગોલિક બાબતોના મહાન સંશોધક હતા. આપે ભારતના ઈતિહાસને લગતા ઘણા બધા વિષયો બાબતે તહકીકી

તલસ્પર્શી નિબંધો તથા પુસ્તકો લખ્યા છે. આપનું એક અતિ મહત્ત્વનું પુસ્તક **" હિંદુસ્તાનકે અહ્દે માઝીમેં મુસલમાન હુકમરાનોંકી મઝહબી રવાદારી"** ત્રણ ભાગોમાં છપાયેલું છે. જેમાં ભારતના મુસ્લિમ બાદશાહોએ પોતાની હિંદુ પ્રજાને જે ધાર્મિક છૂટછાટ આપી હતી અને તેમના પર્સનલ લૉને બહાલી આપી તથા તેમના ધર્મ ગુરૂઓને માન – સન્માન આપ્યું વગેરે બાબતોને ઘણા વિસ્તારપૂર્વક ઐતિહાસિક બનાવોના સંદર્ભમાં રજુ કરી છે.

હમારા દોસ્ત જનાબ માસ્તર અહમદહુસૈન ઉમર ગાઝી સા. ગોધરાવાલા જે પોતે પણ ઈતિહાસના વિષયના નિષ્ણાંત અને પ્રખર અનુભવી છે, તેમણે આ પુસ્તકના પહેલા ભાગનો ઘણો જ સરસ, સુંદર ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે. અને પુસ્તક સ્વરૂપે ગુજરાતીમાં છપાવી રહયા છે.

આ પ્રસંગે મને પણ કંઈક લખવાનો આદેશ આપ્યો, તો આપના આગ્રહને માન આપી આ વિષયને લગતી થોડી બાબતો રજૂ કરી છે હાલના સંજોગો જોતા આ વિષય ઘણો જ મહત્ત્વનો છે, અલ્લામા સય્યિદ સુલેમાન નદવી (રહ.) એ પોતાના ઘણા બધા પુસ્તકોમાં આ બાબત તરફ ધ્યાન દોરવ્યું છે. આપનું એક પુસ્કત " હિંદુઓકી ઈલ્મી વ તઅલીમી તરક્કીમેં મુસલમાન હુકમરાનોંકી કોશિશ" પણ આ વિષય બાબતે ઘણી ચોખવટ કરે છે.

મને ઘણી જ ખુશી થાય છે કે, જનાબ માસ્તર અહમદહુસૈન સાહેબે આ અતિ મહત્ત્વના પુસ્તકનો અનુવાદ કર્યો. આપની ઘડાયેલ કલમે આથી પહેલાં ઘણા બધા વિવિધ વિષયોના પુસ્તકોનો સરળ અને શુધ્ધ ભાષામાં અનુવાદ થયેલ છે. આશા છે કે આ પુસ્તક પણ હિંદુ–મુસ્લિમ એકતામાં વધારો કરવાનું માધ્યમ બનશે અને બન્ને કૌમો વચ્ચે તિરાડ પાડવાની નાપાક કોશિશ કરનારાઓને નિષ્ફળતા મળશે. અલ્લાહ તઆલા મોહતરમ ગાઝી સા.ને પોતાની શાન પ્રમાણે બેહતરીન બદલો અતા ફરમાવે. આમીન.

આમુખ

આપણા હાથોમાં જે પુસ્તક છે તે હકીકતમાં એ લેખો છે જે ૨૭ એપ્રિલ ૧૯૭૨માં સાબુ સિદ્દીક ટેકનિકલ ઈન્સ્ટિટયુટ હોલમાં ઈસ્લામીક રિસર્ચ એસોસિએશન મુંબઈની દેખરેખ હેઠળ જનાબ રફીક ઝકરિયા, મુંબઈના મંત્રીના અધ્યક્ષપદ હેઠળ વાંચવામાં આવ્યા, એ લેખને હાજરજનોએ ખૂબ જ ધ્યાનથી સાંભળ્યો. જો કે સમયના અભાવને કારણે તે લેખને ટુંકમાં વાંચવામાં આવ્યો પરંતુ હાજરજનોની દિલચસ્પીને કારણે એ વિચાર આવ્યો કે એ વિષય પર હજુ વધારાની માહિતી એકત્ર કરવામાં આવે તો ન માત્ર શંકા દૂર થઈ જાય બલકે એકતાનું વાતાવરણ પણ જન્મી શકે છે. લેખમાં બરાબર વધારો થતો રહયો અહીંયા સુધી કે તે લેખ ન રહયો બલકે બે ભાગનું પુસ્તક તૈયાર થઈ ગયું, તેનો એક ભાગ રજૂ કરવામાં આવે છે. તેના અભ્યાસથી અંદાજો થશે કે ભારતમાં મુસ્લિમ શાસકોના સમયમાં માત્ર લડાઈઓ જ ન થતી બલકે તેમને અહીંયા ઉદારતા, વિશાળતા અને હમદર્દી પણ બતાવી, કેટલાક એવા ઈતિહાસકારો પણ છે જે કેટલાક મુસ્લિમ શાસકોના અત્યાચારને તેમનો વ્યકિતગત મામલો નહીં બલકે ઈસ્લામની શિક્ષા સાથે જોડે છે પરંતુ તેમના આ પ્રકારના લખાણો ઈતિહાસની સચ્ચાઈને બદલે રાજકીય મસલતો અને ધાર્મિક પક્ષપાતને આધારે છે મુસલમાનોનો એ અકીદો રહયો છે કે હુકૂમત ધર્મ વિમુખતા, કુફ્ર અને શિર્ક સાથે તો લાંબા સમય સુધી કાયમ રહી શકે છે. પરંતુ અત્યાચાર અને જુલ્મ સાથે ચાલી શકતી નથી. એટલા માટે ભારતના મુસ્લિમ શાસકોએ પોતાના શાસનમાં ન્યાય પર વધારે ભાર મૂકયો . ઈસ્લામની આ શિક્ષા દારૂલ મુસન્નિફીનના પ્રકાશનો અલ ફારૂક, મકાલાતે શિબલી,

સીરતુન્નબી (સલ.) અને દીને રહમતમાં વિસ્તૃત રીતે રજુ થઈ ચુકી છે. વાંચકો તેનો અભ્યાસ કરી શકે છે. છતાં ઉદારતા વિશે કુર્આને પાક અને હદીસ શરીફની જે શિક્ષા રહી છે. તેને અમે અહીંયા ટુંકમાં વર્ણવીએ છીએ.

ભારતમાં મુસલમાનો આબાદ થયા ત્યારે ભાગ્યે જ કોઈ એવી જગ્યા હશે જયાં તેમના પાડોશી બિન મુસ્લિમ ન હોય. દરરોજ તેમનાથી બરાબર સંબંધ રહયો. ઈસ્લામમાં પાડોશીઓનું ખૂબ જ મહત્ત્વ છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે અને તમે અલ્લાહની બંદગી કરો અને (કોઈ પણ બાબતમાં) કોઈને તેનો શરીક ન ઠેરવો અને માતા – પિતા સાથે સદ્‌વર્તન રાખો તેમ સગાઓ સાથે અને યતીમો તથા ગરીબો સાથે અને સગાઈવાળા પાડોશી તેમ અન્ય પાડોશી સાથે અને સહવાસી મિત્રો તથા મુસાફિર સાથે અને જેના તમે માલિક છો તેની સાથે પણ (સદ્‌વર્તન રાખો)

(સૂરએ નિસાઅ : ૩૬)

હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું કે હઝરત જિબ્રઈલ (અલૈ.) પાડોશીઓ વિશે એટલી બધી વસિયત કરતા રહયા કે મને ખ્યાલ થવા લાગ્યો કે તેમને માલમાં વારસદાર ન બનાવી દે. (બુખારી શરીફ)

બીજી હદીસમાં છે : આપ (સલ.) એ ફરમાવ્યું કે તે વ્યકિત જન્નતમાં દાખલ થશે નહીં જેનો પાડોશી તેની તકલીફોથી સુરક્ષિત ન હોય. (મુસ્લિમ શરીફ) એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : તે જાતના સોગંદ જેના હાથમાં મારા પ્રાણ છે. ત્યાં સુધી બંદો મો'મિન નથી થઈ શકતો જયાં સુધી પોતાના પાડોશી ભાઈ માટે તે જ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરે છે. હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ (રદિ.) એ ફરમાવ્યું : અલ્લાહની નજીક પાડોશીઓમાં સૌથી શ્રેષ્ઠ તે છે જે પોતાના પાડોશી માટે શ્રેષ્ઠ હોય. *(અદબુલ મુફરદ: ૧/૨૦૬)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) આ તાલીમ પર પણ અમલ કરતા રહયા. એક વખતે તેમને એક બકરી ઝબહ કરાવી અને પોતાના ગુલામને હિદાયત આપી કે સૌથી પેહલા પાડોશીને ગોશ્ત પહોંચાડી દો. એક વ્યકિતએ કહયું કે એ તો યહૂદી છે. તો આપે ફરમાવ્યુ કે યહૂદી છે તો શું થયું ? એ કહીને રસૂલુલ્લાહ (સલ.) નો ઈર્શાદ ફરમાવ્યો કે હઝરત જિબ્રઈલ (અલૈ.)એ મારાથી એટલી વખતે વસિયત કરી કે મને એમ થવા લાગ્યું કે તેઓ પાડોશીઓને વારસદાર ન બનાવી દે.

આજના શાસનમાં સામ્યવાદ, લશ્કરવાદ અને બિન સાંપ્રદાયિકતા ના સમર્થકો પોત પોતાના વિચારોને મનાવવા શું કરી રહયા છે તે બધાને ખબર છે. ઈન્ડો–ચાઈનામાં દ્રષ્ટિબિંદુની જંગ છેલ્લા ત્રીસ વર્ષથી ચાલી રહી છે. લંડનના ટાઈમ્સ પ્રમાણે એ જંગમાં ૨૧૨૬૨૪૦ લોકો માર્યા ગયા છે.

પરંતુ ઈસ્લામની તા'લીમ એ છે કે દીનમાં પણ જબરદસ્તી નથી. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "દીનના બારામાં બળજબરી નથી. કારણ કે હિદાયત પોતે જ ગુમરાહીથી જુદી પડી ચુકી છે "(સૂરએ બકરહ : ૨૫૬) બીજી આયતમાં ઈર્શાદ છે : અને આપ ફરમાવી દો કે આ સત્ય (દીન) તમારા પરવરદિગાર તરફથી આવ્યું છે, માટે જેનું મન ચાહે તે ઈમાન લઈ આવે અને જેનું મન ચાહે તે કાફિર રહે. (સૂરએ કહફ: ૨૯)

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : (હે નબી સલ. !) તમે તમારા પરવરદિગારના માર્ગ તરફ સચોટ વાતો (દલીલો) સમજાવીને અને ભલી નસીહત સંભળાવીને બોલાવો તેમ એવી રીતે તેઓની સાથે વાદ વિવાદ કરો જે શ્રેષ્ઠ હોય. (સૂરએ નહલ : ૧૨૫)

બીજા ધર્મના અનુયાયીઓને બુરા કહેવાની મનાઈ ફરમાવી છે "અને એ લોકો અલ્લાહના સિવાય જેમને પુકારે છે તેને તમે બુરા ન કહો (નહિ તો) ફરી તેઓ સમજ્યા વિના હદથી વધી (દ્વેષથી) અલ્લાહને બુરૂ કહેવા લાગશે." *(સૂરએ અન્આમ: ૧૦૮)*

ઈસ્લામના જુના દુશ્મન યહૂદી છે, આપ (સલ.)ના સમયમાં પણ તેમની દુશ્મની મશ્હૂર હતી, પરંતુ અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ (સલ.) ને હુકમ આપ્યો છે, ફરમાવ્યું: એ લોકો જુઠુ બોલવા માટે જાસુસી કરનારા અને (લાંચનો) હરામ (માલ) ખાનારા છે. ફરી જો એ લોકો આપની પાસે (પોતાનો) કોઈ મામલો લઈ) આવે તો તમને અધિકાર છે કે તેઓમાં ફેસલો કરી દો અથવા તેઓને ટાળી દો અને જો આપ તેઓને ટાળી દેશો તો તેઓ આપનું કંઈ પણ બગાડી શકશે નહીં. અને જો આપ ફૈંસલો કરો તો તેઓની વચ્ચે ન્યાયસર ફૈંસલો કરો. બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને દોસ્ત રાખે છે. *(સૂરએ માઈદહ: ૪૨)*

જંગની હાલતમાં પણ જુલ્મ અને અત્યાચારની મનાઈ ફરમાવી: "અને (હે મુસલમાનો !) જે લોકો તમારી સાથે (સુલેહનો ભંગ કરી) લડે છે, તમે પણ તેઓની સાથે અલ્લાહના માર્ગમાં લડો, પણ (પોતે) હદથી ન વધો અલ્લાહ (શરીઅતથી) હદ બહાર જનારાઓને કદી પણ પસંદ કરતો નથી."

(સૂરએ બકરહ : ૧૯૦)

યુદ્ધના મોકા પર પનાહ આપવાની તાકીદ કરવામાં આવી. ફરમાવ્યું: "અને જો (અમનની મુદ્દત વીત્યા પછી) કોઈ મુશરિક આપનાથી પનાહ માંગે તો તેને પનાહ આપો અહીં સુધી કે તે અલ્લાહનું કલામ સાંભળી લે, પછી તેને તેની સલામતીની જગ્યાએ પહોંચાડી દો."

(સૂ.તવબહ: ૬)

દુશ્મનોથી વચન ભંગ કરવાની સખત મનાઈ ફરમાવી છે : ફરમાવ્યું "પરંતુ જે મુશ્રિકોથી તમે સંધિ કરી હતી પછી તેઓએ (કરાર પાળવામાં) તમારી સાથે કંઈ વાંક કર્યો નથી, તેમજ તમારી વિરુદ્ધ કોઈને સહાય પણ આપી નથી તો તેઓ સાથે તેઓના વાયદા સુધી તેઓનો કરાર પૂરો કરો બેશક અલ્લાહ પરહેઝગારોને ચાહે છે." (સૂરએ તવબહ: ૪)

ફત્હે મક્કા પછી રસૂલુલ્લાહ (સલ.) એ પોતાના જાની દુશ્મનો સાથે જે માફી અને રહેમનો વર્તાવ કર્યો તે અજીબ ઉદાહરણ છે. આપની સામે તે અત્યાચારી કોમ હતી.જે ઈસ્લામને ખતમ કરવા માંગતી હતી. તેમાં એવા લોકો પણ હતા જે આપ (સલ.)ને ગાળો ભાંડતા હતા. તે પણ હતા જે આપના માર્ગમાં કાંટા નાંખતા હતા. તે પણ હતા જે મુસલમાનોને તપતી રેતી પર સુવડાવીને છાતી ઉપર પથ્થર મુકતા હતા. તે બધાને સંબોધીને ફરમાવ્યું તમારી ઉપર આજે કોઈ આક્ષેપ નથી. જાઓ તમે બધા આઝાદ છો. (સિરતુન્નબીઃ ૧)

આપ (સલ.) એ કયારેય મુશ્રિકોને બુરૂ કહયું નથી, હંમેશા તેમની હિદાયતની દુઆ કરતા રહયા, હે અલ્લાહ ! મારી કૌમને હિદાયત આપ તેઓ સત્ય અસત્યને ઓળખતા નથી, એક વખતે મુશ્રિકોના જુલ્મથી તંગ આવીને સહાબા (રદિ.) એ આપને બદદુઆની દરખાસ્ત કરી તો આપ (સલ.) એ ફરમાવ્યું કે હું લાનત કરવા માટે મોકલવામાં આવ્યો નથી બલકે રહમત બનાવીને મોકલવામાં આવ્યો છું.

રહમતુલ્લિલ્ આલમીન (સલ.) ના કબ્જામાં જયારે સંપૂર્ણ અરબ આવી ગયું તો નજરાનના ખ્રિસ્તીઓ સાથે આપનો પહેલો મામલો થયો. આપ (સલ.) એ તેમને એ અધિકારો આપ્યા કે નજરાન અને તેની આસપાસની પ્રજાના પ્રાણ, તેમનો ધર્મ, તેમની જમીનો, તેમનો માલ, તેમના હાજર–ગેરહાજર, તેમના કાફલા, તેમની સ્ત્રીઓ, અલ્લાહની સલામતીમાં અને તેના રસૂલ (સલ.)ની હિફાઝતમાં છે. તેમની આધુનિક પરિસ્થિતિમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવે અને ન તેમના હક્કોમાંથી કોઈ હક છીનવામાં આવશે અને ન સ્ત્રીઓને બગાડવામાં આવશે, કોઈ પાદરી અથવા રાહિબ પોતાના હોદ્દા પરથી નહીં હટાવવામાં આવે. તેમના પહેલાના સમયનો કોઈ પાપ અથવા ખુનનો બદલો નહીં લેવામાં આવે. ન લશ્કરી સેવા લેવામાં આવશે. ન તેમની ઉપર ઉશ્ર લગાડવામાં આવશે.

તેમની સાથે જે શરતો કરવામાં આવી છે તેની પાબંદી કરવામાં આવશે, તેમને જુલ્મથી કોઈ વાત પર મજબૂર કરવામાં નહીં આવે.

(ફુતુહુલ બુલ્દાન બલાઝરીઃ ૭૨)

રસૂલુલ્લાહ (સલ.) ની આ તા'લીમ પર સહાબા (રદિ.) નો પણ અમલ રહયો, હઝરત વલિદ (રદિ.) એ હિરાને જીતી લીધું તો હિરાવાસીઓને એ વચન આપવામાં આવ્યું કે તેમના ઈબાદત ખાના અને ચર્ચ તોડવામાં નહીં આવે અને ન તેમને ઈદના દિવસે શંખ વગાડવાથી અને જુલૂસથી રોકવામાં આવશે. (કિતાબુલ ખિરાજ : ૮૪)

હઝરત ઉમર (રદિ.) એ જયારે બયતુલ મુકદસ પર વિજય મેળવ્યો તો ત્યાંના ખ્રિસ્તીઓને એ હક્કો આપ્યા કે તેમના પ્રાણની સુરક્ષા હશે. તેમના ચર્ચોમાં રહેઠાણ કરવામાં આવશે નહીં, ન તે તોડવામાં આવશે અને ન તેમને અને તેમની સરહદોને નુકસાન પહોંચાડવામાં આવશે. ન તેમની મિલકતોમાં નુકસાન પહોંચાડવામાં આવશે. ન ધાર્મિક બાબતોમાં તેમની ઉપર બળજબરી કરવામાં આવશે. ન તેમને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડવામાં આવશે. (તબરી : ૫ / ૨૪૦૫)

હઝરત ઉમર (રદિ.)ના સમયમાં જયારે જરજાન ફતેહ થયું તો ત્યાંના લોકોથી એ કરાર કરવામાં આવ્યો કે તેમના પ્રાણ, માલ, ધર્મ વગેરે માટે અમન છે. તેમાંથી કોઈ વસ્તુમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. (તબરી : ૫/ ૨૬૮૫) જયારે હઝરત અબૂ ઉબયદહ (રદિ.) એ સિરિયાને ફતેહ કર્યુ તો હઝરત ઉમર (રદિ.) એ તેમને લખ્યું કે મુસલમાનોને રોકો કે ઝિમ્મીઓ પર જુલ્મ ન કરે, ન તેમને કોઈ નુકસાન પહોંચાડે, ન અયોગ્ય રીતે તેમનો માલ ખાવામાં આવે. તેમનાથી જે શરતો અને તેમનાથી વાયદો કરવામાં આવ્યો છે તે પૂરો કરવામાં આવે.

(કિતાબુલ ખિરાજ : ૮૨)

હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.) હઝરત ઉમર (રદિ.)ના સમયમાં મોટા લડાકુ હતા. હઝરત ઉમર (રદિ.) એ તેમને એક વિસ્તૃત ફરમાન મોકલીને એ માર્ગદર્શન આપ્યું કે ફોજનો પડાવ ઝિમ્મીઓની આબાદીથી દૂર રાખવામાં આવે. તેમની આબાદીમાં તે લોકોને જ જવાની પરવાનગી આપો જેમની ઈમાનદારી અને અમાનતદારી પર તમને વિશ્વાસ હોય અને તેમની સાથે ખરાબ વર્તન ન કરો. કારણ કે તમારી ઉપર તેમના પ્રાણ અને માલની રક્ષાની જવાબદારી છે, જેને પુરો કરવો તમારી કસોટી છે, જે રીતે તેમની ઉપર વચનની પાબંદીની જવાબદારી અને તેની કસોટી છે. જયારે તેઓ એ જવાબદારીને પુરી કરે છે, તો તમે પણ તેમની સાથે સારો વર્તાવ કરો અને જે લોકોએ તમારાથી સુલેહ કરી લીધી છે તેમની ઉપર જુલ્મ કરીને દુશ્મન પર વિજય મેળવવાનો પ્રયત્ન ન કરો.

(અલ અક્દ ફરીદઃ ૧/૨૬, દીને રહમતઃ ૨૫૦)

હઝરત અલી (રદિ.)ના સમયમાં એક મુસલમાને એક ઝિમ્મીને કતલ કરી દીધો. હઝરત અલી (રદિ.) એ કતલ કરનારને કતલ કરવાનો હુકમ આપી દીધો, પરંતુ કતલ થનારના ભાઈએ રકમ લઈને કતલ કરનારને માફ કરી દેવા ચાહયું તો હઝરત અલી (રદિ.) એ તેનાથી ફરમાવ્યું તમે જાણો અને તમારુ કામ, જે (ઝિમ્મી) ની જવાબદારી અમારી ઉપર છે. તેનું લોહી અમારા લોહી બરાબર છે અને તેનો બદલો અમારા બદલા બરાબર છે. (બયહકી : ૮ /૩૪, દીને રહમત : ૨૪૬)

ઈસ્લામની તાલીમ વિરૂદ્ધ ભારતના શાસકોએ જે કર્યુ તે પ્રતિકાર રૂપ છે, પરંતુ જે ઈતિહાસકારો તેમના કાર્યને તેમની તરફ જોડવાને બદલે ઈસ્લામ સાથે સરખાવે છે તે પણ પ્રતિકાર રૂપ છે. એવા ઈતિહાસકારો એ છે જે દિલોને જોડવાને બદલે દિલોને તોડીને ખુશ થાય છે. દરેક યુગમાં હુકૂમતનો મહત્ત્વનો ભાગ યુદ્ધ રહયો છે, યુદ્ધના મેદાનમાં અથવા યુદ્ધ સમયે શું નથી થતું તે લખતા લંડન ટાઈમ્સના આ આંકડા સામે આવ્યા કે

ઉત્તર અને દક્ષિણ વિયેટનામની લડાઈમાં અમેરિકન એરફોર્સે ૧૮ લાખ ૯૯ હજાર ૬૬૮ હમલા કર્યા અને ૬૭૨૭૦૮૪ ટન બોમ્બ ફેંકયા અને વનસ્પતિને નષ્ટ કરવા એક કરોડ નેવું લાખ ગેલન નકામો પદાર્થ ફેંકયો અને ૩૫ લાખ એકર પર ઝેરી દવાઓ છાંટી તેનો અસર ૧૦૦ વર્ષ સુધી રહેશે. એ યુદ્ધમાં એક કરોડ નેવું લાખ બાળકો અનાથ બન્યા અને પંદર લાખ ૬૦ હજાર ઘાયલ થયા અને ૩૬૬૨૦૦૦ વ્યકિતઓ માર્યા ગયા, તેના મુકાબલામાં ભારતના હાકિમોની લડાઈ બિલકુલ સામાન્ય ગણાય. જો કે યુદ્ધ તો યુદ્ધ જ છે. આજે યુદ્ધો થાય છે, પરંતુ જલ્દી રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક મિત્રતા પણ કાયમ થઈ જાય છે અમેરિકાએ જયારે જાપાનના હિરોશીમા અને નાગાસાકી પર બોમ્બ નાંખ્યા તો સમગ્ર વિશ્વ લોહીના આંસુ વહાવી રહયું હતું પરંતુ જાપાન અને અમેરિકા બંને એકબીજાના વફાદાર બની રહયા છે. મધ્યયુગમાં હિંદુ અને મુસ્લિમોની લડાઈઓ કયારનીય ખતમ થઈ ગઈ. પરંતુ કેટલાક ઈતિહાસકારો એવા છે જે એ લડાઈની દુશ્મનાવટની યાદ તાજી કરીને આનંદ ઉઠાવે છે જેથી જે લોકો હૃદયને જોડવા તરફ આગળ વધે તેમના હૃદયોને તોડીને તેમનાથી અલગ કરે.

આ પુસ્તક હૃદયોને જોડવા માટે સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં નફરત અને અદાવતને બદલે મુહબ્બત અને હમદર્દી જોવા મળશે. તેના બીજા ભાગમાં મુઘલ શાસકોની ઉદારતા હશે. એ ભાગ એટલા માટે અલગ કરી દેવામાં આવ્યો કે બંને જો એક સાથે પ્રકાશિત કરવામાં આવતા તો જરૂરતથી વધારે મોટો થઈ જતો.

દુઆ છે કે જે હેતુ માટે આ પુસ્તક લખવામાં આવ્યું છે તે પુરો થાય. આમીન

સૈયદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન

દારૂલ મુસન્નિફ, અલીગઢ

૨૦ મે ઈ.સ. ૧૯૭૫

ભારતના ભૂતકાળમાં
મુસ્લિમ શાસકોની ધાર્મિક ઉદારતા

પ્રસ્તાવના

ભૂતકાળનો અર્થ તે સમય કે જયારે આ દેશમાં મુસ્લિમોનું શાસન હતું, તેઓ અહીંયા આવ્યા તો તેમને એવી પ્રજાથી વાસ્તો પડયો જે તેમના ધર્મથી અલગ પડતા હતા, આ લેખમાં એ સ્પષ્ટ કરવાનું છે કે એ બંને અલગ અલગ ધર્મોના અનુયાયીઓમાં સત્તા અને પ્રભૂત્વ જમાવવા માત્ર હત્યા અને લૂંટમાર થતી રહી અથવા બંનેમાં સદ્‌ભાવના અને ઉદારતા પણ રહી. ઈતિહાસનો સમાન કાચો છે. તે દિલોને તોડવાનું અને જોડવાનું બન્ને કામ કરે છે, કોઈ દેશની કોઈ દૂરની લૂટમારની કહાનીને ભેગી કરીએ તો કસાઈની દુકાન બની જશે, પરંતુ તે સમયના એવા અનેક બનાવો છે તેના પ્રેમની કહાની અને શાંતિના બનાવો ભેગા કરીએ તો તે ભૂતકાળનો ઈતિહાસ કષ્ટદાયક બનવાને બદલે કૃપાળુ બની જાશે. ઈતિહાસની કલમ પણ અજીબ હોય છે, તે જવાળા પણ છે, અને ઝાકળ – ઓસ પણ , કાંટા પણ છે, ફૂલ પણ, વિષ પણ છે, વિષમારક પણ. પ્યાર પણ છે તો નફરતની તલવાર પણ, તે કાળજાને છીદ્ર કરીને લાઈલાજ નાસુર પેદા કરી શકે છે તો દિલોમાં આનંદ પણ ભરી શકે છે. આ લેખમાં ઝાકળ – ઓસ, ફૂલ , પ્યાર અને આનંદની કહાની સંભળાવવાની છે.

યુધ્ધોની પાયમાલી

એ સત્ય છે કે મુસલમાનો જયારે ભારતમાં આવ્યા તો તેમને મોટી મોટી લડાઈઓ લડવી પડી. તે લડાઈઓમાં તેમની ફોજે કેટલાક વિસ્તારોમાં

અત્યાચારો પણ કર્યા, તેમને લોકોને સખત, અયોગ્ય અને તકલીફ ભર્યા શબ્દો પણ કહયા. તે સમયના ઈતિહાસકારો પોતાની જીતના ઘમંડમાં અને યુદ્ધવીર વિચારોમાં એવી વાતો પણ લખી ગયા છે જેનાથી બિન મુસ્લિમોમાં ઉત્તેજના પેદા થાય છે અને દુઃખ પણ, પરંતુ આજની લડાઈઓમાં જે કંઈ થાય છે તેનો મુકાબલો ભૂતકાળની લડાઈઓ સાથે કરવામાં આવે તો ભૂતકાળની બધી લડાઈઓના અત્યાચારો ઝાંખા પડી જશે. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાએ જાપાનના હિરોશીમા અને નાગાસાકી શહેરો ઉપર બોમ્બ નાંખીને જે હત્યા, ખુનામરકી અને અત્યાચારો કર્યા તે વિશ્વ ઈતિહાસનો એવો દુઃખદ પ્રસંગ છે જે કયારેય ન ભૂલી શકાય. હિન્દુસ્તાનના મુસ્લિમ શાસકોના ઈતિહાસમાં કોઈ વિજય વખતે આવી ભયાનકતા અને તબાહીનું ઉદાહરણ નહીં મળે, આ લખતી વખતે રેડિયોથી એ સમાચાર સાંભળ્યા છે કે અમેરિકન લશ્કરે વિયેટનામના ઉત્તર ભાગમાં લગભગ ૭૫ લાખ બોમ્બ ફેંકયા હશે આ અત્યાચારનું ઉદાહરણ તો તૈમૂર જેવા અત્યાચારીને ત્યાં પણ ન હતું. પછી યુરોપના મધ્યયુગમાં પણ વિજય વખતે શું થયું ? ઈ.સ. ૧૦૬૬માં વિલિયમ પહેલાએ બ્રિટન પર હુમલો કર્યો તો તેનો હુકમ હતો કે માનવી અને પશુ બંનેમાંથી કોઈને છૂટછાટ ન આપવામાં આવે. ઘર, અનાજ, ખેતી વગેરે બધુ બરબાદ કરી દેવામાં આવે, થોડા જ વર્ષોમાં બધા હોદ્દાઓ દેશી પ્રજા પાસેથી લઈ લેવામાં આવ્યા, નોરમાનોને આપવામાં આવ્યા, તેમને સ્થાનિક લોકોને નફરતની નજરે જોયા, તેમના ખેતરોને બરબાદ કર્યા, તેમની સ્ત્રીઓ સાથે નિર્લજ્જતા ભર્યો વ્યવહાર કર્યો. લોકોને જેલમાં ધકેલી દીધા, એક લાખ સ્ત્રીઓ અને પુરુષો સાથે નિર્દયતાભર્યો વર્તાવ કર્યો. સત્તરમી સદીમાં જર્મનીમાં ત્રીસ વર્ષ સુધી જંગ ચાલી. તેમા યુરોપની અનેક હુકૂમતો સંકળાએલી હતી.

બોહીમીયા (BOHEMIYA) ના ૩૫ હજાર ગામોમાંથી માત્ર છ

હજાર ગામો બાકી રહી ગયા. જર્મનીમાં એક કરોડ સાઈઠ લાખની વસ્તીમાં માત્ર સાત લાખ લોકો બાકી રહયા. આવા ઉદાહરણો યુરોપના ઈતિહાસમાં મોટા પ્રમાણમાં મળે છે.

ભારતના મુસ્લિમ વિજેતાઓના અત્યાચારનો મુકાબલો યુરોપના વિજેતાઓથી કરવામાં આવે તો તેમનો અત્યાચાર ઘણો ઓછો લાગશે, જો કે અત્યાચાર તો અત્યાચાર જ છે. અત્યાચારમાં ઓછા વધારેનો પ્રશ્ન નથી, પરંતુ કોઈ શાસકના અત્યાચારોમાં તેના સદ્‌વર્તન અને ઉદારતાનું પલ્લુ ભારે હોય તો ખરેખર તે પ્રસંશાને પાત્ર છે. ભારતના મુસ્લિમ શાસકોના સમયમાં જો અત્યાચારો થયા તો તેમની કહાની તેમના માટે છોડી દો જે નફરત અને ધૃણા ફેલાવીને દિલોને તોડવામાં લાગી છે. પરંતુ આવી થોડીક પ્રામાણિકતા અને વફાદારી, એકતા અને મૈત્રી તેમજ નિષ્ઠા અને પ્રેમની કહાનીઓ પણ સાંભળી લો.

ભારતથી આરબોના સંબંધો

ભારતમાં મુસલમાનોનો વિધિસરનો ઈતિહાસ આરબોના આગમનથી શરૂ થયો. આરબોને તો ભારતથી હંમેશા ઘણો લગાવ રહયો, તેનો એક પુરાવો એ પણ છે કે તેઓ ઈસ્લામથી ઘણાં પહેલા જાહિલિયતના યુગમાં પોતાની પુત્રીઓ અને પ્રેમીકાના નામ હિન્દા રાખતા હતા અને ઘણી ભારતની વસ્તુઓના નામ દા.ત. હિન્દી તલવાર, ચંદન અને ઉદ (એક પ્રકારનું સુગંધિત લાકડુ) નું વર્ણન તે યુગના શાયરોના કલામમાં થાય છે અને જયારે કલામે પાક ઉતર્યુ તો હઝરત અલ્લામા સૈયદ સુલેમાન નદવી (રહ.) ના કથન પ્રમાણે તેમાં જન્નતના લક્ષણોમાં તે જન્નત જેવા દેશની ત્રણ ખુશ્બુઓ મુશ્ક, ઝનજબીલ, (સૂંઠ અથવા આદુ) અને કાફૂર (કપુર) નું વર્ણન છે. (અરબ વ હિન્દ કે તઅલ્લુકાતઃ ૭૨)

આરબોનો એ મત રહયો કે હઝરત આદમ (અલૈ.)ને દુનિયામાં દજના સ્થળે ઉતારવામાં આવ્યા જે ભારતમાં આવેલ છે. નૂરે મુહમ્મદી હઝરત આદમ (અલૈ.) ની પેશાનીમાં અમાનત હતી. તેનાથી સાબિત થયું કે મુહમ્મદ (સલ.) નું પ્રથમ દ્રશ્યમાન આ જ જમીન પર થયું.

(તફસીરે દુર્રે મન્સુર સુયુતીઃ ૧/ ૫૫)

આરબોમાં એક વાત પ્રખ્યાત છે કે રસૂલુલ્લાહ (સલ.) એ ઈર્શાદ ફરમાવ્યો, મને ભારત તરફથી રબ્બાની ખુશ્બુ આવે છે. અને હઝરત અલી (રદિ.) એ પણ ફરમાવ્યું : "સૌથી પવિત્ર અને ખુશ્બુદાર સ્થળ હિન્દુસ્તાન છે. (સુબ્હતુલ મરજાન ફી તારીખે હિન્દુસ્તાનઃ પ્રકરણ / ૧)

એક રિવાયતમાં છે કે હઝરત ઈમામ હુસૈન (રદિ.)ના પુત્ર ઈમામ ઝયનુલ આબિદીન (રહ.) ની માતા સિંધી હતા, બીજા મત પ્રમાણે તેમને ઈરાની બતાવવામાં આવે છે, જો પેહલી રિવાયત સાચી છે તો ઈસ્લામના એક આદરપાત્ર જુથ એટલે સાદાતના એક મોટા ભાગનો સંબંધ આ જ હિન્દુસ્તાનથી થઈ જાય છે. ઐતિહાસિક દ્રષ્ટિએ આરબોનું પહેલું સમુદ્રી જહાઝ હઝરત ઉમર (રદિ.) ના જમાના (ઈ.સ. ૬૩૬, હિ. ૧૫) માં મુંબઈના વિસ્તારમાં થાણામાં આવ્યું હતું જે તે વખતે એક અગત્યનું બંદર હતું ત્યાર બાદ એ આરબો ભરૂચ અને પછી દેબલ તરફ વધ્યા. આ બધા વિસ્તારો એક સમય સુધી મુંબઈમાં જ ગણાતા હતા.

મુહમ્મદ બિન કાસિમની લડાઈ

એ વિસ્તારોમાં આરબ વેપારીઓ બરાબર આવતા – જતા રહયા, તેમને સમુદ્રી લુટારાઓથી હિફાઝત માટે વલિદ બિન અબ્દુલ મલિક (ઈ.સ. ૭૦૫ – ૧૫) ના જમાનામાં ઈરાકના હાકેમ હજ્જાજ બિન યુસુફ (મૃત્યુ હિ.સ. ૯૫ – ઈ.સ. ૭૧૩) એ મુહમ્મદ બિન કાસિમને ઈરાનથી સિંધ તરફ જવાનો હુકમ આપ્યો. આ લશ્કરી લડાઈ એટલા માટે

ઐતિહાસિક મહત્વ ધરાવે છે કે યુદ્ધ છતાં તેમાં ધાર્મિક ઉદારતા અને વિશાળતાનો તે નમૂનો રજૂ કરવામાં આવ્યો જે ઈસ્લામની ખરી તાલીમ હતી. એ તો ન કહી શકાય કે આ લશ્કર સિંધમાં ફૂલો વરસાવતું દાખલ થયું, તેમના તીરોથી કોઈને જખ્મ ન આવ્યું, તેમની તલવારોથી લોહી ન વહયું, તેમના હથિયારોથી નુકસાન ન થયું. યુદ્ધ ખરેખર ભયાનક અને અત્યાચારી હોય છે પરંતુ જોવાનું એ છે કે અત્યાચાર અને હત્યા છતાં તે આરબ વિજેતાઓનો વર્તાવ તે લોકો સાથે કેવો રહયો.

હજ્જાજ બિન યુસુફના બોધવચનો

સામાન્ય રીતે હજ્જાજ બિન યુસુફને એક અત્યાચારી અને જાલિમ હાકેમ સમજવામાં આવે છે. પરંતુ સિંધના વિજય વખતે તેમને મુહમ્મદ બિન કાસિમને જે પ્રથમ હિદાયત લખી મોકલી તેમાં અન્ય બાબતોમાં એક આ પણ હતી.

"અલ્લાહ તઆલાથી ડરતા રહો, સબર કરતા રહો, દુશ્મનોના દેશમાં પહોંચો તો વિશાળ જગ્યામાં ઉતરો, જયારે હાથીઓનું લશ્કર સામે આવે તો અલગ અલગ ટુકડીઓ બનાવી લો અને જયારે તેઓ આક્રમણ કરે તો એક સાથે તેમની ઉપર તીર વરસાવો .

(ચચનામા, પ્રકાશન : હૈદરાબાદ : ૯૮ –૯૯)

હંમેશા કુર્આનની તિલાવતમાં મશ્ગુલ રહેવું, દુઆઓ પઢતા રહો, અલ્લાહ તઆલાનો ઝિક્ર દરેક વખતે રાખો. અલ્લાહની તૌફીકથી મદદની ઉમ્મીદ રાખો, અલ્લાહ તઆલા તમને સફળતા આપશે. લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ્ અઝીમને પોતાનો મદદગાર બનાવો.... જયારે દુશ્મનોથી મુકાબલો કરો તો ચુપ રહો, જો દુશ્મન નારા લગાવે, નિર્લજ્જ બોલે અને લડવા આવે તો તેમનાથી ત્યાં સુધી ન લડો, જયાં સુધી આદેશ ન મળે. (ચચનામા, પ્રકાશન હૈદરાબાદ : ૧૦૧)

" જે માલ સંપત્તિ, હાથી, ઘોડા તમારા હાથમાં આવે તે તમારી સંપત્તિ ન સમજો, જેથી તમે તમારા મિત્રોમાં નેક રહો, દરેકનો આદર કરો અને દરેકની ખુશીમાં લાગેલા રહો, લશ્કરને જે વસ્તુની જરૂરત હોય તે પુરી કરવાની કોશિશ કરો, જયારે કોઈ વિસ્તારમાં શાસન નક્કી થઈ જાય અને કિલ્લા સુરક્ષિત થઈ જાય તો જે કંઈ વધે તે પ્રજાના સામાજિક કાર્યોમાં વાપરો, તેમના ખાવા–પીવાની વ્યવસ્થા કરો. સિપાહીઓને ગનીમતનો માલ પણ આપો અને એવી ઉદારતા અપનાવો કે લશ્કરમાં અનાજની છૂટ થઈ જાય. ખેડુતો અને વેપારીઓની માંગ પૂરી કરો કારણકે તેમની ખુશહાલીથી દેશ આબાદ રહે છે અને એ રીતે તેઓ તમારી તરફ આકર્ષાય જશે. (ચચનામાઃ ૧૧૬)

"જયારે કોઈ તમારૂં વાલીપણુ ઈચ્છે તો તેને હતાશ ન કરો, તેમની વિનંતી કબૂલ કરો પ્રજાને શાંતિ અર્પી તેમના દિલોને મજબૂત કરો, બાદશાહના ચાર કાર્યો છે : (૧) મદારા (એટલે ફાયદો), સાંત્વના, હમદર્દી, રિશ્તેદારી (૨) માલ અને ભેટનું લેવું – દેવું (૩) દુશ્મનોના વિરોધમાં સત્ય મત કાયમ કરવો. (૪) દબદબો, શકિત અને પ્રતિભાને જાહેર કરવી, આ બાબતોથી દુશ્મનોને પરાજિત કરી શકાય છે. બાદશાહ જે વાતનો હુકમ કરે તે પૂર્ણ કરો, તેમને માર્ગ પર લાવો. જયારે તેઓ સેવાની જાહેરાત કરે અને ખજાનો આપતા રહે તો તેમને શકિત પહોંચાડતા રહો, દુશ્મનોની ચાલબાજીથી બચતા રહો.... મુસલમાનોના કોઈ પ્રતિનિધિને કયાંક મોકલો તો તેમના ધાર્મિક અકીદા સહીહ હોવા જોઈએ જેથી તેઓ દરેક વાતને પૂરી શકિત સાથે રજૂ કરી શકે....જે વ્યકિત અલ્લાહ તઆલાનો એકરાર કરી લે અને તમારી તાબેદારી સ્વીકારી લે તો તેમના માલ, જમીન અને ખેતીને બાકી રાખો અને જે ઈસ્લામ કબૂલ ન કરે તો તેમને એટલી જ પીડા પહોંચાડો કે તાબેદાર બની જાય, જે લોકો હઠધર્મી કરે તો તેમની સાથે લડવા તૈયાર થઈ જાવ. એવી જગ્યાએ જઈને લડો જયાં વિશાળ જગ્યા

હોય જેથી પુરુષ પુરુષ સાથે અને સવાર સવાર સાથે મેદાનમાં બહાદુરી બતાવે. જયારે લડાઈમાં વ્યસ્ત થઈ જાઓ તો અલ્લાહ તઆલા પર ભરોસો કરો. (ચચનામાઃ ૧૨૮ – ૧૨૯)

મુહમ્મદ બિન કાસિમનો ઉદાર વર્તાવ

હજ્જાજ બિન યુસુફ જબરદસ્ત હાકેમ ગુજર્યા છે, તેમના શાસનમાં આદેશનો ઈન્કાર ન થઈ શકતો, મુહમ્મદ બિન કાસિમ તેમને પોતાનો મુરબ્બી સમજતો હતો, કારણ કે તે તેમનો કાકાનો ભાઈ ઉપરાંત તેમનો જમાઈ પણ હતો. હજ્જાજ પણ તેમનાથી ઘણી મુહબ્બત કરતા હતા. એટલા માટે બન્નેના વિચારો સમાન હતા તે સિવાય મુહમ્મદ બિન કાસિમમાં ઉચ્ચ અખ્લાક હતા એટલા માટે તેમને ન માત્ર હજ્જાજના હુકમની પેરવી કરી બલકે યુદ્ધ પછી તેમને પોતાના પરાજિત શાંતિ પ્રિય લોકો સાથે જે વ્યવહારો કર્યા તે દુનિયાના ઈતિહાસમાં અજોડ છે.

સિંધ પર આક્રમણનું એક કારણ એ પણ બતાવવામાં આવે છે કે લંકાના રાજાએ હજ્જાજ બિન યુસુફ પાસે એક પ્રતિનિધિ મંડળ મોકલ્યું હતું તેમની સાથે આઠ જહાઝો હતા, તેમાં રાજા તરફથી ભેટ ભરી હતી, તે જહાઝોમાં મુસલમાન સ્ત્રીઓ અને પુરોષો પણ હજના ઈરાદે તેમાં સવાર થઈ ગયા હતા એ જહાઝોને સમુદ્રી લૂટારાઓએ લૂટી લીધા અને માલ સામાન લૂટી લીધો અને મુસાફિરોને કેદી બનાવી દીધા. તે કેદીઓમાં કબીલા અઝીઝની એક સ્ત્રી બોલી ઉઠી એ હજ્જાજ બચાવો, હજ્જાજને જયારે તેની ખબર પહોંચી તો તે વ્યાકુળ બન્યો અને તેણે સિંધ જીતવાનો પાકો નિર્ણય કર્યો. પ્રથમ બે લશ્કરોને તો નિષ્ફળતા મળી, પરંતુ મુહમ્મદ બિન કાસિમ દરેક રીતે સફળ રહયા, તે દેબલ તરફ આગળ વધ્યા અને જયારે તેમનો વિજય નક્કી હતો ત્યારે એક બ્રાહ્મણ તેમની પાસે આવ્યા અને કહયું કે અમારા જ્યોતિષના પુસ્તકમાં લખ્યું છે કે ઈસ્લામી લશ્કરની જીત થશે,

પછી એક જ્યોતિષે આવીને ખુશખબરી સંભળાવી અને તેમણે કહયું કે જો મારા ઘરવાળાઓના જાન–માલની રક્ષાની બાંયધરી આપો તો હું એ મુસલમાન કેદીઓની જાણ કરી શકું છું જે લંકાના જહાઝથી પકડવામાં આવ્યા હતા. મુહમ્મદ બિન કાસિમે તેમને શાંતિ અને સલામતી બખ્શી. અને તેની મદદથી તે કેદી મુહમ્મદ બિન કાસિમ પાસે લાવવામાં આવ્યા, આ કેદીઓ એક એવી વ્યકિતની કેદમાં હતા જે સમજદાર, પરહેજગાર અને માહિર હતા, મુહમ્મદ બિન કાસિમે તેને સજા આપવાનું નકકી કર્યું પરંતુ તેને કહયું કે કેદી જાતે બતાવશે કે મેં તેમની સાથે કેવો વર્તાવ કર્યો છે. કેદીઓએ એક મત થઈને કહયું તેને અમારી સાથે સારો વર્તાવ કર્યો છે તેથી અમે તેના આભારી છીએ અને તે હંમેશા ઈસ્લામી લશ્કરની ખુશખબરીથી અમારા દિલોને સંતોષ આપતો રહયો. આ સાંભળી મુહમ્મદ બિન કાસિમે તેને માફ કરી દીધો, ત્યાર પછી તેણે ઈસ્લામ કબૂલ કરી લીધો. મુહમ્મદ બિન કાસિમે ખૂશ થઈને તેને દેબલમાં પોતાનો નાયબ બનાવી લીધો અને એ આખો વિસ્તાર તેને સોંપી દીધો. (ચચનામા : ૧૦૮ – ૧૦૯)

વિજય પછીનો વર્તાવ

નિરોનના ઘેરાવા પછી જયારે ઘેરાયેલાઓએ કિલ્લાનો દરવાજો ખોલી નાંખ્યો તો તેની ખબર મુહમ્મદ બિન કાસિમે હજ્જાજને આપી, હજ્જાજે તરત જ લખ્યું કે જે તમારાથી અમન માંગે તેને રક્ષણ આપો, જો કોઈ જગ્યાના વડીલો તમારાથી મુલાકાત માટે આવે તો તેમનો આદર કરી તેમને ભેટ અર્પણ કરો, બુદ્ધિને પોતાની આગળ રાખો જેથી તે વિસ્તારના અમીરો અને વિદ્વાનો તમારા કથન અને કાર્ય પર વિશ્વાસ કરે. મુહમ્મદ બિન કાસિમે તે હિદાયતો પર અમલ કર્યો અને નિરોનના હાકેમને સંદેશો મોકલ્યો કે હવે જયારે કિલ્લાનો દરવાજો ખુલી ગયો છે, તમારા આદરમાં કોઈ કમી નહીં કરવામાં આવે. આ પયગામ પછી નિરોનના હાકેમ ઘણી

ભેટો લઈને મુહમ્મદ બિન કાસિમ પાસે આવ્યા. પછી પોતાના કિલ્લામાં પરત આવીને મુહમ્મદ બિન કાસિમની મહેમાની કરી અને બરાબર તેમને ભેટ મોકલતો રહયો. લશ્કરમાં અનાજની તંગી હતી, જે તેમણે પૂરી કરી.

(ચચનામાઃ ૧૧૭, ૧૧૮)

મુહમ્મદ બિન કાસિમના આ વર્તાવની અસર સિંધની બીજી પ્રજા પર પણ પડી જયારે તે સિવસ્તાન તરફ વધ્યો તો તેનો હાકેમ રાજા દાહિરનો ભત્રીજો બઝરા (બજ્જેરાય) હતો, ત્યાંના બોદ્ધોએ અને બીજા લોકોએ બઝરા પાસે એક વિનંતી મોકલી કે અમને માલૂમ છે કે મુહમ્મદ બિન કાસિમ પાસે અમીર હજ્જાજનું ફરમાન છે કે જે વ્યકિત તેમની પાસે અમન માંગે તેની સાથે કરાર કરી પોતાની સુરક્ષામાં લઈ લો. આરબ લોકો ઘણા વફાદાર હોય છે તેઓ જે વાતનો વાયદો કરી લે છે તે પૂરો કરે છે. ઉચિત છે કે આપણે તેમનાથી કરાર કરી લઈએ. બઝરાએ લોકોની વાત ન માની, લડાઈ થઈ અને તેની હાર થઈ, ત્યાર પછી સિવસ્તાનના લોકોએ મુહમ્મદ બિન કાસિમની તાબેદારી કબૂલ કરી લીધી. સિવસ્તાન સુધી ઈસ્લામી લશ્કરને પહોંચાડવામાં નિરોનના રાજાએ દરેક પ્રકારની મદદ કરી.

(ચચનામાઃ૧૧૯ – ૧૨૦)

મુહમ્મદ બિન કાસિમ સિવસ્તાનથી સિસમ તરફ આગળ વધ્યા તો રસ્તામાં રાજા દાહિરના એક હાકેમ કાકા કોતકે તેમની તાબેદારી કબૂલ કરી લીધી તે બૌદ્ધ પંથી હતો, જયારે તે પોતાના હાથ નીચેના સરદારો અને અનુયાયીઓ સાથે મુહમ્મદ બિન કાસિમ પાસે પહોંચ્યો તો તેનું સ્વાગત કરવામાં આવ્યું અને તેનો આદર કર્યો. મુહમ્મદ બિન કાસિમે તેનાથી પૂછયું, હે અમીરે હિંદ ! તમારે ત્યાં સન્માન કરવાની શી પ્રથા છે ? કાકાએ જવાબ આપ્યો કે અમારે ત્યાં સન્માન કરવાની પ્રથા એ છે કે તેને ખુરસી આપવામાં આવે છે તેને રેશમ અને મખમલનો હિન્દુ પોશાક પહેરાવવામાં આવે છે અને તેના માથા પર પાઘડી પહેરવામાં આવે છે. મુહમ્મદ બિન

કાસિમે કાકાને એ જ રીતે સન્માનિત કર્યો, તેથી તેના અંકુશ હેઠળની પ્રજા પર ઘણો પ્રભાવ પડયો. મુહમ્મદ બિન કાસિમ અને કાકા વચ્ચે મૈત્રી સંબંધો બંધાયા, આ મૈત્રીથી ઈસ્લામી લશ્કરને આગળ જતા ઘણી મદદ મળી, કાકાએ પણ ઈસ્લામી શકિતથી ઘણો ફાયદો ઉઠાવ્યો, તેની પાસે મોટી સંપત્તિ એકત્ર થઈ ગઈ અને તેના દુશ્મન તેના માર્ગથી હટી ગયા.

(ચચનામા : ૧૨૨ – ૧૨૪)

મુહમ્મદ બિન કાસિમ હિ.સ. ૯૩માં અશીહાર કિલ્લાને જીતીને સિંધના દરિયાના પશ્ચિમ કિનારે આવ્યા, તો સોરતાના હાકેમ મુકા બિન બસાયાએ વીસ સરદારો સાથે તેની સામે હથિયાર નાંખી દીધા, જયારે એ લોકો તેની પાસે આવ્યા તો મુકાને ખુરસી પર બેસાડયા, એક લાખ દિરહમ ઈનામમાં આપ્યા, એક બેટની હુકૂમત પણ આપી અને એક કરાર લખી આપ્યો કે આ વિસ્તારની હુકૂમત તેના કુટુંબમાં પેઢી દર પેઢી કાયમ રહેશે. તેના સરદારોને પણ ઘોડા આપ્યા, એ સન્માનને કારણે મુકા આરબોનો વફાદાર બની ગયો, તેને આગળના વિજયોમાં દરેક પ્રકારની મદદ કરી.

(ચચનામાઃ ૧૩૫ – ૧૩૬)

જરૂરતથી વધારે ઉદારતા પર હજ્જાજ બિન યુસુફની ચેતવણી

રાજા દાહિર પોતાના હાથ નીચેના હાકેમોને આ રીતે મળતા જોઈને ખૂબ જ પરેશાન થયો. તેણે પોતાના પુત્ર જયસિંહને આરબોની જીતને રોકવા માટે બેટ તરફ રવાના કર્યો, તેને અટકના દરિયા કિનારે પડાવ નાંખ્યો, અહીંયા બંને લશ્કરો પચાસ દિવસ સુધી પડયા રહયા. મુહમ્મદ બિન કાસિમના લશ્કરમાં દુકાળ પડયો. ઘોડા મોટી સંખ્યામાં મૃત્યુ પામવા લાગ્યા. રાજા દાહિર ખુશ થયો અને કટાક્ષમાં સંધિનો પયગામ મોકલ્યો, આ માલૂમ થતા હજ્જાજે વધારાના ઘોડા અને સામાન મોકલ્યો. મુહમ્મદ બિન કાસિમની વધુ ઉદારતાના ડરથી ચેતવણી રૂપે લખ્યું કે તમે દુશ્મનોને

અમન આપવામાં ઘણાં ઉત્સુક બની જાઓ છો. આ કાર્ય મને અયોગ્ય લાગે છે. જે દુશ્મનની કસોટી થઈ ગઈ છે તેને અમન આપવું યોગ્ય નથી. પાપી અને શરીફ બંનેને એક સ્થાન પર ન રાખવા જોઈએ. બુદ્ધિથી કામ લો, દુશ્મનોને તમારી નબળાઈનો ખ્યાલ ન આવે. મુદ્દતથી તમે દુશ્મનોના મુકાબલામાં પડયા છો, તમે સંધિની કોશિશ કરો છો એ સંધિને લોકો તમારી નિર્બળતા ન સમજે, પોતાની સમજ પર ભરોસો કરો. પુરા વિશ્વાસ સાથે અલ્લાહ તઆલા સામે દિલથી હાજર રહો. (ચચનામાઃ ૧૫૧ – ૧૫૨)

મુકા બિન બસાયાએ મદદ રૂપે જહાઝો મોકલ્યા અને પશ્ચિમના જાટોને લઈને હાજર થયા અને સાકિરહના સરદારોને બેટ તરફ રવાના કર્યા જેથી તે શત્રુના વિજયને રોકે. (ચચનામાઃ ૧૫૫) રાજા દાહિરના એક લશ્કરથી મુહમ્મદ બિન કાસિમના લશ્કર વચ્ચે જંગ જઈ. મુકાનો ભાઈ રાસલ દાહિરના લશ્કર સાથે હતો કારણ કે દાહિરે બેટનો વિસ્તાર તેના હવાલે કરવાનો વાયદો કર્યો હતો. દાહિરના લશ્કરનો પરાજય થયો તો રાસલ મુહમ્મદ બિન કાસિમથી આવીને મળી ગયો. જયારે તે એમની પાસે આવ્યો તો ઈસ્લામી લશ્કરના સિપેસાલારે કહયું કે તમે આવી ગયા તો મળીને રહો, તમારી સાથે દરેક પ્રકારની મદદ કરવામાં આવશે જે વિસ્તાર તમે માંગો તે તમને આપવામાં આવશે. રાસલે જવાબ આપ્યો કે તમે મહેરબાની કરી તો હું તમને બરાબર મદદ કરતો રહીશ. (ચચનામાઃ૧૬૬)

રાસલ અને મુકા બંનેએ મળીને મુહમ્મદ બિન કાસિમને આગળ વધવાનું અને નદી પાર કરવાનું કહયું અને બંનેએ ઈસ્લામી લશ્કરનો કબ્જો જયપુર નામના એક ગામ પર કરાવી દીધો જે લશ્કરી રીતે અગત્યનું સ્થળ હતું, રાજા દાહિરને ખબર મળી તો જાતે લશ્કર લઈને આગળ વધ્યો અને પહેલી રમઝાન હિ.સ. ૯૩ માં બંને વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું. ઘણા દિવસ સુધી યુદ્ધ ચાલ્યું, તે દરમિયાનમાં કેટલાક બ્રાહ્મણો મુહમ્મદ બિન કાસિમ પાસે આવ્યા, શરણની વિનંતી કરી અને પછી તેમને જાણ કરી કે રાજા

દાહિરના લશ્કરનો પાછલો ભાગ અસુરક્ષિત છે, આ માહિતીથી મુહમ્મદ બિન કાસિમના સરદારોએ તે બ્રાહ્મણોના સાથ સહકારથી જબરદસ્ત હુમલો કર્યો તેનાથી દુશ્મનોમાં ભારે ગડબડ મચી ગઈ. (ચચનામાઃ૧૭૭) પાંચ દિવસ સુધી યુદ્ધ ચાલતુ રહયું, છેલ્લા દિવસે રાજા દાહિર મરાયો, પછી રાજા દાહિરના પુત્ર જયસિંહ અને તેની બીજી પત્ની રાણીબાઈએ રાવરના કિલ્લામાં ભરાઈને મુહમ્મદ બિન કાસિમનો મુકાબલો કર્યો પરંતુ રાવરને પણ જીતી લીધુ, રાણી સતી થઈ અને જયસિંહ બ્રાહ્મણાબાદ ચાલ્યો ગયો, મુહમ્મદ બિન કાસિમ બ્રાહ્મણાબાદ તરફ આગળ વધ્યા તો બહરવર અને દહલિલાના કિલ્લાઓ જીતી લીધા.

રાજા દાહિરના વઝીરની ઈજ્જતમાં વધારો

દહલિલાના વિજય પછી રાજા દાહિરના વઝીર સીસાકરે મુહમ્મદ બિન કાસિમ પાસે શરણ માગ્યું, ઈસ્લામી લશ્કરમાં આવ્યા તો મુહમ્મદ બિન કાસિમ તેમને ખૂબ જ આદરથી મળ્યા. તેમના સ્વાગત માટે પોતાના અમીરોને મોકલ્યા અને તેને પોતાનો વઝીર બનાવી લીધો. ત્યાર બાદ તે મુસલમાનોના મામલામાં તેમનો સલાહકાર બની ગયો. મુહમ્મદ બિન કાસિમે પોતાનું રહસ્ય તેની સામે ખોલી નાંખ્યું, તે વિસ્તારના વ્યવહારો, શાસનની વ્યવસ્થા અને લડાઈઓ વિશે તેનાથી સલાહ મશ્વેરો કરવા લાગ્યા, એક દિવસે સીસાકરે તેમનાથી કહયું : હે ન્યાયી અમીર ! આપે જમીન મહેસૂલ પ્રાચીન પધ્ધતિ પ્રમાણે નક્કી કર્યુ છે, તેમાં વધારો થયો નથી, પ્રજા પર કઈ મહેસૂલનો બોજ નાખ્યો નથી. તેનાથી પ્રજા ખૂબ જ ખૂશ છે. ન્યાયના એવા કાનૂન છે કે દુશ્મન પાયમાલ થશે, પ્રજા ખૂશ રહેશે અને દેશ જીતી શકાશે. *(તારીખે હિન્દુસ્તાન : ૧ / ૨૧૨)*

બ્રાહ્મણાબાદની પ્રજા અને બ્રાહ્મણો સાથે સદ્‌વર્તન

દહલિલાથી મુહમ્મદ બિન કાસિમ બ્રાહ્મણાબાદ તરફ આગળ વધ્યા તો

જયસિંહના સિપાહીઓ આક્રમણ કરીને તેના લશ્કરમાં અનાજ ન પહોંચાડવા દેતા અને વચ્ચે વિધ્નો પેદા કરતા. મુહમ્મદ બિન કાસિમે તેની મુકાને જાણ કરી તો તે આક્રમણને રોકવા માટે એક લશ્કર લઈને પહોંચ્યો અને તેની સાથે મુસલમાન ફોજી અર્મ અંબાના બિન હન્ઝલા કલાબી, અતિય્યા, ષઅલબી,સારીમ બિન અબી સારીમ હમ્દાની, અબ્દુલ મલિક પણ જોડાયા, તે બધાનો સરદાર મુકાને બનાવવામાં આવ્યો, તેણે આગળ વધીને જયસિંહને એવી હાર આપી કે ક્ષેત્ર છોડીને કશ્મીર તરફ રવાના થઈ ગયો.(ચચનામાઃ ૨૦૨ – ૨૦૩)

બ્રાહ્મણાબાદ પહોંચીને મુહમ્મદ બિન કાસિમે તે કિલ્લાને ઘેરી લીધો, છ મહીના સુધી ઘેરાવો ચાલુ રહયો. મુકા પણ સાથે હતો, તેણે મુહમ્મદ બિન કાસિમને ઘેરાવા દરમિયાન સલાહ આપી કે આ કિલ્લો બધા શહેરોની આબરૂ છે, જો આ કિલ્લો કબજામાં આવી ગયો તો આખું સિંધ તેમના અંકુશમાં આવી જશે. દાહિરના કુટંબીજનો તાબેદારી સ્વીકારશે અથવા ભાગી જશે. (ચચનામાઃ ૨૦૫) ઘેરાયેલાઓએ હથિયારો નાંખી દીધા તેઓ શરણે આવ્યા તો મુહમ્મદ બિન કાસિમે આદેશ આપ્યો કે જે લડે તેને મારી નાંખો, નહીં તો કોઈ પર હાથ ન ઉઠાવો. કિલ્લામાંથી આવી જેણે મુહમ્મદ બિન કાસિમ આગળ શરણાગતિ સ્વીકારી લીધી તેમણે તેનું સ્થાન ઊંચુ કર્યુ, તેને આશ્રય આપ્યો, તેમને આબાદ કર્યા, (ચચનામાઃ૨૦૬) કેદીઓમાં રાજા દાહિરની એક લાડલી નામની રાણી પણ હતી, દાહિરની બે પુત્રીઓ પણ હતી જે બીજી રાણીની હતી, તે જયારે મુહમ્મદ બિન કાસિમ સામે લાવવામાં આવી તો તેમના ચહેરા પર પડદો નાંખીને અલગ બેસાડવામાં આવી, (ચચનામાઃ ૨૦૭) બાદમાં મુહમ્મદ બિન કાસિમ વલિદ બિન અબ્દુલ મલિક અને હજ્જાજની પરવાનગીથી રાણી લાડલીને ખરીદી લીધી અને રાજકીય હિત માટે તેનાથી લગ્ન કરી લીધા. કિલ્લાના

કારીગરો, વેપારીઓ, નોકરીયાતો અને આમ પ્રજાજનોને આશ્રય આપવામાં આવ્યો કેદીઓને છોડી મૂકવામાં આવ્યા, કિલ્લાના બ્રાહ્મણોને દુઃખ હતું કે તેમનો પરાજય થયો, તેઓ મુહમ્મદ બિન કાસિમ પાસે આવ્યા, પીળા કપડા પહેરેલા હતા, દુઃખ સાથે મુહમ્મદ બિન કાસિમ પાસે આવ્યા અને કહયું કે હે અમીર ! અમારા રાજા બ્રાહ્મણ હતા, તમે તેની હત્યા કરી નાંખી, તેના જે વફાદાર હતા તે લડીને મરી ગયા. અમે પીળા કપડા પહેરીને સંતાપ કરતા તમારી પાસે આવ્યા છીએ, તમે અમારા વિશે શું હુકમ આપો છો ? મુહમ્મદ બિન કાસિમે કહયું કે હું મારા પ્રાણના સોગંદ લઉં છું કે તમે ઘણા વફાદાર છો હું તમને રક્ષા આપું છું કે તમે દાહિરના અનુયાયીઓનું ઠેકાણું બતાવો, બ્રાહ્મણોએ તેમના હુકમનું પાલન કર્યુ. (ચચનામાઃ ૨૦૮)

બ્રાહ્મણોની ઈમાનદારી પર ભરોસો

ત્યાર પછી મુહમ્મદ બિન કાસિમ રાજ્યવ્યવસ્થામાં લાગી ગયા, જે લોકો પોતાની ખુશીથી ઈસ્લામ લાવ્યા તેમને આરબો જેવા હકો આપવામાં આવ્યા અને જેમને ઈસ્લામ કબૂલ કરવાનું પસંદ ન કર્યુ તેમને યુધ્ધ ટેક્ષ એટલે જિઝિયો આપવો પડયો. જે માલદાર હતા તેમની પાસેથી ૪૮ દિરહમ એટલે કે આશરે બાર રૂપિયા, મધ્યમ લોકો પાસે થી ૨૪ દિરહમ એટલે છ રૂપિયા અને નિમ્ન કક્ષાના લોકો પાસેથી બાર દિરહમ એટલે કે ત્રણ રૂપિયા વાર્ષિક વસુલ કરવામાં આવતા હતા, તેના બદલામાં તેમને એ અધિકાર હતો કે તેઓ પોતાના પૂર્વજોના ધર્મ પર બાકી રહે અને પોતાની સંપત્તિના માલિક બની રહે. (ચચનામાઃ ૨૦૮, ૨૦૯) બ્રાહ્મણાબાદ ત્યાંના અમીરોને આપી દેવામાં આવ્યું. કિલ્લાના ચારે દરવાજાનો વહીવટ પણ તેમને સુપ્રત કરવામાં આવ્યો. ભારતના રિવાજ પ્રમાણે તેમના હાથ–પગ માટે સોનાના કડા અને ઘોડા આપવામાં આવ્યા, તેમ બધા માટે દરબારમાં જગ્યા નક્કી કરવામાં આવી, જે વેપારીઓ અને ખેડુતોને નુકસાન પહોંચ્યું

હતું તેમના માટે આદેશ આપવામાં આવ્યો કે રાજ્ય ખજાનામાંથી તેમને બાર દિરહમ આપવામાં આવે. મુહમ્મદ બિન કાસિમ બ્રાહ્મણો તરફ વધારે આકર્ષાયા અને ઉચ્ચ હોદ્દાઓ પર તેમને નિયુકત કર્યા કારણકે તેમનો ખ્યાલ હતો કે તેઓ ઈમાનદાર હોય છે. તેમને હોદ્દાઓ એ કહીને આપતા કે હોદ્દો પેઢી દર પેઢી તમારી અંદર બાકી રહેશે. તેનો અસર એ પડયો કે બ્રાહ્મણો દરેક જગ્યાએ એ કહેવા લાગ્યા કે જો આરબોની આજ્ઞા કબૂલ કરીશું તો તેમની મહેરબાનીને લાયક બનીશું, માટે ખેડુતો વગેરે જાતે મુહમ્મદ બિન કાસિમ પાસે આવ્યા અને જમીન મહેસુલ આપવાનું શરૂ કર્યુ, ત્યાર પછી મુહમ્મદ બિન કાસિમે બ્રાહ્મણ હાકેમોને આદેશ આપ્યો કે બાદશાહ અને પ્રજા સાથે સત્ય મામલો કરવામાં આવે, જો વહેંચણીનો મામલો હોય તો બંનેને અડધો ભાગ આપવામાં આવે. મહેસુલ એટલું નક્કી કરવામાં આવે કે તે અદા થઈ શકે. મહેસુલ આપનારાઓ સાથે તોછડુ વર્તન કરવામાં ન આવે જેથી દેશમાં બગાવત ફેલાય. (ચચનામાઃ ૨૧૦–૨૧૧)

સમાન્ય પ્રજા સાથે નરમી

આ તો બ્રાહ્મણ હાકેમોને હિદાયત આપવામાં આવી, પછી મુહમ્મદ બિન કાસિમે બધા લોકોને અલગથી બોલાવીને કહયું તમે દરેક રીતે પ્રસન્ન રહેવાની કોશિશ કરો, કોઈ વાતનો ભય ન લાવો, તમારી પકડ કરવામાં આવશે નહીં. હું તમારા માટે મહેસુલમાં કોઈ કરાર લખાવતો નથી જે નક્કી થાય તે ભરપાઈ કરતા રહેવું, વસુલીમાં પણ તમારી સાથે નરમી કરવામાં આવશે, તમારી વિનંતીને સાંભળવામાં આવશે. તમને સ્પષ્ટ જવાબ મળશે અને તમારી માંગ પૂરી થતી રહેશે. (ચચનામાઃ ૨૧૨)

મંદિરમાં ભકિતની સાર્વજનિક પરવાનગી

બ્રાહ્મણાબાદમાં એક મોટુ મંદિર હતું, યુદ્ધ સમયે અહીંયા લોકોની અવર જવર બંધ થઈ ગઈ હતી. વિજય પછી પણ લોકો અહીંયા આવવાથી

ડરતા હતા, જેથી તેની આવક બંધ થઈ ગઈ હતી. મંદિરના બ્રાહ્મણ અને સાધુઓ ભુખ્યે મરવા લાગ્યા. તેઓ એક દિવસે મુહમ્મદ બિન કાસિમના દરવાજા પર આવ્યા અને પ્રાર્થના માટે હાથ ઉઠાવી કહેવા લાગ્યા, હે ન્યાયી બાદશાહ ! અમે મંદિરના પૂજારીઓ છીએ, અમને આ મંદિરથી જ રોજી મળે છે. આપે બધા પર કૃપા કરી, વેપારીઓને માલ અપાવ્યો અને બીજાઓને ઝિમ્મી બનાવીને પોતાના કામે લગાડયા, અમને ખુદાથી આશા છે કે આપ હિન્દુઓને આદેશ આપો કે તેઓ મંદિરે આવીને પૂજાપાઠ કરે. મુહમ્મદ બિન કાસિમે જવાબ આપ્યો કે તમારુ મંદિર અલ્વરની હુકૂમત હેઠળ છે. તેની ઉપર અમારો અંકૂશ નથી. હિન્દુઓએ કહયું કે આ મંદિર બ્રાહ્મણોના તાબા હેઠળનું છે એ મારા પંડિત અને પુરોહિત છે. અમારા લગ્નો અને દુઃખોમાં તેઓ વિધિ કરે છે. અમે મહેસુલ આપવાનું એટલે કબુલ કર્યુ કે અમને દરેકને પોતાના ધર્મ પાલનની છૂટ મળી ગઈ, અમારુ મંદિર ખરાબ થઈ ગયું છે અમે ત્યાં જવાથી વંચિત થઈ ગયા છે. આપ તેનું સમારકામ કરાવી આપો. જેથી અમે ત્યાં જઈને પૂજાપાઠ કરી શકીએ અને અમારા બ્રાહ્મણોને રોજી મળે, મુહમ્મદ બિન કાસિમે આ બધી બાબતો હજ્જાજને લખીને મોકલી. ત્યાંથી જવાબ આવ્યો.

" પરિસ્થિતિની જાણ થઈ જો બ્રાહ્મણાબાદના લોકો મંદિર બનાવવા માંગે છે તો હવે જયારે તેમને આપણી તાબેદારી સ્વીકારી લીધી છે અને સરકારને રકમ આપવાની જવાબદારી ઉપાડી છે તો તે માલ સિવાય તેમની ઉપર કોઈ બીજો હક નથી. જયારે તેમને શરણાગતિ સ્વીકારી લીધી છે તો તેમના જાન –માલમાં વધારાનો બોજ વાજબી નથી. તેમને પરવાનગી આપવામાં આવે કે તેઓ પોતાના પૂજકની પૂજા કરે. ધર્મ બાબતે કોઈ પણ દબાણ ન કરવામાં આવે. જેથી તેઓ પોતાના ઘરમાં જે રીતે ઈચ્છે રહે.

પ્રાચીન મિત્રાચારી – રીત રિવાજોની સુરક્ષા

હજ્જાજના આ ફરમાન પછી મુહમ્મદ બિન કાસિમે બ્રાહ્મણાબાદના ખાસ લોકો, વરિષ્ઠ અને બ્રાહ્મણોને બોલાવીને આદેશ આપ્યો કે તેઓ પોતાના મંદિરનું સમારકામ કરાવે, મુસલમાનો સાથે વેપારી લેવડ – દેવડ કરે અને નિર્ભય રીતે રહે. પોતાની સ્થિતિ સુધારવા પ્રયત્નો કરે, ગરીબ બ્રાહ્મણો સાથે સારો વર્તાવ કરે પોતાના પૂર્વજોના રીત રિવાજો પર રહે, બ્રાહ્મણોને જે સદકા એટલે દક્ષિણા આપવામાં આવતા હતા, તે આજે પણ આપવામાં આવે, મહેસુલના સો દિરહમમાં ત્રણ દિરહમ બ્રાહ્મણો માટે અલગ રાખવામાં આવતા હતા જેથી જરૂરત વખતે તેમની મદદ કરી શકાય, અને બાકી રકમ ખજાનામાં દાખલ કરવામાં આવે,બ્રાહ્મણોને તેની પરવાનગી આપવામાં આવી કે તેઓ પહેલાની જેમ એક તાંબાનું વાસણ લઈને ઘેર ઘેર જાય, અનાજ માંગે જેથી તેઓ ભૂખ્યા ન રહે. મુહમ્મદ બિન કાસિમે બ્રાહ્મણોની બધી વાતો સાથે એ એલાન કર્યુ કે તેમના મંદિરો એવા જ છે જેમકે ઈરાકના યહૂદીઓ અને ખ્રિસ્તીઓના ધર્મસ્થળો અને પારસીઓની અગિયારી, સૌને પરવાનગી છે કે જે રીતે પૂજા પાઠ કરવા ઈચ્છો કરો. મુહમ્મદ બિન કાસિમે બ્રાહ્મણાબાદના વરિષ્ઠને રાણાના ઈલ્કાબથી નવાજયા. (ચચનામાઃ ૨૧૩ – ૨૧૪)

પ્રજા સાથે મહેરબાનીની તાકીદ

મુહમ્મદ બિન કાસિમે લોહાનના જાટોની પ્રાચીન પરંપરાને બાકી રાખી, ભલે તેઓ ખૂબ જ બર્બર હતા, પરંતુ તેમનામાં ખલેલ પહોંચાડવાનું તેણે પસંદ ન કર્યુ. હજ્જાજે એક બીજા પત્રમાં મુહમ્મદ બિન કાસિમનું સૈન્ય, પ્રજાકીય કાર્યો, રાજય વ્યવસ્થા, લોકહિતના કાર્યોની પ્રશંસા કરી કારણ કે જે મહેસુલ નકકી કર્યુ હતું તે પાબંદીથી જમા થતુ હતું. બીજા એક પત્રમાં આદેશ આપ્યો કે તે પ્રજાકીય કાર્યો અને ન્યાયનો એવો નમૂનો રજુ

કરે કે તેનું નામ પ્રખ્યાત બની જાય અને દુશ્મન તેની આજ્ઞાનો ઈચ્છુક બની જાય. (ચચનામાઃ ૨૧૭)

કારીગરો, વેપારીઓ અને ખેડુતોને પ્રોત્સાહન આપવું

મુહમ્મદ બિન કાસિમ બ્રાહ્મણાબાદથી મુન્હી પહોંચ્યા તો ત્યાંના સમાની જાતિના સરદારોએ અને વેપારીઓએ તાબેદારી સ્વીકારી લીધી તો તેમને અમન આપવામાં આવ્યું કે તેઓ જમીન મેહસુલ નિયમિત ભરતા રહે અને પોતાના વતનમાં શાંતિથી રહે, મુહમ્મદ બિન કાસિમે તેમના દરેક પંથના એક એક વ્યકિતને સરદાર બનાવ્યા અને જયારે તેની જાણ હજ્જાજને કરવામાં આવી તો હજ્જાજે લખ્યું કે જે આજ્ઞા પાલન કરે તો તેમને અમન આપો તેમના કારીગરો અને વેપારીઓ પર વધારે બોજ ન નાંખો અને જે ખેતીવાડીમાં તન,મનથી કામ કરે તો તેમની મદદ કરો. જે ઈસ્લામ સ્વીકારી લે તો તેમના જમીન ઉત્પાદનમાંથી દસમો ભાગ એટલે ઉશ્ર લો અને જે પોતાના ધર્મ પર બાકી રહે તો તેમના પ્રાચીન નિયમ પ્રમાણે પોતાની ખેતી અને કારીગરી માંથી એટલી જ રકમ આપે જે તે પહેલા આપતા હતા.

સ્થાનિક પ્રજાઓને નાચગાન પર ઈનામ

મુહમ્મદ બિન કાસિમના સદ્દવર્તનની ખ્યાતિ એટલી ફેલાઈ હતી કે જયારે તે મન્હીલથી કોમે શમ્સાની સીમમાં લોહાના પહોંચ્યા તો ત્યાંના લોકો નાચતા અને ઢોલ વગાડતા તેમના સ્વાગતમાં નીકળ્યા અને કહયું અમારે ત્યાં જયારે કોઈ નવો રાજા અથવા નાયબ આવે છે તો અમે તેનું આ રીતે જ સ્વાગત કરીએ છીએ, મુહમ્મદ બિન કાસિમ તે નાચગાનથી આનંદિત થયા અને પોતાના ફોજી સરદાર ખુરૈમ બિન ઉમર પાસેથી વીસ દિનાર ઈનામમાં અપાવ્યા.

રાજા દાહિરની રાણીની મદદ

મુહમ્મદ બિન કાસિમ લોહાનાથી સિહસ્તા પહોંચ્યા તો ત્યાંના આગેવાનો અને ખેડુતો ઉઘાડા પગે અને ઉઘાડા માથે તેમના સ્વાગતમાં આગળ આવ્યા અને અમનની વિનંતી કરી તો તેમનાથી ખંડણી લઈને તેમને અમન આપવામાં આવ્યું તેમનામાંથી કેટલાક લોકોએ આરબ લશ્કરને અલ્વર સુધી માર્ગદર્શન પુરૂ પાડયું જે સિંધનું મોટું શહેર અને રાજધાની હતી. એ વખતે અહીંયા રાજા દાહિરના પુત્ર ગોપી બિરાજમાન હતા. તે લોકોને એક વિશ્વાસ અપાવતો હતો કે રાજા દાહિર જીવિત છે અને તે હિંદથી લશ્કર લાવીને આરબોથી યુધ્ધ કરશે, તે કિલ્લામાં ભરાઈને આરબોથી લડવામાં વ્યસ્ત થયો ત્યાં સુધીમાં તો રાણી લાડી મુહમ્મદ બિન કાસિમના ઉચ્ચ ગુણો જોઈને તેની પત્ની બની ગઈ હતી, રાણીએ કાળા ઊંટ પર બેસીને કિલ્લાવાળાઓને રાજા દાહિરના મૃત્યુનું એલાન કર્યુ અને તેમને અમન માંગવાની વિનંતી કરી, પરંતુ કિલ્લાવાળા સમજયા કે આ માત્ર ધોકો જ છે. ઘણા મહિનાઓ સુધી કિલ્લાનો ઘેરાવો રહયો અંતે ગોપી કિલ્લો છોડીને નાસી ગયો, કિલ્લાવાળાને અમન સિવાય કોઈ માર્ગ ન દેખાયો. તેમને પણ અમન આપવામાં આવ્યો. મુહમ્મદ બિન કાસિમ કિલ્લામાં દાખલ થયા તો એક મંદિર (નવ બહાર) પાસેથી પસાર થયા, તેઓ અંદર ગયા જોયું કે એક સંગે મરમરના ઘોડા પર એક સ્ત્રી સવાર છે તેના બંને હાથોમાં યાકુત અને જવેરાતની બંગડીઓ છે, તેને સ્ત્રીના એક હાથમાંથી બંગડી ઉતારી લીધી અને એક પૂજારીને સંબોધીને કહયું કે તમારા પરમાત્માને ખબર નથી કે બે બંગડીઓને બદલે એક રહી ગઈ છે. એ સાંભળીને પૂજારીએ ગરદન નીચે કરી દીધી, મુહમ્મદ બિન કાસિમે હસીને બુતના હાથમાં બંગડી નાંખી દીધી. ત્યાર બાદ તેને જાહેરાત કરી કે આમ લોકોને અમન આપવામાં આવે અને જે મુકાબલો કરે તેને હલાક કરી દેવામાં આવે.

વિચન-કરારનો આદર

વિરોધ પક્ષમાંથી એક વ્યકિત આગળ આવ્યો અને કહયું કે હું એક અજીબ વાત જાહેર કરવા માંગુ છું, જે હું અમીર સામે જાહેર કરીશ, તે મુહમ્મદ બિન કાસિમ પાસે લાવવામાં આવ્યો તો તેને કહયું કે હું એક શરત પર જાહેર કરીશ કે મારા કુટુંબીજનો સાથે મને અમન આપવામાં આવે. મુહમ્મદ બિન કાસિમે કહયું કે મેં તને અમન આપ્યું, તેણે ફરી કહયું એકરારનામા પર સહી કરો. મુહમ્મદ બિન કાસિમને વિચાર આવ્યો કે કદાચ તેની પાસે કિંમતી હિરા-મોતી અથવા જેવર હશે એટલે એકરારનામુ લખીને તેના હાથમાં આપ્યું, ત્યાર બાદ તેણે પોતાની દાઢી, મુંછ અને વાળોને ફેલાવ્યા, પોતાના પગની આંગળીઓને માથા સાથે અડકાવી પછી નાચવા લાગ્યો અને કહેતો હતો કે આવી અજીબ વાત કયારેય જાહેર નહીં થઈ હોય. મુહમ્મદ બિન કાસિમને આશ્ચર્ય થયું કે આમાં કઈ વાત અજીબ હતી, લોકોએ કહયું તેણે ધોકો આપ્યો, તેને અમન આપવામાં ન આવે, પરંતુ મુહમ્મદ બિન કાસિમે કહયું વચન વચન છે, તેની વિરુદ્ધ કરવું મોટા લોકોનું કામ નથી. તેને મારી નાંખવાને બદલે કેદમાં રાખવામાં આવે અને હજ્જાજનો પણ નિર્ણય સાંભળવામાં આવે. તેને તેના કુટુંબના બાવીસ વ્યકિતઓ સાથે જેલમાં ધકેલી દેવામાં આવ્યો. હજ્જાજને આ વાતની જાણ થઈ તો તેમને ઉલમાએ કિરામનો ફતવો લઈને એ હુકમ મોકલ્યો કે તે વ્યકિતને આઝાદ કરી દેવામાં આવે. જેથી વચન ભંગ ન થાય.

રાજા દાહિરના કાકાના પુત્ર પર વિશ્વાસ

મુહમ્મદ બિન કાસિમે આગળ વધીને બાબિયાનો ઘેરાવો કર્યો. તે કિલ્લાનો શાસક રાજા દાહિરના કાકાનો પુત્ર કેકા હતો. તે મુકાબલો ન કરી શકયો અને તેણ મુહમ્મદ બિન કાસિમને ભેટ – સોગાદો મોકલી, ત્યાર પછી આરબના લશ્કરી વડાએ તેનો ખૂબ જ આદર કર્યો. તે મોટો વિદ્વાન

હતો એટલે મુહમ્મદ બિન કાસિમે તેને પોતાનો વઝીર બનાવી લીધો. પછી તે સલાહકાર બની ગયો. તેને દરબારમાં આગળ બેસાડવામાં આવતો, અંતે બધા અધિકારીઓનો વડો બનાવી દેવામાં આવ્યો અને આસપાસના વિસ્તારો તેને સોંપી દેવામાં આવ્યા તે પણ મુહમ્મદ બિન કાસિમનો મિત્ર બની બીજી લડાઈઓમાં હાજર રહયો.

બ્રાહ્મણ શુભચિંતક – હિતેચ્છુ

મુહમ્મદ બિન કાસિમે મુલતાન જીતી લીધુ તો એક બ્રાહ્મણે એક ભેદ જાહેર કર્યો કે અહીંયા એક હોજ છે, તેનો ઘેરાવો સો ગજ છે તેની મધ્યમાં પચાસ ગજ ઘેરાવાનું એક મંદિર છે. તેમાં એક ઓરડો દસ ગજ લાંબો અને આઠ ગજ પહોળો છે. તેમાં ઘણી સંપત્તિ છુપાવી છે. તેની ઉપર એક મંદિર બનાવી દીધુ છે તેમાં સોનાની એક મૂર્તિ મુકવામાં આવી છે અને હોજની આજુ બાજુ વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. મુહમ્મદ બિન કાસિમ ત્યાં પહોંચ્યા તો તેમને ૨૩૦ મણ સોનુ અને ૧૩૨૦૦ મણ સોનાની માટી તાંબાના માટલાઓમાંથી મળી. (ચચનામાઃ ૨૨૦ – ૨૪૦)

મુહમ્મદ બિન કાસિમના મૃત્યુ પર માતમ

મુલ્તાનના વિજય પછી મુહમ્મદ બિન કાસિમે આગળ વધીને સરહદી કિલ્લાઓને જીતી લીધા અને કિરજના વશીકરણનો ઈરાદો કરી રહયો હતો કે તેને હજ્જાજના મૃત્યુના સમાચાર મળ્યા. (હિ.સ. ૯૫)સિંધ ઈરાકના હાકેમના તાબે હતું એટલે મુહમ્મદ બિન કાસિમ ત્યાં મદદથી વંચિત રહયા, હજ્જાજના મૃત્યુ પછી આઠ મહીના બાદ હિ.સ. ૯૬ માં વલીદ બિન અબ્દુલ મલિકનું પણ મૃત્યુ થઈ ગયું. ત્યાર પછી સુલેમાન ગાદીનશીન થયા, તેમને હજ્જાજ થી અદાવતને કારણે વિરોધ હતો, હજ્જાજ મૃત્યુ પામી ચુકયા હતા પરંતુ તેમના અનુયાયીઓથી સુલેમાને બદલો લીધો, સુલેમાને ઈરાકના હાકેમ યઝીદ બિન મહ્લબને બનાવ્યા જે

હજ્જાજ અને તેના પરિવારનો જુનો દુશ્મન હતો તે ઈરાકનો હાકેમ બન્યો તો મુહમ્મદ બિન કાસિમ તેને ખુંચતો હતો એટલે તેને પદભ્રષ્ટ કરી નાંખ્યો, અને તેની જગ્યાએ યઝીદ બિન અબી કબ્શાને નિયુકત કર્યો અને જયારે મુહમ્મદ બિન કાસિમ કિરજ અથવા કોરજ જીતી ગયો હતો તો યઝીદે સિંધ પહોંચીને તેને કેદ કરી લીધો અને તેના હાથમાં હાથકડી અને પગમાં બેડી નાંખીને ઈરાક રવાના કરી દીધો. ત્યાં જેલખાનામાં જ તેનું મૃત્યુ થયું, આરબ અને સિંધના લોકો આ દુઃખદ ઘટના પર લોહીના આંસુ વહાવતા રહયા.

એક અરબી શાયર હમઝા બિન બૈઝ અલ–હનફીએ પોતાના અરબી શોકગીતમાં કહયું કે બહાદુરી, દિલની વિશાળતા અને સખાવત મુહમ્મદ બિન કાસિમના હિસ્સામાં હતી. તે સત્તર વર્ષની ઉંમરમાં જ લશ્કરનો સરદાર બની ગયો. એક બીજો શાયર રહે છે કે મુહમ્મદ સત્તર વર્ષની નાની ઉમરે જ લોકોનો સરદાર બની ગયો, હાલાંકે એ સમયે તેની ઉમર જવાનીની મસ્તીમાં અને દુનિયાની સુંદરતામાં પડીને સરદારીની હકીકતથી અજાણ હતી. (ફુતહુલ બુલદાન બલાઝરીઃ ૪૪)

મુહમ્મદ બિન કાસિમના કાર્યોનું વિવરણ

જો કે મુહમ્મદ બિન કાસિમ નવયુવાન હતો પરંતુ તે ખૂબ જ બુદ્ધિશાળી અને બહાદૂર હતો, તે તલવાર અને યુકિતથી કામ લેતો હતો, જો કયાંક તલવારથી જુલ્મ કર્યો તો ત્યાં વળતર પણ ચુકવ્યું, જો કયાંક મૂર્તિઓને તોડી તો તેની સાથે મંદિરોનું સમારકામ પણ કરાવ્યું, જો કયાંક લૂટફાટથી દુશ્મનોને પાયમાલ કર્યા તો તેમને સરકારી તિજોરીમાંથી બદલો પણ અપાવ્યો, જુનો નિયમ જે હિંદુઓનો હતો કે માલ મિલ્કતમાંથી ત્રણ ટકા સરકારી ખજાનામાં એટલા માટે દાખલ કરતા કે તે રૂપિયાઓથી બ્રાહ્મણોની સેવાનો બદલો આપવામાં આવે તે નિયમને બાકી રાખવામાં આવ્યો, અહીંયા જે હિંદી કારીગર લાયકાતમાં તેમને મળ્યો તેની કદર કરી

બલકે અહીંયાના કારીગરોને શોધી શોધીને તેમનું સન્માન કર્યુ, તેને અહીયાના વઝીરોને વઝીર અને સલાહકાર બનાવ્યા અને પોતાની પાસે રાખ્યા. અર્થાત વ્યકિત ઓળખ અને લોકોને વિશ્વાસમાં લેવામાં તે તજજ્ઞ હતો. દુશ્મનો સાથે જે તેણે વર્તાવ કર્યો હતો તે દુશ્મનો તેને શું કરતા.

(તારીખે હિન્દુસ્તાનઃ ૧ / ૨૪૫)

વર્તમાન બિન મુસ્લિમ ઈતિહાસકારો મુસલમાનોના ઈતિહાસનું વર્ણન કરવામાં કોમ અને જાતિનો શિકાર બની જાય છે. તેમ છતાં કેટલીક વખતે તેઓ પ્રશંસાના વાકયો કહી જાય છે. જાદુનાથ સરકાર પોતાના પ્રખ્યાત પુસ્તક " ઔરંગઝેબના ઈતિહાસ" માં લખે છેઃ

"શરૂઆતમાં આરબ વિજેતાઓ ખાસ કરીને સિંધના વિજેતાઓએ એ બુદ્ધિભર્યુ અને યુકિતભર્યુ કાર્ય કર્યુ હતુ કે તેઓ બિન મુસ્લિમોના ધાર્મિક સ્થળો અને મંદિરોને ન છેડતા, જયારે તેઓ કોઈ શહેર પર કબ્જો મેળવતા તો ત્યાંના બિન મુસ્લિમોને ઈસ્લામ કબૂલ કરવાનું કહેતા, જો તેઓ કબૂલ કરી લે તો તેમને એ જ અધિકારો મળતા જે વિજેતાઓને મળે છે. નહીં તો તેમને ટેક્ષ – વેરો આપવો પડતો જેનાથી તેઓને પોતાના ધાર્મિક રીત – રિવાજોની સ્વતંત્રતા આપવામાં આવતી હતી. (તારીખે હિંદુસ્તાનઃ ૩/૨૫૩)

અલાહાબાદ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર ડો. ઈશ્વરીય પ્રસાદે મુહમ્મદ બિન કાસિમના કાર્યો પર ટીકા કરી છે ત્યાં તેઓ એ પણ લખે છે :

" સિંધ પર મુહમ્મદ બિન કાસિમનું આક્રમણ ઈતિહાસની ઘટનાઓમાંથી એક છે તેની નવયુવાની, તેની હિંમત, તેની બહાદૂરી, યુદ્ધ મોરચે તેનો સારો વર્તાવ અને અંતે તેની પડતીની દુઃખદ ઘટના, તેના પ્રાણની આસપાસ શહાદતનું વંટોળ ફરી રહયું છે. તેમને પોતાની નવયુવાનીમાં લશ્કરી શૌર્યતા બતાવી તેનાથી તેમની સાથે આશાઓ વધવા લાગી એટલે તેઓ ભારતના મોરચે મોકલવામાં આવ્યા. હજ્જાજે તેમની સાથે છ હજાર સિરિયાના અને ઈરાકના સિપાહીઓ કર્યા, તેમની સાથે

એટલા જ સશસ્ત્ર ઊંટ સવાર હતા. ત્રણ હજાર ઊંટો પર જંગી સામાન , હથિયાર વગેરે મોકલ્યા.... મુહમ્મદ મકરાન પહોંચ્યા તો ત્યાંના હાકેમ મુહમ્મદ હારૂને બીજો લશ્કરી સામાન અને પાંચ ગોફણ આપી જે દિબલ મોકલવામાં આવી. એ આરબ સિપાહીઓ સિવાય મુહમ્મદ બિન કાસિમે પોતાના પક્ષે તે જાટો અને મિદિયોને ભેગા કર્યા જે હિન્દુઓની અત્યાચારી હુકુમતથી ત્રાસી ગયા હતા. તેઓ ઘોડા પર સવારી કરી શકતા ન હતા. સારા કપડા પહેરવાની તેમને ઈજાઝત ન હતી તેમને ખુલ્લા માથે રહેવાનો હુકમ હતો તે અત્યાચારથી માત્ર કઠિયારા બની ગયા હતા. તેમના હૃદયોમાં એવો વેરભાવ ભરેલો હતો કે તેમને પોતાના ભાગ્યને તરત જ એક અજાણી વ્યકિતને હવાલે કરી દીધા. (હિસ્ટ્રી ઓફ ઈન્ડિયા : ૫૫ – ૫૬)

આરબોની આમ ઉદારતા

સિંધમાં આરબો અને સિંધી આરબોની હુકૂમત હિ.સ. ૯૦ થી હિ.સ ૪૧૬ સુધી એટલે ૩૨૬ વર્ષ રહી, એ સમયગાળામાં ખેતી સિંધી પ્રજા પાસે જ રહી, જમીન મહેસુલ ઉઘરાવવા સિંધી જ નિયુકત હતા, નોકરી વારસાગત હતી, શરૂઆતમાં મહેસુલ એટલુ જ વસુલ કરવામાં આવતુ જે પહેલા તેઓ આપતા હતા, હિંદુ રીત રિવાજોમાં કોઈ દખલગીરી કરવામાં ન આવી, હિંદુઓના પરસ્પરના ઝઘડાનું તેમની જ પંચાયત દ્વારા નિરાકરણ કરવામાં આવતું હતું, હિંદુઓના ધર્મસ્થળો યુદ્ધ સમયે તુટયા અથવા જેમાં અઢળક સંપત્તિ છુપાએલી હતી તેની વિરૂદ્ધ લશ્કર મોકલવાની જરૂર પડી, પરંતુ શાંતિના સમયમાં તેમને એ જ દરજ્જો આપવામાં આવ્યો જે ઈસ્લામી દેશોમાં ખ્રિસ્તીઓના ચર્ચ અને અગ્નિ પૂજકોના અગિયારીને આપવામાં આવ્યું.

ડો. બન્ની પ્રસાદ લખે છે :

" ભારતમાં કોઈ હુકૂમતને પ્રિય હોવા માટે એક એ પણ જરૂરી છે

તેની પ્રજાને ધાર્મિક સ્વતંત્રતા હોય, ભારતના મુસ્લિમ આક્રમણખોરોએ ધાર્મિક ઉદારતાના મહત્વને ખૂબ જ જલ્દી સમજી લીધુ હતું, અને પોતાનું શાસન તે પ્રમાણે ચલાવ્યું. આઠમી સદીમાં મુહમ્મદ બિન કાસિમે સિંધમાં પોતાની હુકુમતની જે વ્યવસ્થા કરી તે ઉદારતનું મહાન ઉદાહરણ છે.

(હિસ્ટ્રી ઓફ જહાંગીરઃ ૮૮ – ૮૯)

યુદ્ધ સમયે ઈસ્લામી તાલીમ

સિંધ પ્રાંતમાં હજ્જાજ અને મુહમ્મદ બિન કાસિમની કૌમી અને વ્યવસ્થાપકીય ઉદારતા એક દ્રષ્ટાંતરૂપ ઉદારતા હતી. યુદ્ધ સમયે પણ એ જ ઈસ્લામી ઉદારતા રહેતી. જેમકે આપ (સલ.) જયારે કોઈ લશ્કર મોકલતા તો લશ્કરના સરદારને હુકમ આપતા કે કોઈ વૃદ્ધને, બાળકને, શિશુને અને સ્ત્રીને કતલ કરવામાં ન આવે. આપનો એ પણ હુકમ હતો કે યુદ્ધના મેદાનમાં કોઈને કોઈ પ્રકારની તકલીફ ન પહોંચે.

બદ્રના મેદાનમાં સહાબ–એ–કિરામ (રદિ.)ને તાકીદ કરી કે ખાવા– પીવાની તકલીફ ન પહોંચે, તેથી સહાબા (રદિ.) પોતે ખજુર વગેરે ખાઈને સંતોષ માનતા અને કેદીઓને ખાણુ ખવડાવતા હતા. હુનૈનના યુદ્ધ સમયે છ હજાર કેદીઓ હતા. બધા છોડી દેવામાં આવ્યા. આપે બધા માટે છ હજાર કપડાના જોડા અર્પણ કર્યા.

હાતિમ તાઈની પુત્રી જયારે કેદી બનીને આવી તો રસૂલુલ્લાહ (સલ.) એ ખૂબ જ આદર સાથે તેણીને મસ્જિદના એક ખૂણામાં રોકાણ કરાવ્યું અને થોડા દિવસો પછી સફરનો સામાન તૈયાર કરાવીને એક વ્યકિત સાથે યમન મોકલી દીધી.

અબૂ દાઉદમાં એક અન્સારીથી રિવાયત છે કે એક વખતે અમે એક યુદ્ધ મોરચે ગયા. અચાનક તંગી અને મુસીબત આવી ગઈ, એવામાં બકરીઓનું ટોળુ નજરે પડયું, બધા તેની ઉપર તુટી પડયા અને બકરીઓ

લૂટી લીધી. રસૂલુલ્લાહ (સલ.) ને જાણ થઈ. આપ તશરીફ લાવ્યા તો ગોશ્ત પાકી રહયો હતો. આપના હાથમાં કમાન હતી. આપે તે કમાન – તીરથી વાસણો ઉલટાવી દીધા જેથી ગોશ્ત ધૂળમાં પડી ગયો. પછી ફરમાવ્યું લૂટેલો માલ મૃતક માંસ બરાબર છે. (સિરતુન્નબી : ૧ / ૪૪૦–૪૭૦)

હઝરત અબૂ બક્ર (રદિ.) જયારે સિરિયા લશ્કર મોકલી રહયા હતા તો રવાનગી વખતે અમીરે લશ્કરથી ફરમાવ્યું કે તમે એક એવી કોમને જોશો જેમને પોતાને ખુદાની ઈબાદત માટે વકફ – સમર્પિત કરી છે. તેમને છોડી દેવી. હું તમને દસ વાતોની નસીહત કરું છું, કોઈ સ્ત્રી, બાળક અને વૃદ્ધને કતલ ન કરશો, ફળ આપતા વૃક્ષો ન કાપશો. કોઈ આબાદ જગ્યાને ઉજ્જડ ન બનાવશો, બકરી અને ઊંટ સિવાય બેકાર ઝબહ ન કરવું, ખજૂરની વાડીઓને આગ ન લગાડવી વગેરે.

(તારીખે ખુલફા લિલ્ સુયુતીઃ ૯૬, ખુલફાએ રાશેદીન, દારૂલ મુસન્નીફીન : ૫૦)

ભારતના મુસ્લિમ વિજેતાઓની તલવારો પર વિવેચન

જો આ તાલીમ પર ભારતના મુસ્લિમ વિજેતાઓ અમલ કરે તો ઈસ્લામની જેમ તેમની વિજેતા તલવાર પણ શાંતિ અને સલામતી બની જશે પરંતુ જો તેમને તેની ઉપર અમલ ન કર્યો તો તેઓ આક્ષેપોના શિકાર બની જશે. ઈસ્લામ અથવા ઈસ્લામી શિક્ષાને તેમની બરબરતા સાથે કોઈ સંબંધ નથી. દા.ત. કોઈ મુસલમાન લૂંટારો અથવા ચોર બની જાય તો તેનો આક્ષેપ ઈસ્લામ પર કરવામાં નહીં આવે, બલકે એ યોગ્ય ગણાશે કે ઈસ્લામમાં ચોર અને લૂટારા ઘૂસી આવ્યા, એવી રીતે મુસ્લિમ વિજેતાઓએ ઈસ્લામી શિક્ષા વિરુદ્ધ જયાં પણ જુલ્મી અને અત્યાચારી બનીને આક્રમણ કર્યુ તો એનો અર્થ એ છે કે ઈસ્લામી લશ્કરમાં જાલિમ અને અત્યાચારી સૈનિકો ઘૂસી આવ્યા હતા. પરંતુ એ કહેવું પણ ઐતિહાસિક દ્રષ્ટિની વિરુદ્ધ છે કે તેઓએ એ શિક્ષાની બિલકુલ ઉપેક્ષા કરીને યુદ્ધ કરતા રહયા, તેઓ મુહમ્મદ બિન

કાસિમનું ઉદારહણ તો રજુ ન કરી શકયા પરંતુ તેમની તલવારો તેમના સમકાલીન બાદશાહોની વિરુદ્ધ વિજેતા પછી મ્યાનમાં રહી. હુકુમતને વ્યવસ્થિત રાખવા માટે તો આ તલવારો મ્યાનમાંથી નીકળી પરંતુ ઈસ્લામના પ્રચાર માટે આ તલવારો બહાર નીકળી નથી. તેનો પુરાવો એ છે કે તેમની હુકૂમત દિલ્લી, આગ્રા, અવધ, બિહાર અને દક્ષિણમાં રહી પરંતુ ત્યાં મુસલમાનોની સંખ્યા ઓછી રહી અને જયાં મુસલમાનોની હુકુમત વધારે મજબૂત ન હતી જેમકે બંગાળા, કશ્મીર અને સિંધ જેવા દૂરના વિસ્તારોમાં ત્યાં મુસલમાનોની વસ્તી વધારે થતી ગઈ, આ હકીકતનો એકરાર ન્યાય પ્રિય ઈતિહાસકારો પણ કરે છે. દા.ત. એમ. પિનકર ભારતના મોટા ઈતિહાસકાર થઈ ગયા તેઓ લખે છે :

" ઘેરાવા અને યુદ્ધ સમયે તો હિન્દુઓને મુસીબતો અને તકલીફો વેઠવી પડી, તેઓ અચાનક મોટા વિસ્તારોમાંથી મોટું સામ્રાજ્ય ગુમાવી બેઠા. તેમના ધર્મને પણ તુચ્છ રીતે જોવામાં આવ્યો અને તેમના ધર્મ સ્થળો પણ બરબાદ કરવામાં આવ્યા, પરંતુ જેમ વિજેતાનો જુસ્સો ખતમ થઈ ગયો. દેશની આર્થિક સ્થિતિ કમજોર પડી ગઈ તો મોટા – મોટા ધર્માંધ બાદશાહોને પણ મધ્યમમાર્ગ અપનાવો પડયો. મુસલમાન આક્રમણકારો પોતાની સાથે ખેતી લાવ્યા ન હતા. દિલ્લી પર લશ્કર દ્વારા જ કબ્જો મેળવ્યો હતો અને લશ્કરે જ ગંગાની વાદીમાં રાજાઓને હાર આપી હતી. મુસલમાન બાદશાહો માટે લશ્કર દ્વારા ખેતી કરાવવી શકય ન હતી. જમીન ઉમરાવોમાં જાગીર તરીકે વહેંચવામાં આવી અને ન ઈસ્લામના પ્રચાર – પ્રસારની કોશિશ કરવામાં આવી કારણ કે બે સાગરોમાં મુસલમાનોની સાત સો વર્ષ હુકુમત રહી પરંતુ અહીંયા આજે પણ બિન મસ્લિમોની વસ્તી વધુ છે. વ્યવસ્થામાં કોઈ પ્રકારનો ફેરફાર ન કર્યો, એટલે ગામમાં હિન્દુઓનું જીવન એવું જ રહયું જેમ પહેલા હતું. (એ સર્વે ઓફ ઈન્ડિયા : ૧૩૧)

આરબ સાહિત્યકારો, ઈતિહાસકારો અને મુસાફરોનો ભારતથી લગાવ

મુહમ્મદ બિન કાસિમની જેમ આરબ સાહિત્યકારો, ઈતિહાસકારો, મુસાફરો, ભૂગોળવેત્તાઓ વગેરેનું હૃદય હિન્દુસ્તાન તરફની નરમી, પ્રેમ અને હમદર્દીથી ભરેલું હતું કારણ કે તેમને પોતાના લખાણોમાં ભારતનું મહત્ત્વ અને અહીંની પ્રજાના ગુણોનું વર્ણન કર્યુ છે. તેમને આ દેશની કોઈ વસ્તુ પસંદ આવી જતી તો તેની પ્રશંસા દિલ ખોલીને કરતા હતા. દા.ત. અરબી ભાષાના પ્રખ્યાત સાહિત્યકાર જાહિઝ (મૃત્યુ : ઈ.સ. ૮૬૪) લખે છે કે હિન્દુસ્તાન મનન – ચિંતનનું ઉત્પત્તિસ્થાન છે. (ફખરુસ્સવદાન અલલ બયઝાન : ૮૦) સુલેમાન વેપારી લખે છે કે હિન્દુસ્તાન રમત – ગમતને કલંક સમજતો હતો અને રમત – ગમતના સાધનો વાપરતો ન હતો. (સિલસિલતુત્તવારીખઃ ૫૨) યાકુબી (મૃત્યુ : ઈ.સ. ૮૯૭) લખે છે કે ભારત સમજ શકિત ધરાવતો દેશ છે. દરેક પ્રકારની સમજ શકિતમાં બધા લોકોમાં શ્રેષ્ઠ છે. જયોતિષીમાં તેના કથનો સત્ય હોય છે. (તારીખે યાકુબી : ૧ / ૧૫૦) અહમદ બિન ઉમર બિન રૂસ્તા ભારતના ઘઉંવર્ણ પર અને તેની સૌંદર્યતા પર મોહિત છે. તેઓ પોતાના યુગના હિન્દુ રાજાઓના ન્યાયનો પણ એકરાર કરતા હતા. તેઓ લખે છે કે રાજાઓ વેપારીઓ સાથે ખૂબ જ સારો વર્તાવ કરતા હતા. (અલ આલા કુન્નફસિયાઃ૧૩૫) તેમને હિન્દુ ધર્મનો પણ અભ્યાસ કર્યો અને મુલ્તાનના એક બૂતની ખૂબ જ સુંદર તસ્વીર ખેંચી હતી. તેઓ લખે છે કે લોકો એ બૂતો સામે હાજર થાય છે તો પોતાના ઘૂંટણોને ટેકવી દે છે અને હાથ જોડીને વિનંતી કરે છે કે અમારી તરફ કૃપાની દ્રષ્ટિ કરો, અમારી ઉપર દયા કરો, રડે છે અને પ્રાર્થના કરે છે.

(અલ આલાકુન્નફસિયાઃ ૧૩૬)

મસ્ઉદી લખે છે કે હઝરત આદમ (અલૈ.) પોતાના ગુપ્તાંગો (સતર) ને છુપાવવા માટે જન્નતથી પાંદડા લાવ્યા હતા. અને જયારે સુકાઈ ગયા તો હવાઓએ તેને ઉડાવીને આખા હિન્દુસ્તાનમાં વિખેરી દીધા. એટલે હિન્દુસ્તાનમાં સુગંધ અને અત્તર દા.ત. ઉદ અને મુશ્ક વગેરે વધારે મળે છે.

(મુરવ્વજુઝ્ઝહબ : ૧/ ૬૦ – ૬૧)

આરબોની હિન્દુસ્તાન પર અસરો

દક્ષિણ હિન્દુસ્તાનમાં આરબો હઝરત મુહમ્મદ (સલ.) ના મૃત્યુ પછીથી જ આવવા લાગ્યા હતાં. અને તેમને દક્ષિણના સમુદ્રી વિસ્તારોમાં ખાસ કરીને મલબારમાં પોતાના સદ્વર્તન અને ઉદારતાથી તે વિસ્તારના લોકો પર સારી અસરો છોડી, સાથે સાથે હિન્દુ રાજાઓની નજરમાં પણ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું, તેનું કારણ એ હતું કે જયારે તેઓ પોતાના ધર્મનો પ્રચાર કરતા તો તેમાં કોઈ રૂકાવટ ન પડતી. અલાઉદ્દીન ખિલજીનું લશ્કર પહોંચતા પહેલા જ તમિલનાડુ અને દક્ષિણના સમુદ્રી વિસ્તારોમાં મુસલમાનોની ઘણી વસ્તી આબાદ હતી. તેમની વેપારી મંડળીઓ કાયમ હતી. તેમનો પરસ્પરનો વ્યવહાર ત્યાંના લોકો સાથે વધી રહયો હતો એટલે હિન્દુઓ અને આરબોથી મિશ્ર અનેક જાતિઓ જન્મી, દસમી સદીમાં આરબો પૂર્વીય કિનારે પહોંચ્યા, પહોંચ્યા પછી પોતાની ઉદારતા અને સદ્વર્તનથી આખા કિનારે છવાય ગયા. ટુંક સમયમાં જ રાજકારણ અને સમાજમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું. એક બાજુ તો વઝીર – મંત્રીના પદે નિયુકત થયા તો બીજી બાજુ તેઓ ત્યાંના લોકોને ઈસ્લામની દાવત પણ આપતા રહયા, પોતાના ધર્મનો પ્રચાર કર્યો, મસ્જિદો બનાવી. મકબરા બનાવ્યા જે તેમના પ્રચારકો માટે મરકઝ (કેન્દ્ર) બની ગયા. ડો. તારાચંદના કથન પ્રમાણે સાતમી સદી પછી દક્ષિણ ભારતમાં હિંદુ મતમાં જે નવા પરિવર્તનો આવ્યા એ ઈસ્લામના જ પરિણામો છે. (ઈન્ફલુઅન્સ ઓફ

ઈસ્લામ ઈન ઈન્ડિયાઃ૪૩)

કાઠિયાવાડ, ગુજરાત અને કોકણમાં મુસલમાનોની વસ્તી વધુ હતી, દરેક જગ્યાએ તેમની એક એક મસ્જિદ હતી. હિન્દુ રાજાઓ મુસલમાનો સાથે વિશાળ મને પેશ આવતા હતા. સુલેમાન, મસ્ઉદી, ઈબ્ને હૌકલ અને અબૂ ઝેદે વલ્લભરાયની ઘણી પ્રશંસા કરી છે. સુલેમાન જણાવે છે " ગુજરાતના બાદશાહોની ઉંમર લાંબી હોય છે કેટલાક પચાસ વર્ષ સુધી શાસન કરે છે તેનું કારણ એ છે કે તેઓ આરબો સાથે મુહબ્બતથી વર્તે છે."

(સિલસિલતુત્તવારીખઃ ૨૭)

મસ્ઉદી ઈ.સ. ૯૧૬માં હિન્દુસ્તાન આવ્યા, તેઓ લખે છે કે સિંધ અને હિન્દુસ્તાનના રાજાઓમાં વલ્લભરાયની જેમ મુસલમાનોને બીજી કોઈ હુકૂમતમાં એટલી પ્રતિષ્ઠા નથી. એ રાજાઓના અમલ દરમિયાન ઈસ્લામ સુરક્ષિત અને આબરૂભેર છે. તેમના મુલકમાં મસ્જિદો અને જામિઅ મસ્જિદો બંધાવવામાં આવી અને તે દરેક રીતે આબાદ છે. આગળ તેઓ લખે છે કે અહીંના રાજા ૪૦ – ૪૦, ૫૦–૫૦ વર્ષ બલકે તેનાથી વધુ વર્ષ શાસન કરે છે. લોકોનું એવું માનવું છે કે તેમનું લાંબુ આયુષ્ય તેમના ન્યાયને કારણે છે. (મુરવ્વજુઝ્ઝહબઃ ૧ / ૩૮૪)

મસ્ઉદી આગળ લખે છેઃ હું હિ.સ. ૩૦૪માં ભારતના શહેર ચેમૂર (સીમૂર) માં જે રાજા વલ્લભરાયની હુકૂમત છે ત્યાં હાજર થયો , તે રાજાનું નામ જાંચ હતું , તે વખતે લગભગ દસ હજાર મુસલમાનો ત્યાં આબાદ હતા જે અસલમાં બિયાસરા (બસરા) સૈરાફ, બગદાદ, ઉમાન અને બીજા દેશોના હતા. પરંતુ એ વિસ્તારની રીતભાત અપનાવી લીધી હતી. તેમાંથી ઘણા પ્રતિષ્ઠિત અને મોટા વેપારી છે જેમકે મૂસા બિન ઈસ્હાક અને અબૂ સઈદ મારૂફ બિન ઝકરિય્યા હતા. તેમાં અબૂ સઈદ મારૂફ બિન ઝકરિય્યા મુસલમાનોના સરદાર છે. રાજાનો નિયમ એ હતો કે તે કોઈ મુસલમાનને જ

તેમનો સરદાર બનાવતો હતો અને મુસલમાનોનો બધો મામલો તે સંભાળતો હતો. બિયાસરાથી તે મુસલમાન મુરાદ છે જે હિન્દુસ્તાનમાં જન્મ્યા. (મુરવ્વજુઝ્ઝહબઃ ૨ / ૮૫) તેનો અર્થ એ વ્યકિત જે આરબ અને હિંદી જાતિથી જન્મ્યો હોય. (અરબો હિન્દ કે તઅલ્લુકાતઃ ૨૫૧)

અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈસ્તખ્રી (ઈસ્તખ્ર – પર્સીપોલનો વતની) (ઈ.સ. ૯૫૧) લખે છે કે ખંભાતથી ચેમૂર સુધી વલ્લભરાયના શહેરો છે ત્યાં વિશેષ કરીને બિન મુસ્લિમોની વસ્તી છે. પરંતુ તેમાં થોડા મુસલમાનો પણ રહે છે. વલ્લભરાય તરફથી ત્યાં મુસલમાન હાકેમો નિમવામાં આવે છે. એ શહેરોમાં મસ્જિદો અને જામિઅ મસ્જિદો પણ છે, જેમાં મુસલમાનો જુમ્આની નમાઝ પઢે છે. (મસાલિકુલ મમાલિક : ૧૦૩)

ઈદરીસી અગિયારમી સદીમાં લખે છે કે નહરવાડા (અણહિલવાડ) માં મોટે ભાગે મુસ્લિમ વેપારીઓની અવર – જવર હતી. હુકુમત તરફથી મુસાફરોનો ખૂબ જ આદર થાય છે તેમના માલ – સામાનની હિફાઝત કરવામાં આવે છે, (નુઝહતુલ મુશ્તાકઃ ૮) અને એ જાણીને આશ્ચર્ય થાય છે કે સોમનાથના રાજાને ત્યાં મુસ્લિમ અધિકારીઓ પણ હતા. (ઈન્ફલુઅન્સ ઓફ ઈસ્લામ ઈન ઈન્ડિયા : ૪૬)

દક્ષિણ ભારતમાં જે કોમ મોપલા નામથી પ્રખ્યાત છે તે અસલ ઈરાકથી આવીને અહીં વસી છે. તેઓ ગરમ મસાલા, હાથી દાંત અને હિરા – મોતીના વેપારી બનીની આવ્યા. તેમનામાં અને હિંદુ રાજાઓમાં મિત્રતા પેદા થઈ ગઈ હતી. હિન્દુ રાજા પોતાના વિસ્તારમાં વ્યાપારને પ્રગતિ આપવા એ મુસલમાન વેપારીઓને પોતાના રક્ષણમાં રાખતા હતા તેને કારણે એ વિસ્તારમાં વેપારમાં પ્રગતિ થઈ. સુખ સમૃદ્ધિ આવી. એટલે તેમને જયારે ઈસ્લામનો પ્રચાર કર્યો તો તેમનો વિરોધ કરવામાં ન આવ્યો.

(દાવતે ઈસ્લામ, આર.ટી. ડબ્લ્યુ આર્નોલ્ડઃ ઉર્દુ તર્જમો)

શું મહમૂદ ગઝનવીમાં ઉદારતા ન હતી ?

આપણું દુર્ભાગ્ય છે કે આપણે યુદ્ધોનો ઈતિહાસ તો ખૂબ જ લગનથી વાંચીએ છીએ પરંતુ એવા બનાવોની આપણે ઉપેક્ષા કરીએ છીએ જે પરસ્પર એકતા અને મૈત્રીનો સબક આપે છે. મહમૂદ ગઝનવીએ સોમનાથને જે રીતે બરબાદ કર્યુ તેની કથની તો ખૂબ જ સંભળાવવામાં આવે છે, પરંતુ તેના જીવનમાં એ પણ મળે છે કે જયારે તેને મથુરાનું મંદિર જોયું તો તેની ભવ્યતા અને પ્રતિષ્ઠા જોઈને આશ્ચર્યમાં પડી ગયો. પોતાના એક લેખમાં લખે છે કે જો કોઈ એવી ઈમારત બનાવવા માંગે તો લાખો સુર્ખ દિનાર (સોના મહોર) ખર્ચીને પણ ન બનાવી શકે અને કદાચ બસો વર્ષમાં પણ એવી ઈમારત ન બની શકે. (તારીખે યમીની, સંદર્ભ ઈલિયટ : ૨ / ૪૪) અહીંયા ન તેણે બૂત તોડયો ન તેની હરાજી કરી બલકે તે મંદિરના સૌંદર્યથી મોહિત બન્યો. તેનું કોઈ ઉદાહરણ નથી કે તેને અમન – શાંતિના સમયમાં કોઈ મંદિર તોડયું હોય અથવા તેને કોઈ હિન્દુને ધર્માંતર કરવાની ફરજ પાડી હોય, બલકે ગઝનામાં તો તેને હિંદુઓના રીત રિવાજ પ્રમાણે એક મોહલ્લો આબાદ કરાવ્યો હતો.

(રિસાલા અલગુફરાન સદર્ભઃ ધ લાઈફ એન્ડ ટાઈમ્સ ઓફ સુલ્તાન મહમૂદ ગઝનાઃ ૧૬૩)

કોલકાતા યુનિવર્સિટીના પ્રોફેસર સનીતી કુમાર ચેટરજીનું સંશોધન છે કે મેહમૂદના સિક્કાઓ પર સંસ્કૃતમાં લખાણ જોવા મળે છે, સિક્કાની એક બાજુ લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ અને તેની બીજી બાજુ સંસ્કૃતમાં તેનો તરજુમો "અદી એકતમ એકમ મુહમ્મદ અવતાર" આ તરજુમો તો સાચો નથી એટલા માટે કે મુસલમાનો મુહમ્મદને અવતાર માનતા નથી. તેઓ મુહમ્મદને માનવી જ સમજે છે, પ્રોફેસર સનીતીકુમાર ચેટરજી એ પણ લખે છે કે મેહમૂદ ગઝનવીનું પોતાના સિક્કાઓ પર સંસ્કૃત લખાવવું તેની રાજકીય કાબેલિયતની નિશાની છે, જયારે પંજાબ તેના

શાસન હેઠળ આવ્યું તો તેમણે ત્યાંથી હિંદુ પ્રજાને પણ પોતાની તરફ આકર્ષી એ તેમની ઉદારતાની નિશાની હતી.

(અલ બિરૂની ખાસ વિશેષાંક ઈરાન સોસાયટી કોલકાતા : ૯૮)

સુલતાન મેહમૂદનું હિંદુઓને પોતાના તરફ આકર્ષવા કોઈ આશ્ચર્યની વાત નથી કારણ કે ગઝના અને પંજાબમાં હિંદુ આબાદ હતા. બલકે તેમના લશ્કરમાં ઉચ્ચ હોદ્દાઓ પર પણ હિંદુઓ હતા. તેમના લશ્કરમાં તુર્ક, અખાતીઓ અને ગઝનવીઓ સાથે હિંદુ લશ્કરી પણ હતા.

(તારીખે યમની, સંદર્ભ ઈલિયટ : ૨ / ૩૨)

આધુનિક યુગમાં નિષ્પક્ષ અને ઉદારમતવાદી ઈતિહાસકારોએ હિંદુઓની સાથે સુલતાન મેહમૂદની ઉદારતાનો એકરાર કર્યો છે, દા.ત. ઈશ્વર ટુપાએ લખ્યું છે કે આધુનિક યુગના એક ઈતિહાસકારનો મત છે જે મેહમૂદ ગઝનવીનો ટીકાકાર પણ હતો તે કોઈ ઈસ્લામનો પ્રચારક ન હતો. ગેર મુસ્લિમોને મુસલમાન બનાવવા તેનો હેતુ ન હતો. બીજા એક મત પ્રમાણે સુલતાન ગુજરાતમાં લાંબા સમય સુધી રહયા, લાહોરમાં પણ તેમનું રોકાણ રહયું પરંતુ તેમને કોઈ બિન મુસ્લિમને મુસલમાન બનાવ્યા નથી. તેમના વિશે એ કયાંય નથી કે તેમને કોઈ વ્યકિતને પોતાના વ્યકિતગત લાભ માટે મૃત્યુની સજા આપી હોય. તેમને યુદ્ધો અને ઘેરાવા સમયે તો બિન મુસ્લિમોને માર્યા પરંતુ બીજા કોઈ મોકા પર બિન મુસ્લિમોને મારવાનું વર્ણન આવતુ નથી. તેમના સમયમાં બિન મુસ્લિમોને સંપૂર્ણ ધાર્મિક સ્વતંત્રતા હતી. તેમની નિમણુક માત્ર વહીવટી ક્ષેત્રમાં જ નહીં બલકે લશ્કરમાં પણ થતી હતી તેમના ધર્મ પર કોઈ આક્ષેપ ન થતો હતો. જે રીતે લશ્કરમાં આરબો, અફઘાનો, ગોરીઓ હતા તેમાં બિન મુસ્લિમો પણ હતા લશ્કરના બિન મુસ્લિમો પોતાના બાદશાહનું માનતા પણ હતા. ગઝનવીના શાસનમાં તે હિંદુઓને લશ્કરમાં ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત હતા. તેઓ પર સંપૂર્ણ

વિશ્વાસ રાખવામાં આવતો હતો. ગઝનવીઓ સાથે તેમની વફાદારી અને સેવા ઉદાહરણ રૂપે રજૂ કરવામાં આવતી હતી.

(પોલિટિકસ ઈન પ્રિ મુઘલ ટાઈમ્સ : ડોકટર ઈશ્વર ટુપા : ૪૫ – ૪૬)

સુલ્તાન મેહમૂદના મૃત્યુના પંદર દિવસ પછી તેમના પુત્ર સુલ્તાન મસ્ઉદે એક હિંદુ ફોજી સરદાર સબ્બુનદા રાયને હિંદુ સવારો સાથે તે સરદારો વિરુદ્ધ મોકલ્યો જેઓ તેના ભાઈના સમર્થકો હતા. પાંચ વર્ષ પછી મસ્ઉદના હુકમથી તિલકે હિંદુ સિપાહીઓ સાથે તિયાલગ્યન વિરુદ્ધ યુદ્ધ કરી તેને હાર આપી. તેના પાંચ વર્ષ પછી સુલ્તાન મસ્ઉદ સુલ્જુક (તુર્કોનું એક પ્રખ્યાત શાહી કુટંબ) તીર કમાનોથી હારીને ગઝનીથી ભારત આવી ગયા તો તેને અહીંયા એક મોટુ લશ્કર એકત્ર કરી દીધું તેમાં એક મોટી સંખ્યા હિંદુઓની હતી (તારીખે સુબુકતગીન, સંદર્ભ : ઈલિયટઃ ૨ / ૬૦) બયહકીએ પોતાની તારીખમાં ગઝનવી યુગના હિંદુ ફોજી સરદાર તિલકનું વર્ણન જે રીતે કર્યુ છે. તેનાથી અંદાજો લગાવી શકાય છે કે તે યુગમાં હિંદુઓ તુચ્છ નહીં પરંતુ ઈજ્જતની નજરે જોવામાં આવતા હતા. તેની સમજુતી નીચે પ્રમાણે છે.

તિલક એ હજામનો પુત્ર હતો, રંગ –રૂપ સારૂ હતું, વાણી પણ સારી હતી હિંદી અને ફારસીમાં સારૂ લખતો હતો. થોડા દિવસ કશ્મીરમાં રહયો ત્યાં તેણે ઈશ્ક અને જાદુગરી વગેરેમાં નિપુણતા પ્રાપ્ત કરી હતી ત્યાંથી કાઝી શીરાજ અબુલ હસનને ત્યાં આવ્યો જે તેની ઉપર મોહિત થઈ ગયો. કાઝીએ તેના અનુકરણ પર પાબંદી લગાવી દીધી તો તેણે તેની શિકાયત ખ્વાજા અહમદ હસનથી કરી. ખ્વાજા અને કાઝીના સંબંધો સારા ન હતા. ખ્વાજાએ ત્રણ વ્યકિતઓ દ્વારા શાહી ફરમાન મોકલીને તિલકને પોતાની પાસે બોલાવ્યો. કાઝીની નારાજી છતાં તિલક દરબારમાં હાજર કરવામાં આવ્યો. ખ્વાજા અહમદ હસને તિલકની શિકાયત સાંભળી પછી

તેણે અમીર મેહમૂદનું ધ્યાન તે તરફ દોર્યું. અમીર મસ્ઉદે ખ્વાજાને તિલકની શિકાયત સાંભળવા કહયું, ત્યાર પછી કાઝી પરેશાનીમાં ઘેરાય ગયા ત્યાર પછી તિલક ખ્વાજાનો વિશ્વાસુ બની ગયો. તેને મુન્શી બનાવવામાં આવ્યો. હિંદુઓથી જે વાત થઈ એ તેનો મધ્યસ્થી બની ગયો, એ રીતે તેણે વઝીરના દરબારમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી લીધી.

અમીર મસ્ઉદને જયારે ખબર પડી કે અહમદે લાહોરમાં ષડયંત્ર રચ્યું છે તો તેણે પોતાના લશ્કરના સરદારોને બોલાવીને એક સભા ભરી અને એ ષડયંત્રને નિષ્ફળ કરવા માટે તેમની સલાહ લીધી. સોનાપતિએ એ ષડયંત્રને લાહોર જઈને નિષ્ફળ કરવા પોતાને રજુ કર્યો. પરંતુ અમીર મસ્ઉદે તેને ત્યાં જવાથી એમ કહીને રોકયો કે હજી તો ખુરાસાન, ખતલાન, તગારસ્તાનના ષડયંત્રોને પણ રોકવાના છે. સિંધમાં કોઈ બીજા સેનાપતિને જવું જોઈએ, તિલક પણ એ સભામાં હાજર હતા. તેઓ બોલ્યા કે મારા શાહી સરદારની ઉમર મોટી થાય. જો આજ્ઞા હોય તો એ સેવા મારાથી લેવામાં આવે જેથી હું એ ઉપકારોનો બદલો અદા કરી શકું, તે ભારતનો વતની છે અને અહીંની ઋતુ ગરમ છે. એટલે તે ત્યાંનો સફર આસાનીથી કરી શકે છે. જો મને એ લડાઈ માટે પસંદ કરવામાં આવ્યો તો હું મારું કર્તવ્ય નિભાવીશ, તેની વાત સાંભળીને અમીર ખુશ થયા અને ત્યાં હાજરજનોથી તેના વિશે સૂચનો માંગ્યા, હાજરજનોએ કહયું બિલકુલ અનુભવી વ્યકિત છે એ કર્તવ્યને પૂર્ણ કરવા લાયક છે. તેની પાસે તલવાર છે, માલ–સામાન છે. શાહી ખજાનો પણ છે, તે કામને પાર પાડી શકે છે, અમીરે પોતાના સલાહકારોને જવાનું કહયું જેથી તે જાતે તેની ઉપર વિચાર કરી શકે.

તેઓ સભામાંથી જતા રહયા, અમીરે પોતાના ખાસ સલાહકારોથી કહયું કે મારા અધિકારીઓએ આ મામલામાં વધારે વિચાર કર્યો નથી, અને

ન વફાદારી જાહેર કરી, એટલે તિલક લજ્જિત બનીને આગળ વધ્યો અને પોતાને પેશ કર્યો, ત્યાર પછી અમીરે તિલક પાસે એક ઈરાની સેક્રેટરીને મોકલ્યો કે હું તમારી એ વાતોની કદર કરું છું જે તમે કહી અથવા જે વચન આપ્યું છે, પરંતુ મારી આસપાસના લોકોએ તે પસંદ ન કર્યુ, તમે એ બધાને લજ્જિત કર્યા પરંતુ તમારી વાતને સત્ય સાબિત કરવામાં આવશે કાલે તમે એ સેવા માટે નક્કી કરવામાં આવશો. હું તમારા માટે ભલામણ કરીશ અને તમને ઘણો માલ આપીશ, એક મજબુત લશ્કર અને તમામ જરૂરી સામાન આપીશ કે તમારા દ્વારા આ કાર્ય સફળ થાય અને આ ષડયંત્ર કોઈ બીજાના ઉપકાર વગર દબાય જાય. તમે ઉચ્ચ હોદ્દા પર નિયુકત કરવામાં આવશો. એ લોકો તો પસંદ નથી કરતા કે હું કોઈ અન્યને ઉચ્ચ સ્થાન આપુ કારણ કે તે તો ઈચ્છે છે કે હું તેમની મરજી પ્રમાણે ચાલુ ભલે તેઓ જાતે કંઈ ન કરે પરંતુ તમારી પ્રગતિ પર દુઃખી છે. હવે તમે એ કામ કરવા માટે મજબૂત નિર્ણય કરી લો. તેમને તો ભૂલ કરી નાંખી, જેમકે તેમના કથન અને વર્તનથી સ્પષ્ટ છે, જે થયું તે થયું, તિલકે ધરતી સ્પર્શ કરીને કહયું જો આ કાર્ય આ ગુલામના અંકૂશથી બહાર હોત તો આવી હિમ્મત ભરી વાત આ સભામાં તમારી સામે ન કરતો, જયારે તેને પોતાનો ઈરાદો જાહેર કર્યો છે તો તેની પૂર્ણતા સુધી પહોંચશે તે કાર્યનો નકશો મંજુરી માટે રજુ કરશે, પછી તે જલ્દી રવાના થઈ જશે જેથી તે બગાવતને રોકે, એ ઈરાની સેક્રેટરીએ એ બધી વાતો રિપિટ કરી. અમીરે તેને પસંદ કર્યો અને એ બધી વાતો લખવાનો હુકમ કર્યો. સેક્રેટરીએ બગાવતના નકશાની બધી વાતોને એકત્ર કરી જે તિલકે તૈયાર કરી હતી. અમીરે તિલકને બધી સત્તા આપી જેથી તે હિંદુઓને આજ્ઞાકારી બનાવી શકે.

જયારે તિલક લાહોર પહોંચ્યો તો તેણે ઘણા એવા મુસલમાનોને કેદી બનાવી દીધા જે અહમદ નયાલતગીનના સાથી હતા અને તેમના જમણા

હાથ કાપી નંખાવ્યા. બાકી જે લોકો અહમદ સાથે હતા આ સજા જોઈને ક્ષમા માંગી અને અહદમનો સાથ છોડી દીધો. ત્યાર પછી હુકુમતને વ્યવસ્થિત કરવામાં તિલકે પૂરા વિશ્વાસ સાથે અહમદનો મુકાબલો કર્યો તેની સાથે ઘણાં હિંદુ હતા, તે મોટે ભાગે જાટ હતા. આ મુકાબલામાં અહમદ સ્થળ છોડતો રહયો. એક ભયંકર લડાઈ પણ થઈ, તેમાં અહમદનો પરાજય થયો અને તે ફરાર થઈ ગયો. તુર્કમાને (તુર્કીની એક કોમ) અહમદનો સાથ છોડી દીધો. તિલકથી પનાહ માંગી જે આપવામાં આવી. અહમદ ત્રણ સો સવારો અને સાથીઓ સાથે બચી ગયો તિલકે તેનો પીછો કરવામાં કોઈ ઉણપ ન આવવા દીધી અને જાટોને પત્રો લખ્યા કે તેઓ અહમદનો સાથ છોડી દે અને જો તેઓ અહમદની ઘરપકડ કરી અથવા તેનું માથુ લાવશે તો તેને પાંચ લાખ દિરહમ ઈનામ આપવામાં આવશે. અહમદનું જીવન તંગ થઈ ગયું તેના સથીઓએ તેનો સાથ છોડી દીધો અને જાટો પણ તેનો મુકાબલો કરવા લાગ્યા અને જયારે અહમદ નદી ઓળંગવાનો હતો એવામાં તેની પાસે બે –ત્રણ હજાર જાટ પહોંચી ગયા, તેની સાથે બસો સવાર હતા. તે જાતે તો નદીમાં કુદી પડયો પરંતુ જાટ લોકો તેનો માલ – સામાન લૂટવામાં પડી ગયા અને જયારે તેઓ અહમદના નજીક પહોંચી ગયા તો તેને પોતાના પુત્રને પોતાના હાથથી મારી નાંખવા વિચાર્યુ પરંતુ જાટોએ એવું ન કરવા દીધું, અને તેના પુત્રને લઈને નાસી ગયા જે એક હાથી પર સવાર હતો. ત્યાર પછી તેઓ અહમદ પર તીર, ભાલા અને તલવારોથી તુટી પડયા, અહમદે બહાદુરીથી મુકાબલો કર્યો પરંતુ અંતે મરાયો અને તેનુ માથુ કાપીને અલગ કરવામાં આવ્યું, જાટોએ તેનો માલ – સામાન લુટી લીધો અને તેના સાથીઓને કેદી બનાવી દીધા, તેના સરદારોએ તિલકને આ બનાવની ખબર પહોંચાડી. તિલક આસપાસ કયાંક હતો. તિલકને અનહદ ખુશી થઈ તિલકે એક વ્યકિતને સંદેશો લઈને

મોકલ્યો કે તેની પાસે અહમદનું માથુ અને તેના પુત્રને લાવવામાં આવે, જાટોએ પાંચ લાખની માંગણી કરી, તિલકે જવાબ આપ્યો કે તેઓ અહમદની અઢળક સંપત્તિ લૂટી ચુકયા છે તો હવે તેની માંગણી ન કરવી. પરંતુ અંતે જાટોએ એક લાખ દિરહમ પર સંમતિ દર્શાવી. જયારે આ રકમ મોકલવામાં આવી તો અહમદનું માથુ અને તેનો પુત્ર તિલક સામે લાવવામાં આવ્યા. તિલકનો હેતુ જયારે પુરો થયો તો તે લાહોર પરત આવીને ત્યાંની વ્યવસ્થામાં લાગી ગયો. અમીરને જયારે તેની જાણ થઈ તો પત્રો લખીને મુબારકબાદી પહોંચાડી, તિલક અને તેના સાથીઓનો આભાર માન્યો અને તેમની પ્રસંશા કરી. (ઈલિયટઃ ૨ / ૧૨૫–૧૩૨)

ઉપરોકત બધી ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે ગઝનવીઓએ હિંદુઓને કયારેય બૂરી નજરે નથી જોયા, બલકે તેમની સાથે આદર અને હમદર્દીથી પેશ આવતા હતા. આ પ્રણાલી મેહમૂદ ગઝનવીના સમયમાં કાયમ હતી. જે તેના અનુયાયીઓએ કાયમ રાખી હતી. મેહમૂદ ગઝનવીએ જે કારણે સોમનાથના મંદિરને તોડયુ હતુ તેની ચર્ચા કરવા માંગતા નથી. પરંતુ તેના બધા સારા ગુણો અને અખ્લાકની ઉપેક્ષા કરીને તેને એટલા માટે બૂરો સમજવો કે તેને સોમનાથનું મંદિર તોડયું હતું તો તે જાતે ધાર્મિક ઉદારતાની વિરુદ્ધ કૃત્ય છે. પરંતુ હિંદુઓમાં કેટલાક એવા ઈતિહાસકારો પણ છે જે મેહમૂદને સંપૂર્ણ બુરો સમજવા તૈયાર નથી. દા.ત. સી.વી. વિદ્યાએ પોતાના પુસ્તક હિસ્ટ્રી ઓફ મોડયુલ હિંદુ ઈન્ડિયા ભાગ : ૩ માં તેના વિશે જે પોતાનું મંતવ્ય રજુ કર્યુ છે તેના અમુક અંશો આ પ્રમાણે છે.

" મેહમૂદ એક મહાન બાદશાહ હતો. તેને પોતાની શકિતથી એક નાનકડા પર્વતીય વિસ્તારને એક વિશાળ વિસ્તારમાં બદલી નાંખ્યો આ કોઈ નાનકડી સિદ્ધિ ન હતી. મારો ખ્યાલ એવો છે કે મેહમૂદ તે લોકોમાંથી છે જે કુદરત તરફથી એક લાંબી મુદત પછી જન્મે છે અને તેમનામાં અનોખી

આદતો અને વિશિષ્ટ બુદ્ધિ હોય છે. અને તેઓ દુનિયાના ઈતિહાસને અને કોમોના ભાગ્ય બદલી નાંખે છે. મેહમૂદ એક સખત હિમ્મત અને ઉચ્ચ ચારિત્રનો માલિક હતો. તેના આક્રમણોમાં તેનાં ઉદાહરણો તો મળે છે કે તેમણે શહેરો લૂટયા, મંદિર લૂટયું, ખૂના મરકી થઈ, કેદી ગુલામ બનાવવામાં આવ્યા, પરંતુ સ્ત્રીઓની ઈજ્જત લૂટી હોય અથવા તેમની હત્યા કરી હોય તેનું એક પણ ઉદાહરણ નથી. તે ન્યાય પ્રિય હતો. એટલે તે જુલ્મથી નફરત કરતો હતો કે જો કોઈ વ્યભિચાર કરતો તો તેને મારી નાંખવા તૈયાર થઈ જતો. તે એક સારો શાસક હતો અને સારો આયોજક પણ હતો, તે સામાન્ય પ્રજાને પણ ખુશ રાખવામાં વ્યસ્ત રહેતો. તેમણે લૂટારાઓના જુલ્મને રોકીને વેપારને ઉત્તેજન આપ્યુ, પોતાના વિસ્તારથી દૂર દૂરના વિસ્તારો સુધીના મુખ્ય માર્ગોને ખતરાઓથી દૂર કર્યા. લાહોરથી ખુરાસાન વચ્ચે વેપારી કાફલાઓ આઝાદીથી અવર – જવર કરતા હતા. તેણે સુબાઓમાં સારા હાકેમો નક્કી કર્યા અને તેમની ઉપર દેખરેખ રાખતો કે તેઓ લોકો પર જુલ્મ ન કરે. તે વાર્ષિક એક લાખ દિનાર ન્યાયમાં અને પ્રજાજનોની ખુશહાલીમાં ખર્ચ કરતો હતો. એ બધી વાતો એ વાતની ગવાહી છે કે તે શહેરો અને ગામમાં પ્રજાની પ્રગતિના કાર્યો કરતો રહયો જે એક સારા શાસકે કરવા જોઈએ.

અલાહાબાદ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર ઈશ્વરીય પ્રસાદ પોતાના પુસ્તક " મોડયુલ ઈન્ડિયા" માં લખે છે :

" મેહમૂદે ઈતિહાસમાં જે સ્થાન પ્રાપ્ત કર્યુ છે તે પોતાના હોદ્દામાં મુસલમાનોની નજરમાં તો તે ગાઝી અને ઈસ્લામ ધર્મનો આગેવાન હતો, તેણે કુફ્રને ખતમ કરવા ચાહયુ, હિંદુઓની નજરમાં આજે પણ એક સખત દિલ અને લૂંટારો છે. મેહમૂદે તેમના પવિત્ર સ્થળોને તોડીને તેમના ધાર્મિક જઝબાને ઠેસ પહોંચાડી હતી. પરંતુ એક પૂર્વગ્રહથી દૂર ઈતિહાસકાર તેના સમયની સ્થિતિ રજુ કરીને બીજો જ નિર્ણય કરશે કે મેહમૂદ નિઃશંક પોતાના

સાથીઓનો એક પ્રતિષ્ઠિત આગેવાન, એક ન્યાયપ્રિય અને અમાનતદાર શાસક, એક ઉચ્ચ સિપાહી, ન્યાયનો અમલદાર, જ્ઞાનનો વાલી હતો. તે નિઃશંક દુનિયાના ઉચ્ચ અને મહાન શાસકોમાં શામેલ થવાને લાયક છે.

(વધુ માહિતી માટે સૈયદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન સાહેબનું પુસ્તક હિન્દુસ્તાન કે અહ્દે વુસ્તાકી એક ઝલકઃ પાન નં. ૩૦ – ૫૯)

અલ–બેરૂનીના ગુણગાન

માની લો કે મેહમૂદ ગઝનવીની તલવારથી આતંક ફેલાયો તો તેના દરબારના વિદ્વાન અને જ્ઞાની એવા અબૂ રયહાન બેરૂનીના કલમથી મુહબ્બતના ગુણગાન આજે પણ ભારતમાં ગુંજે છે, અને તેના પ્રેમ અને મુહબ્બતના કલમને ચુંબન કરવામાં આવે છે. પરસ્પરની અજ્ઞાનતા એક બીજાથી દૂરી પેદા કરે છે. એક બીજાથી દૂરી આંખોને અંધ અને કાનોને બેહરા કરી દે છે. તેનાથી વ્યકિતગત કૌમી અને સમાજિક ઘમંડ પેદા થાય છે, ત્યાર પછી અત્યાચાર, લૂંટફાટ અને ખુનામરકી શરૂ થઈ જાય છે. આ અજ્ઞાનતા અને દૂરીને દૂર કરવા માટે અલ–બેરૂનીએ ખૂબ જ મેહનતથી બિન મુસ્લિમો ખાસ કરીને હિંદુઓના જ્ઞાન અને કળાની જાણકારી મેળવવાની કોશિશ કરી તેના કારણે તેનો સમાવેશ વિશ્વના બુદ્ધિજીવીઓમાં કરવામાં આવે છે. તેમની ઉપર જાતે જ્ઞાનને ગર્વ છે. તેમના મૃત્યુને લગભગ ૮૨૪ વર્ષ વિતી ગયા પરંતુ આ લાંબા ગાળા પછી પણ તેમની પ્રતિષ્ઠા વધી રહી છે. વિવિધ દેશોમાં વિવિધ ભાષઓમાં તેમના કારનામાઓનો સંગ્રહ કરવામાં આવી રહયો છે. તેમની શૈક્ષણિક ઉદારતા, ધાર્મિક ઉદારતા અને સંશોધનોની પ્રશંસા આજ સુધી ગવાઈ રહી છે. તેમની શૈક્ષણિક સિદ્ધિઓનું વાંચન કરવામાં આવે તો તેઓ જ્ઞાન અને કળાની મૂર્તિ હતા. તેમના શોખની સ્થિતિ જોઈએ તો અશ્ચર્ય થાય છે. તેઓ ખગોળવિદ્યા, રસાયણ શાસ્ત્ર, ઈતિહાસ, સાહિત્ય, વૈદિક અને શબ્દકોશમાં પારંગત હોવાની સાથે વિશ્વના

બધા ધર્મોની શ્રદ્ધા પર અને કુરિવાજો પર પણ તેમની સુક્ષ્મ નજર રહેતી હતી. તેઓ અરબી, ફારસી સિવાય ઈબ્રાની (ઈસ્રાઈલી) અને સિરિયન ભાષાના પણ જાણકાર હતા. સંસ્કૃત ખૂબ જ મહેનતથી શિખ્યા અને એ ભાષાના પુસ્તકો પર સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધુ હતું.

અબ–બેરૂનીનું જ્ઞાન

તેઓ જ્ઞાનનો સમુદ્ર બનીને હૃદયના જ્ઞાનને પુસ્તકોમાં પરિવર્તિત કરવાની ચિંતામાં હતા. તેમણે ૭૫ વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કર્યુ. તેમનું સમગ્ર જીવન જ્ઞાનની સેવામાં પસાર થયું, પ્રારંભમાં તેમણે તંગી અને મુશ્કેલીઓમાં જીવન વિતાવ્યું પરંતુ જયારે પોતાના જ્ઞાનની ખ્યાતિને લીધે શાહી દરબારોથી સંબંધ બંધાયો તો હવે દિવસો સારા આવ્યા, પહેલા શમ્સુલ મઆલી કાબૂસ બિન વિશમગીરના દરબારમાં નિયુકત થયા પછી ખ્વારિઝમ શાહે પોતાના દરબારમાં બોલાવીને ખૂબ જ ઈજ્જત અને આદરથી રાખ્યા, તેનો અંદાજો એ ઉપરથી લગાવી શકાય છે કે તે એક વખતે અલ–બેરૂનીના મકાન પાસેથી ઘોડા પર પસાર થઈ રહયા હતા તો તેને મુલાકાત કરવાની ઈચ્છા વ્યકત કરી જયારે અલ– બેરૂની પોતાના રૂમથી આવ્યા તો તેઓ ઉતરવા લાગ્યા, બેરૂનીએ કસમ આપીને તેમને ઘોડા પરથી ઉતરવાની મનાઈ કરી પરંતુ તેમણે એક અરબી શેઅર પઢયો તેનો ભાવાર્થ એ હતો કે જ્ઞાન સૌથી વધારે પ્રતિષ્ઠિત સંપત્તિ છે કે બધા લોકો તેની પાસે આવે છે અને તે પોતે તેની પાસે આવતું નથી (મુઅજમુલ બુલ્દાનઃ ૬/૨૧૦) ખ્વારિઝમની બરબાદી પછી અલબેરૂની મેહમૂદ ગઝનવી (મૃત્યુ : ઈ.સ.૧૦૩૦) ની જ્ઞાન પ્રિયતાથી લાભ ઉઠાવતા રહયા. પછી તેમના પુત્ર સુલતાન મસ્ઉદની બક્ષીસથી ફાયદો ઉઠાવ્યો. તેમના નામ ઉપર તેમણે અનેક પુસ્તકો લખ્યા તેમાં વધારે પ્રખ્યાત કાનૂને મસ્ઉદી હતું. સુલ્તાન મસ્ઉદના પુત્ર શિહાબુદ્દીન અબુલ ફતહ મૌદૂદના દરબારમાં પણ સ્થાન

મેળવ્યું તેના નામ ઉપર પણ કિતાબુદ્દસ્તૂર લખ્યું. બાદશાહોથી સંબંધો હોવા છતાં રાજ્યસભા – દરબારથી અલગ રહી પોતાના કાર્યોમાં લાગેલા રહયા. સહરઝૌરીએ લખ્યું છે કે અલ બેરૂની હંમેશા લેખન – સંપાદનમાં વ્યસ્ત રહેતા. તેમના હાથ કલમને, તેમની આંખ વાંચનને અને હૃદય મનન – ચિંતનને માત્ર ખાવાના સમયે જ છોડતા હતા. તેમના સંપાદનો એક ઊંટના વજનથી વધારે છે. (સરહઝૌરી હસ્તપ્રતઃ ૯૩)

અલ –બેરૂની પોતાના પુસ્તક આષારુલ બાકિયામાં પોતાના સંપાદનોની સંખ્યા ૧૧૪ બતાવી છે. પરંતુ આષારુલ બાકિયા તેમના મૃત્યુથી તેર વર્ષ પેહલા લખાયુ હતું ત્યાર પછી પણ તેમનું લેખન –સંપાદન ચાલુ રહયું હતું. તેઓ મૃત્યુની અંતિમ પળોમાં પણ સાહિત્યીક પ્રશ્નો નિવારતા રહયા. મુઅજમુલ બુલ્દાનમાં યાકુબે લખ્યું છે કે ફકીહ અબુલહસન અલી બિન ઈસાનું કથન છે કે હું અબૂ રૈહાન પાસે એવી હાલતમાં ગયો કે તેઓ મૃત્યુની અંતિમ ઘડીએ હતા છતાં એવી હાલતમાં પણ તેમને કહયું કે તમે ડ્રગ, વ્યસન વિષે મારાથી એક દિવસે શું કહયું હતું ? મને તેમની ઉપર દયા આવી અને મેં કહયું આવી પરિસ્થિતિમાં પણ ? અબુ રૈહાને કહયું શું આ મસ્અલાનું જ્ઞાન તેનાથી ઉચિત નથી કે હું દુનિયાને એ હાલતમાં છોડુ કે તેનાથી અજ્ઞાન ન રહું. માટે મેં એ મસ્અલાને બીજી વખત બયાન કર્યો અને એ તેમને યાદ કરી લીધો. ત્યાર પછી હું તેમની પાસેથી રવાના થયો તો રસ્તામાં હતો કે માતમ અને રડવાની અવાજ આવી.

(મુઅજમુલ ઉદબાઃ ૬ / ૩૮, ૩૯, હુકમાએ ઈસ્લામ અઝ મૌલાના અબ્દુસ્સલામ નદવીઃ ૧ / ૩૬૬,૩૬૭)

અલ–બેરૂનીનું પુસ્તક કિતાબુલ હિંદ ઉદારતાનું સાક્ષી

અલ બેરૂનીના બધા સંપાદનોમાં "કિતાબુલ હિંદ"ને ભારત અને

વિદેશમાં પણ નામના પ્રાપ્ત થઈ છે. જે અરબી ભાષામાં લખાયેલું છે, તેમાં હિંદુઓના ધાર્મિક અકીદાઓ – શ્રધ્ધાઓ દા.ત. આત્મા, અવતાર, સહવાસ અને તેનો બદલો, ખાસ બૂતો જે ખાસ ખાસ જગ્યાએ રાખવા, ઋગવેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, પુરાણ હિંદુઓના બીજા ગ્રંથો, તેમનું વ્યાકરણ, વજન, તોલ – માપ, સમુદ્રો, ટાપુઓ, દેશો વચ્ચેનું અંતર, સીમાઓ, ચંદ્ર, તારાઓ, અઠવાડિયાના નામો, બ્રહ્માંડો, જમીન, સમુદ્રોની ઊંડાઈ, આકાશ, ધ્રુવોનો તારો, હિંદુઓના વિચારો, તેમના સામાજિક રીત રિવાજો, પવિત્ર સ્થળો અને તળાવો વગેરેનું વર્ણન સવિસ્તાર કરેલું છે.

હિંદુઓની જયોતિષવિદ્યા વિશે તારાઓ, ચંદ્રની મુસાફરી, સૂર્યગ્રહણ, સમુદ્રના પાણીમાં ભરતી અને ઓટ વગેરેનું વર્ણન છે. હિંદુઓની જુદી જુદી જાતિઓના જુદા જુદા કાર્યોનું વર્ણન કર્યુ છે, અંતમાં હિંદુઓના જ્યોતિષવિદ્યાના સિદ્ધાંતો અને તે વિશે તેમની પદ્ધતિનું ટૂંકમાં વર્ણન છે.

આ બધા વિષયો માટે અલ–બેરૂનીને જે મહેનત કરવી પડી એ તેની જગ્યાએ છે. તેમનું બયાન છે કે જયારે તેમને હિંદુઓના જ્ઞાન વિશે માહિતી મેળવવાની શરૂ કરી તો વિભિન્ન પ્રકારની મુશ્કેલીઓ પડી , એટલે સંસ્કૃત શીખવી ખૂબ જ જરૂરી હતી. પરંતુ એ ખૂબ જ કઠિન કામ હતું, તેમના કથન પ્રમાણે આપણા મોઢામાંથી તેને અસલી જગ્યાએ કાઢવાની પણ ક્ષમતા નથી અને ન આપણા કાન તેને સાંભળીને સમાન શબ્દોની ઓળખ કરી શકે છે, અને ન આપણા હાથ તેના સંપાદનની નકલ કરી શકે છે. એટલા માટે તેમની ભાષાની કોઈ લેખમાળાને આપણી શૈલીમાં લખવી મુશ્કેલ છે. ઉપરાંત તેમનું બયાન છે તે સમયના હિંદુઓ જે કંઈ જાણતા હતા તેને જાહેર કરવામાં સંકોચ અનુભવતા હતા. અન્ય કોમના લોકો તો દૂર જાતે તેમની કૌમના અયોગ્ય લોકોથી પણ છુપાવવું તેમનો સ્વભાવ હતો. (કિતાબુલ હિંદ : ૧૨) પરંતુ અલ બેરૂની તે મુશ્કેલીઓથી ગભરાયા નહીં, તેમણે ખૂબ જ

મહેનતથી સંસ્કૃત ભાષા શીખી, પછી પોતાના સ્વતંત્ર વિચારોથી પંડિતો અને તેમનાથી માહિતગાર થઈને પોતે હિંદુઓને, તેમના સિદ્ધાંતોને જેની ઉપર હિંદુ ધર્મની બુનિયાદ હતી બતાવવાનું શરૂ કર્યુ, તેમજ કેટલીક દલીલોથી સમજાવવાનું શરૂ કર્યુ તો હિંદુઓ આશ્ચર્ય કરતા તેમની તરફ લપકયા અને તેમનાથી કંઈ શિખવા માટે પતંગિયાની જેમ પડવા લાગ્યા અને તેઓએ હિંદુ વિદ્વાનથી પૂછતા હતા જેનાથી તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું. જે લોકોએ તેમનાથી જ્ઞાન મેળવ્યું હતું તેઓ તેમને જાદુગર કહેવા લાગ્યા. અને પોતાના વડીલોની સામે તેમનું વર્ણન સમુદ્રથી અને એવા પાણીથી જે એટલુ ખારુ થઈ જાય કે સિરકાથી પણ વધી જાય, સરખાવતા હતા.

(કિતાબુલ હિંદ અરબી : ૧૨, ઉર્દૂ તર્જમો : ૧ / ૨૦, ૨૧)

અલ બેરૂનીએ બિન મુસ્લિમોના પુસ્તકો એકત્ર કરવામાં વિચાર્યા વગર રૂપિયા ખર્ચ કર્યા અને જયાં જયાં અજ્ઞાત સ્થળોએ હિંદુ વિદ્વાનો અને પંડિતો રહેતા હતા, ત્યાં પહોંચીને તેઓ તેમની પાસે રહયા. એવી રીતે તેમના કથન પ્રમાણે ગોબરમાં પડેલા મોતી અને કાદવમાંથી કમળને અલગ કરીને પોતાનું સંપાદન "કિતાબુલ હિંદ" તૈયાર કર્યુ તેના વિશે અડવર્ડ સખાઉનું કથન છે કે જો મુસલમાન તેની ઉપર ગર્વ કરી શકે છે કે એ અરબી સાહિત્યના એક મહાન સિતારા હતા તો હિંદુઓએ પણ પોતાના ભાગ્યનો સ્વીકાર કરવો જોઈએ કે એક સત્યવાદી અને ઉચ્ચ કોટિના જ્ઞાનીએ પોતાના પૂર્વજોની સંસ્કૃતિનો ચિતાર છોડયો છે. તેમણે જે કંઈ વર્ણન કર્યુ છે તેના કેટલાક અંશોથી હિંદુઓ સંમત ન હોય. તેમની કેટલીક ટિકા – ટિપ્પણીઓથી તેઓ પરેશાન પણ થાય છતાં તેઓ એકરાર કરશે કે તેમણે જે કંઈ લખ્યું છે તેમાં મુખ્ય સચ્ચાઈ સુધી પહોંચવાના પ્રયત્નો કર્યા છે. અને તે વાતને હિંદુઓ પણ ભૂલી શકતા નથી. તેમણે તેમની સંસ્કૃતિની પ્રશંસા બિન શરતી રીતે કરી છે. પ્રોફેસર સિન્ટીકુમાર ચેટરજી (કોલકાતા

યુનિવર્સિટી) એ લખ્યું છે કે અલ–બેરૂની વિદેશી લોકોમાં પહેલા વ્યકિત છે જેમણે ભારતની જ્ઞાન – વિદ્યા મેળવીને ખ્યાતિ પ્રાપ્ત કરી અને હમણા પણ તેમની ગણના ભારતના પ્રખ્યાત વિદ્વાનોની પ્રથમ હરોળમાં કરવાને પાત્ર છે. તેમના જ્ઞાનમાં ઘણી વિશાળતા અને સાતત્યતા હતી. ઉદારતા અને વાસ્તવિકતા પણ હતી. તેથી તેઓ લોકોના તે માર્ગદર્શકોમાંથી છે જેમણે લોકોના વિચારો પર અસર છોડી.

(અલ–બેરૂની : ભાગ ૧ પ્રકાશક ઈરાન સોસોયટી કોલકાતા : ૮૩)

અલ્લામા શિબલી લખે છે કે આ પુસ્તક હકીકતમાં સંસ્કૃત જ્ઞાન–વિદ્યાનો ઉત્તમ ખુલાસો છે, લેખકે સંસ્કૃતની ઘણી પ્રાચીન અને પ્રમાણભૂત પુસ્તિકાઓમાંથી માહિતી એકત્રિત કરી છે. (મકાલાતે શિબ્લીઃ ૬/૧૦૪) આગળ તેઓ લખે છે કે જયારે અબુ રેહાન અલ–બેરૂનીએ હિન્દુસ્તાનનો સફર કરીને ત્યાંના જ્ઞાન–વિજ્ઞાન અને રીત રિવાજો પર પુસ્તક લખ્યું તો બધા પાછલા પ્રકાશનો બાળકોની રમત બની ગયા. (પેજ નં : ૨૫)

મવલાના સૈયદ સુલેમાન નદવી (રહ.) લખે છે કે જયારે હિન્દુસ્તાન પર સુલ્તાન મેહમૂદના આક્રમણથી અરાજકતા ફેલાઈ રહી હતી, ઠીક એ જ સમયે જ્ઞાન– વિદ્યાનો બીજો બાદશાહ એકલો શાંતિ અને સલામતી સાથે હિન્દુસ્તાનની વિદ્યા આગળ વધારવામાં વ્યસ્ત હતો. તે લડાઈને કારણે અને અરાજકતાને કારણે હૃદયથી બેચેન હતો. તેમણે કિતાબુલ હિંદ લખીને જેમકે ડો. ઝખાઉએ કહયું કે એક બાજુ જો મુસલમાનોને એ ગર્વ હતો કે તેમના એક વ્યકિતએ એવું પુસ્તક લખ્યું જેને યુનાની એલચીઓ અને ચીની મુસાફરોના હિન્દુસ્તાન સાથેના પ્રવચનો ને પ્રાચીન કરી દીધા. બીજી બાજુ હિન્દુસ્તાન પર એ ઉપકાર કર્યો કે તેની પ્રાચીન સંસ્કૃતિ, પ્રાચીન વિદ્યા અને પ્રાચીન વિચારોને દુનિયામાં બાકી રાખ્યા.

(અરબ વ હિંદકે તઅલ્લુકાતઃ૧૭૫– ૧૭૬)

આ પુસ્તકનો દરેક વિભાગ માહિતી સભર છે અને દિલચસ્પ પણ છે, અને જે કંઈ અલ–બેરૂની લખે છે, તેમાં સંદર્ભો પણ આપે છે. ગીતા, વિષ્ણુ ધર્મ, પુરાણ, આદિ પુરાણ, વિષ્ણુ પુરાણ, મહાભારત, બ્રહ્મા સુધાનંદ વગેરે જેવા પુસ્તકોના સંદર્ભો વારંવાર આવે છે તેનાથી અંદાજો લગાવી શકાય છે કે તેમને તેનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તે સમયના હિંદુઓના ધાર્મિક, શૈક્ષણિક અને સમાજિક સ્થિતિની સાથે સાથે આ દેશની ભૌગોલિક સ્થિતિનો પણ ખ્યાલ આપ્યો છે તે સમગ્ર આનંદ સાથે વાંચવા લાયક છે. અહીંયા એ બધી બાબતોનું વર્ણન કરવું મુશ્કેલ છે. એટલે તેમની ખાસ ખાસ વાતોનું વર્ણન કરીએ છીએ.

ખુદાની જાત અને ગુણો વિષે હિંદુઓની માન્યતાઓનો અભ્યાસ

હિંદુઓના ધાર્મિક માન્યતાઓ દા.ત. હિંદુ પુરાણ, મહાભારત, હિંદુઓના બીજા ગ્રંથો, તેમના વ્યાકરણ, કાવ્યનો છંદ શાસ્ત્ર, માપ, પુરાતન અવશેષો, પદ, તારાઓ, ઝાડ–ફૂંક, રીત રિવાજો, બ્રહ્મા, નારાયણ, વાસુદેવ અને તેમના પવિત્ર સ્થળો, તળાવો વગેરે પર પોતાના પુસ્તકમાં એવી માહિતી રજુ કરી છે જેનાથી આજે પણ મોટા મોટા પંડિતો ફાયદો ઉઠાવે છે, આ બધી બાબતોનો અભ્યાસ વિરોધ અથવા પક્ષપાતને લીધે નહીં, બલકે હમદર્દી, સંશોધન અને વાસ્તવિકતા માટે છે. તે ગીતા અને બીજા ગ્રંથોના અભ્યાસથી એ પરિણામ પર પહોંચ્યા કે ખુદાની જાત અને ગુણો વિશે હિંદુઓની માન્યતા એ છે કે તે એક જ છે. તેની ન શરૂઆત છે ન અંત, પોતાના કાર્યમાં સ્વતંત્ર છે. શકિતમાન છે,જીવંત છે, જીવંત રહેનારો છે, યુકિતવાન છે. બાકી રહેનારો છે. પોતાની બાદશાહતમાં અજોડ છે. જેનો કોઈ બરાબર નથી, ન તે કોઈ ચીજ સમાન છે. ન કોઈ ચીજ તેની સાથે સમાનતા ધરાવે છે. (કિતાબુલ હિન્દ અરબી : ૧૩ ઉર્દૂ તર્જુમાઃ ૧/ ૨૪)

તેઓ આગળ લખે છે કે ગીતામાં જે વાસુદેવ અને અર્જુન વચ્ચેનો

વાર્તાલાપ છે તે મહાભારતનો એક ભાગ છે. વાસુદેવે કહયું છે : નિઃશંક હું તે છું જેની ન જન્મથી શરૂઆત છે અને ન મૃત્યુથી અંત, મારો હેતુ પોતાના કાર્યથી વળતર મેળવવાનો નથી અને ન હું મુહબ્બત અને દુશ્મનીને કારણે એક જુથ સામે બીજા જુથ સાથે કોઈ ખાસ સંબંધ રાખુ છું, મેં પોતાના દરેક સર્જનને તે બાબત અર્પણ કરી છે જેની તેને જરૂરત છે. માટે જે કોઈ મને એ ગુણો સાથે ઓળખે છે અને મનેચ્છાઓને અમલથી દૂર રાખવામાં મારી સમાનતા અપનાવે છે. તેનું બંધન ખુલી જાય છે અને તેને મુકિત પ્રાપ્ત થાય છે. (કિતાબુલ હિન્દ અરબી : ૧૪, ઉર્દુ તર્જુમાઃ ૧ / ૨૬)

ઈશ્વર માટે હિન્દુઓની જે માન્યતા છે તેના વિશે અલ બેરૂનીએ એ લખીને સ્પષ્ટતા કરી છે કે તેમની દ્રષ્ટિએ તે સ્વતંત્ર છે, પરોપકારી છે, આપે છે પરંતુ લેતો નથી, તેના ઐકય હોવાને સ્વીકારે છે. તેના અસ્તિત્વને સમજે છે. એટલા માટે બીજા સર્જનોના અસ્તિત્વનો સહારો અને મૂળ તે જ છે અને તે બધા સર્જનો નષ્ટ થવાના છે અને તે અસ્તિત્વમાં છે. મુશ્કેલ નથી. (કિતાબુલ હિન્દ અરબી : ૧૪,૧૫ ઉર્દુ તર્જુમાઃ૧ / ૨૬)

તેઓ એ પરિણામ પર પણ પહોંચ્યા હતા કે હિંદુઓના ખાસ અને સામાન્ય લોકોના ધાર્મિક માન્યતાઓમાં પણ ભિન્નતા છે, પરંતુ હિંદુ પ્રજાના ભૂંડા અકીદાની ટિકા કરવાને બદલે તેની ઉપર એ લખીને પડદો નાંખવાની કોશિશ કરે છે કે આ પ્રકારની માન્યતાઓ બીજા ધર્મોમાં પણ છે બલકે ઈસ્લામમાં પણ, તેની સુધારણા જરૂરી છે. (અરબીઃ ૧૫ / ઉર્દુ તર્જુમો :૨૯)

મૂર્તિ પૂજાનું વિશ્લેષણ

તેમણે પોતાના પુસ્તકમાં એ સાબિત કરવાના પ્રયત્નો કર્યા છે કે મૂર્તિ પૂજા સમાન્ય હિંદુ લોકોનો તરીકો છે. ખાસ લોકો તેનાથી દૂર છે, તેઓ લખે છે કે જે વ્યકિત મુકિત મેળવવા માંગે છે અથવા જેને શોધ કરવી છે અને હકીકતને જાણવા માંગે છે. જેને એ લોકો સારા કહે છે તે અલ્લાહ

વગર દરેક વસ્તુની ઈબાદતથી પાક છે. બનાવેલી વસ્તુની ઈબાદત કેમ કરવામાં આવે, તેના સમર્થનમાં ગીતાનો એક લેખ રજૂ કર્યો છે કે ઘણા લોકો પોતાની જરૂરિયાતો માટે મારા સિવાય બીજાથી સવાબ મેળવવા માંગે છે અને મારા સિવાય બીજા વસીલો બનાવે છે. અમે તે લોકોને શકિત અને તૌફિક આપીએ છીએ અને તેમની મુરાદ પુરી કરીએ છીએ. એટલા માટે કે હું તેનાથી સ્વતંત્ર છું. (અરબી : ૫૪ ઉર્દુ તર્જુમો : ૧ / ૧૪૪–૧૫૮)

પોતાના એવા વિચારો છતાં તેમણે જાણકારી માટે મૂર્તિપૂજાનો ઈતિહાસ, મુલ્તાન, થાનેસર, કશ્મીરની મુર્તિઓ, પછી રામ, વિષ્ણુ, બલદેવ, બ્રહ્મા, મહાદેવ, બુદ્ધ બધી મૂર્તિઓની જાણકારી ખૂબ વિસ્તારપૂર્વક દર્શાવી છે.

શુદ્રો સાથે વ્યવહારથી અલ બેરૂનીને તકલીફ

અલ બેરૂનીનું હૃદય તો ભારતના એ સમાજ માટે પણ ખૂબ જ નરમ હતું જેને શુદ્ર કહે છે, લખે છે કે બ્રાહ્મણ અને ક્ષત્રિય વગર બીજા માટે વેદ શિખવાની પણ છૂટ ન હતી, મુકિત ન મળી શકતી, તેમનું સંશોધન છે કે મુકિત બધા માનવીઓ માટે સમાન છે. શરત એટલી છે કે તેમની અંદર મુકિત મેળવવા માટેનો દઢ નિશ્ચય હોય. તેમની દલીલ વ્યાસનું એ કથન છે કે પચ્ચીસ બાબતોને સંશોધન સાથે જાણી લો, પછી જે ધર્મ ઈચ્છો અપનાવો, ખરેખર મુકિત મેળવશો અને આ દલીલથી વાસુદેવ શુદ્ર જાતિમાંથી આવ્યા હતા, અને વાસુદેવે અર્જુનથી કહયું હતું કે જો માનવી સદકાર્યમાં અલ્લાહને ભૂલી જાય તો તે કાર્ય ખરાબ થઈ જાય છે અને ખરાબ કાર્યમાં તે યાદ રહે તો તેને નેક બનાવી દે છે ભલે તે કરનારો શુદ્ર અથવા વૈશ્ય હોય અથવા સ્ત્રી, ભલે બ્રાહ્મણ કે ક્ષત્રિય હોય.

(કિતાબુલ હિન્દ અરબીઃ૧૫ ઉર્દુ તર્જુમોઃ૧/ ૧૩૩)

નાત જાતના ભેદભાવથી શુદ્રોને જે નીચો દરજો આપવામાં આવ્યો

છે, તેનાથી પણ બેરૂનીને તકલીફ પહોંચી, પરંતુ તેમણે એ લખીને દુર કરી કે આ તફાવત યોગ્યતાના પ્રમાણને લીધે છે. તેમાં એક વ્યકિત બીજાને જીતી લે છે અથવા ગુલામ બનાવી લે છે. નહીંતર વાસુદેવે મુકિત માટે કહયું કે બુદ્ધિની દ્રષ્ટિએ બ્રાહ્મણ અને ચંડાલ (નીચ), મિત્ર અને શત્રુ, પ્રમાણિક અને દગાબાજ, સાંપ અને નોળિયો બરાબર છે. અને જો બુદ્ધિ બધાને સમાન ગણે છે તો તફાવત અને યોગ્યતા અજ્ઞાનતાની ભેટ છે.

(કિતાબુલ હિન્દ અરબીઃ૨૭૧, ઉર્દુ તર્જુમો : ૨/૩૧૩)

અલ બેરૂનીનો વિદ્વતાપૂર્ણ અને ન્યાયપ્રિય અંદાજ

અલ બેરૂનીએ હિંદુ ધર્મના કોઈ ક્ષેત્રને કુદ્રષ્ટિએ જોવાનો પ્રયત્ન કર્યો નથી, એટલા માટે તેમણે હિંદુ ધર્મની કોઈ વાતમાં મતભેદ ઉભો ન થયો, ન તેનાથી વિપરિત થાય છે અથવા ન પોતાના અનુયાયીઓને વિપરિત થવા દે છે. બલકે પોતનો મતભેદ બુદ્ધિથી અને ન્યાયપ્રિય રીતે રજુ કરે છે. તેમાં વાદવિવાદનો રંગ જમાવવા દીધો નથી. તેઓ હિંદુઓના ઉચ્ચ કોટિના ફિલોસોફર, ગણિત શાસ્ત્રી, ખગોળ શાસ્ત્રી સમજવામાં આવતા હતા. તેમણે ભારતના તત્વજ્ઞાનથી પણ દિલચસ્પી રહી. તેઓ હિંદુઓના તત્વજ્ઞાનને યુનાની, પારસી, યહૂદી, ખ્રિસ્તી અને સુફીઓના તત્વજ્ઞાનથી મુકાબલો કરે છે. અને કયાંક તો હિંદુઓની બુદ્ધિ અને સમજની પ્રશંસા કરીને પોતાના વિચારોને ખૂબ જ મહેનત સાથે સરખાવવાના પ્રયત્નો કરે છે. તેઓ હિંદુઓના હુન્નર ઉદ્યોગોનો પણ એકરાર કરે છે. પછી હિંદુઓના સ્નાન કરવાના તળાવોનું વર્ણન કરતા લખે છે કે એ કળામાં હિંદુઓ કારીગરીમાં વિશિષ્ટ છે. મુસલમાનો જયારે તેમના તળાવોને જુએ છે તો દંગ રહી જાય છે અને એવા તળાવો બનાવવા તો દૂરની વાત તેનું વર્ણન કરવાથી પણ અશકત છે.

ભારતની સામાજિક પરિસ્થિતિમાં પ્રેમભાવનું વાતાવરણ

અલ બેરૂનીએ પોતાના પુસ્તકમાં ભારતના સામાજિક જીવનનો પણ ચિતાર રજૂ કર્યો છે, તેમાં એક બીજાને પારખવાની સમજ વર્ણવી છે. તેમની વાતોથી પ્રભાવિત થઈને પ્રોફેસર સિન્ટી કુમાર ચેટરજીએ લખ્યું છે.

"તે પોતાના ધાર્મિક અકીદાને કારણે એવા લોકોની અવગણના કરવાનું પસંદ કરતા નથી જે બીજા વાતાવરણમાં ફેલાય. તેમની આ ઉદારતા, બલકે આ વિશિષ્ટતાને કારણે હિંદુઓએ તેમના આ ઉપકારને ભૂલવા ન જોઈએ અને વિશ્વ પણ તેમનું આભારી છે. તેમની આ વિશિષ્ટતા લાયકાત અને બુદ્ધિથી પણ વધારે કિમતી છે.

(અલ બેરૂની યાદગાર અંક, ઈરાન સોસાયટી, કોલકાતાઃ૮૩)

અલ બેરૂનીએ હિંદુ– મુસલમાનોની અપરિચિતતા દૂર કરવા અરબી જાણકારો માટે સંસ્કૃતથી અને સંસ્કૃત જાણકારો માટે અરબીથી ભાષાંતરો કર્યા તે પુસ્તકો અનેક છે. તેમાં પતંજલિ અને વરાહ મિહીરના પુસ્તકનું પણ ભાષાંતર કર્યુ.

કાનૂને મસ્ઉદીમાં ભારતના કિંમતી પથ્થરો અને ત્યાંના શહેરોના અક્ષાંશ અને રેખાંશનો પણ ઉલ્લેખ કર્યો છે. તેનાથી આ દેશની પ્રિયતાના દર્શન થાય છે.

અલ બેરૂનીએ હિંદુઓના સમાજ જીવનની વાસ્તવિકતા પ્રદર્શિત કરી છે. તેનાથી એ પણ અંદાજો લગાવી શકાય છે કે આજથી લગભગ એક હજાર વર્ષ પહેલા ભારતનું જે સમાજ જીવન હતું તેમાં કેટલા પરિવર્તનો આવ્યા અને કેટલું એવું બાકી છે.

અલ બેરૂની પહેલા તો હિંદુઓ પર વિવેચન કરતા લખે છે કે તે અન્યને અપવિત્ર સમજે છે. અપવિત્ર સમજવાના કારણે તેમનાથી મુલાકાત, લગ્ન, તેમની નજીક જવું અથવા બેસવું અને સાથે જમવું જાઈઝ

સમજતા ન હતા. અલ બેરૂનીએ તેની નકારાત્મક દિશા તરફ એ લખીને ઈશારો કર્યો છે કે એ રીતે હિંદુઓમાંથી કોઈ વ્યકિતને જે તેમની જાતિમાંથી નથી અને તેમનામાં પ્રવેશવા માંગે છે અને તેમના ધર્મથી આકર્ષણ ધરાવે છે તેમને તેમાં પ્રવેશવાની સામાન્ય પરવાનગી નથી.

(કિતાબુલ હિન્દ અરબી : ૧૦ ઉર્દૂ તર્જુમા : ૧ / ૧૬)

સામાજિક જીવનના કેટલાક ભાગો

અલ બેરૂનીએ હિંદુઓના સામાજિક જીવનમાં એ વાત લખી નાંખી કે એ લોકો વાળ કપાવતા નથી. તેમની અસલ હાલત ગરમીમાં નગ્ન રહેવાની છે. વાળ એટલા માટે નથી કપાવતા કે નગ્ન રહેવાથી માથા પર ગરમી ન લાગે. દાઢીની સુરક્ષા માટે તેઓ ચોટલી વાળી દે છે. વાળ ન કપાવવાનો અને દાઢીની ચોટલી વાળવાનો આમ રિવાજ હશે. શકય છે કે આ બંને બાબતો કોઈ ધાર્મિક સંપ્રદાયમાં જોવા મળતી હોય. આગળ તેમણે લખ્યું કે બેકાર રહેવા પર ગર્વ અનુભવવાને કારણે તેઓ નખ વધારતા હતા. એટલા માટે કે નખ સાથે વધુ શ્રમ વાળુ કાર્ય નથી થઈ શકતું અને એટલા માટે પણ કે તેનાથી માથું ખંજવાળવા અને જુ મારવામાં આરામ મળે છે.

(કિતાબુલ હિન્દ અરબી : ૮૯, ઉર્દૂ તર્જુમાઃ ૧ / ૨૪૦)

આજે એ જાણકારી મેળવવી મુશ્કેલ છે કે કઈ જાતિ આ રીતે બેકાર રહેવાનું પસંદ કરતી હતી. જેને કારણે તેઓ નખ વધારતા હતા.

હિંદુઓની ખાવા-પીવાની રીતભાત

હિંદુઓની ખાવા – પીવાની રીતભાત વિશે લખે છે કે ''હિંદુ ગોબરના પાથરણા પર એકલો બેસીને ખાતો''ગોબરના પાથરણાનો ભાવાર્થ કદાચ ગોબરથી લિપણ હોય, જે આજે પણ કયાંક જોવા મળે છે, તે લખે છે કે જે ખાવાનું વધી જાય તેને તેઓ બીજી વખત ઉપયોગમાં લેતા નહીં. અને

જે વાસણમાં ખાતા જો તે માટીનું હોય તો તેને ફેંકી દેતા.

(અરબીઃ ૮૯ ઉર્દુ તર્જુમા : ૧ / ૨૪૦)

આ આદત તો આજે પણ પ્રચલિત છે, પાન ખાવાનો રિવાજ પણ ભારતમાં ખૂબ જ જુનો છે. તેઓ લખે છે કે પાન ચુના સાથે ખાઈને અને સોપારીને ચાવીને દાંતોને લાલ કરતા હતા. તેઓ વહેલી સવારે દારૂ પીએ છે, ત્યાર પછી જમવાનું લે છે. ગાયનું મૂત્ર થોડુ થોડુ પીએ છે. તેનું માસ ખાતા નથી. (અરબી : ૮૯ ઉર્દુ તરજુમા ૧ / ૨૪૦) ગાયનું મુત્ર પીવાનો તો આમ રિવાજ ન હોય પરંતુ કેટલાક ખાસ તહેવારોમાં પીવામાં આવતું હોય, કાળજા–લીવરના દર્દીઓ પણ તેને દવા રૂપે મોટે ભાગે વાપરે છે.

હિંદુઓનો પોશાક

અલ બેરૂની લખે છે કે ફેંટાને શલવાર એટલે ધોતીયુ બનાવે છે. જે વ્યકિત પોશાકને ઓછો પહેરે છે તે બે આંગળીના ચિથરામાં પણ સંતોષ માને છે જેને તે બે દોરાઓથી આંતરિક ભાગો પર બાંધે છે, (અરબીઃ ૮૯ ઉર્દુ તર્જુમાઃ ૧ / ૨૪૦) આ અંતિમ વાકયથી લંગોટી તરફ ઈશારો છે, જે હજુ કયાંક પહેરાય છે. ત્યાર પછીના જે પોશાકનું વર્ણન છે તે સમજમાં આવતુ નથી. કારણ કે એવો પોશાક આજે કોઈ જાતિમાં જોવા મળતો નથી. અથવા કદાચ એ સમયે પર્વતીય વિસ્તારોમાં પહેરવામાં આવતો હોય, રૂ ના ડગલા તો આજે પણ પહેરવામાં આવે છે, અલ બેરૂની લખે છે જે વધારે પોશાક પહેરે છે તેઓ એવા લેંઘા પહેરે છે જેમાં એટલું રૂ હોય છે, જે અનેક ગાદલા માટે પુરતુ થઈ જાય. તેઓ એવી ઝોલ પહેરતા જેનો કાપો એવો ચુસ્ત હોતો કે તેમાંથી પગ ન નીકળતા અને તેમાં બટન પાછળ તરફ હોય છે, તે ઉપરાંત બીજા પોશાકમાં સદરી, પાયજામો છે. બુટ એટલા તંગ રહેતા કે તેને પિંડલી બાજુથી વારીને પહેરવામાં આવે છે. ત્યાર પછી લખે છે કે પુરુષો સ્ત્રીઓ જેવો પોશાક પહેરે છે. રંગો વાપરે છે, કાનમાં ઝુમ્ખાવાળુ

એરીંગ, હાથોમાં બંગડી અને પગોની આંગળીઓમાં સોનાની વીંટીઓ પહેરે છે. (અરબીઃ ૮૯, ઉર્દુ તર્જુમા : ૨૪૦ – ૪૧) સ્ત્રીઓ જેવા પોશાકનો ભાવાર્થ રંગીન ધોતીઓ હોય, પુરુષોનું એરીંગ અને બંગડી પહેરવી તો ઘણી જગ્યાએ ઓગણીસમી સદી સુધી હતું, અને આજે પણ કયાંક પહેરાય છે. હાથોની આંગળીઓમાં વીંટીઓ આજે પણ પહેરાય છે. જો કે પગની આંગળીઓમાં હવે પુરુષો વીંટીઓ પહેરતા નથી.

હિંદુ સ્ત્રીઓનું મહત્વ

અલ બેરૂનીના કથન પ્રમાણે : પુરુષો સ્ત્રીઓથી વ્યવસ્થા અને બીજા કાર્યોમાં સલાહ લે છે. (અરબીઃ ૯૦, ઉર્દુ તર્જુમાઃ ૧ / ૨૪૨) તેનાથી સ્પષ્ટ થાય છે કે તે સમયમાં સ્ત્રીઓનું મહત્ત્વ ઘણું હતું. જો કે અલ બેરૂનીની એ વાત અયોગ્ય લાગે છે કે પુત્રોમાં નાના પુત્રને વધુ મહત્ત્વ અપાય છે, ખાસ કરીને યુરોપના વિસ્તારોમાં એવું સમજીને કે મોટો પુત્ર પિતાની કામવાસનાના પ્રભાવ હેઠળ જન્મે છે. અને નાના પુત્રનો જન્મ ઈરાદા, ચિંતા અને શાંતિથી થાય છે. કારણ કે ભારતીય સમાજમાં શરૂઆતથી આજ સુધી મોટા પુત્રનું મહત્વ વધારે છે અને શાસકોમાં પણ તે મુખ્ય વારસદાર ગણવામાં આવે છે.

સામાજિક જીવવના અન્ય ક્ષેત્રો

અલ બેરૂનીના અનુભવો વિશાળ છે. તે નાની નાની વાતો ઉપર પણ નજર રાખે છે. હિંદુઓ હસ્તધૂનન વેળાએ હાથ કાંડા તરફથી પકડે છે. ઘરમાં દાખલ થવા માટે પરવાનગી લેતા નથી. પરંતુ બહાર પરવાનગી વગર જતા નથી. મજલિસમાં પલાંથી લગાવીને બેસે છે. વડીલોના માન – સન્માન વગર થુંકે છે, તેમની સામે જુ મારે છે. છીંકને અશુભ ગણે છે, વણકરને અપવિત્ર સમજે છે પરંતુ હજામ અને તે વ્યકિતને જે મરતા જાનવરોને મજુરી લઈને જમીનમાં દબાવી દે અથવા સળગાવીને મારી

નાંખે, તેને પવિત્ર સમજે છે, (અરબી : ૯૦, ઉર્દુ તર્જમાઃ ૧ / ૨૪૨) ઉપર જે વણકરને અપવિત્ર સમજે છે તે કથન શંકાસ્પદ લાગે છે.

શરૂઆતમાં લખવા – વાંચવાની પધ્ધતિ

બાળકો તે સમયે સ્લેટ (ટેબલેટ) ઉપર જે રીતે લખતા હતા, તેનો રિવાજ હજુ પણ ચાલુ છે. અલ બેરૂની લખે છે કે બાળકો માટે મદ્રસા – સ્કૂલમાં તખ્તીઓને કાળા રંગથી રંગાવે છે. તેની પહોળાઈમાં નહીં બલકે લંબાઈમાં સફેદી થી ડાબી બાજુથી લખાવે છે, શાયર તેની શાનમાં કહે છે.

" કોઈ લખનાર એવો છે, જેનો કાગળ કોલસા જેવો કાળો છે, તેમાં તેની કલમ સફેદીથી લખે છે, એટલે તે રાતમાં દિવસને લખે છે. તે એને ખેંચે છે વણતો નથી. (અરબી : ૯૦ , ઉર્દુ તર્જમાઃ ૧ / ૨૪૩)

પુસ્તકનું નામ અંતમાં લખે છે. પુસ્તકની શરૂઆતમાં નથી લખતા. પોતાની ભાષાના નામોના પુરુષ વચન બનાવીને તેની મહત્વતા પેદા કરે છે. જેવી રીતે અરબો સંક્ષિપ્ત કરીને મહત્તા પેદા કરે છે.

(અરબી : ૯૦, ઉર્દુ તર્જમા : ૧ / ૨૪૩)

હિંદુઓની રમતો

તેઓ ચોસર અને શતરંજનું વર્ણન કરે છે. ચોસર વિશે લખે છે કે બે વ્યકિતઓ રહે છે. પરંતુ પત્તા બંને વચ્ચે ત્રીજી વ્યકિત નાંખે છે તે સમયમાં તેમણે જે પત્તા રમવાનો તરીકો બતાવ્યો છે તે આજ કરતા તદન ભિન્ન છે. તેમના વર્ણનથી સ્પષ્ટ થાય છે કે શતરંજ ચાર વ્યકિતઓ ભેગા મળીને બે બાજુએથી રમતા હતા. પત્તાની સંખ્યા શતરંજનું શોગટું ચલાવાતુ હતું , દરેક શતરંજના શોગટા માટે અલગ અલગ સંખ્યા નક્કી હતી.

(અરબીઃ ૯૦ , ઉર્દુ તર્જમા : ૧ / ૨૪૩ – ૨૪૪)

હિન્દુઓનો માનસિક અભ્યાસ

અલબેરૂની તેમના માનસિક અભ્યાસ પરથી એ નતીજા પર પહોંચ્યા હતા કે તેમના સ્વભાવમાં પ્રકૃતિનો વિરોધ છે અને તે માટે એ દલીલ રજુ કરે છે કે અમે કોઈ હિંદુ છોકરાને જે ઈસ્લામી દેશોમાં નવો આવ્યો હોય અને એ દેશોના તરીકાનો શોખીન ન હોય, એવો નથી જોયો જે પોતાના માલિક સામે ઉભો હોય અને પ્રકૃતિનો વિરોધ એટલે કપડા ઉલ્ટા કરવા, ફર્શ વગેરે ઉલ્ટી પાથરવી અને આવી અનેક બાબતો છે, તેનું કારણ એ છે કે તેમના સ્વભાવમાં પ્રકૃતિનો વિરોધ છે. (અરબીઃ ૯૧, ઉર્દુ તર્જુમા : ૨૪૬) એ જરૂરી નથી કે અલ બેરૂનીના આ નતીજાને સત્ય સમજવામાં આવે.

હિંદુઓનું રસાયણશાસ્ત્ર અને ઝાડફૂંકની પધ્ધતિ

અલ બેરૂનીએ પોતાના પુસ્તકમાં ૭૧માં ભાગમાં એ સમયના હિંદુઓનું રસાયણશાસ્ત્ર અને ઝાડફૂંક વિશે માહિતી એકત્ર કરી છે. જો કે તેમણે એ જ્ઞાનને મહત્વ આપ્યું નથી , અને તેનો પાયો અજ્ઞાનતા કહયો છે. છતાં એ વિશે અનેક પ્રસંગો નોંધ્યા છે. કિમીયાને તે જાદુ તો નથી કહેતા પરંતુ પાગલપણું કહે છે. તેઓ લખે છે કે આ કળાના જાણકારો તેને છુપાવવાનો ખાસ પ્રબંધ કરે છે. તેને એક પાયાહીન જ્ઞાન સમજવા છતાં તેમણે એ પ્રખ્યાત માન્યતાનું પણ વર્ણન કર્યુ છે તેનાથી એ સ્પષ્ટ થાય છે કે કીમિયાના અસરથી ગોવાળનો એક કુતરો અને એક સાધુ સોનું બની ગયા. રસાયણ વિશે તેમનું વર્ણન છે કે એ જડી બુટટીઓથી તૈયાર થાય છે જેણે ખાઈને હતાશ દર્દી તંદુરસ્ત અને વૃદ્ધ બિલ્કુલ યુવાન બની જાય છે અને તેનું આયુષ્ય વધી જાય છે. અલબેરૂની આ હુનરની વિસ્તૃત માહિતી લખીને એ પણ લખે છે કે રસાયણની લાલચમાં અજ્ઞાની રાજાઓ કુમળી વયના બાળકોને બેધડક આગમાં નંખાવી દેતા હતા. (અરબીઃ ૯૪, ઉર્દુ તર્જુમાઃ ૧/૨૪૬)

ઝાડફૂંક વિશે લખે છે કે ઝાડ – ફૂંક વધારે પડતી એવા વ્યકિત માટે થતી જેણે સાંપ, વીંછીના ડંખ લાગ્યા હોય, એ વિશે એ લોકો એટલું અતિરેક કરતા કે એક વ્યકિતએ મને જાતે કહયું કે તેણે એક પુરુષે જે સાંપના ડસવાથી મર્યો હતો. જોયું કે મર્યા પછી તેને ઝાડવામાં આવ્યો અને તે દુનિયામાં જીવતો અને બીજા લોકોની જેમ ચાલતો – ફરતો રહયો.

(અરબી : ૯૦ ઉર્દુ તર્જુમા : ૧/૨૫૮)

અલ બેરૂનીને પોતે ઝાડ–ફૂંક પર વિશ્વાસ ન હતો, પરંતુ તેમણે અમુક ઘટનાઓ આનંદ માટે લખી છે.

બ્રાહ્મણોના જીવનનો ઊંડો અભ્યાસ

અલ બેરૂનીની એ બધી ઘટનાઓ હિંદુઓની સામાન્ય પ્રજા સાથેની છે. ત્યાર પછી હિંદુઓના ચારે વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની સામાજિક પ્રણાલીને પણ વર્ણવી છે. બ્રાહ્મણોના જીવનનો અભ્યાસ વિષ્ણુ પુરાણની મદદથી કર્યો છે. અને તેના અલગ અલગ યુગોની પણ વિસ્તૃત ચર્ચા કરી છે. બ્રાહ્મણોનું સામાજિક જીવન ધર્મ સાથે સંકળાયેલું હતું.

પુસ્તકના ૬૩માં ભાગમાં છે કે બ્રાહ્મણોના જીવનના ચાર વિભાગો છે, પેહલો આઠ વર્ષ પર ખતમ થાય છે, જયારે તે આઠ વર્ષનો થાય છે તો બ્રાહ્મણો એકત્ર થઈને તેની કમરમાં ઝુન્નાર–દોરો બાંધે છે અને ગળામાં એક જનોઈ પહેરાવે છે. અને જનોઈ ડાબા ખભા પર મુકીને જમણી બગલની નીચેથી કાઢવામાં આવે છે. એ કાપડાની બનાવેલી હોય છે જનોઈ પહેરાવતી વખતે એક લાકડી બ્રાહ્મણ છોકરાના હાથમાં આપવામાં આવે છે. જેને તે પકડી રાખે છે. પછી તેને ઘાસની એક વીંટી તેના જમણાં હાથની નાની આંગળીમાં પહેરાવવામાં આવે છે. એ વિંટી સિપર (ઢાલ) કહેવાય છે. તેનો હેતુ એ હોય છે કે તેના હાથથી જે કઈ આપવામાં આવશે તેમાં બરકત થશે. જનોઈની ખૂબ જ અગત્યતા છે. બ્રાહ્મણ કોઈ પણ સ્થિતિમાં

તેને અલગ કરી શકતો નથી.જો કયારેક ઉતારી દે તો ગુનેગાર થઈ જાય છે. અને ૧૦૦ વ્રત રાખે અથવા પાપની માફી દાન આપ્યા વગર થઈ શકતી નથી. તે પોતાના જીવનના ૨૫ વર્ષ અને કેટલાકના મતે ૩૮ વર્ષ સુધી ભકિતભાવ – અનુરાગ માટે ખુબ જ પ્રયત્નો કરે છે. રાત – દિવસ કોઈ ગુરૂની સેવામાં રહે છે. વેદ અને તેની સમજુતી શીખવી તેના માટે જરૂરી છે. દરરોજ ત્રણ વખત નાહવાની ટેવ હોય છે. સવાર – સાંજ બંને વખતે આગની પૂજા કરે છે પછી ગુરૂ પાસે જઈને નમન કરે છે. એક દિવસ છોડીને ઉપવાસ કરે છે. માંસ ખાતો નથી. ગુરૂના ઘરે જયારે રહે છે તો ત્યાં માત્ર એક વખતે બપોરે અથવા સાંજે પાંચ વ્યકિતઓને ઘરેથી ભીખ માંગવા બહાર નીકળે છે. જે કંઈ મળે છે તે પ્રથમ ગુરૂની સામે લાવીને મુકી દે છે. ગુરૂ તેમાંથી કંઈ પોતાના માટે પસંદ કરી લે છે બાકીનું તેને આપી દે છે. આગની પૂજા માટે પિલાસ અને અન્ય વૃક્ષોના લાકડા એકત્ર કરતા હતા.

૨૫ વર્ષ પછી તે પોતાના જીવનના બીજા ભાગમાં દાખલ થતો, જે પચાસ વર્ષ અને કેટલાકના મતે સિત્તેર વર્ષ સુધી બાકી રહેતો. તેમાં તેણે લગ્ન કરવાની પરવાનગી મળતી. ત્યાર પછી તે ગૃહસ્થ જીવન પસાર કરતો, તેણે લગ્ન કરવાની પરવાનગી એ શરતે મળતી કે તેનો હેતુ સંતાનો પેદા કરવા સિવાય અન્ય ન હોય. તે રોજી રોટી માટે બ્રાહ્મણો અને ક્ષત્રિયોને શિક્ષણ આપતો પરંતુ શિક્ષણ પેટે તેનો પગાર લેવો જાઈઝ ન હતો, તે ભેટ – સોગાદો લઈ શકતો. શરત એટલી કે તેના તરફથી આગ્રહ ન હોય. તે મજબુરીની હાલતમાં કપડા અથવા સોપારીનો વેપાર પણ કરી શકતો હતો. પરંતુ વેપારમાં ધોકો આપવો પડે છે એટલા માટે ઉત્તમ એ છે કે તે પોતાનો વેપાર કોઈ અન્ય પદ્ધતિથી કરાવે તેના માટે જાનવરો રાખવા અને માલ – મિલ્કત રાખવી અથવા વ્યાજથી લાભ ઉઠાવવાની મનાઈ છે. વાદળી રંગ તેના માટે અપવિત્ર છે. જો તેના શરીર પર લાગી જાય તો તેના માટે સ્નાન

કરવું વાજિબ છે. તેના જીવનનો ત્રીજો ભાગ પચાસથી પંચોતેર વર્ષ અને કેટલાકના મતે નેવું વર્ષ રહેતો, તે ગાળામાં દુનિયા છોડી દેતો, પત્ની અને સંતાનોને છોડીને જંગલમાં જતો રહેતો. છતને બદલે આકાશની નીચે રહે છે. વૃક્ષોના પાંદડાથી માત્ર ખાસ અંગો છુપાવે છે. જમીન પર પથારી વગર સુએ છે. માત્ર ફળો અને વૃક્ષોના મૂળિયા ખાય છે, વાળ વધારે છે અને તેમાં તેલ લગાડતો નથી.

તેના જીવનનો ચોથો ભાગ અંતિમ ભાગ હોય છે, તે સમયમાં તે લાલ કપડા પહેરે છે. બરાબર ધ્યાનમગ્ન હોય છે, હૃદયને દુશ્મની અને મગજને લાલચથી પાક રાખે છે. ગુસ્સો કરતો નથી જેથી તે હંમેશાની મુકિત પ્રાપ્ત કરી શકે. તે દુનિયા તરફ ન આકર્ષાય અને ન કોઈ દુનિયાના કામથી તેને મતલબ હોય છે. પુણ્ય માટે કોઈ ગામમાં જાય છે તો તેના માટે એક દિવસથી વધારે રોકાવવું યોગ્ય નથી, શહેરમાં પાંચ દિવસ રોકાય શકે છે. એ રોકાણ દરમિયાન જો કોઈ વસ્તુ તેને આપે તો તે તેમાંથી બીજા દિવસ માટે કોઈ વસ્તુ ન રાખે.

બ્રાહ્મણોની સામાન્ય ફરજો એ છે કે તે જીવનભર સારા કાર્યો કરતો રહે. દાન આપે અને લે. હંમેશા કંઈક શિક્ષણ મેળવતો રહે. બલિદાનો આપે. આગની દેખરેખ રાખતો તેને ઓલવવા દેતો નહીં, જેથી મૃત્યુ પછી તેમાં બનાવવામાં આવે તેનું નામ ઓમ છે. સવારે ઉઠીને સ્નાન કરવું જેથી સુતી વખતે શરીરમાં જે નાપાકી આવી ગઈ છે તે દૂર થઈ જાય. સ્નાન કરીને સૂર્ય તરફ બંને હથેળીઓને જોડીને બંને અંગુઠા પર પોતાની પ્રથા પ્રમાણે સિજદો (નમન) કરે કારણ કે સૂર્ય જ તેમનો કિબ્લો છે. મોઢુ દક્ષિણ સિવાય અન્ય કોઈ બાજુ હોય, દક્ષિણ તરફ કોઈ નેક કાર્ય નહીં થાય. બપોરે સ્નાન કરવાથી પૂણ્ય મળે છે એટલા માટે તે એ સમયે પણ સ્નાન કરે. સાંજનો સમય રાતના ખાવાનો અને પ્રાર્થનાનો સમય હોય છે એટલે તે સાંજે પણ સ્નાન કરે, જો કે બપોરે અને સાંજે સ્નાન કરવું સવારની જેમ જરૂરી નથી.

તેણે માત્ર બે વખતે ખાવું જોઈએ, બપોરે અને રાત્રે ખાતી વખતે જયારે તે ખાવા બેસે તો એક અથવા બે અપરિચિત બ્રાહ્મણો માટે સદકો કાઢે, થોડુ જાનવરો, પક્ષીઓ અને આગ માટે અલગ કરે. બાકી ખુદાનું નામ લઈને ખાય અને જે વધી જાય તે જરૂરતમંદો માટે અલગ મૂકી દે જેથી જે પણ તે બાજુથી પસાર થાય ભલે માનવી હોય કે પ્રાણી તે ખાય લે, બ્રાહ્મણ માટે ખાવા – પીવાનું વાસણ અલગ હોય. તેના માટે એવા દેશમાં રહેવાનું જાઈઝ નથી જયાં તે ઘાસ ઉગતી નથી જેની વીંટી તે પોતાની નાની અંગળીમાં પહેરે છે અને જેની અંદર કાળા વાળના હરણ ન ચરતા હોય. ઘરમાં ખાનારા બ્રાહ્મણોની જગ્યા છાણથી લીપેલી હોય છે. તેની શકલ ચોરસ હોય છે. ખાધા પછી તે ધોવામાં આવે છે અને લીપવામાં આવે છે. જેથી ફરી તે પાક થાય. બ્રાહ્મણો માટે ડુંગળી, લસણ, દૂધી જેવી સબજીઓ ખાવી બિલકુલ હરામ છે. (અરબીઃ ૨૬૭– ૨૭૦ ઉર્દૂ તર્જુમાઃ ૨ / ૩૦૩–૩૧૦)

ક્ષત્રિયનું જીવન

ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્રના સામાજિક જીવનના હાલાત લખવામાં અલ બેરૂનીએ કંજૂસાઈથી કામ લીધુ છે. કદાચ એટલા માટે કે બ્રાહ્મણોથી તે વધુ પ્રભાવિત થયો હોય. લખે છે કે ક્ષત્રિય વૈદ શીખી શકે છે, પરંતુ તેની શિક્ષા આપી શકતો નથી. પુરાણના તે આદેશોની પાબંદી કરી શકે છે. તેની જવાબદારી હુકૂમત કરવી અને લોકોના રક્ષણ માટે લડવું છે, જયારે તે બાર વર્ષનો થાય છે તો એક જનોઈમાં દોરાનો અને એક જાડા કપડાની જનોઈ પહેરાવવામાં આવે છે. (અરબીઃ ૨૭૦, ઉર્દુ તર્જુમાઃ ૨ / ૩૧૧)

વૈશ્યની ફરજો

વૈશ્યનું કામ ખેતી કરવી, મકાનોનું બાંધકામ કરવું, પાલતુ પ્રાણીઓની રખેવાળી કરવી અને બ્રાહ્મણોની જરૂરિયાતો પૂર્ણ કરવી છે. તેના

માટે માત્ર બે દોરાની જનોઈ પહેરવી જાઈઝ છે.

(અરબીઃ ૨૭૦ ઉર્દુ તર્જુમાઃ ૨ / ૩૧૧)

શુદ્રની હેસિયત

શુદ્રની હેસિયત બ્રાહ્મણના ગુલામની છે. તેના માટે માળા જપવી, વૈદની શિક્ષા મેળવવી અને આગની કુરબાની કરવાની મનાઈ છે. જો શુદ્ર અથવા વૈશ્ય વિશે એ સાબિત થઈ જાય કે તેણે વૈદનો અભ્યાસ કર્યો તો બ્રાહ્મણની સૂચનાથી હાકિમ તેની જીભ કાપી લે છે. અલબત્ત ખુદાનું સ્મરણ કરવું અને નેક કામ કરવું અથવા દાન આપવું તેમાં મનાઈ નથી. તે જનોઈ પણ પહેરી શકે છે. પરંતુ જાડા કપડાના એક ટુકડાથી વધારે ન હોય.

(અરબી : ૨૭૧ ઉર્દુ તર્જુમા : ૨ / ૩૧૧)

અલ બેરૂનીને આ તફાવતથી દુઃખ પહોંચ્યું હતું એટલા માટે જાતે એક હિંદુ સાધુ દ્વારા તેણે એ લખીને ખોટુ સાબિત કર્યુ કે આ તફાવત દરજ્જાની વધ – ઘટનું પરિણામ છે. તેમાં એક વ્યકિત બીજાને રૈયત બનાવી દે છે. જો કે વાસુદેવે મુકિત માટે કહયું છે કે " બુદ્ધિશાળીની દ્રષ્ટિએ બ્રાહ્મણ અને ચંડાલ, મિત્ર અને શત્રુ, પ્રમાણિક અને દગાબાજ, સાંપ અને નોળિયો બરાબર છે અને જો બુદ્ધિ બધાને સમાન ગણે છે તો ઉચ – નીચનો ભેદભાવ અજ્ઞાનતાની ભેટ છે. (અરબીઃ ૨૭૧ / ઉ.ત. ૨ / ૩૧૩)

શુદ્ર વિશે અલ બેરૂનીનું કથન છે કે હિંદુઓમાં માલને વ્યાજથી વધારવો હરામ છે અને તે દ્વારા મુદ્દલ માલ પર ગુનોહ થશે. માત્ર શુદ્રને એ શરત પર વ્યાજ લેવાની પરવાનગી છે કે મુદ્દલ માલના પચાસમાં ભાગથી વધી ન જાય. (અરબી : ૨૭૬ , ઉર્દુ તર્જુમાઃ ૨ / ૩૨૮)

હિંદુઓની નજીક અવર્જિત અને વર્જિત વસ્તુઓ

હિંદુઓની ખાવા પીવાની અવર્જિત અને વર્જિત વસ્તુઓનું વર્ણન કરતા અલ બેરૂની લખે છે કે બકરી, હરણ, સસલુ, ગેડા, ભેસ, માછલી,

બટેર, કબૂતર અને મોર જાઈઝ છે. ગાય, ઘોડો, ખચ્ચર, ગધેડા, ઊંટ, હાથી, પાળેલી મરઘી, કાગડો, પોપટ, કોયલ, ઈંડા અને દારૂ હરામ છે.

(અરબી : ૨૭૬ ઉર્દૂ તર્જુમાઃ ૨ / ૩૩૦)

આશ્ચર્ય છે કે અલ બેરૂનીએ હિંદુઓ માટે ભેંસને પણ હલાલ બતાવી છે, હાલાંકે આજે તેમણે ત્યાં ગાયની જેમ ભેંસ પણ હરામ છે. અલ બેરૂનીએ કેટલાક લોકોના કથન પ્રમાણે લખ્યું છે કે મહાભારતની લડાઈથી પહેલા ગાય હિંદુઓમાં હલાલ હતી અને કેટલીય કુરબાનીઓમાં ગાય કાપવામાં આવતી હતી. પછી હરામ કરી દેવામાં આવી. તેના હરામ હોવાનું એક કારણ તો એ છે કે ગાયનું માસ પચવામાં ભારે હોય છે. બ્રાહ્મણો તેણે ખાઈને જલ્દી પચાવી શકતા ન હતા, એટલા માટે તેને હરામ કરી દેવામાં આવ્યું, પરંતુ જાતે અલ બેરૂનીએ પોતાના તરફથી એ લખ્યું છે કે તેનું વાછળડું સફર, સામાન ઉચકવામાં અને ખેતીકામમાં વપરાય છે દૂધ આપે છે, જે ઘર વપરાશમાં કામ આવે છે, તેના મળ – મૂત્રથી ફાયદો ઉઠાવવામાં આવે છે. તે વાતોને ધ્યાનમાં રાખીને તેને હરામ કરવામાં આવ્યું છે.

(અરબીઃ ૨૭૭, ઉર્દુ તર્જુમાઃ ૨ / ૩૩૦ – ૩૩૧)

હિંદુઓના લગ્નોમાં રીત રિવાજો

પુસ્તકના વિભાગ ૬૯માં હિંદુઓમાં લગ્નો વિશે વર્ણન કરતા અલ બેરૂની લખે છે કે તેમનામાં લગ્નો નાની ઉમરે થાય છે. એટલા માટે પસંદગી વગેરે માતા–પિતા કરે છે. આ પ્રસંગમાં બ્રાહ્મણ કુરબાનીની રસમો પૂરી કરે છે. બ્રાહ્મણ અને બિન બ્રાહ્મણને દાન આપવામાં આવે છે. ખુશીના સાધનો વગાડવામાં આવે છે. મહેરનો રિવાજ નથી. યથાશકિત સ્ત્રી સાથે વ્યવહાર કરે છે. તે વખતે જે આપે આપી દેવામાં આવે છે. પરત લેવું જાઈઝ નથી શરત એ કે સ્ત્રી પોતાની ખુશીથી આપે. પતિ અને પત્ની વચ્ચે મૃત્યુ સિવાય અલગ થવું નથી, તેમને ત્યાં તલાક નથી.

(અરબી : ૨૭૮, ઉર્દુ તર્જુમોઃ ૨ / ૨૩૩,૩૩૪)

અલ બેરૂનીએ એક આશ્ચર્યજનક વાત લખી નાંખી કે હિંદુ પુરુષને અધિકાર છે કે તે એકથી વધારે ચાર સુધી પત્ની કરે. ચારથી વધારે નથી કરી શકતો. (અરબી : ૨૭૮) અલ બેરૂનીએ તેનો કોઈ સંદર્ભ આપ્યો નથી પરંતુ સ્પષ્ટ છે કે તેણે કોઈ સંદર્ભને આધારે લખ્યું હશે. સામાન્ય રીતે એવો ખ્યાલ છે કે બહુપત્નીત્વનો રિવાજ ઈસ્લામમાં જ છે. હિંદુ ધર્મમાં નથી પરંતુ અલ બેરૂનીના આ બયાનથી એ ખ્યાલનું ખંડન થાય છે. તે લખે છે કે બ્રાહ્મણો માટે ચાર, ક્ષત્રિય માટે ત્રણ, વૈશ્ય માટે બે અને શુદ્ર માટે એક પત્ની જાઈઝ છે. (અરબી : ૨૭૯) વિધ્વાને બીજા લગ્નની છુટ નથી. તે જીવનભર વિધ્વા રહે અથવા તો સતી થઈને મરી જાય. (અરબીઃ ૨૭૮) લગ્નનો રિશ્તો નજીકના સંબંધીઓમાં થતો નથી. બલકે તેમાં થાય છે જેમની રિશ્તેદારી વધારે દૂરની હોય. દરેક વર્ણ માટે પોતાના જ વર્ણમાં અથવા નીચેના વર્ણમાં લગ્ન કરવા જાઈઝ છે. ઉપરના વર્ણમાં લગ્ન કરવા જાઈઝ નથી. (અરબી : ૨૭૮) સંતાનો માતા તરફથી હોય છે. એટલે જો બ્રાહ્મણ છે તો તેના સંતાનો પણ બ્રાહ્મણ હશે અને જો શુદ્ર છે તો સંતાનો પણ શુદ્ર હશે. પરંતુ બ્રાહ્મણો પોતાના વર્ણની બહાર લગ્ન કરતા નથી.

(અરબીઃ૨૭૮)

બાળકોના જન્મ અને અકીકાના રીત રિવાજો

ગર્ભ રહેવાના ચોથા મહિને બાળક માટે કુર્બાની આપવામાં આવે છે, (અરબી : ૨૭૬) બાળક જયારે જન્મે છે તો જન્મ વખતે અને દૂધ પીવડાવવાની વચ્ચે પણ કુરબાની કરવામાં આવે છે. તેનું નામ જાત કર્મ છે. જયારે સ્ત્રીનો નિફાસ (પ્રસૃતિ પછી થતો રકતસ્ત્રાવ) ખતમ થઈ જાય છે તો બાળકનું નામ રાખવામાં આવે છે. તે વખતે પણ કુરબાની આપવામાં આવે છે તેને કર્મ કહે છે. જયારે સ્ત્રી નિફાસની હાલતમાં હોય તો તે કોઈ વાસણ પાસે જતી નથી. ન તેના ઘરમાં કોઈ વસ્તુ ખાવામાં આવે છે અને ન

બ્રાહ્મણ તે ઘરમાં આગ સળગાવે છે. બાળકને દૂધ પીવડાવવાની મુદ્દત વધુમાં વધુ ત્રણ વર્ષ છે. અકીકો વર્ષે થાય છે. કાન વીંધવાની રસમ સાતમાં અથવા આઠમાં વર્ષે થાય છે. (અરબીઃ ૨૭૯)

સજાઓની પદ્ધતિઓ

અલ બેરૂનીના લખાણોથી એ સ્પષ્ટ થાય છે કે કતલ,ચોરી, દારૂ અને વ્યભિચાર માટે કડક સજાઓ હતી, જો કતલ કરનાર બ્રાહ્મણ અને કતલ થનાર બીજા વર્ણનો હોય તો બ્રાહ્મણને તો સજા ન થતી પરંતુ તેને તેના બદલામાં પ્રાયશ્ચિત કરવું પડતું તે વ્રત રાખતો. દાન આપતો અને પ્રાર્થના કરતો. જો કતલ થનાર પણ બ્રાહ્મણ હોય તો તે મહાપાપ સમજવામાં આવતું, તેને પ્રાયશ્ચિત પણ દૂર ન કરી શકતું, તેની સજા પરલોક (આખિરત)માં મળતી. બ્રાહ્મણના કતલ પછીનો સૌથી મોટો પાપ ગાયને કતલ કરવાનો સમજવામાં આવે છે ત્યાર પછી દારૂ અને વ્યભિચારનું પાપ હતું, બ્રાહ્મણ અથવા ક્ષત્રિય દારૂ અથવા વ્યભિચાર કરતા તો તેમનો માલ જપ્ત કરીને તેમને દેશ નિકાલ કરવામાં આવે છે. બ્રાહ્મણ જો ચોરી કરતો તો તેની આંખો કાઢી લેવામાં આવતી. પછી તેના એક તરફનો હાથ અને બીજા તરફનો પગ કાપી લેવામાં આવતો. એ સિવાયના ચોરોને કતલ કરવામાં આવતા. વ્યભિચારી સ્ત્રીને પતિના ઘરેથી કાઢી મુકવામાં આવતી અને દેશ નિકાલ રહેતી. (અરબીઃ ૨૮૧)

વારસો

વારસા વિશે હિંદુઓનો સિદ્ધાંત એવો છે કે પુત્રી સિવાયની અન્ય સ્ત્રીઓ વારસામાંથી વંચિત રહેતી. મનુના પુસ્તકમાં છે કે પુત્રીનો હિસ્સો પુત્રના હિસ્સાથી ચોથો છે. (અરબીઃ ૨૮૧) મૃત્યુ પામનારના વારસદાર માત્ર પુરુષ હોય છે. સિદ્ધાંત એ છે કે પુત્ર અને પુત્રીની અવલાદને પ્રથમ

પસંદગી છે. એવી રીતે પુત્રીનો પુત્ર બહેનના પુત્રથી અને ભાઈના પુત્રથી વધારે હકદાર છે. જો અનેક વારસદારો હોય તો બધાની વચ્ચે વારસો બરાબર વહેંચવામાં આવે છે. જો મૃત્યુ પામનારનો કોઈ વારસદાર ન હોય તો તેની મિલ્કત હુકૂમતમાં જમા થઈ જાય છે. પરંતુ જો બ્રાહ્મણનો વારસદાર ન હોય તો તેના માલ પર હુકૂમત કબજો કરી શકતી નથી. તે દાન કરી દેવામાં આવે છે. (અરબીઃ ૨૮૨)

વારસદારો પર મૃત્યુ પામનારના આ હક્કો છે કે તેના મરણ પછીથી દસ દિવસ સુધી દરરોજ તૈયાર ખાવાનું અને પાણીનો એક લોટો ખુલ્લા આકાશની નીચે મુકવામાં આવે કે કદાચ આત્માને હજુ શાંતિ ન મળી હોય અને તે ભૂખી અને તરસી ઘરની બહાર ચક્કર લગાવી રહી હોય. દસમાં દિવસે મૃત્યુ પામનારના નામ પર ખાવાનું અને ઠંડુ પાણી દાન કરે અને અગિયારમાં દિવસથી એક વર્ષ સુધી એક વ્યકિતનું ખાવાનું અને એક દિરહમ કોઈ બ્રાહ્મણના ઘરે પહોંચાડવું જોઈએ. (અરબી : ૨૮૨, ઉર્દૂ તર્જુમો ૨/૩૪૭ – ૪૯) તેના મૃત્યુ પછી વારસદારોને સોળ આતિથ્ય કરવું જરૂરી છે. તેમાં ખાવાનું ખવડાવવા સિવાય ખાવાનું ખાનારાઓને દાન પણ આપવું છે. દરેક મહીને એક વખતે કરવામાં આવે છે. છઠ્ઠા મહિનાનું જમવાનું શાનદાર હોય છે. એક મહેમાની વર્ષ પુરૂ થવાના એક દિવસ પહેલા હોય છે પછી વર્ષ પુરૂ થવાનું ખાવાનું હોય છે. આ મહેમાનીથી મૃત્યુ પામનારના હક્કો અદા થઈ જાય છે.ઉપરાંત વારસદારનો પુત્ર વર્ષ સુધી ગમ મનાવે છે. પત્ની પાસે જતો નથી, પછી વર્ષની શરૂઆતમાં એક દિવસ ખાવાનું તેના માટે હરામ હોય છે, (અરબીઃ ૨૮૨, ઉર્દૂ તર્જુમો ૨/૩૪૭–૩૪૯)

હિંદુઓના તહેવારોના રીત રિવાજો

અલ બેરૂનીએ હિંદુઓના તહેવારોનું વર્ણન ભાગ ૭૬માં વિગતવાર કર્યુ છે. તેમના દરેક તહેવારને ઈદથી યાદ કરવામાં આવે છે. તેમાંના

કેટલાક તહેવારોની ખબર તો કદાચ આજના હિંદુઓને પણ ન હશે, મે તે તહેવારોના નામ અલ બેરૂનીના લખાણ પ્રમાણે લખ્યા છે. પરંતુ તેમાંના ઘણાં નામ દા.ત. ચૈત, જશટ, બહિંદ, રૂપ પંજા, અહારી, પિહાઈ, અહવીગાએ બસ, પર્બત, ગુના નહિદા, અશતક, સાગરતમ, માહે તુરબજ, માન્સરતક, પાહાપન, અવદાદ અને પુટીન, આજના તહેવારોના નામથી બિલકુલ અલગ છે. આ બધા શબ્દો ઝખાઉના મતે હિંદીના છે આ નામોના મતભેદનું કારણ ન સમજાયું, કેટલાક તહેવારોનો ઈતિહાસ પણ આજથી અલગ છે. હિંદી મહિનાઓના ક્રમમાં થોડો તફાવત છે. શ્રાવણ પછી આસોનું વર્ણન છે, આજે ભાદરવા પછી આસો આવે છે. તેની સમજુતી નીચે પ્રમાણે છે.

"ચૈત્રનો બીજો દિવસ કશ્મીરવાસીઓ માટે ઈદનો દિવસ છે. તેનું નામ આગદુસ છે, ચૈતના અગિયારમાં દિવસનું નામ છે હિંદોલી ચૈત્ર છે તે દિવસે વાસુદેવના મંદિરમાં એકત્ર થઈ તેમની મૂર્તિને એવી રીતે હિંચકા નાંખવામાં આવે છે જેવી રીતે તેમના બાળપણમાં કરવામાં આવતું હતું, ઘરોમાં પણ હિંચકા લગાવવામાં આવે છે અને લોકો ખુશીથી હિંચકા નાંખે છે. ચૈત્રમાં આખા ચંદ્રના દિવસે સ્ત્રીઓ શૃંગાર કરીને પોતાના પતિથી ભેટ માંગે છે, વૈશાખના ત્રીજા દિવસે સ્ત્રીઓ સ્નાન કરીને શણગાર કરે છે અને મહાદેવની પત્ની ગૌર (એટલે ગૌરી) ની મૂર્તિની પૂજા કરે છે અને તેની સાથે દિપ જલાવીને ખુશ્બૂ રજૂ કરે છે. આખો દિવસ ભુખી રહે છે. હિંચકાથી સંતોષ અનુભવે છે બીજા દિવસે સવારે દાન આપીને ખાય છે. વૈશાખના દસમાં દિવસે બ્રાહ્મણો મેદાનોમાં નીકળીને કુરબાની માટે પાંચ દિવસ સોળ જગ્યાએ અલગ અલગ આગ સળગાવે. છે. ચાર – ચાર જગ્યાઓનો સમુહ હોય છે, દરેક સમુહ પર એક બ્રાહ્મણ કુરબાની માટે નિયુકત હોય છે. ત્યાંથી સોળમાં દિવસે વાપસી થાય છે. આ મહિનામાં

વસંતનું જશ્ન મનાવવામાં આવે છે. તેમાં બ્રાહ્મણોને ખાવાનું ખવડાવવામાં આવે છે. જેઠના પહેલા અમાસમાં અનાજ બરકત માટે પાણીમાં નાંખવામાં આવે છે. જેઠના મહિનામાં પુનમના દિવસે સ્ત્રીઓ એકત્ર થઈને ખુશી મનાવે છે. અષાઢ દાનનો મહિનો સમજવામાં આવે છે. આ મહિનામાં વાસણો બદલીને નવા લાવવામાં આવે છે, શ્રાવણના મહીનામાં પુનમના દિવસે બ્રાહ્મણોને બોલાવીને ભોજન ખવડાવવામાં આવે છે. આસો મહિનાના આઠમાં દિવસે વાસુદેવની બહેન મહાનવમીના નામ પર તહેવાર મનાવવામાં આવે છે, તે દિવસે શેરડી ચુસવામાં આવે છે, અને શેરડીનું પ્રથમ ઉત્પાદન ભગતની સામે કરવામાં આવે છે તે દિવસે દાન પણ કરાય છે, અને બકરીઓની પણ બલિ ચઢાવવામાં આવે છે, આસોની પંદરમી તારીખે કુશ્તી લડવાની અને પ્રાણીઓના તમાશા બતાવવામાં આવે છે. તે દિવસે વાસુદેવના મામા કનસે તેને કુશ્તી લડવા માટે બોલાવ્યા હતા, આસોના ૧૬ માં દિવસે બ્રાહ્મણોને દાન આપવામાં આવે છે. ૨૩ મી તારીખે પણ કુશ્તી લડવાનો ખેલ હોય છે. ભાદરવાના મહિનામાં વડીલોના નામ પર પંદર દિવસ સુધી દાન આપવામાં આવે છે. ભાદરવાના ત્રીજા દિવસને હરિયાળી કહે છે. સ્ત્રીઓ ઘણાં દિવસ પહેલાથી અનેક પ્રકારના બી કુંડામાં વાવે છે. અને જયારે તેમાં કુંપળ (છોડ) નીકળી આવે છે તો તેને કાઢીને તેની ઉપર ગુલાબ અને સુંગધ છાંટે છે. આખી રાત રમત ચાલ્યા કરે છે. બીજા દિવસે તે બધાને તળાવમાં લાવીને સ્નાન કરાવે છે. જાતે પણ સ્નાન કરે છે. પછી દાન આપે છે. ભાદરવાની છટ્ટી તારીખને ગાય વ્રત કહેવામાં આવે છે. તે દિવસે ખાવાની મહેમાની હોય છે. ભાદરવાના આઠમાં દિવસે સ્નાન કરીને ઉગેલુ અનાજ વાપરવામાં આવે છે તે દિવસે સ્ત્રીઓ ગર્ભવતી બનવાની અને પુત્રની ઈચ્છા ધરાવે છે. ભાદરવાનો અગિયારમો દિવસ ખુબ જ અગત્યનો સમજવામાં આવે છે. તે દિવસે વાસુદેવનો ભકત દોરાને

ઝાફરાનથી રંગે છે જે તેને આપવામાં આવે છે. રંગતી વખતે દોરામાં અમુક જગ્યા છોડી દે છે. પછી વાસુદેવ મૂર્તિના માપ બરાબર પોતાના ગળામાં લટકાવી દે છે. ભાદરવાના ૧૬ માં દિવસે છોકરાઓને શણગારવામાં આવે છે. તેમને ખુશ્બૂ લગાડવામાં આવે છે, પછી એમને જાનવરો સાથે રમવાનું કહેવામાં આવે છે. પછી તેના સાતમાં દિવસે પુરુષો પણ પોતાને શણગારે છે દાન આપવામાં આવે છે અને સારા કાર્યો કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. કારતકના પહેલા દિવસે દિવાળી મનાવવામાં આવે છે. તે દિવસે સ્નાન કરવામાં આવે છે. પાન અને સોપારી લોકોને ભેટમાં આપવામાં આવે છે. દાન આપે છે. બપોર સુધી મનોરંજનમાં રહે છે, રાત્રીએ દિવો સળગાવે છે. માઘના ત્રીજા દિવસે ગૌર (ગૌરી) ની ચાંદીની મુર્તિને એક ખુરસી પર એકત્ર કરવામાં આવે છે. સ્ત્રીઓ એકત્ર થઈને આખી રાત રમે છે. અને સવારે દાન આપે છે. પોષમાં સ્ત્રીઓ યુહોલ (એક પ્રકારની મિઠાઈ) મોટે ભાગે બનાવે છે. માઘની ૨૯ મી તારીખના જયારે રાત થોડી રહી જાય છે તો બધા લોકો પાણીમાં ડુબકીઓ લગાવે છે, ફાગણના આઠમાં દિવસે બ્રાહ્મણોની દાવત લોટ અને ઘી ના વિભિન્ન ભોજનથી કરવામાં આવે છે આ મહિનાની ૧૬મી રાત્રીએ શિવરાત્રી મનાવામાં આવે છે. આખી રાત્રી મહાદેવની પૂજા કરવામાં આવે છે. આ મહિનાની ૨૩ મીએ ચાવલ સાથે ઘી – ખાંડ મેળવીને ખાવામાં આવે છે.

(અરબી : ૨૮૭ – ૨૯૦, ઉ.ત. ૨ / ૩૬૩, ૩૬૫)

હિંદુઓના કેટલાક અયોગ્ય રીત રિવાજો પર રોકથામ

ઉપરની સમજુતીથી એવું લાગે છે કે હિંદુઓના સમાજ પર ધર્મનો ઊંડો અસર હતો. બ્રાહ્મણોનું જીવન તો ધર્મને બિલ્કુલ તાબે રહેતું, અલ બેરૂનીએ જે લોક જીવનનો ચિતાર ખેંચયો છે તે વૈદકકાળના બ્રાહ્મણોનું જીવન લાગે છે, ખબર નહીં કે અગિયારમી સદીમાં દરેક બ્રાહ્મણનું જીવન પણ એવું હશે

જેવું અલ બેરૂનીએ વર્ણન કર્યુ છે જો આવું જ જીવન રહયું તો પ્રશંસાને પાત્ર છે. અલ બેરૂની પણ પોતે તેમના જીવનથી પ્રભાવિત છે. તેમણે જો બ્રાહ્મણો અથવા સામાન્ય હિન્દુઓના જીવન વિશે કંઈક અયોગ્ય વાત માલૂમ પડે તો તેઓ કોઈ સારુ મંતવ્ય રજુ કરે છે. દા.ત. એક જગ્યાએ લખે છે કે એ અજ્ઞાનતા પર આપણે માત્ર હિંદુઓને જ દોષ આપતા નથી. આરબો પણ જહાલતકાળમાં તેમના જેવું જ અયોગ્ય કરતા હતા. (અરબી : ૫૧, ઉર્દુ ૧/૨૪૬, ૨૪૭) મંત્રતંત્ર વિશે લખે છે કે હિંદુઓ તેને જાદુ સમજે છે પરંતુ તેઓ લખે છે કે તેમાં બધી કોમો બરાબર છે. એટલે બીજી કોમો પણ મંત્રતંત્રને જાદુ સમજે છે. (અરબીઃ ૯૬, ઉર્દુ : ૧/ ૨૫૯) મંદિરોમાં કેટલીક અસભ્ય સ્ત્રીઓ રહેતી હતી તે વિશે લખે છે તે ખરાબી રાજાઓની પેદાવાર છે. મંદિરોમાં જે સ્ત્રીઓ રહે છે તે નાચવા – ગાવા માટે છે, બ્રાહ્મણ અથવા પૂજારી તે સિવાય એટલે વ્યભિચારને પસંદ કરતા નથી, પરંતુ તેમના રાજાઓએ તેમના શહેરો માટે મનોરંજન અને આનંદનું સાધન બનાવી દીધુ છે. તેની ટીકા કરવાને બદલે અલ બેરૂની લખે છે કે ઈદુદ્દૌલા એ પણ એ જ કર્યુ હતુ. તે સિવાય તેનું એક કારણ એ પણ હતું કે લશ્કરના અપરણિતોથી પ્રજાની સુરક્ષા થાય. (અરબીઃ ૨૭૯, ઉર્દુ : ૩૩૭, ૩૩૮)

એક સ્થળે અલ બેરૂની ગંગા અને યમુનાના સંગમ પાસે એક વૃક્ષનું વર્ણન કરતા લખે છે કે તે વૃક્ષ પાસે લોકો પોતાને એવી રીતે મારે છે કે તેની ઉપર ચઢીને પોતાને ગંગા નદીમાં ડુબાડી દે છે. તેની ઉપર ચર્ચા કરતા કહે છે જે કઈ મેં હિંદુઓથી નકલ કર્યુ છે. ઠીક એવી વાત સોક્રેટિસે પણ કહી છે કે કોઈ વ્યકિત માટે એ યોગ્ય નથી કે વ્યકિત પોતે પોતાને મારી નાંખે પરંતુ જો દેવતા તેના માટે એવી પરિસ્થિતિ પેદા કરી દે જેવી આજે આપણી સામે છે, સોક્રટિસે એ પણ કહયું કે માનવી એ લોકોની જેમ છે જે જેલમાં છે

તેમના માટે એ યોગ્ય નથી કે આપણે નાસીએ. એટલા માટે કે આપણે દેવતાના ગુલામ છીએ તેઓ આપણી તરફ ખાસ ધ્યાન રાખે છે.

(અરબીઃ ૨૮૪, ઉર્દૂ તર્જમા ૨ / ૩૫૫,૩૫૬)

અલ બેરૂનીના પૂર્વગ્રહની પ્રશંસા

અલ બેરૂનીના પુસ્તકમાં બિન મુસ્લિમોના ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિના વર્ણનમાં પ્રેમ, ભાઈચારો અને સમજુતીનું વાતાવરણ ઉભુ થયું છે. તેનાથી પ્રભાવિત થઈને પ્રોફેસર ચેટરજી લખે છે કે,

"તેઓ પોતાના ધાર્મિક અકીદાને કારણે સારા લોકોની સિદ્ધિઓની અવગણનાને પસંદ કરતા નથી, જે બીજા વાતાવરણમાં ફેલાય. તેમની આ ઉદારતાને કારણે બિન મુસ્લિમોએ તેમના ઋણી હોવું જોઈએ અને વિશ્વ પણ તેમનો આભારી છે કે આ ખુબી, તેમની લાયકાતથી વધારે કિંમતી છે.

(અલ બેરૂની યાદગાર : ઈરાન સોસાયટી, કોલકાતાઃ ૮૩)

અલ બેરૂની કૌમો વચ્ચેની દુરીને એક બીજા માટે ખૂબ જ નુકસાનકારક સમજે છે એમનું એ સમજવું ખુબ જ જરૂરી છે. કારણ કે એક બીજાની અપરિચિતતાથી દુરી પેદા થાય છે. દુરી આંખોને અંધ અને કાનને બહેરા કરી દે છે. તેનાથી ખાનગી, વંશીય, સામાજિક અને કૌમી ઘમંડ પેદા થાય છે. ત્યાર પછી અત્યાચાર, બે ઈજ્જતી અને હત્યા પણ શરૂ થઈ જાય છે. અલ બેરૂનીએ પોતાના પુસ્તકના ભાગ ૧ માં લખ્યું છે કે દૂરીનું કારણ જે સમજમાં આવતુ નથી તે મેળાપને કારણે સ્પષ્ટ થઈ જાય છે. આ મેળાપનું વાતાવરણ ઉભુ કરવા તેમને "કિતાબુલ હિંદ" નામનું પુસ્તક લખ્યું, દરેક યુગમાં મુસ્લિમ અને બિન મુસ્લિમોમાં એક એક અલ બેરૂની જન્મે તો આજે ભારતની તારીખ કઈ જુદી જ હોય.

શાહબુદીન ઘોરીની ઉદારતા

ગઝનવીઓ પછી ભારતમાં ઘોરીઓ આવ્યા, શાહબુદ્દીન ઘોરીની તલવાર મુલતાન, અણહિલવાડ, સિયાલકોટ, ભટીન્દા અને તરાઈમાં જરૂર ચમકી પરંતુ તેના જીવનનો એ બનાવ પણ વિચારવા લાયક છે કે જયારે અણહિલવાડની નિષ્ફળતા પછી તે ગઝનીમાં સ્થાયી હતો અને પોતાની નિષ્ફળતાનો બદલો લેવા માટે જંગી તૈયારીઓમાં વ્યસ્ત હતો કે કોઈએ અરજી લખીને મોકલી કે અણહિલવાડમાં એક પ્રખ્યાત વેપારી છે તેનું નામ વિસાલા અબ્હર છે તે હંમેશા લોખોનો માલ વેપારના હેતુથી એ વિસ્તારોમાં મોકલાવે છે. માટે હમણાં પણ તેનો દસ લાખનો માલ ગઝનીમાં આવીને પડયો છે જો બાદશાહ ઈચ્છે તો તેનો માલ જપ્ત કરીને રાજ્યની તિજોરીમાં જમા કરી શકે છે. તેનાથી માત્ર ખજાનામાં વધારો થશે બલકે શાહી ઠાઠમારમાં પણ વધારો થશે. બાદશાહે પાછલા ભાગ પર લખી દીધુ કે

" વિસાલા અબ્હરનો એ માલ જો અણહિલવાડમાં હોત અને ત્યાં તેની ઉપર કબજો કરવામાં આવતો તો તે માલ અમારા માટે હલાલ હોત, પરંતુ ગઝનીમાં તેના માલ પર કબ્જો કરવો અમારા માટે હરામ છે, કારણ કે તે મારી પનાહમાં છે."

(જવામિઉલ હિકાયતઃ ઉર્દુ તર્જુમા નુસ્ખા મુસન્નિફીન : ૯૪, ઉર્દુ તર્જુમા : ૧ / ૪૭)

આ કિતાબ " જવામિઉલ હિકાયત વલ્ વામિઅ રિવાયાત" ખૂબ જ પ્રખ્યાત છે તેના અમુક બનાવો તારીખી હેસિયત રાખે છે. શમ્સુદ્દીન અલ્તમસના શાસનમાં લખવામાં આવી હતી, એ માત્ર અખ્લાકી દ્રષ્ટિથી લખવામાં આવી હતી. તેમાં દરેક પ્રકારના અખ્લાક, દા.ત. ન્યાય, લજ્જા, નરમી, માફી, કરમ, દયા, બહાદુરી, સખાવત, સબર, શુક્ર, પરહેગારી, વફાદારી, ઈમાનદારી, અમાનતદારી વગેરેને બોધકથા રૂપે રજુ કરવામાં આવ્યા છે. એ ચાર ભાગોમાં ૨૧૧૩ બોધકથાઓ છે.

બિન મુસ્લિમ રાજાઓની પ્રશંસા તે સમયના પુસ્તકમાં

બાદશાહો પોતાની લાયકાતો સામ્રાજ્ય વધારીને જરૂર બતાવી રહયા હતા, પરંતુ અહીંયાની પ્રજા તેમના વિજયોથી ભયભીત રહી પરંતુ સદીદુદ્દીન મુહમ્મદ ઉનીએ પોતાના પુસ્તક જવામિઉલ હિકાયતમાં અણહિલવાડના એક બિન મુસ્લિમ રાજા જયસિંહની ન્યાય પ્રિયતા અને ધાર્મિક ઉદારતા અને બીજા રાજા ગોળપાલના ઉચ્ચ વર્તન અને તે શહેરના બિન મુસ્લિમ વેપારીઓની ઈમાનદારીની બોધકથાઓ બતાવીને પોતાના મુસ્લિમ બંધુઓને દાવત આપી હતી. આ બોધકથાઓ તો એવી હતી જે પરસ્પર સંબંધો મજબુત કરવા અભ્યાસ ક્રમમાં દાખલ કરવામાં આવે. તે બોધકથાઓમાંથી એક હિસ્સાનો ટુંકસાર એ છે કે ખંભાતની એક જામિઅ મસ્જિદને બિન મુસ્લિમોએ નુકસાન પહોંચાડયું, મસ્જિદના ખતીબે અણહિલવાડના રાજા જયસિંહ પાસે પહોંચીને તેની ફરિયાદ કરવાનું વિચાર્યુ પરંતુ દરબાનોએ તેમને ત્યાં પહોંચવા ન દીધા. ખતીબ મોકો જોઈને રાજા પાસે ત્યારે પહોંચ્યા જયારે તે શિકાર કરવા જઈ રહયો હતો. તેમણે પોતાની વાત સંભળાવી, રાજા શિકારથી પરત ફર્યો તો ઘણાં દિવસ સુધી દેખાયો નહીં તે દરમિયાન વેશ પલટો કરીને તે ખંભાત પહોંચી ગયો અને બધાથી પૂછપરછ કરી. દરેકથી એવું સાંભળ્યું કે મુસલમાનો સાથે ખરાબ થયું છે. આ ખબર સાંભળીને રાજા પોતાની રાજધાનીમાં આવ્યો તો ખતીબને દરબારમાં બોલાવ્યા. ફરિયાદ કરી તો દરબાનોએ તેમને જુઠાડયા પરંતુ રાજાએ પોતાની પૂછપરછની સ્થિતિ સંભળાવી. પછી રાજાએ હુકમ આપ્યો કે ખંભાતના બ્રાહ્મણો અને અગ્નિ પૂજકોના સરદારોને સજા કરવામાં આવે અને પોતાની તરફથી એક લાખ તે સમયના સિક્કા આપ્યા કે મસ્જિદ અને મિનારા નવા બાંધવામાં આવે. ખતીબને ચાર છત્તર આપ્યા જે

ખૂબ જ કિંમતી અને રંગીન રેશમી કાપડથી તૈયાર કરવામાં આવ્યા હતા.

સદીદુદ્દીન ઉનીએ પાટણના એક બીજા રાજાનો પ્રસંગ વર્ણવીને જાણે તેનું સમર્થન કર્યુ છે કે તેના ચારિત્ર્યની ઉચ્ચતા બીજા રાજાઓ માટે અનુકરણીય છે. તેમના વર્ણન પ્રમાણે પાટણનો એક રાજા ગોળપાલ ખૂબ જ ન્યાયપ્રિય અને બુદ્ધિશાળી હતો. હુકૂમત પર આવતા પહેલા તે વર્ષો સુધી સાધુઓના સહવાસમાં રહયો હતો. એટલે તેનામાં અનેક સારા ગુણો આવી ગયા હતા. હુકૂમત પ્રાપ્ત થયા પછી તે એક દિવસે હાથી પર સવાર થઈને કયાંક જઈ રહયો હતો કે એક સૌંદર્યવાન ધોબણ ઉપર તેની નજર પડી, તેને જોઈને તેની નજર બગડી, તેણે હાથી તેણી તરફ કર્યો પરંતુ એકદમ તેને વિચાર આવ્યો કે પરાઈ સ્ત્રી સાથે મુલાકાત મહાપાપ છે. આ વિચાર આવતા જ તે પોતાના મહેલમાં પાછો આવ્યો. બ્રાહ્મણોને બોલાવ્યા, તેણે કહયું કે હું લાકડા એકત્ર કરીને આગ સળગાવીશ અને સળગીને મરી જઈશ. બ્રાહ્મણોએ પૂછયું કે તમે એવું કયું પાપ કર્યુ છે ? રાજાએ ધોબણ ઉપર ખરાબ નજર નાખવાની ઘટના સંભળાવી તો બ્રાહ્મણોએ ફેસલો સંભળાવ્યો કે રાજા માટે પ્રજાની સ્ત્રીઓને ખરાબ નજરે જોવી મોટો પાપ છે. ત્યાર પછી આગ સળગાવવામાં આવી. રાજા આગમાં કુદવાના ખ્યાલથી આગળ વધ્યા તો બ્રાહ્મણોએ તેનો છેડો પકડી લીધો અને બોલ્યા બસ કરો મહારાજા ! તમારા પાપ ખતમ થઈ ગયા, તમે તેનો બદલો ચુકવી દીધો. કારણ કે પાપ જે કંઈ કર્યા તે મને કર્યા છે શરીરે નહીં. તમારુ શરીર જો પાપ કરતુ તો અમે તેને સળગાવી દેતા પરંતુ મન દ્વારા પાપ થયો છે અને તે બુરાઈના વિચારની આગમાં સળગી રહયો એટલે તેની સજા પૂરી થઈ ગઈ, બ્રાહ્મણો રાજાને આગ પાસેથી દૂર લઈ ગયા છતાં રાજાએ પોતાના પાપને ધોવા માટે એક લાખ દાન કર્યા. (જવામિઉલ હિકાયતઃ૯૩)

ઈતિહાસકાર ઝિયાઉદ્દીન બરનીના અનુભવો

ઝિયાઉદ્દીન બરનીએ પોતાના પુસ્તક તારીખે ફિરોજશાહીમાં એ બિન મુસ્લિમો વિરુદ્ધ ઘણી અપ્રિય વાતો લખી છે. જે દિલ્લી હુકૂમતથી જોડાયેલા હતા અને તેમની વિરુદ્ધ ષડયંત્ર રચ્યું હતુ. તે સિવાય ઝિયાઉદ્દીન બરનીના પોતાના કેટલાક વિચારો હતા તેમના કેટલાક વાકયો અને કથનો એવા જરૂર છે. જેને વાંચીને બિન મુસ્લિમોમાં ગુસ્સો પેદા થાય છે. પરંતુ આ ગુસ્સો એવા લોકોમાં જ પેદા થાય છે જે કુર્આન અને હદીસની રોશનીમાં ઈસ્લામના સિદ્ધાંતોનો ઊંડાણથી અભ્યાસ કરે અને તે પ્રમાણે કોઈ જુએ તો તે તેનો ગુસ્સો સમજવામાં આવશે પરંતુ કોઈ ઈતિહાસકાર અથવા શાસકના કથન અને કાર્યને ઈસ્લામની તાલીમ સમજીને ઈસ્લામથી નફરત કરવી અને તેને ફેલાવવી સારા લોકોની દલીલ નથી.

વિશિષ્ટ ઈતિહાસકારો, શાસકો અને તફસીરકારોએ હંગામી મસ્લિહત અને શાહી જરૂરતોને ધ્યાનમાં રાખીને ઈસ્લામી કાયદા – કાનૂનોની અયોગ્ય સમજુતી કરી તો તે ઈસ્લામની અસલી તાલીમ સમજવામાં નહીં આવે.

ઝિયાઉદ્દીને તારીખે ફિરોજશાહીમાં લખ્યું છે અલાઉદ્દીન ખિલજીએ કાઝી મુગિસુદ્દીનથી બિન મુસ્લિમોની શરઈ હેસિયતથી સવાલ કર્યો તો તેમણે જવાબ આપ્યો કે બિન મુસ્લિમોને નીચે રાખવા દીનદારીમાંથી છે. કારણ કે આપ (સલ.) એ બિન મુસ્લિમોને કતલ કરવા તેમનાથી માલે ગનીમત પ્રાપ્ત કરવો અને તેમને ગુલામ બનાવવાનો હુકમ આપ્યો છે.

(તારીખે ફિરોજશાહી : ૨૯૦)

કયો બિન મુસ્લિમ હશે જે આ વાંચીને ગુસ્સે ન ભરાય, પરંતુ આ બધુ કાઝી મુગિસુદ્દીનની મન ઘડત હદીસ છે. તેને નકલ કરીને ઝિયાઉદ્દીન બરનીએ પોતાની અને તેમની ઉગ્રવાદી બલકે મુર્ખતાનો પુરાવો આપ્યો છે.

કારણ કે નીચેની હદીસ પછી કાઝી મુગીષની રિવાયતને કોઈ કેમ સહીહ સમજી શકે છે. જયારે આપ (સલ.) એ હઝરત અબ્દુલ્લાહ બિન અરકમ (રદિ.) ને જિઝિયાવેરો (ટેકસ) વસુલ કરવા માટે નિયુકત કર્યા તો તેમને બોલાવીને ફરમાવ્યું કે " જાણી લો કે જે વ્યકિત કોઈ કરારી એટલે ઝિમ્મી પર જુલ્મ કરશે અથવા તેની શકિતથી વધારે કામ લેશે તો હું કયામતના દિવસે તેનો દુશ્મન બનીશ. (કિતાબુલ ખિરાજ, કાઝી અબૂ યુસૂફઃ૭૨)

ઈસ્લામમાં વ્યકિતના હક્કોનો પુરો ખ્યાલ રાખવામાં આવ્યો છે, દરેક સમયે ન્યાયની તાકીદ કરવામાં આવી છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "અને જે કૌમે તમને ઈજ્જતવાળી મસ્જિદ (કઅબહ) થી રોકયા હતા તેની દુશ્મની તમને (શરીઅતની) હદથી વધી જવા ઉશ્કેરે નહિં અને પરસ્પર નેક કાર્ય તથા પરહેઝગારી પર મદદ કરતા રહો અને પાપ તથા જુલ્મના કાર્યમાં (કોઈની) મદદ ન કરો અને અલ્લાહથી ડરતા રહો."

(સુરએ માઈદહ : ૨)

બુખારી શરીફમાં છે કે જે બંદાઓ પર રહેમ કરતો નથી તેની ઉપર ખુદા પણ રહેમ કરતો નથી. મુસ્તદરક હાકિમમાં છે કે આપ (સલ.) એ ફરમાવ્યું તમે જમીનવાળાઓ પર રહેમ કરો તો આસમાનવાળો તમારી ઉપર રહેમ કરશે. રિવાયતમાં છે કે સહાબા (રદિ.) જયારે ધાર્મિક મતભેદને કારણે ગરીબ બિન મુસ્લિમોની મદદથી દૂરી કરવા લાગ્યા તો આ આયત ઉતરી કે તેમને સીધા માર્ગે લઈ આવવા તમારા બસની વાત નથી પરંતુ અલ્લાહ જેને ઈચ્છે છે તેને સીધા માર્ગે લઈ આવે છે. મુસ્નદે અહમદમાં છે કે આપ (સલ.) એ મુસલમાનોને સંબોધીને ફરમાવ્યું કે તમારામાંથી કોઈ ત્યાં સુધી સંપૂર્ણ મો'મિન નથી બની શકતો જયાં સુધી કે તે બીજા લોકો માટે એ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરે છે. અને જયાં સુધી તે વ્યકિત ખુદા માટે મુહબ્બત ન કરે.

રહમતુલ્ લિલ્ આલમિનની શાને રહમતની તા'લીમ હોવા છતાં ઝિયાઉદ્દીન બરનીએ બિન મુસ્લિમો વિરદ્ધ ભડકાઉ વાતો લખીને તે સમયના ઈતિહાસ બલકે ઈસ્લામને નુકસાન પહોંચાડયું છે. પરંતુ એ વિશે એ લખ્યા વગર ન રહી શકાય કે તે સમયના ઈતિહાસકારો ઘણી વાતો કોમી લાગણી અથવા વિજયના ઘમંડમાં કહી ગયા જે તેમને ન કહેવું હતું જેનાથી આજના મુસલમાનોને લજાવવું પડે છે. પરંતુ ૨૦ મી સદીમાં આધુનિક વિચાર ધરાવતા ભારતના કેટલાક ઈતિહાસકારો એવા પણ છે, જે મધ્ય પૂર્વના પૂર્વગ્રહથી પણ આગળ નીકળવા માંગે છે. દા.ત. આજના ભારતના સૌથી મોટા ઈતિહાસકાર આર.સી. મુરન્દાર સમજવામાં આવે છે, તેઓ હિસ્ટ્રી એન્ડ કલ્ચર ઓફ ઈન્ડિયન પ્યુપિલ ભાગ : ૫ ની પ્રસ્તાવના (પાન નં. ૭૮) માં લખે છે :

અગિયારમી સદીની શરૂઆતમાં ભારત માટે એક દર્દનાક બનાવ એ હતો, તેનાથી ભવિષ્યમાં મોટા પરિણામો આવ્યા. તેનાથી ન માત્ર ભારતની સંપત્તિ અને માનવીય શકિત જતી રહી, બલકે મુસલમાનોને પંજાબમાં પગ પેસારો કરવાનો મોકો મળી ગયો, જયાંથી તેમને દેશમાં આવવાનો એક માર્ગ મળ્યો..... છ હિંદુ રાજાઓએ મુસલમાનોને પરાજિત કર્યા અને તેમના આક્રમણોને રોકયા. તે રાજાઓમાંથી એકે એ પણ દાવો કર્યો છે કે તેણે મુસલમાનોને હાંકી કાઢયા છે જેથી આર્યવ્રતનું નામ બાકી રહે અને આર્યોનું આ સામ્રાજ્ય રહે પરંતુ આ પ્રકારના ઉદાહરણો ઓછા મળે છે. એટલા માટે એ જોઈને આશ્ચર્ય થાય છે કે હોશિયારી મારવાને બદલે બિન મુસ્લિમ રાજાઓએ મળીને તેના પ્રયત્નો ન કર્યા કે તેઓ તુર્ક વિજેતાઓને ભારતથી હાંકી કાઢે. ઘણી વખતે એવા અવસરો આવ્યા પરંતુ શકિતશાળી રાજાઓએ દોઢ સદી સુધી એવા અવસરોથી ફાયદો ઉઠાવવાને બદલે પોતાના સમકાલીન રાજાઓને નુકસાન પહોંચાડીને પોતાના

સામ્રાજ્યમાં વધારો કરવાની ચિંતામાં લાગી રહયા અને તેઓએ કોમી ફરજ તરફ ધ્યાન ન આપ્યું કે એક પરદેશી અધર્મી લોકોની ગુલામીથી પંજાબને આઝાદ કરાવતા"

કાઝી મુગિષુદ્દીન અથવા ઝિયાઉદ્દીન બરનીએ જે કડવી વાતો કહી એ તો હંગામી ગુસ્સાને આમંત્રે છે પરંતુ ઉપરોકત લખાણ તો સદીઓ પછી લખવામાં આવ્યું છે જો કાઝી મુગિષુદ્દીનની વાતો ટીકા પાત્ર છે તો ઉપરોકત લેખ તેનાથી પણ વધારે ટીકા પાત્ર હોવો જોઈએ. તે સિવાય બીજુ શું કહેવામાં આવે કે જે લખાણો લખાઈ રહયા છે. તેને બિલકુલ વિશ્વાસ પાત્ર ન સમજવામાં આવે કારણ કે આર.સી. મુરનદારના લેખથી ગભરાટ થાય છે તો આજના સમયમાં ઘણા એવા લખાણો પ્રકાશિત થયા છે. જેનાથી પરસ્પરના ભાઈચારાનો જઝબો પેદા થાય છે. એવી રીતે જો ઝિયાઉદ્દીન બરનીના કેટલાક કથનોથી ચિંતા થાય છે તો આજના યુગમાં એવા ઐતિહાસિક બનાવો પણ જોવા મળે છે જેનાથી કાઝી મુગિષુદ્દીનની વાતચીત પણ નિરર્થક માલુમ પડે છે. બલકે કેટલાક બિન મુસ્લિમ રાજાઓ વિશે અમીર ખુસરો, અસામી અને જાતે ઝિયાઉદ્દીન બરનીએ ઘણાં સારા શબ્દો વાપર્યા છે. તેનાથી જે સારા સંબંધો પેદા થાય છે, તેનું વર્ણન આનંદથી કર્યુ છે, જે આગળ આવશે. તે સિવાય એ પણ વિચારવા જેવું છે કે કાઝી મુગિષુદ્દીનની વાત પર કયારેય અમલ થયો ? હજ્જાજ બિન યુસૂફ ખૂબ જ જાલિમ શાસક થયો છે. તેનું વર્ણન આગળ આવી ગયું છે તેમને કયારેય મુહમ્મદ બિન કાસિમને એવી તાકીદ કરી નથી કે કાઝી મુગિષુદ્દીને કરી અને તે ઝિયાઉદ્દીન બરનીએ નકલ કરીને પોતાની ફરજ અદા કરી. જે ઝિયાઉદ્દીન બરનીએ પોતાની આંખોથી જોયું હશે કે તે વાતચીત પર કયારેય અમલ નહીં થયો હોય અને જો થયો હોત તો મુસલમાનોનું શાસન લાંબા સમય સુધી ટકી શકયું ન હોત. વિજેતા અને પરાજિતો વચ્ચે જરૂર

અથડામણો થઈ પરંતુ વિજેતા લોકોની એ ફરજ છે કે તેઓ એ કજિયા ગિરીને વહેલી તકે દૂર કરે.

ગ્યાસુદ્દીન બલ્બનના સમયમાં ઉદારતા

ગ્યાસુદ્દીન બલ્બન (ઈ.સ. ૧૨૬૫ – ૧૨૮૭) ના સમયમાં સંબંધો સારા થઈ ગયા, પ્રજાલક્ષી કાર્યો, વિકાસલક્ષી ન્યાય અને ઉદારતાનો અંદાજો સંસ્કૃતના એ લેખથી થાય છે જે પાલિમાં જોવા મળે છે અને દિલ્લીના પ્રાચીન સંગ્રહાલયમાં મોજૂદ છે. તેમાં તારીખ ૧૩૩૭ વિક્રમ (ઈ.સ. ૧૨૮૦ – ૮૧) છે. તેમાં સુલતાન ગ્યાસુદ્દીન બલ્બન વિશે છે કે એ બાદશાહની હુકૂમત શાનદાર અને પ્રશંસનીય છે તે બાદશાહની સેવામાં જે રાજા આવતા – જતા હતા તેમના મુગટોથી પડતા મોતીની ચમકથી સમગ્ર દેશ જળહળી રહયો છે. જયારથી એ બાદશાહે દુનિયાનો બોજ પોતાના ખભા પર લીધો છે. દુનિયાને સહારો આપનારા નાગ ધરતીના ભારથી હળવા થઈ અને વિષ્ણુ ભગવાન તેમની દેખરેખનો ખ્યાલ છોડીને શાંતિથી દુધના સમુદ્ર પર સલામત છે. દિલ્લી શહેર ખુશહાલ છે. આ શહેર ધરતી માતાની જેમ અસંખ્ય ઝવેરાતનો ખજાનો છે. વર્ષગાંઠની જેમ આનંદનુ ઠેકાણુ છે. મહેલની જેમ રાજકુમારીઓનું આવાસ છે. અને માયાની જેમ મોહક છે. (હિંદુસ્તાનકે મઆશિરતી હાલાતઃઅબ્દુલ્લાહ યુસૂફ અલીઃ ૯ – ૧૦૦)

બિન મુસ્લિમ રાજાઓનો આદર

ઉપરોકત લેખ પરથી જાહેર થાય છે કે બલ્બનના દરબારની શોભા વધારવામાં બિન મુસ્લિમ રાજાઓનો પણ હિસ્સો હતો. જાતે ઝિયાઉદ્દીન બરનીએ બલ્બનના હાલાતમાં લખ્યું છે :

બલ્બન જયારે બળવા માટે ખનોની પહોંચ્યા તો રાય ડિનોજે બળવા વિરુદ્ધ દરેક પ્રકારની બલ્બનને મદદ કરી. રાય ડિનોજ જયારે તેમની મુલાકાતે આવ્યા તો તારીખે મુબારક શાહીના લેખકનું કથન છે કે તેઓ રાય

ડિનોજથી ખૂબ જ આદરથી મળ્યા.

લેખકનો એ ખ્યાલ છે કે દિલ્લીના સુલતાનોના સમયમાં બિન મુસ્લિમ અમીરો દરબારથી અલગ રહેવાને બદલે તેનાથી બરાબર જોડાયેલા રહયા. પરંતુ તે સમયના ઈતિહાસકારોએ તેનું વર્ણન એ અંદાજમાં નથી કર્યું, જેવી રીતે તેમનું મુઘલોના સમયમાં કર્યું હતું. દા.ત. બલ્બનનો અનુયાયી માઝુદ્દીન કિકબાદના દરબારના બિન મુસ્લિમોનું વર્ણન અમીર ખુસરોએ કુર્આનુસ્સઈદમાં આ રીતે કર્યુ છે.

રાવત ઝુબીં વ ખારા શિગાફ – પુશ્ત પે પુશ્ત અઝ પે રૂએ મુસાફ

રાવતનો અર્થ અહીંયા કદાચ રાજપુત જ છે. માઝુદ્દીન કિકબાદ પછી કિરહના દેશ છજુ અને જલાલુદ્દીન ખિલજીથી લડાઈ થઈ તો કોટલાના પરમ દેવ અને રાય ભીમદેવે છજુ દેશનો સાથ આપ્યો.

(તારીખે મુબારકશાહી : ૬૩ – ૬૪)

અલાઉદ્દીન ખિલજીના સમયમાં બિન મુસ્લિમ રાજાઓની ઈજ્જત

આ અભ્યાસ પરથી આશ્ચર્ય થાય છે કે અલાઉદ્દીન ખિલજી (ઈ.સ. ૧૨૯૬ – ૧૩૧૬) એ દક્ષિણ ભારતનો ઘેરો ઘાલ્યો ત્યારે તે વિસ્તારના વિજયોમાં બિન મુસ્લિમ રાજાઓની પણ સહાય મળી. અલાઉદ્દીન ખિલજીએ ઈ.સ. ૧૨૯૬માં દેવગિર જીત્યું, અને ત્યાંનો રાજા રામદેવ અલાઉદ્દીન ખિલજીનો વફાદાર રહયો. તેના પુત્ર ભેલમેં તેની વિરુધ્ધ બગાવત કરી તો તેને અલાઉદ્દીન ખિલજી પાસે મદદ માંગી. ફુતુહુસ્સલાતીનમાં અસામી એ રામદેવનું વર્ણન "સરફરાઝ હનુદ" અને " બંદા ખાસ દરગાહ શાહ" લખીને કર્યુ છે. રામદેવે જે રીતે મદદ માંગી અને પછી જે રીતે આપવામાં આવી. તેને જે રીતે અસામી વર્ણવે છે તેનાથી એ પણ અંદાજો લગાવી શકાય છે કે રામદેવ સુલ્તાન અલાઉદ્દીન ખિલજીને આદરની નજરે જોતો હતો.

મુલ્ક કાફુરની દેખરેખ હેઠળ એક ફોજ દેવગિર મોકલવામાં આવી અને ત્યાં તેને વિજય મળ્યો. અસામીનું વર્ણન છે કે ત્યાર પછી રામદેવ અલાઉદ્દીન ખિલજીના દરબારમાં આવ્યો તો તેનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. તેની ઉપર મોતી નાંખવામાં આવ્યા. રાય રાયાનનો ખિતાબ આપવામાં આવ્યો.

અને જયારે ઈ.સ. ૧૩૦૯માં દિલ્લીથી કાફુરની ફોજ અરંગલ તરફ રવાના થઈ તો રામદેવે શાહી ફોજની જેમ મદદ કરી આ ફોજ દેવગિર થઈને અરંગલ પહોંચી તો રામદેવે આગળ વધીને તેમનું સ્વાગત કર્યુ. કાફૂર અને તેના અમીરોની સેવા કરવામાં આવી. દરરોજ લશ્કરને જોવા માટે આવતો, દેવગિરનું બજાર ખોલી દેવામાં આવ્યું. વેપારીઓને તાકીદ કરવામાં આવી કે તેઓ પોતાની વસ્તુઓને સસ્તી કિંમતે વેચે. જયારે લશ્કર દેવગિરથી આગળ વધ્યું તો રામદેવે પોતાના વ્યકિતને અરંગલ સુધી સાથે કરી આપ્યો કે તે લશ્કરને અનાજ અને બીજી જરૂરી વસ્તુઓ પહોંચાડતો રહે અને લશ્કરની મદદ કરે. જાતે કાફૂર રવાના કરવા દૂર સુધી ગયો.

ઝિયાઉદ્દીન બરનીનું બયાન છે કે રામદેવ અંતિમ સમય સુધી અલાઉદ્દીન ખિલજીનો હિતેચ્છુ રહયો. (પાન ન. ૩૨૬) અસામીના કથન પ્રમાણે રામદેવની એક પુત્રી અલાઉદ્દીનની પત્ની પણ હતી. અને તેનાથી શાહબુદ્દીન ખિલજી પેદા થયો હતો. તેને અલાઉદ્દીન ખિલજીના મૃત્યુ પછી નાયબ બનાવવામાં આવ્યો. (તારીખે ફિરોજશાહી : ૩૩૫ – ૩૪૪)

ઈ.સ. ૧૩૧૨માં શાહઝાદા ખિઝર ખાનની શાદી ઉલુપખાનની પુત્રીથી થઈ તો તે પ્રસંગમાં રામદેવને પણ આમંત્રણ આપવામાં આવ્યું. તે બીજા બિન મુસ્લિમ રાજાઓ સાથે હાજર થયો.

એ જ વર્ષ ઈ.સ ૧૩૧૨માં સુલ્તાન અલાઉદ્દીન ખિલજીએ કાફુરની દેખરેખ હેઠળ સમુદ્રી વિસ્તારમાં એક લશ્કર મોકલ્યું તો રાય રાયાન રામદેવે

લશ્કરની મદદ કરી. અમીર ખુસરુએ ખઝાઈનુલ ફુતૂહમાં તેની પ્રશંસા કરતા લખ્યું છે કે જયારે શાહી લશ્કર સમુદ્રી વિસ્તાર તરફ જતા દેવગિરથી પસાર થયું તો રામદેવે ખૂબ જ નિઃસ્વાર્થ પણે શહેર દેવગિરને ફિરદોસની જેમ શણગાર્યુ અને હુકમ આપ્યો કે લશ્કરની બધી જરૂરિયાતો મોજૂદ છે અને જો શાહી લશ્કરના પહેલવાનોને પોતાના તીર માટે શાહમૃગની પાંખોની જરૂરત હોય તો તે પણ આપવામાં આવે. દેવગિરનું બજાર બગીચાની જેમ શણગારવામાં આવ્યુ. જયારે શાહી લશ્કરના સવાર તેમાંથી પસાર થાય તો તેમને લાગે કે સ્વર્ગથી પસાર થઈ રહયા છે. બજારનો દરેક ભાગ અલગ અંદાજથી શણગારવામાં આવ્યો હતો. મહાજન સોના – ચાંદીના સિક્કા લઈને બેઠા હતા. કાપડના વેપારીઓએ ભારતના અને ઈરાનના શ્રેષ્ઠ કપડાની દુકાનો લગાવી હતી. ફળોના ઢગલા લગાવી રાખ્યા હતા, તેમાંથી કેટલાક ફળો તો અનારથી વધારે મીઠા અને કેરીથી વધારે ઉત્તમ હતા. લશ્કર માટે ઉન, ચામડા, નીલ અને લોખંડની બધી વસ્તુઓ હતી કે તે યોગ્ય કિંમત પર ખરીદી શકે. ન્યાય એવો હતો કે

રાય રાયાન રામદેવે પોતાના એક ફોજી સરદાર પરસુરામ દેવને માર્ગદર્શન આપ્યું કે તેઓ શાહી લશ્કરને ધોર સમુદ્ર પહોંચાડવામાં દરેક પ્રકારની મદદ કરે. પરસુરામ દેવે હુકમનું પાલન કર્યુ. શાહી લશ્કર પાંચ મંઝિલ પાર કરીને દેવગિરથી પરસુરામ દેવ પાસે પહોંચ્યું.

ધોર સમુદ્ર તરફ શાહી લશ્કર આગળ વધ્યું તો ત્યાંના રાજાના ખાનદાનમાં મતભેદ હતો. સુંદર પંડિયા અને વીર પંડિયા બે ભાઈઓ હતા. બંને ગાદીના દાવેદાર બન્યા તો સુંદર પંડિયાએ સુલ્તાન અલાઉદ્દીન ખિલજીથી મદદ માંગી અને વીર પંડિયાએ શાહી લશ્કરનો મુકાબલો કર્યો પરંતુ પછી સુલેહ કરી લીધી અને શાહી લશ્કરનો મદદગાર બની ગયો, જયારે લશ્કરે મોઅતબ તરફ કૂચ કરી તો વીર પંડિયા તેમનો માર્ગદર્શક

બન્યો. અસામીએ વીર પંડિયાને બિલાલ (વીર બિલાલ દેવ) લખ્યો છે. અને તેને ફખરે રાયાન ભારત બતાવે છે. તેનાથી સુલેહ થાય છે.

કાફુરવાસીઓ પણ તેમની સાથે પ્રેમભાવે વર્તયા અને પદવીદાન આપવામાં આવ્યું.

કેટલાક દિવસો પછી રાજા બિલાલથી કહેવામાં આવ્યું જયારે કે તે શાહી લશ્કરનો મિત્ર બની ગયો હતો તે મોઅતબરની લડાઈમાં શાહી ફોજની મદદ કરે, તો તે તેના માટે તૈયાર થઈ ગયા. અસામીએ આ મદદનું વર્ણન આ રીતે કર્યુ છે.

મોઅબર પણ જીતી લીધુ, એવી રતે અરંગલ, ધોર સમુદ્ર અને મોઅબરની જીતમાં રાજા રામ રાયાન, રામદેવ, પરસુરામદેવ અને રાજા દિલ મલાલની મદદ રહી.

બિન મુસ્લિમોના ધાર્મિક આગેવાનોનું બહુમાન

કે.એમ. પનિકર પોતાના પુસ્તક ' એ સર્વે ઓફ ઈન્ડિયા" માં લખે છે કે અલાઉદ્દીન ખિલજી ધર્માંધ શાસક સમજવામાં આવે છે પરંતુ તેમને બિન મુસ્લિમોના ધાર્મિક આગેવાનોનો ઘણો આદર કર્યો. અલાઉદ્દીન ખિલજીએ આચાર્ય મહાસિનને કર્ણાટકથી પોતાના દરબારમાં બોલાવ્યા હતા. તેનાથી ધાર્મિક ચર્ચાઓ કરી. એ પણ કહેવાય છે કે દિગમરના વડા પૂર્ણા ચંદ્ર જે દિલ્લીમાં રહેતા હતા અને સુઈમ્બર યોગી રામચંદ્ર સુરીની માંગ સુલતાનને ત્યાં ઘણી હતી. (પાન નં. ૧૩૧)

ઝિયાઉદ્દીન બરની અને કાઝી મુગિષુદ્દીન બંનેને જાણ હશે કે અલાઉદ્દીન ખિલજીએ બિન મુસિલમ રાજાઓના માન સન્માનમાં રાય રાયા, ફખરે રાયાન હિન્દુસ્તાન, સરફરાજ હનુદ, બંદા ખાસ દરગાહ શાહ, ફખરે હિન્દુસ્તાન જેવા ખિતાબો આપ્યા, અને બિન મુસ્લિમોના ધાર્મિક આગેવાનો ની ઈજ્જત પણ કરી. તેમ છતાં તેમને મનઘડત આક્ષેપો દ્વારા

બિન મુસ્લિમોને ઈસ્લામના દુશ્મન સમજીને બદનામ કરવાના જે પ્રયત્નો હતા તે અમલી હેસિયતથી બેકાર હતા. અલબત્ત એ વાત કહીને ન માત્ર પોતાને બદનામ કર્યા બલકે મુસલમાનોના એ ઈતિહાસને પણ બદનામ કર્યો. કોઈ પણ સમયે દિલ્લીના સુલતાનોની કાર્યવાહી ન રહી જે કાઝી મુગિષુદ્દીનને કહી છે. એમાં પનિકરનું વર્ણન છે કે ગિયાષુદ્દીન તઘલકના કામદારોમાં બે જિન્નાત હતા. તેની અસર સુલતાન પર ઘણી હતી.

(એ સર્વે ઓફ ઈન્ડિયા : ૧૩૧)

ઈબ્ને બતુતા (મૃત્યુ : ઈ.સ. ૧૩૭૮) એ પોતાના સફરનામામાં લખ્યું છે સુલતાન મુહમ્મદ તઘલક (મૃત્યુ : ઈ.સ. ૧૩૫૧) વિરૂદ્ધ એક હિંદુ અમીરે દાવો કર્યો કે સુલતાને તેના ભાઈને નિર્દોષ મારી નાખ્યો છે. કાઝીએ સુલતાનને અદાલતમાં હાજર કર્યા તેઓ કોઈ પણ પ્રકારના ગર્વ વગર અદાલતમાં હાજર થયા અને ત્યાં જઈને સલામ કર્યા. કાઝી સાહેબને પેહલાંથી કહેવડાવ્યું હતું કે બાદશાહ અદાલતમાં આવે તો તેમનો આદર ન કરવામાં આવે. બાદશાહ કાઝી સમક્ષ પાપીની હેસિયતથી ઉભા રહયા. કાઝીએ હુકમ આપ્યો કે સુલતાન દાવેદારને રાજી કરી લે નહિં તો ખૂનનો બદલો લેવાનો હુકમ આપવામાં આવશે. સુલતાને દાવેદારને રાજી કરી લીધા. ત્યારે તેમનો છુટકારો થયો. (સફરનામા ઈબ્ને બતુતાઃ ૧૩૭ – ૧૩૮)

તેનાથી એ સ્પષ્ટ થાય છે કે કાઝી અને સુલ્તાન બન્ને એ હિંદુ અમીર સાથે જુલ્મી વર્તાવને બદલે ન્યાયી વર્તાવ કરવા પર મજબૂર હતા અને ઈતિહાસમાં એવું નથી બન્યું કે મુસલમાનોના શાસનમાં ન્યાય કરવામાં હિંદુ અને મુસલમાન વચ્ચે તફાવત હોય. જેમ જેમ નવા સંશોધનો થઈ રહયા છે તેમ તેનાથી અંદાજો લગાવી શકાય છે કે દિલ્લીના શાસકોના સમયમાં પણ બિન મુસ્લિમ હોદ્દેદારો રહયા હતા.

મુહમ્મદ તઘલકના સમયમાં તો શાસન ચલાવવા માટે ઘણાં બિન

મુસ્લિમોને ભાગીદાર કરવામાં આવ્યા. ચુનારના એક લેખથી માલુમ થાય છે કે તે સુલતાનનો એક હિંદુ વઝીર સાચે રાજ હતો. જાતે ઝિયાઉદ્દીન બરનીના વર્ણનથી માલૂમ થાય છે કે મુહમ્મદ તઘલકે દેવગિરનો વઝીર ઈમાદુલ મલિકને બનાવ્યો હતો તો તેનો નાયબ વઝીર ધારાને બનાવ્યો હતો. (પાન નં. ૫૦૫) બરનીના બયાનથી માલૂમ થાય છે કે પિરામાલીને કાયદામંત્રી બનાવવામાં આવ્યો હતો. (પાન નં.૫૦૫) સિરવાનના હાકિમ રતનને બનાવવામાં આવ્યા, ભિરાન રાયને ગુલબર્ગાનો અમીર બનાવવામાં આવ્યો. ઈબ્ને બતુતા અને અસામી બંનેનું કથન છે કે તે જોગીઓથી વાદ–વિવાદ કરતો હતો. પ્રોફેસર ખલિક અહમદ નિઝામી એ ઈન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસમાં લખ્યું છે કે સુલ્તાન જૈન વિદ્વાનોથી સંબંધ રાખતો હતો. તેમાંથી એક જૈન પ્રભાર સુરીએ અર્ધી રાત સુધી ધાર્મિક વાતચીત કરી. ત્યાર પછી સુલતાને તેમણે એક હજાર ગાયો અને બીજી ભેટો આપી હતી. સુલતાન બિન મુસ્લિમોના તહેવારો હોળી વગેરેમાં પણ ભાગ લેતો. (પાન નં. ૪૯૪) સુલતાનની આ ઉદારતા કેટલાક લોકોએ પસંદ ન કરી.

મુહમ્મદ તઘલક નમાઝ વગેરે છોડીને જોગીઓ અને બિન મુસ્લિમો તરફ આકર્ષાઈ ગયો હતો અને તેમને ઈસ્લામથી દૂરી થઈ ગઈ હતી. પરંતુ એ કઈ રીતે વિશ્વાસ કરવામાં આવે જયારે ઈબ્ને બતુતાનું કથન છે કે બાદશાહ નમાઝની ખૂબ જ તાકીદ કરતા હતા. તેમનો હુકમ હતો કે જે વ્યકિત જમાત સાથે નમાઝ ન પઢે તેને સજા આપવામાં આવે. (ઉર્દૂ તર્જુમાઃ ૯૮ – ૧૩૮) પોતે શરીઅતનો પાબંદ હતો. શરીઅતના હુકમોની પાબંદીની ખૂબ જ તાકીદ કરતો હતો. બરનીનું કથન છે કે જયારે તેઓ અઝાન સાંભળતા તો ઉભા થઈ જતા અને અઝાન ખતમ થતા સુધી ઉભા રહેતા. ફજરની નમાઝ પછી અવરાદ પણ પઢતા હતા. (તારીખે ફિરોજશાહી : ૫૦૬) બિમારીમાં પણ રોઝા કઝા ન કરતા હતા. આશુરાના દિવસનો પણ રોઝો રાખતા હતા. (તારીખે ફિરોજશાહી : ૫૨૨) તે કયારેક હુકૂમત છોડીને મક્કા હિજરત કરી જવાનો ઈરાદો કરતા હતા. (એજન : ૪૫૫) ગુનાહોથી હંમેશા દૂર રહેતા હતા. (એજન : ૫૨૨) તેઓ કુર્આને પાકના પણ હાફિઝ હતા, વગેરે વગેરે પછી તેમની ઉપર ઈસ્લામથી દૂરી અને કુફ્રનો આક્ષેપ અસામીએ કેવી રીતે મુકયો. ઈતિહાસકારોની કલમ પણ અજીબ હોય છે તે જે ચાહે લખે. સુલતાનનું જ્ઞાન પણ ઊંડુ હતું . કુર્આન, હદીસ, ફિકહ, તત્વજ્ઞાન વગેરે પર તેમની નજર હતી. એટલા માટે તેમની મજલિસમાં કયારેક સર્જનહારની પ્રશંસા, એકશ્વરવાદ, કયારેક નુબુવ્વતની સચ્ચાઈ પર બહસ થતી, રૂઢિચુસ્ત લોકોને આ વાત પસંદ ન હતી એટલા માટે સુલતાન મુહમ્મદ તઘલકથી ખરાબ વિચારો પેદા થયા. એ તેની ઉદારતા હતી કે તે હિંદુ અને જૈન ધર્મ વિશે પણ જાણવાની કોશિશ કરતો હતો. તે ધર્મના વડાઓને પણ પોતાની મજલિસમાં આમંત્રણ આપતો. પંદરમી સદીના એક પોર્ટુગલ લેકન નૌનેઝે લખ્યું છે કે સુલતાને ગુજરાતની ચળવળ વખતે એક શિવ મંદિર પણ બનાવ્યું હતુ, (સલાતીને દિલ્લીકે મઝહબી રૂજહાન, પ્રોફેસર ખલીક અહમદ નિઝામી : ૩૪૬)

ડો. ઈશ્વરીય પ્રસાદ જયારે અલહાબાદ યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા તો તેમને અન્ય પુસ્તકોની સાથે હિસ્ટ્રી ઓફ ધ કુરદુનાટ્રીકસ પણ લખ્યું તેમાં સુલતાન મુહમ્મદ તઘલકના વિવિધ કારનામાનું વર્ણન કરતા લખે છે કે તે સમયમાં જ મસાલિકુલ અબ્સાર લખાયું, તેના લેખક સુલ્તાનના અત્યાચારોનું વર્ણન કરતા નથી. તેઓ બિન મુસ્લિમોની હત્યાઓનું વર્ણન કે ઈશારો પણ કરતા નથી. હાલાંકે તેમના સમયમાં બિન મુસ્લિમો સાથે જે અયોગ્ય વર્તાવ કરવામાં આવતો તેનું વર્ણન મુસલમાનોનો ધાર્મિક વર્ગ ખૂબ જ ખુશીથી કરે છે. (પાન નં. ૩૧૬) ડો. ઈશ્વરીય પ્રસાદે ઝિયાઉદ્દીન બરની

અને કાઝી મુગિષુદ્દીન જેવા વિદ્વાનોને સામે રાખીને મુસલમાનોના ધાર્મિક વર્ગ પર આક્ષેપ લગાવી દીધો, તેમનો આ આક્ષેપ એક હદ સુધી સહીહ છે. જયારે આ બંને આલિમો હતા તો તેમને આવી વાતો કલમ અને જુબાનથી કાઢતી વખતે વિચારી લેવું હતું કે તેના પ્રત્યાઘાતો કેવા પડશે ? ઝિયાઉદ્દીન ઈતિહાસ લખી રહયા હતા. તે વિશે તેઓ સમજતા ન હતા કે ન માત્ર આ જ સમયમાં બલકે દરેક સમયમાં વાંચવામાં આવશે. તેમને દરેક બાબત ખુબ જ વિચારીને લખવી જોઈતી હતી અને જયારે તેઓ ઉલમાનું પ્રતિનિધિત્વ કરી રહયા હતા તો તે બાબતોથી ખૂબ જ બચવું જરૂરી હતું, એટલા માટે ડો. ઈશ્વરીય પ્રસાદથી તો એ શિકાયત ન હોવી જોઈએ કે તેમણે ધાર્મિક વર્ગ પર આ આક્ષેપ કેમ મુકયો બલકે મૌલાના ઝિયાઉદ્દીન બરની જ આરોપી છે કે તેમણે ધાર્મિક વર્ગ વિશે આ મત રજૂ કરવાનો અવસર આપ્યો.

અને જે વાતો ઝિયાઉદ્દીન બરનીએ લખવી જોઈતી હતી તે પ્રોફેસર ઈશ્વરીય પ્રસાદે લખીને વાસ્તવિકતા રજૂ કરી, તેઓ પોતાના પુસ્તકમાં સુલ્તાન મુહમ્મદ તઘલકના શાસન પર ટિપ્પણી કરતા લખે છે.

" સમગ્ર શાસન વ્યવસ્થાનો અભ્યાસ કરવામાં આવે તો અંદાજો થશે કે મુસલમાનોની હુકૂમત હવે આયોજન બદ્ધ થઈ ગઈ હતી. મુસલમાનોની ફોજમાં કૂચ કરતી વખતે પહેલા જેવી સખ્તી બાકી નથી રહી. જીવન જયારે શાંતિમય બની ગયું તો રાજકીય ફરજોની હાલત પણ બદલાઈ ગઈ અને આધુનિક વિચારો પણ પેદા થઈ ગયા. બિન મુસ્લિમો સાથે સારો વર્તાવ થવા લાગ્યો. શાસકોમાં પણ ઉદારતા અને સામાજિક સંબંધોનો ખ્યાલ પેદા થઈ ગયો. ભલે તે થોડો કેમ ન હોય. એક પ્રગતિશીલ હુકૂમતમાં અનેક પ્રશ્નો ઉઠતા રહયા તેના કારણે એક શાસકને એવી યોજનાઓ બનાવવી પડી કે તે જાતે પણ રહે અને બીજાઓને પણ રહેવા દે. એટલા માટે મુહમ્મદ તઘલકે બિન મુસ્લિમો વિરુદ્ધ કોઈ અયોગ્ય વર્તણૂક કરી નથી

બલકે તેમની સાથે સારો વર્તાવ કર્યો અને તેમને હોદ્દાઓ આપ્યા. તેમણે સતી પ્રથા ઉપર પાબંદી લગાવી. (પાન નં. ૩૦૪)

ફિરોજશાહ તઘલક ખૂબ જ ધાર્મિક બાદશાહ થયો છે. ઝિયાઉદ્દીન બરની તેમનાથી ઘણા ખુશ નજર આવે છે.

પરંતુ શું તેમને કાઝી મુગિષુદ્દીનની વાતો પર અમલ કર્યો, કયારેય નહીં, તે સમયનો ઈતિહાસકાર શમ્સ સિરાજ અફીફ પણ ફિરોજશાહનો પ્રશંસક છે. તે પહેલા તો એવું કહે છે કે એક બાદશાહ દેશ માટે કેવો હોવો જોઈએ, તેની ઉપર ચર્ચા કરતા તેણે જે લખ્યું તેમાં કુર્આન, હદીસ અને બુઝુર્ગોના કથનો નકલ કર્યા તેનો ટુંકસાર એ છે કે એક બાદશાહ બધી પ્રજા સાથે સારો વર્તાવ કરે છે. તે બધી મખ્લૂક પર રહેમ કરે છે. અને વરસાદની જેમ બધા પર કૃપા કરે છે. અજાણ્યા લોકોને સંબંધોમાં જકડે છે. પોતાની મહેરબાની અને મુહબ્બતથી સંબંધોમાં દિન પ્રતિ દિન વધારો કરે છે. તેના હૃદયમાં જેટલી હમદર્દી હશે એટલી જ તેની ખ્યાતિ ફેલાશે.

તેની હમદર્દી એવી સંપત્તિ છે જેની કીમતનો અંદાજો લગાવવો મુશ્કેલ છે. તે પવિત્રતાને પોતાનું નિશાન બનાવે છે. ધૈર્યના દડા દ્વારા પોતાની હિમ્મતના મેદાનમાં રમે છે. તે પોતાના ન્યાયથી જુલ્મ થયેલાઓની ફરિયાદને સાંભળે છે. ગરીબો અને મોહતાજોને આપે છે. તે પોતાના શાસન દરમિયાન હમદર્દીથી કામ લે છે અને જે સંપત્તિ રાજયની તિજોરીમાં ભેગી થાય છે તે હકદારો સુધી પહોંચાડે છે. સ્પષ્ટ છે કે બધી પ્રજાથી મુસ્લિમ અને બિન મુસ્લિમ બધા આવી ગયા. પ્રજાની હમદર્દી ઈસ્લામની તાલીમ છે. શમ્સ સિરાજ અફીફના કથન પ્રમાણે ફિરોજશાહ તઘલક એ બધા ગુણો ધરાવતો હતો એટલા માટે એ સમયના ગુણો લખવામાં તેમણે બરાબર ન્યાય કર્યો. તેઓ લખે છે કે ફિરોજશાહ તઘલક પોતાના દેશના લોકો પર એવી રીતે મહેરબાન હતા જેવી રીતે મા પોતાના બાળકો પર હોય છે.

તેઓ લોકોના અનેક પાપોને માફ કરી દેતા હતા પરંતુ ચોરી અને કતલના ગુનાહને માફ ન કરતા કારણ કે તેનાથી બીજાના હક્કો છીનવાય છે. તેઓ બાદશાહ પદે આવતાની સાથે જ તે બધા ટેક્ષો જે ખેડુતોથી લેવામાં આવતા હતા. માફ કરી દીધા. જેથી લોકોમાં બેચેની ને બદલે ખુશહાલી આવે. (પાન નં. ૯૧) બધા અયોગ્ય ટેક્ષ પણ રદ કરી દીધા અને જો કોઈ અધિકારી નક્કી કરેલા ટેક્ષથી વધારે વસુલ કરતો તો તેને શિક્ષા થતી. વસ્તુઓની કીમતો નક્કી કરવામાં આવી. તે પ્રમાણે લેવડ – દેવડ થતી હતી. એવી રીતે વેપારીઓ પણ ખુશ હતા અને સામાન્ય પ્રજા પણ ખુશ રહે અને મહત્વાકાંક્ષી રહે. વસ્તી વધવા લાગી અને ચાર કોસ પર એક ગામ વસી ગયું (પાન નં. ૯૯ – ૧૦૦) અફીફે એ સમયની ઘણી બીજી માહિતી લખી છે સ્પષ્ટ છે કે તે સમયે ખેડુત, વેપારી, ગામ વાસીઓ વગેરે તો વધારે પડતા બિન મુસ્લિમો હતા. ફિરોજશાહે પોતાની પ્રજાની સરળતામાં કાઝી મુગિષુદ્દીનની જેમ બિન મુસ્લિમોને ઈસ્લામના દુશ્મન કહયા નથી. બલકે સામાન્ય હિંદુ પ્રજાની પ્રગતિ અને ખુશહાલીમાં પ્રયત્નો કરતા રહયા. એટલા માટે અફીફને લખવામાં એ ખુશી થઈ કે બધી બિન મુસ્લિમ પ્રજા જન કલ્યાણ સાથે જીવન વિતાવતી હતી. વેપારીઓ પણ ખુશ હતા. તેઓ બીજા દેશોમાં જઈને ત્રણ – ચાર વર્ષ રહેતા હતા. અને અનેક ગણો નફો પ્રાપ્ત કરીને પરત આવતા હતા. (પાન નં. ૮૦)

તેની હુકૂમત પર નોંધ લખતા આધુનિક યુગના ઈતિહાસકારોમાં ડો. ઈશ્વર ટૂપા લખે છે કે ફિરોજશાહ તઘલકે હુકૂમતમાં અશોકના સિદ્ધાંતો અપનાવ્યા કે રાજનીતિની ખરાબ અસરો દૂર થઈને સામાન્ય લોકોની ભલાઈનો એક સામાજિક અને રાજકીય માર્ગ કાયમ થઈ જાય. તેમને હુકૂમતનો મહત્ત્વનો સિદ્ધાંત એ બનાવ્યો કે લોકોને આકરી સજાઓ ન આપવામાં આવે અને નિર્દોષ લોકોની કતલ ન કરવામાં આવે. જાતે

બાદશાહે માનવીઓ માટે બિન જવાબદાર બાબતો અને કાયદાના અમલી કરણ માટે જંગ કરી અને તેમના પાયાના હક્કોની સુરક્ષા કરી. એવી રીતે તેઓ પોતાની પ્રજાના સાચા રક્ષક બની ગયા. માનવ સેવા અને માનવીની ભલાઈ જે કલ્પના હઝરત મુહમ્મદ (સલ.) ની હતી તેને તેમણે અમલી બનાવી. તેમની દિલની તમન્ના એક ઈસ્લામી હુકૂમત કાયમ કરવાની હતી પરંતુ તેની સાથે અખ્લાકી અને સાંસ્કૃતિક ઘટકોને પણ લાવવા માંગતા હતા. તેમની હુકુમત અમલી અને વૈચારિક બંને રીતે ઈસ્લામી પદ્ધતિ પર હતી પરંતુ તેમનો અસલ હેતુ પ્રજાની ભલાઈ હતી. બધા કાર્યો ઈસ્લામી દ્રષ્ટિએ નક્કી થતા હતા. પરંતુ એવા બધા ફરજિયાત કાનૂનો ખતમ કરી દીધા જેનાથી લોકો પરેશાન હતા. અને એ કાનૂનોને બિન ઈસ્લામી ઠેરવવામાં આવ્યા. ઈસ્લામી કાયદા વડે પ્રજા કલ્યાણના કાર્યો કર્યા. હુકૂમતમાં ઈસ્લામી અને અખ્લાકી રૂહ ફુંકવામાં આવી અને સજાઓ માત્ર એટલા માટે આપવામાં આવતી હતી કે તે ઈસ્લામી કાયદાઓ જેનાથી સફળતા મળે છે તે બાકી રહે અને જે વ્યકિત આ કાનૂનોની વિરુદ્ધ કરતો હતો તેમને કુર્આન શરીફ અને કાઝીઓના ફેસલા પ્રમાણે સજા આપવામાં આવતી હતી. ફિરોજશાહના સમયમાં ન્યાય હતો કોઈને કોઈ પર જુલ્મ કરવાનો અધિકાર ન હતો. સમગ્ર દેશમાં સંપૂર્ણ સલામતી હતી. તે માટે એવી પરિસ્થિતિ ઉભી કરવામાં આવી કે લોકોના જીવનમાં પ્રગતિ થતી રહે. ખાસ અને આમ દરેક વ્યકિતઓ શાંતિથી જીવન પસાર કરે. વસ્તુઓની છત હતી. તે સસ્તી કિંમતે વેચાતી હતી. એટલે સામાન્ય પ્રજા પણ સંતોષી અને ધનવાન બની ગઈ. ફિરોજશાહનું આ કારનામુ હઝરત મુહમ્મદ (સલ.) ને કારણે હતું જે તેમણે પોતાની હુકૂમત અને પ્રજા માટે અપનાવ્યું હતું. (પોલિટિકસ ઈન પ્રિ મુઘલ ટાઈમ્સ : પાન નં. ૨૩૫) પરંતુ આટલી પ્રશંસા કર્યા પછી ઈશ્વર ટુપાએ એ પણ લખ્યું છે.

શાંતિ પ્રિય ફિરોજશાહ સામાન્ય પ્રજાનો રક્ષક અને હિતેચ્છુ હતો. પરંતુ પોતાના ધાર્મિક અકીદામાં રૂઢિવાદી હતો. તેનામાં મુહમ્મદ તઘલક જેવી ધાર્મિક ઉદારતા ન હતી તેઓ ઈસ્લામના મજબૂત અકીદાવાળા જુથને પસંદ કરતા હતા. એટલા માટે ધાર્મિક વિચારો અને અકીદામાં સ્વતંત્રતાના સમર્થક ન હતા. (એજન : ૨૪૩) ઈશ્વર ટુપાએ બાદશાહની રૂઢિચુસ્તતાનું એ કારણ બતાવ્યું છે કે તેના વિચારો અને મન પર ઉલમાએ કિરામનું વર્ચસ્વ હતું. એટલા માટે તેમની હુકૂમત પણ તેમના અસર હેઠળ રહી. (એજન ૨૪૪) પરંતુ સારા ઉલમાની સારી સલાહથી રૂઢિવાદી થઈ જવું સહીહ નથી. સારા અલિમો કયારેય ખોટી સલાહ આપી શકતા નથી. સુલતાનની રૂઢિચુસ્તતાની દલીલમાં એ વર્ણન બતાવ્યું કે તેમણે મુસલમાનોના બિદઅતી જુથને સખત સજા આપી. કારણ કે આલિમોના મત મુજબ આ જુથમાં બિન ઈસ્લામી રીત રિવાજોને કારણે ઈસ્લામનો પાયો કમજોર બની જતો હતો. જે મુસલમાનના વિચારોમાં કુફ્ર અથવા ગુમરાહી નજર આવતી અથવા જે લોકોને અધર્મ તરફ આકર્ષતો અથવા ખુદા તેમજ નબીનો દાવો કરતો અથવા ખરાબ વર્તન કરતો તો તેને સખત સજા આપવામાં આવતી હતી. માટે ગુમરાહ આગેવાનો દેશનિકાલ કરવામાં આવ્યા, અથવા આલિમોના ફેસલા પ્રમાણે ફાંસીના માંચડે ચઢાવવામાં આવ્યા અને બધુ અયોગ્ય લખાણ સળગાવી દેવામાં આવ્યું. કોઈ એવું કાર્ય ન કરવા દેવામાં આવ્યું જે ઈસ્લામી કાનૂનની વિરુદ્ધ હોય, ઈશ્વર ટુપાને એ પણ આક્ષેપ છે કે સુલતાને આ બધી બાબતો મુસલમાનોના ધાર્મિક જીવનની સુધારણા માટે કરી હતી. સુધારણામાં કયારેક આક્રમક રંગ પણ આવી જતો હતો પરંતુ જો નિય્યત સાચી હોય તો તેને રૂઢિવાદી ન કહી શકાય. એક મુસલમાનને મુસલમાનોની ધાર્મિક, અખ્લાકી અને સામાજિક જીવનની સુધારણાનો સંપૂર્ણ હક છે. એટલા માટે સુલતાને મુસલમાનોની

સુધારણા માટે જે કંઈ કર્યુ તે તેની ધાર્મિકતાને અસહનશીલતા સાથે ન જોડી શકાય. એ બીજી વાત છે કે તેણે જે સજાઓ નક્કી કરી હતી તે ચર્ચામાં આવી શકે છે. દા. ત. ફુતૂહાતે ફિરોજશાહીમાં છે કે એક બુઝુર્ગ અહમદ બિહારી હતા. તેમના મુરીદ (શિષ્ય) તેમને ખુદા સમજતા હતા અને કહેતા હતા કે દિલ્લીમાં ખુદાનો ઉદય થયો છે. તેમના એક મિત્ર શેખ ગર કાકવી પણ હતા, તેમની ઉપર પણ અધર્મનો આક્ષેપ આવ્યો બંને આલિમોને ફત્વા પર કતલ કરી દેવામાં આવ્યા. પટના બિહારમાં એ સમયમાં એક મોટા બુઝુર્ગ હઝરત મખ્દુમુલ મુલ્ક શર્ફુદ્દીન યહયા મુનીરી પણ હતા. તેમને એ બંનેના કતલની ખબર મળી તો તેમને ઘણું દુઃખ થયું કારણકે તેઓ એ બંનેને તૌહીદના રહસ્યોના જાણકાર સમજતા હતા. તેમની વાતોને આલિમો પાગલપણું બતાવતા હતા. એટલા માટે એ બંને બુઝુર્ગોને કતલ કરવામાં આવ્યા. તેમના અનુયાયીઓનો ખ્યાલ છે કે ફિરોજશાહ પછી દિલ્લી જે તૈમુરના હાથે બરબાદ થયું તે એ જ બુઝુર્ગોના ખુનનો બદલો હતો.

હઝરત શર્ફુદ્દીન યહયા મુનીરી (રહ.) શરીઅતના ખુબ જ મોટા વિદ્વાન હતા. તેમનું કહેવું હતું કે અલ્લાહના રસૂલ (સલ.) ના હુકમોની વિરુદ્ધ કયારેય ન થાય, તેઓ પણ એકેશ્વરવાદના સમર્થક હતા તેમનાથી કોઈ કાર્ય શરીઅત વિરુદ્ધ ન થયું. શેખ અહમદ બિહારી અને શેખ ગર કાકવીના કતલ વિશે ફિરોજશાહને હઝરત શેખ શર્ફુદ્દીન યહયા મુનીરી (રહ.) નો ખ્યાલ માલૂમ થયો તો બાદશાહે પૂછપરછ કરવા માંગી પરંતુ તેમનાથી હઝરત જહાંનિયા જહાં ગશ્ત (રહ.) ની અકીદતનો હાલ માલૂમ થયો તો પૂછપરછ કરવાનું છોડી દીધું. જે તેમની પણ ઉદારતનું એક ઉદાહરણ છે.

સુલતાન ફિરોજશાહ જો બિન મુસ્લિમોના ધાર્મિક અકીદામાં કોઈ સુધારણા કરવા માંગતા તો તે હક ઈસ્લામી કાનૂન પ્રમાણે ન હતો. તેમની

ઈચ્છા એ જરૂર રહી કે બિન મુસ્લિમો વધારેમાં વધારે ઈસ્લામમાં દાખલ થાય. એટલા માટે તેમણે પ્રોત્સાહન આપ્યું અને સમજાવ્યા પરંતુ બળજબરી ન કરી. તેઓ જાતે લખે છે કે મેં બિન મુસ્લિમ કેદીઓને પ્રોત્સાહન આપ્યું અને એ એલાન કર્યુ કે તેમાંથી જે કોઈ તૌહીદનો કલિમો પઢશે અને ઈસ્લામ કબૂલ કરશે તેનો ટેક્ષ માફ કરી દેવામાં આવશે. અને તેમને ઘણા ઈનામો આપવામાં આવશે. આ એલાન પછી ઘણા બિન મુસ્લિમો મુસલમાન થયા. (ફુતૂહાતે ફિરોજશાહી : ૨૦)

ફિરોજશાહ તઘલક પર મંદિરો તોડવાનો આક્ષેપ

તેમના ઉપર આક્ષેપ કરવામાં આવ્યો કે તેમણે બિન મુસ્લિમોના કેટલાક મંદિરોને તોડયા હતા. તેઓ પોતાની ફુતૂહાતમાં જાતે એકરાર કરે છે કે તેમણે તઘલકપુર, સાલેહપુર અને ગુહાનાના નવા મંદિરો તોડી પાડયા હતા. (પાન નં. ૧૧ – ૧૨) તેના કારણો ઈશ્વર ટુપાના મુખેથી સાંભળો.

બિન મુસ્લિમોના હક્કો સુરક્ષિત હતા. પરંતુ ઈસ્લામી રિવાયત પ્રમાણે કોઈ ઈસ્લામી હુકૂમતની અંદર મુસલમાનોની આબાદીમાં બિન મુસ્લિમોને મંદિર બનાવવાનો હક ન હતો, તઘલકપુર, સાલેહપુર અને ગુહાના ફિરોજશાહે આબાદ કર્યા હતા. એટલે જયારે ત્યાં બિન મુસ્લિમોએ મંદિર બનાવ્યા તો તેમણે જરૂર તોડી નાખ્યા. તેનું કારણ એ હતું કે આ મંદિર અનૈતિકતાનું કેન્દ્ર બની ગયું હતું, તેના મેળાઓમાં મુસ્લિમ અને બિન મુસ્લિમ બધા શરીક થતા. સ્ત્રીઓ પણ આવતી હતી. એટલા માટે આ મંદિર પ્રાર્થનાને બદલે શયતાનનું કેન્દ્ર બની ગયું હતુ, એટલા માટે ફિરોજશાહે ઈસ્લામી અને અખ્લાકી હેતુસર આ અડ્ડાઓને તોડી પાડયા હતા. (પોલિકિટસ ઈન પ્રિ મુઘલ ટાઈમ્સ : ૨૪૬, ૨૪૭) એ પ્રશ્ન અલગ છે કે ફિરોજશાહને લોકોની અનૈતિકતા દૂર કરવાનો અધિકાર હતો અથવા ન હતો. વાસ્તવિકતા એ છે કે ફિરોજશાહે જે કંઈ કર્યુ હતું તેમાં ધાર્મિક કટ્ટરતા

ન હતી. બલકે માત્ર લોકોના અખ્લાક સુધારવા માટે આવું કર્યુ હતું, જો તેમની અંદર મંદિરો તોડવાનો શોખ હોત તો દેશના બધા મંદિરો તોડી નાંખતો પરંતુ તેમણે એવું ન કર્યુ બલકે બિન મુસ્લિમોના હક્કોને કારણે બાકી બધા મંદિરો સુરક્ષિત રહયા. (એજન : ૨૪)

ઈશ્વર ટુપાના આ વર્ણનનું સમર્થન ફુતૂહાતે ફિરોજશાહીથી પણ થાય છે. જાતે ફિરોજશાહનું કથન છે કે એ મંદિરો તોડતી વખતે એ હિદાયત હતી કે બીજા મંદિરોને કોઈ પ્રકારની તોડફોડ ન થાય.

જો તટસ્થ મુલ્યાંકન કરવામાં આવે તો સ્પષ્ટ થશે કે જયારે કોઈ સમયમાં કોઈ મંદિર તોડવામાં આવ્યું તે તેનું કારણ ધાર્મિક પક્ષપાત નહીં બલકે તેમની સંપત્તિ પર કબજો મેળવવા અથવા તેમની હુકૂમત નષ્ટ કરવા અથવા તેમની અનૈતિકતા દૂર કરવા માટે કર્યુ હતું. યુદ્ધ સમયે મુસ્લિમ બિન મુસ્લિમ એક બીજાના ઈબાદતખાનાને નુકસાન પહોચાડતા હતા. એવા ઉદાહરણો ઘણાં મળશે કે બિન મુસ્લિમોએ મસ્જિદોને શહીદ કરી તેની જગ્યાએ મંદિર બનાવી દીધું પરંતુ તેમનામાં પણ ધાર્મિક કટ્ટરતા ન હતી બલકે તેને બદલે સામ્રાજય અને શસ્ત્રો હતા અને ફોજી આપત્તિમાં ઈબાદતખાના પણ આવતા હતા.

બિન મુસ્લિમોના સાહિત્યથી અભિરૂચિ

ફિરોજશાહે જો કેટલાક મંદિરો તોડયા તો તેમના જીવનમાં એ પણ છે કે જયારે ઈ.સ. ૧૩૬૧માં તેઓ નગરકોટ પહોંચ્યા તો ત્યાંના બિન મુસ્લિમોના જે ગ્રંથો જોયા તે વિશેની માહિતી મેળવીને ખુશ થયા. પંડિતોને બોલાવીને તેનું ભાષાંતર કરાવવાની ઈચ્છા વ્યકત કરી, તેમાંથી એક ગ્રંથમાં તત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર, નક્ષત્રો વિશે લાભદાયક જ્ઞાન હતું, ફિરોજશાહે તેનો ફારસીમાં ભાષાંતર કરવાનો હુકમ કર્યો, તે સમયના પ્રખ્યાત શાયર એઝુદીન ખાલિદ ખાનીએ તેનું ભાષાંતર કર્યુ અને દલાઈલે ફિરોજશાહી

નામ રાખ્યું. (તારીખે ફરિશ્તાઃ ૧ / ૧૪૮) ફિરોજશાહની ઈચ્છાથી ગ્રહો પર સંસ્કૃતના એક ગ્રંથ પર લેખક વરાહ મિહિરનો ફારસી તરજુમો તારીખે ફિરોજશાહીના લેખક શમ્સે સિરાજે કર્યો.(મખ્તુતાત ફારસી ઈન્ડિયા ઓફિસ લાયબ્રેરીઃ ૧ / ૧૧૧–૧૧૨) પ્રોફેસર કે.એમ. પનિકરનું વર્ણન છે કે ફિરોજશાહ પર ધાર્મિક પક્ષપાતનો આક્ષેપ કરવામાં આવે છે, પરંતુ તેઓ એક બિન મુસ્લિમ શાયર રતન શેખરનો ખુબ જ આદર કરતા હતા. (પનિકર સર્વે ઓફ ઈન્ડિયા : ૧૩૧) તેમનો આ આદર બિન મુસ્લિમ રાજાઓ સાથે પણ હતો, દરેક સમયે તેમનો આદર કરતા. મૌલાના ઝિયાઉદ્દીન બરની બિન મુસ્લિમોને બદનામ કરવા પર ખુશ હતા. પરંતુ તેમનું વર્ણન છે કે જયારે ફિરોજશાહ પોતાની શાહી મુલાકાતે ગોરખપુર અને કેહરુસા પહોંચ્યા તો ત્યાંના રાયાન પોતાના દાવાઓ સાથે તેમના દરબારમાં આવ્યા. ફિરોજશાહે તેમને શાહી ભેટોથી નવાજયા.

જિઝીયા વેરો – ટેક્ષ

ફિરોજશાહે બિન મુસ્લિમો પર જિઝિયા વેરો નાંખ્યો હતો. તેને બિન ઈસ્લામી તો ન કહી શકાય, પરંતુ બિન મુસ્લિમોની નજરમાં તેને રૂઢિવાદી સમજવામાં આવે છે. તેનું એક કારણ એ છે કે મુસલમાનોના શાસનમાં જિઝિયાની હકીકત સ્પષ્ટ બયાન કરવામાં ન આવી. મૌલાના શિબ્લી (રહ.) એ ૨૦ મી સદીમાં જિઝિયાની હકીકત જે રીતે બયાન કરી છે. જો તે સમયના આલિમો પણ સમજાવતા રહેતા તો આ વેરો ઉશ્કેરણીજનક ન સમજવામાં આવતો.

મૌલાના શિબ્લી (રહ.) એ કાઝી અબૂ યુસૂફના પુસ્તક "કિતાબુલ ખિરાજ" અને ફુતૂહુલ બુલ્દાન"ના સંદર્ભથી જિઝિયા વેરાની સમજુતી એવી રીતે કરી છે કે જનાબે રસૂલુલ્લાહ (સલ.) એ જે કોમો પર જિઝિયા વેરો લગાવ્યો તેમને લેખિતમાં નીચેના હક્કો આપ્યા. (૧) કોઈ દુશ્મન તેમની

ઉપર આક્રમણ કરશે તો તેમનું રક્ષણ કરવામાં આવશે. (૨) તેમને તેમના ધર્મથી વિમુખ કરવામાં આવશે નહીં. (૩)જિઝિયા વેરો તેમની પાસે જઈને લેવામાં આવશે. (૪) તેમના પ્રાણ સુરક્ષિત રહેશે (૫) તેમનો માલ સુરક્ષિત રહેશે. (૬) તેમના કાફલા અને કારવા (વેપારી) સુરક્ષિત રહેશે. તેમની જમીન સુરક્ષિત રહેશે. (૭) બધી વસ્તુઓ જે તેમના અંકુશમાં છે તેમ જ રહેશે. (૮) પાદરી, પુજારી પોતાના હોદ્દાઓ પરથી બરતરફ નહીં કરવામાં આવે. (૯) ચર્ચ અને મૂર્તિઓને નુકસાન કરવામાં આવે નહીં. (૧૦) તેમનાથી જમીનનો દસમોં ભાગ (ઉશ્ર) લેવામાં નહીં આવે. (૧૧) તેમના દેશમાં ફોજ મોકલવામાં નહીં આવે. (૧૨) પહેલાથી તેમનો જે ધર્મ અને અકીદો છે તે બદલાવવામાં નહીં આવે. (૧૩) તેમનો કોઈ હક જે પહેલાથી તેમને પ્રાપ્ત હતો. ખતમ કરવામાં નહીં આવે. જે લોકો હમણાં હાજર નથી તેમને પણ આ હક્કો મળી રહેશે.

મૌલાના શિબ્લીનું એ પણ કથન છે કે એ કાનૂન પર અમલ ખિલાફતે રાશિદામાં બરાબર રહયો. હઝરત અલી (રદિ.) ફરમાવતા હતા કે જે લોકો ઝિમ્મી છે. (એટલે તેમને જિઝીયા વેરો કબૂલ કરી લીધો છે) તેમનું લોહી અમારુ લોહી છે. તેમની હત્યા અમારી હત્યા છે. મૌલાના શિબ્લી એ પણ લખે છે કે ઈસ્લામે જે વ્યવસ્થા ઘડી છે તે દ્રષ્ટિએ દરેક મુસલમાનને સેવા માટે મજબૂર કરી શકાય છે. પરંતુ બિન મુસ્લિમ જે ઈસ્લામી હુકૂમતના તાબે હોય છે તેની સુરક્ષા મુસલમાનોએ કરવી પડે છે. તેમને લશ્કરી સેવા માટે મજબૂર કરવા ઈસ્લામનો કોઈ હક નથી. અને ન તે લોકો એવી ખતરનાક સેવા માટે તૈયાર થઈ શકે છે એટલા માટે જરૂરી છે કે તેઓ પોતાની સુરક્ષા માટે કોઈ બદલો આપે. આ બદલાનું નામ જિઝિયાવેરો રાખ્યો છે. જો કોઈ મોકા પર બીજી કોમો લશ્કરમાં ભરતી થાય અથવા રાજી થઈ જાય તો તેઓને જિઝિયાવેરામાંથી મુકત કરી દેવામાં

આવશે. જાતે રસૂલુલ્લાહ (સલ.) એ વાલીએ ઈલાને જે હુકમ જિઝિયા વેરાનો લખ્યો, તેમાં આ શબ્દો નીચે લખ્યા. یحفظوا ویمنعو એટલે તે લોકોની હિફાઝત કરવામાં આવે અને દુશ્મનોથી તેમને બચાવવામાં આવે.

(મકાલાતે શિબ્લી : ભાગ : ૧ / ૧૯૨,૧૯૪,૨૩૧,૨૩૨)

જિઝિયાવેરાની આ હકીકત સમજયા પછી આ ટેકસ ટીકાપાત્ર સમજવામાં આવશે નહીં. આ તો માનવ હક્કોની બાંયધરી આપે છે. પરંતુ અફસોસ છે કે આ સ્પષ્ટતાની સાથે સમજાવવાના પ્રયત્નો ન થયા. એટલે એ શંકાની નજરે જોવામાં આવતો. એ વિશે આધુનિક ઈતિહાસકાર ઈશ્વર ટુપાનું નીચેનું વિશ્લેષણ બિલકુલ સાચુ છે. તેનાથી કોઈ સાચા અકીદાવાળો મુસલમાન પણ તેનો વિરોધ નથી કરી શકતો.

"જિઝિયા વેરો એ ટેકસને કહેતા હતા જે ઈસ્લામી હુકૂમત પોતાની બિન મુસ્લિમ પ્રજાની એ સેવાના બદલામાં વસુલ કરે છે કે તે બિન મુસ્લિમોના રાજકીય, આર્થિક અને ધાર્મિક હક્કોની સુરક્ષા કરે છે. જિઝિયો લીધા પછી હુકૂમત જવાબદાર બને છે કે કોઈ બિન મુસ્લિમ કોઈ પણ રીતે ન સતાવવામાં આવે. અને તે બિલ્કુલ સુરક્ષિત જિંદગી વિતાવી. તેને સરકારી નોકરી મેળવવાનો સંપૂર્ણ અધિકાર હોય અને તે ધાર્મિક અને સામાજિક રીત રિવાજો અદા કરવામાં બિલ્કુલ અઝાદ હોય. જિઝિયાવેરો લીધા પછી હુકૂમત દરેક રીતે બિન મુસ્લિમોના જાન–માલની હિફાઝત કરતી હતી અને એવું કરવું તેમની ધાર્મિક ફરજમાં દાખલ હતું. ઝિમ્મીઓ પાસેથી જે રૂપિયા વસુલ કરવામાં આવતા હતા, તે જાણે એ લોહીની કીમત હતી જે મુસલમાનો ઝિમ્મીઓની સુરક્ષામાં વહેવડાવતા હતા. જો કોઈ ઈસ્લામી હુકૂમત ઝિમ્મીઓની હિફાઝત કરવામાં નિર્બળ બની જતી તો તેમને જિઝિયાવેરો વસુલ કરવાનો હક પણ રહેતો નથી. ઈસ્લામી ઈતિહાસમાં એવા ઘણા ઉદાહરણો છે કે જયારે કોઈ હુકૂમત ઝિમ્મીઓની સુરક્ષા કરવાથી

મજબૂર થઈ ગઈ તો જિઝિયા વેરાની રકમ તેમને પરત આપી દીધી. ઝિમ્મીઓને પોતાની મરજીથી લશ્કરમાં ભરતી થવાની પરવાનગી હતી. પરંતુ જિઝિયા વેરો ભર્યા પછી તેઓની જબરદસ્તી લશ્કરમાં ભરતી કરવામાં આવતી નહી. હા તે પોતાની ખુશીથી ભરતી થાય તો જિઝિયાવેરો માફ કરી દેવામાં આવતો હતો. જિઝિયા વેરો પુખ્તવયના પુરુષોથી લેવામાં આવતો અને તે પણ સ્થિર મગજનો હોય, નાદાર ન હોય, જિઝિયાવેરો લીધા પછી પરસ્પર સમજુતી પણ કરવામાં આવતી હતી. પછી જિઝિયા વેરો ધનિકો પાસેથી ૪૮ દિરહમ, મધ્યમ વર્ગના લોકો પાસેથી ૨૪ દિરહમ અને ગરીબો પાસેથી ૧૨ દિરહમ લેવામાં આવતો હતો. વૃદ્ધો, સ્ત્રીઓ, નાદાર અને અસ્થિર મગજના, અંધ, અશકત અને સાધુઓને તેમાંથી મુકતિ હતી. જો કે ધનિક અંધ, અશકત અને સાધુઓથી લેવામાં આવતો હતો. જિઝિયા વેરો રોકડ અને વસ્તુ બન્નેમાં અદા કરવામાં આવતો હતો. મુસલમાન વિદ્વાનો હુકૂમતની જરૂરિયાત પ્રમાણે જિઝિયાવેરાના અર્થમાં ફેરફાર કરતા રહયા અને તેઓ જિઝિયાવેરાના અસલ હેતુને અવગણીને તેને મુસ્લિમ હુકૂમતના રાજકીય ફાયદા માટે વાપરતા રહયા જેથી બિન મુસ્લિમ પ્રજા કાબૂમાં રહે. સંશોધકોનો ખ્યાલ છે કે કેટલાક વિદ્વાનોએ જિઝિયાનો ખોટો ઉપયોગ કર્યો. કાસિમ કાઝીએ કુર્આને પાકના એ વિવરણકારોની સખત ટીકા કરી છે જેમણે કુર્આને પાકની સૂરએ તવબહની આયત નં. ૨૯ ની અજીબ તફસીર કરીને બેકાર વાત કહી છે અને આ આયતનો પક્ષપાતી અર્થ બતાવે છે. કાસિમ કાઝીનો ખ્યાલ છે કે આ આયતનો બિલ્કુલ એ અર્થ નથી કે ઝિમ્મીઓને રાજકીય, આર્થિક, ધાર્મિક અને અખ્લાકી હેસિયતથી તેમને નિમ્ન રાખવામાં આવે. ઈસ્લામના કોઈ કાનૂનમાં તેની ઈજાઝત નથી. જો કોઈએ અત્યાચાર કર્યો તો તેની જવાબદારી વિદ્વાનોની છે ભારતના મધ્યયુગમાં સરકારી અને લશ્કરી નોકરીઓમાં એવી રીતે ભરતી થતી જેવી

રીતે ખુલફાએ રાશિદીનના સમયમાં ભરતી થતી હતી. ફિરોજશાહથી પહેલા તો કદાચ બિન મુસ્લિમો પર જિઝિયાવેરો લગાવવામાં પણ નથી આવ્યો. તે સમયના ઈતિહાસના પુસ્તકોમાં જિઝિયાવેરાનો શબ્દ ઘણો ઓછો વપરાયો છે. જો કયાંક તે નાંખવામાં આવ્યો તો ઈસ્લામી કાનૂન પ્રમાણે તેની ઉપર અમલ ન થયો. કારણ કે માત્ર ઈસ્લામી સિદ્ધાંત પ્રમાણે હુકૂમત જ કાયમ ન થઈ. (પોલિટિકસ ઈન પ્રિ મુઘલ ટાઈમ્સ : ૨૩૯ – ૨૪૧)

ધર્મશાસ્ત્રીઓનો મતભેદ

આ સત્ય છે કે મુસલમાનોના સમગ્ર શાસનમાં જિઝિયાવેરો માત્ર અમુક જ બાદશાહોના સમયમાં નક્કી હતો. નહીં તો બીજા મુસ્લિમ બાદશાહોએ તેને દાખલ કર્યો ન હતો એ તેમની ઉદારતાની દલીલ છે. છતાં પણ ઉશ્કેરણી જનક રહયો. આ ઉશ્કેરણીમાં વધારે પડતો ધર્મ શાસ્ત્રીઓનો હિસ્સો રહયો. ઈસ્લામી તારીખની આ દર્દનાક ઘટના છે કે આલિમો અને ધર્મ શાસ્ત્રીઓ ઘણા ઓછા કોઈ મસ્અલા પર એકમત હોવાનું પસંદ કરે છે, એટલા માટે તેમની પોત પોતાની સમજુતી ઘણાં મસ્અલાઓની વિશિષ્ટતા બદલી નાખે છે. જો કે તેઓ ઘણાં ઓછા મસ્અલાઓ પર એકમત થતા. એટલે વિવિધ સમયોમાં મસ્અલાઓની તાબીરો પણ અલગ અલગ થતી રહી. દા.ત. ઝિયાઉદ્દીન બરની કોઈ આલિમ અથવા કોઈ હદીષ વેત્તાનું કથન નકલ કરીને બિન મુસ્લિમ પ્રજાની આજીજી અને અવિશ્વાસની તાકીદ કરતા રહયા. (બરની : ૨૯) સિંધના વિજેતા મુહમ્મદ બિન કાસિમને હજ્જાજે જે હિદાયત આપી હતી તેમાં બિન મુસ્લિમો સાથે ફજેતીની અને બે ઈજ્જતીની તાલીમ આપી ન હતી,કેટલાક એવા આલિમો પણ પેદા થયા જેઓ ખૂબ જ સાહસ સાથે કોઈ પ્રકારના અસામાન્ય વર્તન વિરુદ્ધ દેખાવો કરતા રહયા. દા.ત. સિકંદર લોદીના સમયમાં કિસ્તારના તળાવમાં બિન મુસ્લિમો મોટે ભાગે એકત્ર થતા અને સ્નાન કરતા હતા.

સિકંદર લોદીએ ઈચ્છયું કે એ કુંડને નષ્ટ કરીને લોકોનું એકત્ર થવાનું રોકી દે. તે સમયના એક આલિમ મૌલાના અબ્દુલ્લાહથી પૂછયું તો તેમણે જવાબ આપ્યો કે પ્રાચીન રીત રિવાજને રોકવો અને પ્રાચીન મંદિરોને તોડવા બિલકુલ જાઈઝ નથી. સિકંદરને આ જવાબ પસંદ ન આવ્યો કે તરફદારીનો ફતવો છે. તેમણે ખૂબ જ હિમ્મત અને સ્પષ્ટતાથી ફરમાવ્યું કે મેં શરીઅતનો મસ્અલો બયાન કરી દીધો જો શરીઅતની પરવા નથી તો પછી પૂછવાની જરૂરત શી હતી. એ જવાબ પછી સિકંદર લોદીને દબાવવું પડયું.

(વાકિઆત શતામીઃ૧૯)

જુલ્મથી પરહેજ

બિન મુસ્લિમો વિરુદ્ધ મૌલાના ઝિયાઉદ્દીન બરનીનો સ્વભાવ એટલા માટે પણ આશ્ચર્ય જનક છે કે તેઓ ચિશ્તીયા પંથથી જોડાયેલા હતા અને હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા (રહ.) ના મુરીદ હતા. ચિશ્તીયા સિલસિલાના બુઝુર્ગો અને બધા સુફીઓએ અહીંયાની પ્રજાના હૃદયને બદલવામાં કોઈ કમી રાખી ન હતી. પછી તેમની તાલીમ પણ એવી રહી કે તેમણે ત્યાં અગણમાનો કોઈ અવકાશ ન હતો. ભારતમાં તસવ્વુફ પર સૌ પ્રથમ પુસ્તક "કશ્ફુલ મહજુબ" લખવામાં આવ્યું. તેમાં એક સુફીની તાલીમ માટે એ હિદાયત લખવામાં આવી કે જયારે એક સુફીને ગોદડી પહેરાવવામાં આવે તો તેનાથી એક વર્ષ મખ્લુકની ખિદમત જરૂર લેવી. મખ્લુકની ખિદમત એ છે કે તે બધાને વગર ભેદે પોતાનાથી શ્રેષ્ઠ સમજતો હોય. અને તેમની ખિદમત પોતાના માટે જરૂરી સમજતો હોય. (બઝમે સુફિયા અઝ ખાકસાર મકાલા નિગારઃ ૨૦) હઝરત મુઈનુદ્દીન ચિશ્તી (રહ.)ની તાલીમ એ હતી કે સુલુકના માર્ગમાં અનેક મોટા ગુનાહો છે તેમાં એક આઝાદી પણ છે. (એજન : ૭૮) હઝરત ફરીદુદ્દીન ગંજ શકર (રહ.) ઈબાદત અને રિયાઝત પછી માત્ર મખ્લૂકની સેવાની જ વધારે ચિંતા કરતા. કોઈ સરકારી હોદ્દેદાર

જુલ્મ કરતો તો તેને જુલ્મથી રોકતા હતા. નિર્દોષોને સજાથી મુકત કરાવતા, કોઈ ગુનાહને માર્ગે જતો તો તેને સીધા માર્ગે લાવતા. તેના અખ્લાકને સુધારવાની કોશિશ કરતા. (એજનઃ૧૬૭, ૧૭૦)

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા (રહ.) કોઈ મખ્લૂકથી કપટ રાખવો અલ્લાહ સુધી પહોંચવામાં વિધ્નરૂપ સમજતા હતા. (એજનઃ ૨૫૮) તેઓ ફરમાવે છે કે કિયામતના દિવસે કોઈ વેપારની એટલી કીંમત અને પુછ ન થશે જેટલી દિલને ખુશ રાખવાની. (સિયરુલ અવલિયાઃ ૨૮) તેમના મુર્શિદ ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર (રહ.)ને પોતાની પાસેથી રવાના કરીને દિલ્લી મોકલ્યા. તો ફરમાવ્યું કે તમે એક ઘટાદાર વૃક્ષ છો. તેના છાંયડામાં અલ્લાહની મખ્લૂક આરામ કરશે. ચિશ્તી ખ્વાજાઓની એ જ કોશિશ રહી કે પોતાના ઈખ્લાસના છાંયડામાં અલ્લાહ તઆલાની બધી મખ્લૂકને પનાહ આપતા રહે. (એજનઃ ૨૮) હઝરત શરફુદ્દીન યહયા મુનીરી (રહ.)ની તાલીમ એ હતી કે બાદશાહ માટે નફિલ નમાઝ, રોઝાથી વધારે જરૂરી છે કે તેઓ ભૂખ્યાઓને પેટ ભરીને ખવડાવે. નગ્ન લોકોને કપડા પહેરાવે. ઉજ્જડ દિલોને આબાદ કરે. જરૂરતમંદોની જરૂરતોને પૂર્ણ કરે. તેમનું કથન છે કે અલ્લાહ તઆલા સુધી પહોંચવાના માર્ગો તો અનેક છે પરંતુ સૌથી નજીકનો માર્ગ લોકોને રાહત પહોંચાડવી છે. (મકતુબાત સહ સદી : ૪૮૯) હઝરત અશરફ જહાંગીર સિમનાનીની તાલીમ એ હતી કે પ્રજા પર જુલ્મ કરવાથી નાગરિત્વને નુકસાન પહોંચે છે. (લતાઈફે અશરફી : ૨ / ૧૬૭–૧૬૮) તેમનું એ પણ કહેવું હતું કે પ્રજાની સુરક્ષામાં દેશની સુધારણા પનાહ લે છે. (એજનઃ ૧૧૪) હઝરત ખ્વાજા સૈયદ મહમૂદ ગયસુર દરાઝએ ગુલબર્ગાના સુલતાન અહમદશાહ બહમનીને આ તાલીમ આપી કે તેઓ ફકીરો, કમજોરો, અનાથો, અશકતો અને વિધ્વાઓની સંપૂર્ણ દેખભાળ કરે તેમને બરબાદ થવાથી બચાવવાથી વધારે કોઈ મુશ્કેલ કામ નથી. (ખાતિમહઃ ૧૮૭–૧૯૦)

ન્યાય અને સમાનતા

ભારતના મુસલમાનોનું સૌથી મોટું લક્ષણ એ રહયું હતું કે તેઓ ન્યાય ઉપર વધારે ભાર મુકતા હતા. તેઓ પાપી, શરાબી હોવાનો આક્ષેપ તો બરદાશ્ત કરી લેતા પરંતુ અત્યાચારી અને અસમાનતાને કયારેય પસંદ કરતા ન હતા. ફખ્રે મુદબરનું કહેવું છે કે કુત્બુદ્દીન ઐબક ન્યાયમાં હઝરત ઉમર (રદિ.)નું અનુકરણ કરતા હતા. ઈલ્તુત્મિસે એ એલાન કર્યુ હતું કે જેની ઉપર અત્યાચાર થાય તે તેમના મહેલની સાંકળ ખખડાવે જેથી તે તેની સાથે ન્યાય કરી શકે. નહીંતર કયામતના દિવસે તેની ફરિયાદનો બોજ હું ઉઠાવી શકીશ નહીં. (ફવાઈદુસ્સાલિકીનઃ ૨૯) ગ્યાસુદ્દીન બલ્બન વિશે ઈતિહાસકાર ઝિયાઉદ્દન બરનીએ લખ્યું છે કે તેઓ ન્યાય આપવામાં ભાઈઓ, છોકરાઓ અને સંબંધીઓનો ખ્યાલ કરતા ન હતા. અને જયાં સુધી જુલ્મ થયેલા સાથે ન્યાય ન થઈ જાય ત્યાં સુધી તેમને આરામ ન મળતું હતું. (બરની : ૪૦) તેમના ન્યાયના કિસ્સાઓ ઘણા પ્રખ્યાત છે તારીખે ફિરોજશાહી અને મુલ્લા અબ્દુલ કાદિર બદાઈન બંનેમાં છે કે સુલ્તાન મુહમ્મદ તઘલકે પોતાના મહેલમાં ચાર મુફતીઓ નિયુકત કરી રાખ્યા હતા. કે જયારે કોઈ ફરિયાદી આવતો તો સુલ્તાન તેમનાથી મશવરો કરતા અને તેમને તાકીદ કરી રાખી હતી કે જો કોઈ નિર્દોષ તેમના કારણે મૃત્યુ પામ્યો તો તેના ખુનનો બદલો તેમની ગરદન પર રહેશે. એટલા માટે મુફતીઓથી કોઈ ભલામણ ન થતી.

(તારીખે મુબારક શાહી : ૧૧૫, મુન્તખબ તવારીખ : ૧/૨૩૯)

સ્પષ્ટ છે કે મખ્લૂકની સેવા હમદર્દી અને પ્રજા પર જુલ્મથી પરહેજ, ભૂખ્યાઓને ખવડાવવું હાજતમંદોની જરૂરતો પૂરી કરવી તેમા મુસ્લિમ બિન મુસ્લિમની હદો હતી પરંતુ ન્યાય અને સમાનતામાં ધર્મ, જાતિનો કોઈ ભેદ

કરવામાં આવતો નહીં. હઝરત શરફુદ્દીન યહયા મુનીરી (રહ.) એ સુલ્તાન ફિરોજશાહને એક હદીસ લખીને મોકલાવી જેમાં અબુ જહલના મુકાબલામાં આપ (સલ.) એ એક નસરાનીની હિમાયત કરી. અબૂ જહલે એક નસરાનીનો માલ લૂટી લીધો હતો, તે નસરાનીએ આપ (સલ.) પાસે આવીને ત્યારે શિકાયત કરી જયારે આપ બપોરે સખત ગરમીમાં આરામ કરી રહયા હતા. આપ (સલ.) તે જ સમયે નસરાની સાથે અબૂ જહલના ઘરે તશરીફ લઈ ગયા. અબૂ જહલનો દરવાજો ખખડાવ્યો, તેને ગુસ્સો આવ્યો, પરંતુ આપ (સલ.) ત્યાં સુધી તેના દરવાજાથી ન હટયા જયાં સુધી અબૂ જહલે નસરાનીનો બધો માલ પરત ન આપ્યો.

નસરાનીને તેનો એક થેલો ન મળ્યો તો અબૂ જહલે તેનાથી ઉત્તમ એક થેલો લાવીને મુકયો. આપ (સલ.) એ નસરાનીથી પૂછયું આ થેલો ઉત્તમ છે કે પેહલો ઉત્તમ હતો તેણે કહયું આ ઉત્તમ છે, રસૂલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું જો તમે એમ કહેતા કે તે ઉત્તમ હતો તો હું ત્યાં સુધી ન જતો જયાં સુધી તેની કિંમત લઈને તમારે હવાલે ન કરતો. (મકતુબાત સહ સદી : ૪૯૨, ૪૯૩)

હૃદય પર વિજય

બધા આલિમો મુસલમાન બાદશાહોને ન્યાયની તાકીદ કરતા રહયા અને પછી તેઓ જાતે અહીંયાના બિન મુસ્લિમો સાથે જે પવિત્ર અને ઉચ્ચ અખ્લાકથી પેશ આવતા રહયા. તેનું પરિણામ એ હતું કે તેમના અખ્લાકની ઉચ્ચતા અને પવિત્રતાથી પ્રભાવિત થઈને અહીંના બિન મુસ્લિમો ઈસ્લામના ડાયરામાં દાખલ થતા રહયા. આ એક વાસ્તવિકતા છે કે જયારે બાદશાહ તાજપોશી માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ લડાઈમાં વ્યસ્ત હતા તો ખાનકાહોમાં સુફીઓ લોકોના દિલ જીતી રહયા હતા. અને આ જીત તેમની ઈબાદત, ઈખ્લાસ, નિષ્ઠા, મુહબ્બત અને પરહેજગારીથી થઈ રહી

હતી તેને તે સમયના લેખકો લખી લેતા તો ભારતમાં ઈસ્લામની તારીખ કંઈ જુદી જ નજર આવતી. બિન મુસ્લિમોમાં જે નાત–જાતના ભેદભાવો હતા તેમાંથી એક મોટો સમુહ કંઈ એવો હતો કે જયારે એ સુફીઓએ સમાનતા, ઉદારતા અને માનવતાની તાલીમ આપીને પોતાનું આત્મીય આકર્ષણ બતાવ્યું તો અહીંયાના તે લોકોની નજરોમાં જેમને અહીંયાના સમાજે કચડી રાખ્યા હતા. ઈસ્લામની સામાજિક, ધાર્મિક અને આત્મીય આકર્ષણો થી પ્રભાવિત થતા રહયા. ત્યાર પછી તેઓ ઈસ્લામ તરફ જાતે જ આવવા લાગ્યા.

અમીર ખુસરુની ઉદારતા

ચિશ્તિયા સિલસિલાની ઉદારતાની તાલીમના ઉદાહરણો હઝરત અમીર ખુસરુ અને અમીર હસનને ત્યાં મળે છે. બંને બુઝુર્ગો હઝરત નિઝામુદ્દીન અવલિયા (રહ.) ના શિષ્ય હતા. પહેલા લખવામાં આવ્યું કે આશ્ચર્ય તો એ છે કે મૌલાના ઝિયાઉદ્દીન બરની પણ હઝરત નિઝામુદ્દીન અવલિયા ના શિષ્ય હતા. પરંતુ તેમને પોતાના તીખા સ્વભાવને કારણે જે લખાણો લખ્યા. તેમના વિષનું ઔષધ હઝરત અમીર ખુસરુ અને અમીર હસનના લખાણોમાં મળે છે. જે બરનીના સમયમાં જ સારા સ્વભાવ, વિશાળતા, વિશાળ મનનો પાઠ આપી રહયા હતા. અમીર ખુસરુનું કથન છે કે એક મુસલમાન હજ માટે મક્કા મુકર્રમા જઈ રહયા હતા. માર્ગમાં એક બ્રાહ્મણ સાથે મુલાકાત થઈ જે સોમનાથ જઈ રહયો હતો. આ બ્રાહ્મણ પોતાના અકીદામાં જમીન પર સુઈને જતો હતો. હાજીએ બ્રાહ્મણને પૂછયું મિત્ર તમે કયાં જઈ રહયા રહયા છો ? બ્રાહ્મણે કહયું કે હું તો ઘણા વર્ષોથી આવી રીતે સફર કરી રહયો છું. હાજીએ કહયું ખુદા તઆલાએ તમને બે પગ આપ્યા છે, તો ચાલવાને બદલે પોતાના પેટથી કેમ ઘસડાવ છો ? બ્રાહ્મણે જવાબ આપ્યો કે જયારથી મેં પોતાના પ્રાણ મૂર્તિને સોંપી દીધા છે

આ રીતે પેટથી ઘસડાઈ રહયો છું.(મષનવી મુત્તલિઉલ અન્વાર : ૮૭–૮૮) અમીર ખુસરુ લખે છે કે બિન મુસ્લિમ મૂર્તિ પૂજકો પર ટીકા કરી શકાય છે. પરંતુ તેમના અકીદામાં જે નિષ્ઠા છે તેનાથી સબક લઈ શકાય છે.

તેઓ પોતાની મષનવી દવલ રાણી ખિઝર ખાનમાં લખે છે કે એક અગ્નિ પૂજકથી પ્રશ્ન કરવામાં આવ્યો કે તેઓ આગની પૂજા કેમ કરે છે ? અને તેના માટે પ્રાણ કેમ કુરબાન કરે છે ? તો તેણે જવાબ આપ્યો કે આગને જોઈને શ્રધ્ધા રહે છે અને આગમાં નાશ પામીને અસ્તિત્વ પ્રાપ્ત થાય છે, અમીર ખુસરુએ આગની પૂજાનો તો નહીં પરંતુ એ અગ્નિ પૂજકની ભાવનાઓની કદરનો મશ્વેરો આપ્યો છે.

(મષનવી દવલ રાણી ખિઝરખાન : ૧૯૫ – ૧૯૬)

અમીર ખુસરુનો ધર્મ તો ઈસ્લામ હતો, એટલા માટે હિંદુમતને તેની ઉપર કયારેય પ્રાધન્યતાને પસંદ ન કરતા પરંતુ પોતાના દેશ વાસીઓની પ્રસન્નતા માટે તેમના ધર્મને દુનિયાના અન્ય ધર્મોથી ઉત્તમ સમજવા તૈયાર થઈ ગયા. હિંદુ ધર્મને પોતાની દલીલોથી ઈસાઈયત, કોમે મુજસ્સમ, સૂર્ય પૂજા, મૂળ તત્વો પારસી કૌમથી ઉત્તમ સમજતા હતા, તેઓ એક લખે છે કે હિન્દુ, પથ્થર, પશુ, સૂર્ય અને વૃક્ષ વગેરેને જરૂર પૂજે છે. પરંતુ તેમની પૂજામાં નિષ્ઠા છે અને તેઓ એ સમજે છે કે આ બધા એક જ માલિકના બંદા છે. તેની ફરમાબરદારીના ઈન્કાર કરનાર નથી. તે વસ્તુઓની પૂજા એટલા માટે કરે છે કે વડવાઓ તેની પૂજા કરતા હતા. અમીર ખુસરુ અને અલ બેરૂનીની જેમ હિંદુઓના વિચારો એકતાના પણ સમર્થક રહયા. લખે છે કે હિંદુઓ અમારા ધર્મનો એકરાર કરનાર નથી પરંતુ તેમના ઘણા અકીદા આપણા જેવા છે. તેઓ એક અલ્લાહ તઆલાને, તેના અસ્તિત્વને માને છે. તેની કુદરત, રોજી આપનાર, સર્જનહાર, સંપૂર્ણ જ્ઞાની, કાર્ય સાધક વગેરેના સમર્થક છે.

હિંદુ પુરુષો અને સ્ત્રીઓમાં પ્રમાણિકતાની ભાવના હોય છે તેનાથી પણ અમીર ખુસરુ પ્રભાવિત થયા. તેઓ કહે છે કે હિંદુ પોતાની વફાદારીમાં તલવાર અને આગથી પોતાની જાન આપી શકે છે અને એક હિંદુ સ્ત્રી પોતાના પતિ માટે સળગી શકે છે હિંદુ પુરુષ પોતાની મૂર્તિ અને માલિક માટે પોતાની બલિ ચઢાવી શકે છે. ઈસ્લામ તે ચીજોને યોગ્ય ગણતો નથી. પરંતુ આ મહત્વની કારગુઝારી છે. જો આપણા ધર્મમાં તેની પરવાનગી હોત તો ઘણા લોકો તે સૌભાગ્ય પ્રાપ્ત કરવામાં પોતાના પ્રાણની કુર્બાની આપતા.

અમીર ખુસરુ તો હિંદુઓની દરેક વસ્તુને પ્રિય ગણતા, તેઓ લખે છે કે શાણપણ અને સમજુતી ભારતમાં અંદાજાથી બહાર છે. યુનાની હિકમતમાં મશ્હૂર છે પરંતુ ભારત તેનાથી ખાલી નથી. અહીંયા તર્કશાસ્ત્ર પણ છે અને દર્શનશાસ્ત્ર પણ છે. અલબત્ત હિંદુઓ ધર્મશાસ્ત્રથી અજાણ છે. (મષનવી દવલ રાણી ખિઝરખાન : ૪૨–૪૩)

પછી ભારતની આબોહવા, ફુલો, મેવા, કપડા, જાનવરો, પાન અને અહીની સ્ત્રીઓના સૌંદર્યની પ્રશંસામાં તેમનું લખાણ પ્રચલિત છે તેઓ તો અહીં સુધી લખી ગયા કે શોખ અને સાદા સૌંદર્યવાન હિંદુ પ્રેમિકાને કારણે મુસલમાન પણ સૂર્યના પૂજારી બની શકે છે. અહીંયાના અગ્નિપૂજક બાળકોને જોઈને ખુસરુ કહે છે કે તેઓ જાતે ખરાબ અને મદમસ્ત બની ગયા છે. (કુર્આનુસ્સઅદ : ૧૩૬ –૧૩૭)

વિસ્તૃત માહિતી માટે લેખકના પુસ્તક "હિંદુસ્તાન અમીર ખુસરુ કી નજરમેં" જોઈ શકાય છે.

અમીર ખુસરુના ગુરૂ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા (રહ.) (મૃત્યુ : ઈ.સ. ૧૩૨૪) હતા. તેમના એક ભાણેજ મૌલાના તકીયુદ્દીન નુહ હતા. હઝરત ખ્વાજા તેમનાથી ઘણી મુહબ્બત કરતા હતા. તેમનું મૃત્યુ યુવા વસ્થામાં થઈ ગયું, જેથી હઝરત ખ્વાજાને ઘણો જ આઘાત લાગ્યો, છ

મહિના સુધી મૌન રહયા. તેનાથી અમીર ખુસરુ પણ ગમગીન રહેતા હતા. તેઓ બરાબર એ ચિંતામાં હતા કે કોઈ પણ રીતે ગુરૂનો ગમ દૂર થાય. તે સમયમાં હિંદુઓનો વસંત મેળો ભરાયો. તેઓ દિલ્લીમાં કાલકાજીના મંદિર પર ફૂલ ચઢાવી રહયા હતા અને મસ્ત થઈને ગીતો ગાઈ રહયા હતા. અમીર ખુસરુ પણ આ દ્રશ્ય જોઈને બેભાન બની ગયા. ફારસી અને હિંદીના કેટલાક અશ્આર તે જ સમયે બેસાડયા. સરસવના ફૂલ તોડયા અને પાઘડીને વાંકી કરીને મસ્તાના શાન પેદા કરી. ઝુમતા ઝુમતા અશ્આર પઢતા હઝરત ખ્વાજાની ખિદમતમાં હાજર થયા. તેઓ પોતાના ભાણાની કબર પર બેઠા હતા. અમીર ખુસરુની મસ્તાના શાન જોઈને અને તેમને અશ્આર પઢતા સાંભળીને હસવા લાગ્યા પછી તો અમીર ખુસરુનું કામ બની ગયું. તે દિવસથી દિલ્લીમાં જયારે હિંદુ કાલકાજીના મંદિર પર જતા તો દિલ્લી અને આસપાસના સુફી સંતો કવ્વાલોને લઈને સરસવના ફુલ હાથમાં લઈને અશ્આર પઢાવતા મૌલાના તકીયુદ્દીનના મઝાર પર જતા, ત્યાંથી હઝરત ખ્વાજાના મઝાર પર આવતા.

કવ્વાલ હિંદીની થમરીઓને ગાઈ ગાઈને આ અશ્આર વારંવાર ઉચ્ચારતા હિંદીની એક પંકિત આ છે.

અરબ યાર તુરી બસંત મનાઈ

આ પઢીને ખૂબ જ અસર પેદા થતો, ધીરે ધીરે દિલ્લીની દરગાહોમાં પંદર દિવસ સુધી વસંતનો મેળો ભરાવા લાગ્યો. બીજી જગ્યાએ પણ મુસલમાન વસંત મનાવવા લાગ્યા.

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા(રહ.)ની દિલી વિશાળતા

અમીર ખુસરુને આ ઉદારતા અને વિશાળતા હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા (રહ.) ના સહવાસથી પ્રાપ્ત થઈ. તેમના મતે અલ્લાહની મખ્લૂકને તકલીફ પહોંચાડવી અને દિલ તોડવું સૌથી મોટો

ગુનોહ હતો. હઝરત ખ્વાજા પણ હિંદુઓની કેટલીક બાબતોને જોઈને પ્રભાવિત થઈ જતા હતા. એક દિવસે તેઓ પોતાની ખાનકાહથી બહાર અમીર ખુસરુ સાથે નીકળ્યા તો યમુનાના કિનારે હિંદુ સ્ત્રીઓ અને પુરુષો સ્નાન કરી રહયા હતા. તે જોઈને હઝરતે ફરમાવ્યું.

હર કૌમ રાસ્ત રા હે, દેને વ કિબ્લા ગાએ

(તુઝૂકે જહાંગીરી : ૮૨)

હઝરત ખ્વાજા બ્રાહ્મણોના કેટલાક ગુણોનો એકરાર કરે છે તેમના ખલીફા અમીર હસન દેહલ્વી (મૃત્યુ : ઈ.સ. ૧૩૩૫) તેમના કથનો લખી લેતા હતા. જે ફવાઈદુલ ફુવાદના નામથી હમણાં સુધી પ્રખ્યાત છે તેઓ પણ અમીર ખુસરુની જેમ શાહી દરબારથી જોડાયેલા રહયા. તેઓ લખે છે કે એક વખતે તેમને શાહી દરબારમાંથી કેટલાક દિવસો સુધી પગાર ન મળ્યો, જેથી તેઓ પરેશાન હતા. હઝરત ખ્વાજાને તેમની પરેશાનીની પણ જાણ થઈ તો અમીર હસનને એ ફરિયાદ સંભળાવી કે એક શહેરમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પાસે ઘણી સંપત્તિ હતી પરંતુ તે શહેરના બાદશાહે તેના ઉપર દંડ નાંખી તેનો બધો માલ જપ્ત કરી લીધો. જેથી તે બરબાદ થઈને ખૂબ જ નાદાર બની ગયો. એક દિવસે તે કયાંક જઈ રહયો હતો કે તેનો મિત્ર તેને રસ્તામાં મળ્યો. તેમણે બ્રાહ્મણથી પૂછયું કે તમારી હાલત કેવી છે ? બ્રાહ્મણે કહયું સારુ છે અને ખુશ છું મિત્રએ કહયું કે તમારી સંપત્તિ તો તમારા થી લઈ લીધી છે, હવે તમે ખુશ કેવી રીતે રહી શકો છો. બ્રાહ્મણે કહયું કે મારી જનોઈ તો મારી પાસે છે. (ઝનારે મન બામન અસ્ત)

હઝરત ખ્વાજાએ આ હિકાયત સંભળાવીને અમીર હસનથી કહયું તમે સાંભળ્યું . અમીર હસને જવાબ આપ્યો. જી, હા. આ હિકાયતથી મને ખૂબ જ સંતોષ થયો. (ફવાઈદુલ ફુવાદઃ ૫૫ – ૫૬)

અમીર હસન દહેલ્વીની ઉદારતા

અમીર હસન દહેલ્વીના દરબારમાં ઘણી એવી ઘટનાઓ બની જેનાથી અંદાજો થાય છે કે તેઓ પોતાના અનુયાયીઓને ઉદારતા અને વિશાળતાની તાલીમ આપતા રહયા. એક કવિતામાં લખે છે કે એક હોડીમાં એક બિન મુસ્લિમ (ગબ્બર) અને નવ્વાણું મુસલમાન સવાર હતા. અચાનક હોડી દરિયામાં ડૂબવા લાગી મુસલમાનોએ કહયું અમે તો અલ્લાહ તઆલાના નુરથી પરિચિત છીએ પરંતુ કોઈ અપરિચિત વ્યકિતને લીધે આ હોડી ડૂબી રહી છે. એટલા માટે બિન મુસ્લિમને દરિયામાં નાંખીને હોડીને સુરક્ષિત કરી લેવી જોઈએ. બિન મુસ્લિમે આ સાંભળ્યું તો માયુસ થઈને એક ચીખ કાઢી અને બોલ્યો કે એક ગબ્બરને કારણે આ મુસીબત આવી રહી છે અને હોડી ડૂબી રહી છે. તો પછી નવ્વાણું મુસલમાનોની પવિત્રતાથી એ સુરક્ષિત કેમ નથી રહી. તેમાં એક હોશિયાર બુઝુર્ગ પણ હતા. ગબ્બરની આ દર્દનાક વાત સાંભળીને પ્રભાવિત થયા અને પોતાના સાથીઓને નસીહત કરી કે દરેક સ્થિતિમાં અલ્લાહ તઆલાની ખુશનૂદી અને મદદ પર ભરોસો કરવો જોઈએ. ત્યાર પછી હોડી સલામત રહી. અંતે અમીર હસન લખે છે કે અલ્લાહ તઆલાનો ગુણ બેફિકરમાં શરણાગતિ સ્વીકારવામાં છે અને બીજાની બુરાઈઓ પર નજર રાખવી યોગ્ય નથી. દરેક હાલતમાં અલ્લાહ તઆલાથી ભલાઈ અને ફઝલની ઉમ્મીદ રાખવી જોઈએ.

(દિવાન હસન : ૫૮૧ – ૫૮૨)

અમીર હસન દહેલ્વીએ એક બિન મુસ્લિમની માફી અને ઉદારતાને ખૂબ જ અસરકારક અંદાજમાં લખી છે. એ બિન મુસ્લિમ જરૂરતમંદોની જરૂરતોને પૂરી કરવામાં ખૂબ જ મશહૂર હતો. એક ગરીબ તેમની પાસે એ સમયે પહોંચ્યો જયારે તે યુદ્ધના મેદાનમાં જખ્મી બનીને અંતિમ શ્વાસ લઈ રહયા હતા. ગરીબે તેમની પાસે આવીને પોતાની હાલત વર્ણવી તો તેમણે

કહયું કે હવે તો મારી પાસે કંઈ નથી રહયું. મારા દાંતોમાં સોનાનો દાંત છે. તે કાઢીને તુ પોતાની જરૂરત પૂરી કરી શકે છે. (એજન : ૫૮૩)

શેખ અહમદ અબ્દુલ હકની ઉદારતાની હિકાયત

ધાર્મિક ઉદારતાનું એક સારું ઉદાહરણ પંડવા (બંગાળા)ના એક મુસલમાન હાકિમને ત્યાં પણ મળે છે. જેને શેખ અબ્દુલ કુદુસ ગંગોહી (રહ.) એ શેખ અહમદ અબ્દુલહકના મલ્ફૂઝાતના સિલસિલામાં બયાન કર્યા છે. શેખ અહમદ અબ્દુલ હક સુલૂકનો માર્ગ પસાર કરવાના સિલસિલામાં બંગાળા જઈને પંડવામાં રોકાયા તો તે સમયમાં ત્યાંના હાકેમ એક રાત્રે વેશ પલ્ટો કરીને શહેરમાં નીકળ્યા. એક જગ્યાએ સુફીઓની એક જમાત ખાવાનું ખાઈ રહી હતી. હાકિમ તેમની પાસે પહોંચ્યા તો તેમને હાકિમને ફટકાર્યો કે તમે અમારા ખાવામાં નજર બગાડી રહયા છો. તેણે પોતાની ગરીબીનું વર્ણન કર્યુ તો તે વધારે ગુસ્સે ભરાયા અને જયાં સુધી તેને પોતાની સામેથી ન હટાવ્યા ચુપ ન રહયા. હાકિમ ત્યાંથી એક એવી જગ્યાએ પહોંચ્યા જયાં સન્યાસી રહેતા હતા. તે લોકો પણ ખાવાનું ખાઈ રહયા હતા. પરસ્પર બરાબર વહેંચવા લાગ્યા તો એક હિસ્સો હાકિમને પણ આપ્યો. હાકિમે કહયું કે હું એક અજાણ્યો વ્યકિત છું, મારા માટે તમારામાં હિસ્સો કેમ લગાવો છો ? કહેવા લાગ્યા તમે તો માનવ છો તમને કેમ ન આપીએ ? હાકિમ આ સાંભળીને ખૂબ જ પ્રભાવિત થયા. સવારે તેમણે હુકમ આપ્યો કે બધા દુરવેશો અને સુફીઓને દેશ નિકાલ કરવામાં આવે. સન્યાસી જયાં હતા તેમને ત્યાં રહેવા દીધા. શહેરમાં હંગામો થઈ ગયો. શેખ અબ્દુલહક શહેર છોડવાનું ઈચ્છતા ન હતા. તેઓ મુખ્ય દરવાજા પર જઈને બેસી ગયા. કોઈએ તેમને ત્યાંથી ન હટાવ્યા. તો એવું કહીને પોતાની જગ્યાએ પરત આવી ગયા કે આ હાકિમ સુફીઓને નહીં બલકે અજાણ્યા લોકોને દેશ નિકાલ કરી રહયા છે. (અન્વારૂલ ઉયુનઃ ૨૩ – ૨૫)

બહમની ખાનદાનના સ્થાપકની હિકાયત

ઉદારતાનું એક ઉત્તમ ઉદાહરણ દક્ષિણના બહમની સલ્તનતના સ્થાપક સુલતાન અલાઉદ્દીન હસન ગોન્ગો બહમની (મૃત્યુઃ હિ.સ. ૩૫૭) ને ત્યાં પણ મળે છે તેનું પ્રારંભિક જીવન ખૂબ તંગીમાં પસાર થયું, તેઓ દિલ્લીમાં મુહમ્મદ તઘલકના સમયમાં તેમના એક મંજાંગ ગોન્ગો બ્રાહ્મણના નોકર હતા. પોતાની ગરીબીથી પરેશાન રહેતા. એક દિવસે ગોન્ગો બ્રાહ્મણ સામે પોતાની ગરીબીનું વર્ણન કર્યુ. તો ગેન્ગો બ્રાહ્મણે હમદર્દીમાં દિલ્લીની આસપાસની એક પડતર જમીનનો ટુકડો તેમને આપ્યો. એક બળદની જોડી અને બે મજુરોનો બંદોબસ્ત પણ કરી દીધો કે તે એ જમીન પર ખેતી કરીને પોતાનું ભરણપોષણ કરી શકે. એક દિવસે તેના મજુર હળ ચલાવી રહયા હતા કે જમીનમાંથી એક વાસણ નીકળ્યું તેમા સુલ્તાન અલાઉદ્દીન ખિલજીના સમયની અશરફીઓ (સોના મહોરો) હતી. હસન પોતાની ઈમાનદારીને કારણે યોગ્ય ન સમજયો કે માલિકની આપેલી જમીનમાં બેવફાઈ કરે. તે એ બધી સંપત્તિ ગોન્ગો બ્રાહ્મણ સામે લાવીને મુકી દીધી. ગોન્ગોએ હસનની ઈમાનદારીનું વર્ણન શાહઝાદા મુહમ્મદ તઘલકથી કર્યુ તેણે પોતાના પિતા સુલતાન ગ્યાસુદ્દીન તઘલકને વાત કરી, સુલતાન ગ્યાસુદ્દીન તઘલકે હસનને પોતાના દરબારમાં બોલાવ્યા અને શાહી ભેટો સાથે પોતાના ઉમરાવોમાં દાખલ કરી દીધા. (તારીખે ફરિશ્તા : ૧/૨૭૪) એક દિવસે ગોન્ગો બ્રાહ્મણે હસનને કહયું કે મને તમારી કિસ્મતની કુંડળી પરથી એવું લાગે છે કે તમે મોટા ભાગ્યશાળી બનશો. ખુદાની મદદથી કોઈ ઉચ્ચ હોદ્દા ઉપર પહોંચી જશો. એ વાતનો વાયદો કરો કે જો ખુદા તમને કોઈ ઉચ્ચ હોદ્દા પર પહોંચાડે તો મારુ નામ પણ તમારા નામનો હિસ્સો બનાવી લેશો. જેથી તમારા ભાગ્યને કારણે હું પણ દુનિયામાં જીવિત રહી શકું. બીજુ એ કે તમારા ખજાનામાં મારા અને મારી અવલાદ સિવાય અન્યને ન

રાખશો. હસને પોતાના હિતેચ્છુની બંને વાતો કબૂલ કરી લીધી. અને કોઈ ઉચ્ચ હોદ્દો મળતા પહેલા પોતાના નામ સાથે ગોન્ગો લખવા લાગ્યો. તે દક્ષિણમાં બહમની સલતનત સ્થાપવા પછી ખૂબ જ સફળ શાસક અને વિજેતા સાબિત થયો. એક વખતે કોઈએ તેમનાથી પૂછયું કે આટલી મોટી હુકૂમત તમે કઈ રીતે પ્રાપ્ત કરી અને ઓછી મુદ્દતમાં આટલુ મોટુ સામ્રાજય અને બીજા સુલતાનો તેમજ પ્રજાને કેવી રીતે પોતાને તાબે કર્યા ? તેમણે જવાબ આપ્યો કે પ્રથમ તો મેં વિનમ્રતાને મારો સિદ્ધાંત બનાવ્યો. નાના અને મોટા બધા સાથે વિનમ્રતાથી વર્તતો. બીજુ એ કે કયારેય કંજુસી કરી નથી. ઉદારતામાં મિત્ર અને શત્રુનો ભેદ કર્યો નથી. દરેક સાથે સારો વ્યવહાર કર્યો. આ બે બાબતોને કારણે બધા મારા હિતેચ્છુ, હમદર્દ અને તાબેદાર બની ગયા. (તારીખે ફરિશ્તાઃ ૧ / ૨૮૧)

શૈક્ષણિક સહનશીલતા (ઉદારતા)

શૈક્ષણિક સહનશીલતા તો દેશના અલગ અલગ ભાગોમાં બરાબર ચાલુ રહી. દા.ત. બંગાળામાં બંગાળી ભાષા જરૂર બોલવામાં આવતી હતી પરંતુ રામાયણ અને મહાભારત જેવા સાહિત્યથી અજાણ હતા. મુસલમાનોની હુકૂમત ત્યાં સ્થપાઈ તો તેમણે ન માત્ર બંગાળી ભાષા શીખી બલકે તેને મહત્વની ભાષા બનાવવાના પ્રયત્નો કર્યા. સુલતાન નાશિર શાહ (ઈ.સ. ૧૨૮૨–૧૩૨૫) બંગાળી ભાષાના મોટા રક્ષક હતા. શાયરે આ'ઝમે પોતાની એક કવિતા તેમના નામે અર્પણ કરીને તેમની ખ્યાતિ બાકી રાખી છે. તેમના હુકમથી મહાભારતનો બંગાળીમાં અનુવાદ થયો. સુલતાન હસન શાહે માલાધર વાસુને ભાગવત પુરાણના બંગાળી અનુવાદ માટે નિયુકત કર્યા. હસન શાહના સિપેસાલાર પુરગલના હુકમથી ગાંધી રોય પર માશુદે મહાભારતનો બીજો અનુવાદ શરૂ કર્યો જેને શ્રી કરનનંદીએ આગળ વધાવ્યો. (પ્રમોશન ઓફ લર્ગિન ઈન ઈન્ડિયા ડયૂરનગ ધી મોહમેડન પ્રિડાઝનઃ

૧૦૭ –૧૧૮) આગળ જતા તો બંગાળી ભાષા મુસલમાનોની માતૃભાષા બની ગઈ. અને તેમણે આ ભાષામાં અનેક પુસ્તકો લખ્યા.

સુફી સંતોએ પણ ભારતના લોકોના દિલો જીતવા અહીંની ભાષા શીખી, હઝરત ફરીદુદ્દીન ગંજ શકર (રહ.)ના પંજાબી અશ્આર અબૂ અલી પાનીપતી, હઝરત શર્ફુદ્દીન યહયા મુનીરી (રહ.), હઝરત અબ્દુલ હક (રહ.) અને હઝરત અબ્દુલ કુદુસ ગંગોહી (રહ.), શેખ બરનાવીના હિંદી દોહા અને અશ્આર આજની હિંદી ભાષાના હક માટે યોગ્ય છે. દક્ષિણમાં ખ્વાજા ગૈસુ દરાઝ (રહ.) એ મેરાજુલ આશિકીન અને શાહ મિરાન શમ્સુલ્ ઉશ્શાકે ખુશનૂમા, ખુશ નગ્ઝ અને શહાદતુલ હકીકત દક્ષિણની ભાષામાં લખીને એ એલાન કર્યુ કે મુસલમાન ફારસી ભાષા છોડીને અહીંયા રાષ્ટ્રીય ભાષા અપનાવે. સુફી સંતોએ અહીંયાની પ્રજાથી નજીક આવવા માટે ફારસી અને અરબી ભાષા છોડીને પ્રાદેશિક ભાષાઓ અપનાવી અને તેનાથી ઉર્દુ ભાષાની જે પ્રગતિ થઈ તે ન માત્ર ઉદારતા બલકે ભારતની ધાર્મિક અને ભાષાકીય તારીખનો એક ભાગ બની ગઈ.

સુલતાન ઝૈનુલ આબેદીનની ઉદારતા

કશ્મીરમાં સુલતાન ઝૈનુલ આબેદીન (ઈ.સ. ૧૪૧૨ – ૧૪૨૦) ને ફારસી સિવાય હિંદી અને તિબ્બતી ભાષા પર વધારે પ્રભુત્વ હતું તેમણે પોતાની રાજકીય ઉદારતાની સાથે ભાષાકીય ઉદારતા પણ ચાલુ રાખી, તેમણે સંસ્કૃતના વિદ્વાનોમાં જોન રાજ અને શ્રી દર પર ખૂબ જ વિશ્વાસ હતો. એ બંનેએ તેમના હુકમથી સંસ્કૃતમાં કશ્મીરનો ઈતિહાસ લખ્યો. સુલતાનનો એક અન્ય દરબારી બૌદ્ધ ભટ્ટ વેદોનો મહાન વિદ્વાન હતો. તેણે કશ્મીરી કવિતામાં એક ડ્રામા જૈન પ્રકાશ લખ્યો. તેમાં પોતાના માલિકની હુકૂમતની વિસ્તૃત માહિતી લખી છે. અન્ય એક શાયર સોમ પંડિતે પોતાની કશ્મીરી કવિતા જૈન ચિર્તમાં સુલતાનના કાર્યોનું વર્ણન કર્યુ છે. એક લેખક

ભટ્ટ અવતારે જૈન વિલાસ લખ્યું. તેમાં સુલતાનના કથનો છે. સુલતાને એક અલગ વિભાગ ભાષાંતર વિભાગ પણ ચાલુ કર્યો હતો. તેમાં ફારસીના પુસ્તકો સંસ્કૃતમાં અને સંસ્કૃતના ફારસીમાં અનુવાદ થતા. તેમાં શ્રી દરએ જામિનું સંપાદન યુસૂફ ઝુલેખાનું ભાષાંતર સંસ્કૃતમાં કર્યુ અને તેનું નામ કથાકોતક રાખ્યું. મુલ્લા અહમદ સંસ્કૃત અને ફારસીના વિદ્વાન હતા. તેમણે સુલતાનના હુકમથી મહાભારત અને કલ્હણનું પુસ્તક રાજતરંગિણીનો અનુવાદ ફારસીમાં કર્યો અને સુલતાનના સમય સુધીના હાલાત વર્ણવ્યા. ત્યાર પછી શ્રી દરએ તેમાં વધારો કર્યો હતો અને તેનું નામ જૈન રાજ તરંગિણી રાખ્યું. જોન રાજ અને શ્રીદર બંને સુલતાન ઝૈનુલ આબિદીનના દરબારથી જોડાયેલા હતા. શ્રીદર સુલતાનને વાલ્મિકીની બ્રાહ્મણ દર્શન અને તેની સાથે સમસ્યા વાંચીને સંભળાવતો અને તેની સમજુતી પણ કરતો. એવી રીતે પંડિતો આવીને શાસ્ત્ર પણ સંભળાવવાતા હતા. (તારીખે ફરિશ્તા : ૨ / ૩૪૪) ફરિશ્તાએ પોતાની તારીખમાં સુલતાનની રાજકીય ઉદારતાનું પણ વર્ણન વિસ્તૃત કર્યુ છે, તે આ રીતે ટુંકમાં વર્ણવી શકાય છે. તે જાતે જ્ઞાની હતો. એટલે તેની સભામાં મુસ્લિમ અને બિન મુસ્લિમ બધા એકત્ર રહેતા હતા. તે બાંધકામ, ખેતીની પ્રગતિ અને નહેરોના નિર્માણમાં વ્યસ્ત રહેતો, તેને એક હુકમ જારી કર્યો હતો કે તેના દેશમાં જેનો માલ ચોરી થઈ જાય તેની ભરપાઈ કરિયાતના ધનિકો અદા કરશે. એ રીતે તેમની હુકૂમતમાં ચોરી બિલકુલ ખતમ થઈ ગઈ હતી. શિવદેવ ભટ્ટના સમયમાં જે ખરાબ રીત રિવાજો હતા તેને બિલકુલ દૂર કરવામાં આવ્યા, વસ્તુના ભાવ તે સમયમાં નક્કી થયા એવા કયારેય ન થયા. તેને પોતાના નિયમો તાંમ્રપત્રો પર લખાવીને દરેક શહેર અને ગામમાં લગાવ્યા હતા. તેનાથી અત્યાચાર ખતમ થઈ ગયો એ તાંમ્રપત્રો પર એવું લખેલું હતું કે જે વ્યકિત આ નિયમોનું પાલન ન કરે તેની ઉપર ખુદાની લાનત વરસે. સુલતાને ત્યાં એક

અનુભવી ડોકટર શ્રી ભટ્ટ નામનો હતો. તે તેમની ઉપર ખૂબ જ વિશ્વાસ રાખતો હતો તેના કહેવા પર સુલતાને તે બ્રાહ્મણને જે સિકંદર શાહની હુકૂમતમાં શિવદેવના જુલ્મને કારણે દેશનિકાલ થઈ ગયો, તેમને પરત બોલાવી લીધો અને તેમની સંપત્તિ તેમને પરત આપી દીધી. હિન્દુઓના મંદિરોમાં પૂજાના સમયો નક્કી કર્યા. જિઝિયા વેરાનો હુકમ રદ કરી દીધો. ગાયો કતલ કરવાની બંધ કરી દીધી. બ્રાહ્મણો અને હિંદુ કાઝીઓથી વચન લીધું કે તેઓ કયારેય જુઠુ નહીં બોલે અને તેમના ધર્મ શાસ્ત્રમાં જે લખેલું છે તેની વિરુદ્ધ નહીં કરે, સુલતાને કપાળ પર તિલક લગાવવું, સતી થવું, વગેરે જે સિકંદર શાહની હુકૂમતમાં બંધ થઈ ગયું હતું ફરી તે ચાલુ કરાવ્યું. ભેટો, દંડ અને બીજા ખર્ચાઓ જે પ્રજાથી વસુલ કરવામાં આવતા હતા. બિલકુલ બંધ કરાવી દીધા. તેમને હુકમ આપ્યો કે વેપારી જે માલ બહારથી લાવે, તે પોતાના ઘરે છુપાવીને ન રાખે. અને જે કિંમતે ખરીદીને લાવ્યો છે તેમાં થોડો નફો ચઢાવીને વેચે અને લેવડ –દેવડમાં ગડબડ ન કરે. તેના કાયદામાં એ પણ હતું કે જે વિસ્તાર જીતવામાં આવતો તેનો ખજાનો લશ્કરમાં વહેંચી દેવામાં આવતો અને જે મેહસૂલ તેમની પાસેથી લેવામાં આવતું હતું તે જ લેવામાં આવે. સુલતાન બાગીઓ અને વિદ્રોહીઓની ખબર સારી રીતે લેતો અને તેને ઉચ્ચ હોદ્દા પરથી નીચે સુધી પહોંચાડી દેતો. તેઓ ગરીબો અને જરૂરતમંદોથી મહેરબાનીથી પેશ આવતા અને તેમની દેખભાળ કરતા કે ધનિકો વધારે ધનિક બની વિદ્રોહી ન બની જાય અને ન કોઈ ગરીબ થઈને નાદાર બની જાય. સુલતાનની પરહેજગારીની હાલત એવી હતી કે તેઓ ના મહરમ સ્ત્રીઓને પોતાની મા અને બહેન સમજતા હતા. કોઈ અજાણી સ્ત્રી પર બુરી નજર ન નાંખતા અને ન બીજાનો માલ લેવાની લાલચ કરતા હતા. તેઓ પ્રજા પર મહેરબાન હતા. તેમના સમયમાં દરેક વ્યકિત પોતાના અકીદા પ્રમાણે પોતાના ધાર્મિક કાર્યો કરતો. કોઈ વ્યકિત કોઈથી પક્ષપાતને

લીધે નડતરરૂપ ન બનતો (તારીખે ફરિશ્તા : ૧/ ૨૪૨, ૨૪૩)

એ સમયના એક હિંદુ ઈતિહાસકાર શ્રી દરનું કથન છે કે સુલતાન પોતાની ધાર્મિક ફરજમાં પાબંદ હતા. પાંચ વખતની નમાઝ પઢતા. રમઝાન મહીનાના રોઝા રાખતા. હુકૂમતના કાર્યોમાં મશ્વરાથી કામ લેતા. તેઓ સુફી સંતો અને આલિમોની ઈજ્જત કરતા પરંતુ તેમની સાથે બ્રાહ્મણો અને પંડિતોનો પણ આદર કરતા. તેમને મંદિરોના બાંધકામની પરવાનગી આપી હતી. અને કેટલાકને જાતે સમારકામ કરાવ્યા હતા. તેમણે બ્રાહ્મણોને એવી જમીનો આપી હતી જેની ઉપર મહેસુલ માફ હતું. મંદિરો માટે જમીનો વકફ કરી. કશ્મીરમાં વિવિધ યાત્રાધામોમાં આવનારા યાત્રીઓને મફત ભોજન આપવામાં આવતું હતું. તેના માટે જે જાગીર વકફ હતી. તેને સુલતાને વધારી દીધી. અને એક ઈમારત એ યાત્રીઓના રહેઠાણ માટે બનાવી. હિંદુઓના તહેવારોમાં ભાગ લેતા શ્રી જૈન મઠના ભિક્ષુકો વાસણોની પૂજા કરવાનું જશ્ન મનાવતા તો તેમાં ભાગ લેતા. ભિક્ષુકોને ભોજન ખવડાવતા. નાગ યાત્રાના દિવસે અને ગન ચક્કરના તહેવારમાં પાંચ દિવસ સુધી પુજારીઓને ચાવલ, માંસ અને ફળ તે જાતે આપતા. ચાંદની તેરમી તારીખે તેમને ચાદર અને બીજી વસ્તુઓ ભેટ આપીને રવાના કરતા. હિંદુઓને ઉચ્ચ હોદ્દાઓ આપવામાં ઉદારતાથી કામ લેતા. શિવભટ્ટ બ્રાહ્મણ અને બૌદ્ધ ધર્મના આચાર્ય તેના મોટા વિશ્વાસુ સલાહકાર હતા. શ્રી ભટ્ટ તેમની અદાલતના મેનેજર હતા. જયારે શ્રી ભટ્ટનું મૃત્યુ થયું તો સુલતાનને ઘણુ દુઃખ થયું. સુલતાને તેના માટે મોટી રકમ દાનમાં આપી. કેર પુર ભટ્ટ બ્રાહ્મણ સુલતાનનો ખાસ તબીબ હતો. (કશ્મીર સલાતીન કે અહદમેં : ૧૧૫–૧૨૫)

તેઓ એટલા પ્રિય હતા કે લોકો મુહબ્બતમાં બાદશાહ કહેતા હતા. અને જયારે તેમનું મૃત્યુ થયું તો લોકો ચીસો પાડીને રડયા, તે દિવસે રાજધાનીમાં ભોજન તૈયાર ન થયું અને કોઈના ચુલાથી ધુમાડો ન ઉઠયો

અને આજે પણ કશ્મીરમાં તેમનું નામ ખૂબ જ ઈજ્જતથી લેવામાં આવે છે. તેમની હુકૂમત ભારત માટે એક સંદેશ છે કે એક સુલતાન લોકોના દિલોને કેવી રીતે જીતે છે. તેમને પોતાનો ધાર્મિક અકીદો ન બદલયો અને ન લોકોને તેમના અકીદાની ફેરબદલી માટે તાકીદ કરી. પરંતુ પોતાની ઉદારતા, વિશાળતા, માનવતા, હમદર્દીથી લોકોના દિલો પર શાસન કર્યુ.

ઈલ્મી ઉદારતા

હિન્દુસ્તાનના આર્યુવૈદિક જ્ઞાનથી પણ મુસલમાનોએ દિલચસ્પી લીધી. ગુજરાતમાં મુહમ્મદશા (ઈ.સ. ૧૪૫૮ – ૧૫૧૧) એ અરબી અને ફારસીના અગત્યના ગ્રંથોનો અનુવાદ કરવા માટે એક ખાસ સંસ્થા સ્થાપી હતી. તેમના હુકમ પર ભટ્ટે આયુર્વેદ પુસ્તકનો ફારસી અનુવાદ મુહમ્મદ બિન ઈસ્માઈલે કર્યો અને તેનું નામ શગાએ મહમૂદી રાખ્યું.

(મઆરિફ ફરવરી : ઈ.સ. ૧૯૪૫)

સાધુ સંતોની ઉદારતા

૧૫મી સદીના અંતમાં અને ૧૬મી સદીની શરૂઆતમાં સાધુ સંતોની ચળવળોથી ખૂબ જ ઉદારતા જન્મી. જેને ભકિત આંદોલન પણ કહે છે. સાધુ સંતો વિશે દિલ બુસ્તાનુલ મઝાહિબમાં છે.

વૈરાગનો અર્થ દુનિયાને છોડી દેવી છે. તેમની ઈબાદતમાં તે અશ્આર હતા જે વિષ્ણુની પ્રશંસામાં કહેવાય છે. તેમના અશ્આર વિષ્ણુ પદ કહેવાય છે અને વિષ્ણુના જે પવિત્ર સ્થાનો છે ત્યાં જાય છે. તુલસીની માલા ગળામાં લટકાવે છે તેને તુલસી માલા કહે છે. તુલસી ભારતની એક લાકડી છે હિંદુ અને મુસલમાન જે પણ ઈચ્છે તે એ રીત અપનાવી શકે છે કોઈના માટે વિરોધ નથી. કહેવાય છે કે મુસલમાન પણ વિષ્ણુની પૂજા કરે છે અને જે અર્થમાં બિસ્મિલ્લાહ વપરાય છે. તેના અર્થમા વિષ્ણુ વ બિસ્મિ વિષ્ણુ કહે છે. એ લોકો એવું માને છે કે વિષ્ણુનું કોઈ શરીર નથી. આત્માઓને તેનો

પ્રકાશ મળે છે, અને બધા શરીરોને તેમની હસ્તીનો પ્રકાશ સમજે છે. તેઓ પોતાને ચાર હાથોમાં જાહેર કરે છે.

(પાન નં.૧૫૮–૧૫૯)

કબીરદાસ

એ વૈરાગીઓમાં સૌથી વધારે નામના કબીરદાસને પ્રાપ્ત થઈ. જે આજે પણ એક ખાસ જુથને પોતાની તાલીમથી પ્રભાવિત કરે છે. દિલે બુસ્તાનુલ મઝાહિબમાં કબીર (મૃત્યુઃ ઈ.સ. ૧૫૧૮)ના હાલાત લખેલા છે.

" કબીર જુલાહા હતા, ભારતના પ્રખ્યાત એકેશ્વરવાદીઓમાં હતા. વૈરાગી સંત હતા. કહે છે કે કબીર પોતાના ગુરૂની શોધમાં મુસલમાન અને બિન મુસ્લિમ વિદ્વાનો પાસે ગયા પરંતુ જેમની શોધ હતી તે ન મળ્યા. અંતે કોઈએ રામાનંદ બતાવ્યા જે મુસલમાનોનો ચહેરો જોવાનું પણ પસંદ કરતા ન હતા. કબીરને જયારે ખબર પડી કે રામાનંદ જુલાહાથી વાત કરતા નથી. તો તેમણે તેમના માર્ગમાં એક કુવો ખોદયો અને તેની અંદર જઈને બેસી ગયા. રાતના અંતિમ ભાગમાં રામાનંદ દરિયામાં સ્નાન કરવા માટે જતા હતા. એક વખતે રામાનંદ સ્નાન કરીને મંદિર તરફ રવાના થયા તો કબીરના કુવા પાસે પહોંચ્યા, કબીર બહાર નીકળી આવ્યા અને રામાનંદના પગ પકડી લીધા, રામાનંદની દ્રષ્ટિ એવી હતી કે તે રામ સિવાય કોઈના દર્શન કરતા ન હતા. એટલા માટે રામાનંદે કબીરને જોતા જ રામ કહયું. કબીરે રામાનંદના મુખેથી રામ સાંભળ્યું તો પોતાનો હાથ તેમના પગેથી હટાવી દીધો અને રામ રામ જપવા લાગ્યા, અહીંયા સુધી કે રામાનંદની જેમ તેમની આંખોમાં રામ સિવાય બીજુ કંઈ દેખાતુ ન હતું અને એકેશ્વરવાદ વિશે એવી વાતો કરવા લાગ્યા જે વિદ્વાનો સિવાય કોઈ ન કરી શકે. તેમની આ વાતો ફેલાવા લાગી. લોકોએ રામાનંદથી કહયું કે આ શહેરમાં એક જુલાહા (મુસ્લિમ વણકર) છે તે પોતાને તમારો શિષ્ય બતાવે છે. હાલાંકે તમે

જુલાહા તરફ જોતા પણ નથી, રામાનંદે કહયું કે તેને બોલાવો. કબીર તેમની પાસે લાવવામાં આવ્યા. કબીરની નજર રામાનંદ પર પડી તો બોલી ઉઠયા રામ, રામ રામાનંદે પણ રામ, રામ કહેનારા કબીરને પોતાના ગળે વળગાવી લીધા. બધા લોકોને આ જોઈને આશ્ચર્ય થયું. રામાનંદે કહયું આજના યુગના બ્રાહ્મણ કબીર છે કારણ કે તેમને બ્રહ્મા એટલે અલ્લાહને ઓળખી લીધા છે. (પાન નં. ૧૫૭–૧૫૮)

કબીરે બ્રાહ્મણોના છુત અછુત વિરુદ્ધ જે ચળવર ચલાવી હતી તેની પધ્ધતિ દિલ બુસ્તાનુલ મઝાહિબમાં આ રીતે વર્ણવી છેઃ એક દિવસે કેટલાક બ્રાહ્મણો ગંગાના કિનારે બેઠા હતા, તેઓ ગંગાના પાણીની પ્રશંસા કરવા લાગ્યા કે તેનાથી બધા પાપ ધોવાઈ જાય છે. એ દરમિયાન એક બ્રાહ્મણે પાણી માંગ્યું, કબીર જે આ વાતો સાંભળી રહયા હતા. પોતાની જગ્યાએથી ઉઠયા અને પોતાના લાકડાના પ્યાલામાં જે તેમની સાથે હતો તેમાં પાણી ભર્યુ અને બ્રાહ્મણ પાસે લઈ ગયા. કબીર જુલાહા (મુસ્લિમ વણકર) હતા, જે સામાન્ય સમજવામાં આવતા હતા. બ્રાહ્મણ તેમના હાથનું ન કંઈ ખાતા અને ન પીતા, બ્રાહ્મણે કબીરના હાથનું પાણી ન લીધુ. કબીરે કહયું કે હમણાં તો તમે કહેતા હતા કે ગંગાનું પાણી શરીર અને આત્માના પાપોને દૂર કરે છે. જો આ પાણી મારા લાકડાના પ્યાલાને પાક ન કરે તો એ પ્રશંસાપાત્ર નથી.

કબીરે મૂર્તિપૂજા વિરુદ્ધ જે તાકીદ કરી તે દિલે બુસ્તાનુલ મઝાહિબમાં આ રીતે છે.

" હિંદુઓમાં રિવાજ છે કે પૂજા કરતી વખતે મૂર્તિ પર ફૂલો ચઢાવે છે, એક દિવસે કબીરે એક માલિનને મૂર્તિ માટે ફૂલ તોડતા જોઈ તો તેનાથી કહયું કે ફુલોના પાંદડાઓમાં તો એક વનસ્પતિ જીવ છે. પરંતુ તમે જે મૂર્તિ માટે આ ફૂલો લઈ જાઓ છો એ તો એક પથ્થર છે ; જે નિર્જીવ છે.

સજીવનો દરજ્જો નિર્જીવ કરતા ઉપર છે. જો પથ્થરમાં જીવ હોત તો મૂર્તિ બનાવનારો તેને બનાવતી વખતે તેની છાતી ઉપર પગ મુકતો, તો મૂર્તિ તેને સજા જરૂર કરતી. જાઓ એક બુદ્ધિશાળી, જાગૃત અને પરિપૂર્ણ વ્યકિતની પૂજા કરો અને તે વિષ્ણું છે.

દિલે બુસ્તાનુલ મઝાહિબમાં કબીરની ઉદાર દિલી, નેક દિલી અને ઉદારતાને સ્પષ્ટ કરવા માટે નીચેનો બનાવ લખ્યો છે. (પાન નં. ૧૬૦)

કબીર ગરીબોની બરાબર સેવા કરતા. એક દિવસે તેમને ત્યાં કેટલાક સુફીઓ આવી ગયા. ખૂબ જ આદર સાથે તેમને પોતાના ઘરમાં બેસાડયા, તેમના સત્કાર માટે ઘરમાં કઈ ન હતું, ઘણી જગ્યાએ ગયા પરંતુ કયાંય કશું ન મળ્યું તો તેમની પત્નીએ કહયું ઘરની ગલી પાસે એક વાણિયો રહે છે જે મારી ઉપર ખરાબ નજર નાંખે છે જો એ વાણિયાથી કઈ માંગીએ તો કદાચ કઈ આપી દે, કબીરે કહયું તેની પાસે જલ્દી જાઓ જે કહે સ્વીકારી લો અને આ સુફીઓ માટે કંઈક લઈ આવો. પત્નીએ એ વેપારી પાસે કંઈક વસ્તુ ઉધાર માંગ્યું વાણિયાએ કહયું કે જો તું રાત્રે મારા ઘરે આવવાનો વાયદો કરે તો જે ઈચ્છે તે માંગ, પત્નીએ કસમ ખાઈને તેની વાત માની લીધી. વાણિયાએ ચાવલ અને ઘી આપ્યું જે સુફીઓ માટે જોઈતું હતું. એ રીતે તેમને ખવડાવીને આરામ પહોંચાડયું. પછી તો ખૂબ જ સખત વરસાદ વરસ્યો, પત્નીએ વાણિયાથી જે વાયદો કર્યો હતો તે કબીરને યાદ અપાવ્યો, કબીરમાં વચન પાલન હતું તેમણે તે અંધારી રાતમાં જયારે કે વરસાદ વરસી રહયો હતો અને કાદવ ઘણું થઈ ગયું હતું . પોતાની પત્નીને ખભા પર બેસાડીને તે વેપારી વાણિયાની દુકાન સુધી પહોંચાડી. જાતે એક ખુણામાં સંતાઈ ગયા. પત્ની જયારે વાણિયાના ઘરમાં દાખલ થઈ તો વાણિયાએ સ્ત્રીના પગ કાદવવાળા ન જોયા તો પૂછયું કે તમે કઈ રીતે આવ્યા કે તમારા પગમાં કાદવ લાગ્યું નથી. સ્ત્રીએ હકીકત છુપાવવા માંગી. વાણિયાએ કસમ આપીને હકીકત પૂછી. સ્ત્રીએ હકીકત બતાવી તો

વાણિયાએ એક ચીખ મારી અને બેહોશ થઈ ગયો. જયારે તેને હોશ આવ્યો તો બહાર આવીને કબીરના પગે લાગી ગયો. પછી પોતાની દુકાનની બધી વસ્તુઓ વહેંચીને વૈરાગી બની ગયો.

દિલે બુસ્તાનુલ મઝાહિબના સંપાદકે કબીરદાસના મૃત્યુની જે સ્થિતિ લખી છે તેનાથી હિંદુ અને મુસલમાનમાં તેમની પ્રિયતાનો અંદાજો થશે.

જયારે કબીરનું મૃત્યુ થયું તો મુસલમાનો એકત્ર થયા કે તેમને દફન કરે કારણ કે તેઓ મુસલમાન સમજવામાં આવતા હતા, હિંદુઓ પણ એકત્ર થઈ ગયા કે તેઓ તેમને હિંદુ સમજતા હતા. તેમાંથી એક ફકીર લોકો વચ્ચે આવ્યા અને તેમને કહયું કે કબીર એક મોટા વિદ્વાન હતા અને બંને ધર્મોથી ઉપર. આજ સુધી તમને બધાને તેમણે ખુશ રાખ્યા. પોતાના મૃત્યુ પછી પણ તેઓ તમારી ખુશીના ચાહક હશે અને જયારે તેમનો ઓરડો ખોલવામાં આવ્યો તો તેઓ ત્યાં ન હતા. બંને પક્ષો આશ્ચર્યમાં પડી ગયા.

જગન્નાથ ખાતે તેમની કબર પણ છે અને એક નિશાન પણ જયાં મડદુ સળગાવવામાં આવે છે અને એ કબર અને નિશાની તેમની સાથે જોડાયેલી છે.

કબીરના મડદાના ઝઘડાથી પ્રભાવિત થઈને દિલે બુસ્તાનુલ મઝાહિબના લેખક એ લખીને તાકીદ કરે છે.

સારા અને નરસા લોકો સાથે એવું જીવન ગુઝારે કે મૃત્યું પછી પણ મુસલમાન ઝમઝમથી ધોએ અને હિંદુ સળગાવે.

ખબર નહીં કે દિલે બુસ્તાનુલ મઝાહિબના લેખકે કબીરની કબર અને નિશાની જગન્નાથમાં કેમ બતાવી છે. તેમની કબર અને સમાધિ મઘર (જિલ્લા બસ્તી) માં છે. જયાં એક ગામ સિરમુવા કબર માટે અને એક ગામ બદલવા સમાધિ માટે વકફ છે. કબર મુસલમાનોની દેખરેખ હેઠળ છે. અને સમાધિ હિંદુઓની દેખરેખ હેઠળ છે. રબિઉલ આખરમાં મુસલમાનો

તરફથી ઉર્સ ભરાય છે અને હિંદુઓ તરફથી એક મેળો ભરાય છે. આયનએ અકબરી : ૨ / ૫૩ માં પણ કબીરદાસની કબર જગન્નાથમાં બતાવવામાં આવી છે.

કબીરદાસ મોટા એકેશ્વરવાદી હતા. તૌહીદની શિક્ષા બરાબર આપતા રહયા. તેઓ કહે છે કે તે ન ખુબસુરત છે ન બદસુરત ન તેનું કઈ નામ છે ન તેની કોઈ જગ્યા છે. કબીર વિચાર કરીને કહે છે ન તેની કોઈ જાત છે ન કોઈ સ્થાન, ન કોઈ શકલ, તેઓ મૂર્તિ પૂજાના વિરોધી રહયા. કહે છે.

જો પથ્થર પુંજવાથી ખુદા મળતો હોત તો હું પહાડને પૂંજતો, તેનાથી તો આ અનાજ દળવાની ઘંટી સારી જેનાથી લોકો દળીને ખાય છે. એટલે કે ઘંટીનો પથ્થર તો કોઈ કામ આવે છે મૂર્તિ તો કોઈ કામ આવતી નથી.

તેઓ અવતારને પણ સ્પષ્ટ નકારે છે. કહે છે કે અવતારના પંથના ઝઘડાઓમાં ન પડો. ઈશ્વર–અલ્લાહ કોઈ શકલ ધરાવતા નથી તે નિરાકાર છે.

પરંતુ તેઓ ધર્મની જાહેરી પાબંદીઓને પસંદ કરતા નથી. એટલા માટે તેઓ વેદ, કુર્આન, પંડિત અને કાઝીનો મજાક કરતા રહયા.

વેદ, પુરાણ, કુર્આન એ બધા ગ્રંથો વિવિધ સમયે વાંચવામાં આવે છે. હિંદુ , મુસલમાન, જેન જોગી કોઈએ એક અલ્લાહને ન ઓળખ્યા.

સૈયદ, શેખ કિતાબ વાંચે છે, પંડિત શાસ્ત્રનું પઠન કરે છે. સતગુરૂ પ્રાણની સુરક્ષા વગર જાન મારે છે.

તેઓ ઈશ્કે ઈલાહીના સમર્થક હતા અને કહે છે સાચા ઈશ્કથી જ તે પ્રાપ્ત થઈ જાય છે. એ ઈશ્કે ઈલાહીને ભકિત પણ કહેવાય છે. જો કોઈ ભકત બની જાય, ભલે તે કોઈ હોય, હિંદુ અને મુસલમાન, ઉચ્ચ જાતનો

હોય કે નિમ્ન જાતનો હોય. તેને ઈશ્વર તેના દિલમાં જ મળી શકે છે.

ન હું મંદિરમાં છું , ન મસ્જિદમાં છું, ન કા'બામાં છું, ન ચર્ચમાં, ન યોગ વૈરાગમાં છું, જો મારો શોધનારો હોય તો હું પલભરમાં મળી જાઉ છું.

તેમનો વિચાર છે કે જો ઈશ્કે ઈલાહી છે તો કર્મકાંડ, જિયાન, પ્રાર્થના, ધાર્મિક વિધિઓ અને યોગ વગેરેની જરૂરત નથી. તેઓ ઉચ્ચ, નિમ્ન, અમીર, ગરીબ, બ્રાહ્મણ, શુદ્ર, હિંદુ મુસલમાનના ભેદને પસંદ કરતા નથી.

તેઓ કહે છે કે હિંદુ અને મુસલમાન બંનેનો એક જ માર્ગ હોઈ શકે છે.

સંત ગુરૂએ બતાવ્યું કે હિંદુ અને મુસલમાનનો એક જ માર્ગ છે. કબીર કહે છે કે સંતો ! સાંભળો રામ ન કહો તો ખુદા કહો.

કબીર કહે છે કે એક રામને જપો, ન કોઈ હિંદુ છે ન મુસલમાન.

કબીરની તાલીમ એ જ રહી છે કે હિંદુ અને મુસલમાન, ઉચ્ચ અને નિમ્ન બધાનો ઈશ્વર અને ખુદા એક જ છે. એટલે તેઓ દુનિયામાં એક જ થઈને રહે અને વિશેષાધિકાર ખતમ કરીને ઈશ્કે ઈલાહીનો પ્રકાશ પોતાના દિલોમાં રોશન રાખો. તેમાં જ તેમની મુકિત છે.

તેમને માનવતાનો અને રૂહાનિયતનો ખૂબ જ સુંદર જોડ પેદા કરવાના પ્રયત્નો કર્યા છે પરંતુ તેમની તાલીમ હિંદુ અને ઈસ્લામની માન્યતાઓ સાથે ટકરાઈ એટલે તે દબાઈ ગઈ. મુસલમાનોનું જુથ તેમનાથી એટલા માટે નાખુશ રહયું કે તેઓ વહી અને રિસાલતનો ઈન્કાર કરનારા હતા. હિંદુ અકીદો રાખનારા એટલા માટે નાખુશ રહયા કે તેઓ દેવતાઓના અસ્તિત્વ અને મૂર્તિ પૂજાના વિરોધી હતા. તેઓ નાત – જાત ના ભેદભાવને દૂર કરવામાં જ પોતાની સફળતા સમજતા રહયા. તેમાં શંકા નથી કે આજે પણ કબીર પંથીઓનો એક જુથ બાકી છે પરંતુ તેમની તાલીમને આમ લોક પ્રિયતા પ્રાપ્ત ન થઈ. ભારતના લોકો પોતાના ધાર્મિક અકીદાને છાતીથી

લગાવી રાખવાને પસંદ કરે છે. તેને છોડવા માટે તૈયાર થતા નથી છતાં કબીરની તાલીમાત આજે પણ શાયરો, સાહિત્યકારો અને ઈતિહાસકારો માટે એટલા માટે અનુકૂળ બની રહી છે કે હિંદુસ્તનમાં આ ધાર્મિક ઉદારતાનો એક મોટો અનુભવ હતો. જે નિષ્ફળ તો જરૂર થયો પરંતુ તેમની કેટલીક નિશાનીઓ છોડી ગયો. કબીર દાસની શિક્ષા રામ, રહીમ, કુફ્ર અને ઈમાનનો ભેદ નષ્ટ ન કરી શકી પરંતુ તેમને હિંદી શાયરીમાં જે સાદગી, પવિત્રતા, અર્થપૂર્ણ અને મીઠાસ પેદા કરીને તેમાં નવા માર્ગો ખોલ્યા, તેમને આજ સુધી યાદ કરવામાં આવે છે.

ઈસ્લામનો ખરો અકીદો રાખનારા મુસલમાનો કબીરદાસની એકેશ્વરવાદની કલ્પનાને પસંદ કરતા નથી. પરંતુ કબીરદાસનું વર્ણન ફારસીના ઈતિહાસમાં સારા શબ્દોમાં કરવામાં આવે છે.

ખઝીનતુલ અસ્ફીયા : ૧ / ૪૪૬ માં છે.

" તેઓ ખલીફા શેખ તકીના શિષ્ય હતા, પોતાના સમયના સારા અવલિયા અને નિરીક્ષક હતા, પોતાના સમયના એકેશ્વરવાદીઓમાં પણ ઉચ્ચ હતા. હિંદી ભાષામાં તેમનું ઉચ્ચ સાહિત્ય છે અને તે તેમની ઉચ્ચ દરજ્જાની સાબિતી છે. તેઓ હિંદીના પેહલા શાયર છે. તેમણે એ ભાષમાં હકીકતો અને પાઠો રજૂ કર્યા છે. તેમના હિંદી અશ્આરના ઘણાં પ્રકારો છે. તેમાંથી વિષ્ણુ પદ અને સાકીહ નકલ કરવામાં આવે છે. જો ન્યાયથી જોવામાં આવે તો તેમના કલામને હકીકતના મોતીઓની ભાષાના ત્રાજવામાં ખુબ તોલ્યું છે. તેમના કલામની જેમ કોઈ બીજો શાયર જ ન મળે. મુહક્કિકે હિંદીએ તેમના કલામથી પેરવી કરી છે. કબીર જે કઈ સાકીહ અને વિષ્ણુ પદમાં કહે છે. મુહક્કિકે હિંદીએ તેમને સોરઠ અને દોહરામાં તરતીબ આપી છે. કબીરમાં જે આંતરિક શકિત હતી, તેને કારણે મુસલમાન અને હિંદુ બંને તેમની ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખતા હતા. માટે મુસલમાનોમાં પીર કબીર અને હિંદુઓમાં ભકત કબીર મશહૂર હતા.

કબીરના શિષ્યોની ઉદારતા

રામાનંદના શિષ્યોમાં કબીર સિવાય ધન્ના, મુબ્બા, સાહિન અને રાયદાસ પણ હતા. ધન્ના રાજપુતાના જાટ હતા. મુબ્બા ગગરાઉ ગઢના રાજા હતા. સાહિન હજામ હતા અને રાયદાસ ચમાર હતા. જાતે કબીર જોલાહા હતા. એ લોકોની જાતિથી જાણવા મળે છે કે રામાનંદે નાત – જાતના ભેદભાવો દૂર કરીને ઉદારતાનો માહોલ કાયમ કર્યો હતો. એ બધા એકેશ્વરવાદમાં માનતા હતા. એકેશ્વરવાદને તેમણે જે રીતે રજુ કર્યો તે ઈસ્લામની તાલીમ એકેશ્વરવાદથી અલગ હતી. અલ બેરૂનીના કિતાબુલ હિંદના અભ્યાસથી જાણવા મળે છે હિંદુઓમાં એકેશ્વરવાદનો ખ્યાલ પહેલાથી જ રહયો છે અને ઉચ્ચ કક્ષાનો રહયો છે. પરંતુ એ ખ્યાલ ભલે કેટલો ઉચ્ચ કેમ ન હોય, સામાન્ય લોકો તેનાથી દૂર થતા ગયા હતા. ઈસ્લામના મેળાપથી આ ખ્યાલ ભકિત આંદોલનથી ફરી જન્મ્યો અને સામાન્ય પ્રજામાં તેનો રિવાજ ફેલાવ્યો, રાયદાસ ચમાર હતા પરંતુ એકેશ્વરવાદના ગીતો ગાઈને ઈસ્લામ અને હિંદુમતની તાલીમમાં સમાનતા પેદા કરી. કબીરનો પણ આ જ હેતુ રહયો. કબીર પંથીઓ ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં ફેલાઈને તેની તાલીમને ફેલાવવા લાગ્યા, ધીરે ધીરે કબીર પંથીઓ બાર જુથોમાં વહેંચાઈ ગયા. તેમના શિષ્યોમાં ગોપાલદાસ, ભગવાન દાસ,, ધરમદાસ, જીવનદાસ અને કમાલ વધારે પ્રખ્યાત બન્યા. આગળ જતા અકબરના સમયમાં દાઉદે કબીરની તાલીમને પોતાના ગીતો દ્વારા વધારે ફેલાવી. તેમણે પોતાના મિશનને પૂરુ કરવા હિંદી અને ફારસીનો સહારો લીધો. તેમના પ્રખ્યાત શિષ્યોમાં સુંદરદાસ હતા. (જન્મ ઈ.સ. ૧૫૯૬) તેઓ ભારતની અન્ય ભાષાઓની સાથે ફારસી પણ જાણતા હતા. તેમની કદર કરનારાઓમાં અલિખાન, તેમના પુત્ર દોલતખાન અને ટીબરખાન હતા.

તેમનો એક અલગ પંથ દાઉદ પંથ નામથી પ્રખ્યાત બન્યો. દાઉદ પંથમાંથી ખાકીનો એક પંથ અલગ થઈ ગયો તેમાં મુલુક દાસનું નામ વધારે પ્રખ્યાત બન્યું, દાઉદના સમકાલીન બીરભાન હતા જે સતનામ સંપ્રદાયના સ્થાપક હતા. આ સંપ્રદાય દિલ્લી , રોહતક, આગ્રા, ફરૂખાબાદ, મીરઝાપુર અને જયપુરમાં વધારે ફેલાયો. એ પણ જાતિ, રંગ, ધર્મના ભેદમાં માનતા ન હતા. બીરભાનની અવાજ પણ કબીર અને દાઉદની જેમ અસરકારક હતી. સત્તરમી સદીના મધ્ય ભાગ સુધી લાલદાસી સંપ્રદાય ઉભર્યો, તેના સ્થાપક લાલદાસ અલવરના રહેવાસી હતા. તેમની તાલીમ પણ કબીરદાસ જેવી હતી. તે સમયમાં બાળાલાલ થયા ચૈતન્યના શિષ્ય હતા. તેઓ સરહિંદની નજીક દિનાપુરમાં રહી પોતાની તાલીમ ફેલાવતા રહયા. સત્તરમી સદીના અંતમાં ધરનદાસ અને પુરાનનાથે પણ એ પ્રકારની તાલીમ ફેલાવી. ઘરની સંપ્રદાય તેમનાથી ઉદભવ્યો, તેઓ કુર્આન અને વેદની તાલીમને સમાન બતાવવાના પ્રયત્નો કરતા રહયા અને તે દ્રષ્ટિથી અનેક પુસ્તકો પણ લખ્યા. જગજીવન દાસ બારહ બંકીમાં ઈ.સ. ૧૬૮૨માં જન્મ્યા તેમણે કબીરની તાલીમને ઉજાગર કરી અને અનેક પુસ્તકો લખ્યા. તેમના શિષ્યોમાં બ્રાહ્મણ, ઠાકોર, મુસલમાન અને ચમાર હતા. તેમણે હિંદુમત અને ઈસ્લામ બંનેને નજીક લાવવાના પ્રયત્નો કર્યા, ૧૭ મી અને ૧૮ મી સદીમાં બાલા સાહેબ એકેશ્વરદાસ, ચંદરદાસ, ગરીબદાસ, રામચરણ, સ્વામી નારાયણ સિંઘ, સહજાનંદ, દોલતદાસ, ગુલાલ એ જ પ્રકારની ઉદારતાવાદી તાલીમ આપતા રહયા. એ બધા મૂર્તિપૂજા અને નાત – જાતના ભેદભાવના વિરોધી હતા. તેમાંથી કોઈ રામ અને કોઈ કૃષ્ણનો ભકત બનીને ખુદા પરસ્તીની તાકીદ કરતા રહયા. ખુદા પરસ્તીથી એકેશ્વરવાદને પ્રોત્સાહન મળ્યું તેનાથી હિંદુઓમાં એવા પંથો પેદા થતા રહયા જે દુનિયા છોડીને ઈબાદત – પ્રાર્થનામાં વ્યસ્ત રહીને એકેશ્વરવાદીની તાલીમ આપતા રહયા. તેમણે

પોતાની તાલીમ હિંદી ભાષામાં લોકોને આપી હતી.

આ પ્રકારની ધાર્મિક તાકીદ અને શાયરીથી એક મોટો લાભ એ થયો કે ઈસ્લામી શિક્ષણથી હિંદુમતને જે નુકસાન પહોંચી રહયું હતું તેનાથી તેમને સુરક્ષિત રહેવાનો મોકો મળ્યો, હિંદુઓમાં જે નાત–જાતના ભેદભાવો હતા તેને લીધે જયારે મસ્જિદોથી પાંચ વખત અલ્લાહુ અકબરની અવાજ સાંભળતા અને જોતા કે મસ્જિદનો દરવાજો બધા માટે ખુલ્લો છે અને જમાતમાં સામાન્ય વ્યકિત પોતાને ઉભો રાખીને શાંતિ પ્રાપ્ત કરતો હતો. તો તેમને એક ઝટકો લાગ્યો. તેઓ અહીંના જીવન પર નાત–જાતના ભેદમાં ઈસ્લામની સમાનતાને એક પ્રકાશ સમજવા પર મજબૂર બની જતા, છુત અછુત સ્વામી વિવેકાનંદના કથન પ્રમાણે હિંદુમતની વિશેષતા છે. હિંદુમતનો એક ગુણ વિવિધ પંથોમાં વિભાજન છે. હિંદુવાદ બ્રાહ્મણ અને શુદ્રની સમાનતાનો ખ્યાલ કરતા નથી. તેના મુકાબલામાં ઈસ્લામી સમાનતાની તાલીમ આપે છે. એ રીતે ઈસ્લામે હિંદુ ધર્મ અને તેની વિવિધ સંસ્થાઓને હચમચાવી નાંખી હતી અને જો મુસલમાન ઈસ્લામના શિક્ષણ મુજબ અમલ કરતા રહયા હોત તો કઈ દૂર ન હતું કે હિંદુઓનો એ પંથ જે નાત – જાતના ભેદભાવમાં કચડાઈ રહયો હતો બધા ઈસ્લામના વર્તૂળમાં આવી જતા, પરંતુ હિંદુ ભકતોએ એ પડકારને સ્વીકારી લીધો અને નાત–જાતના ભેદભાવ વિરુદ્ધ ઈસ્લામની સમાનતાની તાલીમથી જે હલચલ મચી ગઈ હતી તેનો રૂખ બદલી નાંખ્યો. તેમની તાલીમથી નીચેના લોકો પણ એ અનુભવ કરવા લાગ્યા કે તેઓ પણ આત્મીય સોપાન સર કરી શકે છે. તેઓ પણ ઈશ્કે ઈલાહીની શરાબ પી ને સંતૃપ્ત બની શકે છે. અને તેમની કિંમત પણ લોકોની નજરમાં વધી શકે છે. કબીર જોલાહા હતા. સાહિન હજામ હતા. રામદાસ ચમાર હતા તેમણે પોતાની સફળતા પ્રાપ્ત કરીને એ પયગામ આપ્યો કે હિંદુમતના હજામ અને ચમાર પણ બ્રાહ્મણોની

બરાબરી કરી શકે છે. રામાનંદ અને કબીરની તાલીમાતની અગત્યતા તેનાથી થાય છે કે કબીર અને તેમના અનુયાયીઓના ગીતોથી દિલોમાં જોશ પેદા થતો રહે છે. કબીર પંથીઓનું એક જુથ હજુ પણ ભારતમાં બાકી છે. પરંતુ એ જાણીને આશ્ચર્ય થાય છે કે ગુરૂનાનક કબીરદાસથી પ્રભાવિત થયા, બંને એક બીજાથી ઘણા નજીક દેખાય છે. તેમના ઘણાં ગીતો શિખોના ધાર્મિક ગ્રંથ અધ્ ગ્રંથમાં છે જે ઈ.સ. ૧૬૦૪ માં લખાયો, પરંતુ ગુરૂનાનકનો સંપ્રદાય એક ધર્મ બનીને ભારતમાં અસ્તિત્વમાં આવ્યો. તેનું ધાર્મિક, રાજકીય અને સામાજિક મહત્વ માનવામા આવ્યું. કબીર પંથીઓને શિખોની જેમ ભારતમાં શકિત પ્રાપ્ત ન થઈ તેનું એક કારણ એ પણ હોઈ શકે કે શિખો સાથે રાજકીય અને લશ્કરી તાકત પણ ભળી ગઈ, જે કબીર પંથીઓને પ્રાપ્ત ન થઈ. શિખોએ પણ પોતાના હાથમાં તલવારો લીધી અને તલવારની ભલે કેટલીય ટીકા કરવામાં આવે પરંતુ તેની પણ અગત્યતા છે. ખાસ કરીને સાચી નિય્યત સાથે અને સેવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે.

દિલ્લીના સુલ્તાનોની હુકૂમત પર બિન મુસ્લિમોનું વિવેચન

આગળના પૃષ્ઠોથી એ જાણવા મળ્યું કે મુસલમાન વિજેતાઓએ પોતાનું લોહી વહેવડાવીને આ ધરતી ઉપર પોતાના કદમ મુકયા હતા. એ વિશે તેમને લડાઈઓ પણ લડવી પડી, પરંતુ તેમનો ઈતિહાસ માત્ર ખુંખાર નથી પરંતુ તેમાં ઉદારતા, વિશાળતા, હમદર્દી પણ છે. તેનો સ્વીકાર કેટલાક બિન મુસ્લિમ ઈતિહાસકારોએ પણ કર્યો છે. દા.ત. ડો.તારાચંદ પોતાના પુસ્તક " હિંદુસ્તાની કલ્ચર પર ઈસ્લામકે અષરાત" માં લખ્યું છે.

જયારે મુસલમાનોની હુકૂમત ભારતમાં સ્થપાઈ તો તેમણે બિન મુસ્લિમોને વિવિધ હોદ્દાઓ ઉપર નિયુકત કરવા જરૂરી સમજયું. મહમૂદ ગઝનવીના લશ્કરમાં પણ અનેક બિન મુસ્લિમ સિપાહીઓ હતા તેઓ

તેમના સમર્થનમાં મધ્ય એશિયામાં જઈને લડયા. અને જયારે કુત્બુદ્દીન ઐબકે ભારતમાં રહીને હુકૂમત કરવાનો નિર્ણય કર્યો તો તેમણે દેશનો વહીવટ ચલાવવા માટે બિન મુસ્લિમોને જ નિયુકત કર્યા કારણ કે તેમના વગર બધો વહીવટ અસ્ત વ્યસ્ત થઈ જતો. તેઓ મુસલમાન કારીગરો અને હિસાબનિશોને સાથે લાવ્યા ન હતા. બિન મુસ્લિમોએ જ તેમના માટે ઈમારતો બાંધી. તેમાં જુની વસ્તુઓ નવી પદ્ધતિ પ્રમાણે કરવામાં આવી. હિંદુ સોનીઓએ જ મુસલમાન હાકિમોના સિક્કા બનાવ્યા અને હિંદુ હિસાબનીશોએ જ તેમનો હિસાબ બરાબર કર્યો. પંડિતોએ હિંદુ કાનૂન પ્રમાણે અમલ કરાવવા એ સુલતાનને મશ્વરો આપ્યો અને બ્રાહ્મણ જયોતિષ શાસ્ત્રીઓની સલાહથી હુકૂમત અને દરબારના વિવિધ કામો થતા હતા. મુસલમાનો ભારતમાં આવ્યા તો તેમણે પોતાનું વતન બનાવી લીધુ. તેઓ હિંદુઓની આસપાસ રહેતા હતા. આ પરસ્પરના મેળાપથી એક બીજાને સમજવાના પ્રયત્નો કર્યા. ઘણા હિંદુઓએ ઈસ્લામ ધર્મ સ્વીકારી લીધો હતો. પરંતુ ધર્મ પરિવર્તનથી તેમનામાં કોઈ ખાસ તફાવત જોવા મળ્યો નહીં. જયારે મુસલમાનો સામે પરાજિત થવાનો ગમ દૂર થઈ ગયો તો હિંદુ અને મુસલમાન બંનેએ એક એવું જીવન જીવવાના પ્રયત્નો કર્યા જેનાથી બંને એક બીજાના પાડોશીની જેમ જીવન પસાર કરી શકે. (પાન નં. ૧૩૬–૧૩૭)

પ્રોફેસર શ્રીરામ શર્મા વી ક્રેસેંટ ઈન ઈન્ડીયામાં લખે છે કે,

રાજકીય વહીવટનો આધાર પ્રભુત્વ પર નથી બલકે દેશના સારા વહીવટ પર આધાર રાખે છે. પરંતુ દેશનો વહીવટ દરેક યુગ માટે સમાન ન હોઈ શકે. બલકે સમય અને માહોલ પ્રમાણે બદલાતો રહે છે. એટલા માટે મુઘલોથી પહેલા દિલ્લીના સુલતાનોએ જે વ્યવસ્થા સ્થાપી તેને તે સમય પ્રમાણે પારખવામાં આવે. એ સુલતાનો વિજેતા બનીને ભારતમાં જરૂર આવ્યા પરંતુ પરાજિતો સાથેના સંબંધો જેમ જેમ વધતા ગયા એ બંને વચ્ચે

યુદ્ધ ખતમ થઈને સારા સંબંધો વિકસ્યા હતા. સામાજિક અને સાંસ્કૃતિક વિશેષતાઓ સાથે રાજકીય સંબંધોનું બેહતર હોવું જરૂરી હતું. એટલા માટે મુસ્લિમ હાકિમો રાજકીય વ્યવસ્થા જલ્દી સુધારવા પ્રયત્નો કરતા હતા. બલ્બનના સમયથી બાબર સુધી એ શાસકોની એ જ કોશિશ રહી કે સામ્રાજય વધારાની સાથે દેશની વ્યવસ્થામાં પણ પ્રગતિ થતી રહે આ વ્યવસ્થાનું સારુ કે ખરાબ હોવું સુલતાનો અને તેમના ગવર્નરોના વ્યકિતગત ગુણો અને આચરણ ઉપર નિર્ભર હતું.(પાન નં. ૧૮૯–૧૯૦)

કે. એમ. પનીકર લખે છે...

તે સ્વીકારવું સારું નથી કે (દિલ્લીના સુલતાનોની હુકૂમતમાં) હિંદુઓના હાથોમાંથી વેપાર છીનવી લેવામાં આવ્યો. મુસલમાનો આક્રમણખોર રહયા, તેઓ વેપારને પસંદ કરતા ન હતા. ભારતનો વેપાર, હુંડી અને કરજ દ્વારા થતો હતો જે મુસલમાનો માટે જટિલ હતું, હુકૂમત અથવા સરકારી માલને કારણે વેપારીઓને વધારે મુશ્કેલી જરૂર પડતી પરંતુ વાણિયા તે સમયમાં પણ સોસાયટીના ઘટકો એવી રીતે રહયા જેવી રીતે કે આજે છે. હિંદુ સોસાયટી એવી રીતે જ રહી કે હુકૂમતનો વહીવટ હિંદુઓના હાથમાં જ રહયો. ઉચ્ચ હોદ્દાઓ પર તો મુસલમાન રહેતા પરંતુ નીચેના બધા હોદ્દાઓ હિંદુઓને જ આપવામાં આવતા હતા. પટવારી, ખજાનચી, એવી રીતે અન્ય હોદ્દેદારો પણ હિંદુ હતા, ગવર્નર અને બીજા હોદ્દાઓ પર મુસલમાનો નિયુકત કરવામાં આવતા. એ વ્યવસ્થાના આધારે ઈલ્તુત્મિસ અને અલાઉદ્દીન ખિલજી બંનેએ એક ટુંકી મુદતમાં શાંતિ સ્થાપવા પોતાની હુકૂમતમાં ઈમારતો ઉભી કરાવી અને એ વહીવટને આધારે પ્રાંતીય ગવર્નર નાના લશ્કરની મદદથી આસાનીથી પ્રાંતીય હુકૂમત સ્થાપી લીધી. (એ સર્વે ઓફ ઈન્ડિયન હિસ્ટ્રીઃ ૧૨૮ – ૧૨૯)

ડો. ઈશ્વરીય પ્રસાદે પોતાના પુસ્તક " હિસ્ટ્રી ઓફ કરુનહ ટ્રિકસ"

માં મુહમ્મદ શાહ તઘલકની હુકૂમત પર વિવેચન કરતા લખે છે.

" સમગ્ર હુકૂમતનો અભ્યાસ કરવામાં આવે તો અંદાજો થશે કે મુસલમાનોની હુકૂમત એક આયોજિત બની ગઈ હતી. મુસલમાનોની ફોજથી પહેલા જેવો પક્ષપાત પણ દૂર થઈ ગયો. તેમના વર્તાવમાં સખ્તી બાકી ન રહી હતી. જીવન જયારે શાંતિમય બની ગયું તો રાજકીય ફરજોની પધ્ધતિ પણ બદલાઈ ગઈ અને પ્રગતિવાદી વિચારો પણ પેદા થવા લાગ્યા. હિંદુઓ સાથે સારો વર્તાવ થવા લાગ્યો. એક પ્રગતિશીલ હુકૂમતમાં અનેક પ્રકારના પ્રશ્નો ઉઠતા રહયા, તેને કારણે એક શાસકે એવી યોજના ઘડવી પડી કે તે જાતે પણ રહે અને બીજાને પણ રહેવા દે. એવી રીતે સુલતાન મુહમ્મદ તઘલકે હિંદુઓ સાથે કોઈ અયોગ્ય વર્તાવ ન કર્યો બલકે તેમની સાથે સારો વર્તાવ કર્યો અને હોદ્દા પણ આપ્યા, તેમણે સતીપ્રથાને રોકી જે તેમની ઉદારતાની દલીલ છે. (પાન નં :૩૦૪)

ડો. ઈશ્વરીય ટુપાએ ફિરોજશાહ તઘલકની હુકૂમતની સમીક્ષા પોલિટિકસ ઈન પ્રિ મુઘલ ટાઈમ્સમાં કરી છે.

ફિરોજશાહ પ્રજાની લડાઈ માટે હંમેશા પ્રયત્નશીલ રહયા. તેનું એક ઉદાહરણ તેનાથી પણ મળે છે કે તેને પ્રજાને બે કરોડ ચલણી સિક્કાઓ આપ્યા. સુલતાન મુહમ્મદ તઘલકના સમયમાં એક વખતે જયારે તબાહી આવી તો હુકૂમત તરફથી બે કરોડ ચલણી સિક્કા આપવામાં આવ્યા. ફિરોજશાહના સમયમાં જયારે તે કરજ વસુલ કરવાનો પ્રશ્ન ઉઠયો તો માલૂમ થયું કે જો આ કરજ વસૂલ કરવામાં આવ્યું તો પ્રજાની તકલીફ વધી જશે એટલા માટે એ કરજ માફ કરી દેવામાં આવ્યું, અને પ્રજાના સંતોષ ખાતર કરજના દસ્તાવેજો બાળી દેવામાં આવ્યા. પ્રજા સાથે હમદર્દીનો આ અજીબ તરીકો હતો. તેનાથી જાણ થાય છે કે ફિરોજશાહમાં પ્રજાને સંતુષ્ટ અને સમૃદ્ધ બનાવવાની ભાવના હતી. તેનાથી વફાદારીની સાચી ભાવના

પેદા થતી હતી. તેનાથી બંનેના સંબંધો મજબૂત રહેતા હતા.

હમદીર્દી અને કૃપાનું દ્રશ્ય મહેસુલમાં પણ જોવા મળતું હતું. ખેડૂતો હુકૂમતનું કરોડરજ્જુ સમાન હતા. એટલા માટે તેમના દુઃખ અને દર્દનો ખ્યાલ રાખવામાં આવતો. ફિરોજશાહે ગ્રામજનોની તકલીફો ઓછી કરવા માટે અયોગ્ય કાયદાઓ ખતમ કરી દીધા. તેનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું કે મહેસૂલ ઉત્પાદન પર અને ખેડૂતોની આર્થિક સ્થિતિ પર વસુલ કરવામાં આવે કોઈ પણ સ્થિતિમાં તેમની ઉપર બોજ ન પડે માટે એવા બધા વેરા ખતમ કરી દેવામાં આવ્યા જેમાં કોઈ સખ્તી હતી. ફિરોજશાહ પહેલા એવો રિવાજ હતો કે ખેડૂતોને માત્ર એક ગાય રાખવાની પરવાનગી હતી. ફિરોજશાહે આ રિવાજને પણ ખતમ કરી દીધો. ખેતી ક્ષેત્રે પ્રગતિ અને લોકોની સ્થિતિમાં સુધારો કરવા નવા નવા કાયદાઓ ઘડવામાં આવ્યા. તેનું ખાસ ધ્યાન રાખવામાં આવતું કે હુકૂમત તરફથી નક્કી કરેલ મહેસુલથી વધારે રકમ વસુલ ન કરવામાં આવે. જો કાનૂન ભંગને લીધે ખેડૂતોને નુકસાન પહોંચતું તો તરત જ ભરપાઈ વસૂલ કરવામાં આવતી.

ફિરોજશાહની હુકૂમત ન્યાયી હતી. કોઈ વ્યકિતને બીજા પર અત્યાચાર કરવાનો હક ન હતો. સમગ્ર દેશમાં શાંતિ હતી. એવી પરિસ્થિતિ ઉભી કરવામાં આવી કે લોકોના જીવનમાં પ્રગતિ થતી ગઈ. ઉચ્ચ અને સામાન્ય બધા વર્ગો શાંતિમય જીવન પસાર કરવા લાગ્યા. વસ્તુઓની છત હતી તે સસ્તી કીંમતે વેચાતી હતી એટલા માટે સામાન્ય લોકો પણ સંતોષી અને સુખી હતા. ફિરોજશાહના આ કારનામા પેગમ્બરે ઈસ્લામ (સલ.) ના એ કાનૂનોને લીધે હતા. જે તેમણે પોતાની હુકૂમતમાં અપનાવ્યા હતા.

(પાન નં. ૨૩૮–૨૪૨)

એચ. પી. ચેટરજી પોતાના પુસ્તક " એ શોર્ટ હિસ્ટ્રી ઓફ ઈન્ડિયા" માં લખે છે કે તે સમયમાં (એટલે દિલ્લીના સુલતાનોના સમયમાં)

ઈસ્લામના પ્રચાર–પ્રસારનો અંદાજો ભારતની આધુનિક પરિસ્થિતિ પરથી લગાવી શકાય છે. ભારતના ઉત્તર પશ્ચિમમાં કશ્મીર, પશ્ચિમ પંજાબ, સરહિંદ અને સિંધમાં ૧ / ૪ થી વધારે મુસલમાનોની વસ્તી થઈ ગઈ છે. એવી રીતે બંગાળામાં અડધાથી વધારે લોકો મુસલમાન છે. બીજા રાજયોમાં મુસલમાનો લઘુમતીમાં છે. અહીં દસમાં એકથી પણ ઓછી સંખ્યા છે. તેમાંનો મોટો ભાગ શહેરોમાં વસે છે. હિન્દુસ્તાનના ઉત્તર – પશ્ચિમ ભાગમાં મુસલમાનો બહૂમતીમાં છે તેનું કારણ એ છે કે પશ્ચિમ બાજુએથી ઘણાં મુસલમાનો અહીંયા આવીને આબાદ થયા હતા. સ્થાનિક પ્રજાએ પણ ઈસ્લામ કબૂલ કર્યો હતો. પરંતુ બંગાળાની એ સ્થિતિ ન હતી. અહીંયા માત્ર સ્થાનિક પ્રજાએ ઈસ્લામ કબૂલ કર્યો હતો. એ વાતનું સંપૂર્ણ સંશોધન ન થયું કે બંગાળામાં ઈસ્લામ કેવી રીતે ફેલાયો. આ પ્રશ્ન એટલો જટિલ છે કે આ ટુંકી પુસ્તિકામાં તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. પરંતુ મહત્વપૂર્ણ બાબત એ છે કે હિંદુમતની પાબંદીઓને કારણે નીચલી જાતિઓએ આ નવો ધર્મ સ્વીકાર્યો હશે. આઠમી સદીથી લઈને બારમી સદી ઈસ્વી સુધી બંગાળામાં પાલ ખાનદાનની હુકૂમત હતી. જે બુદ્ધ ધર્મી હતા. તેમના સમયમાં નીચી જાતિના લોકોને આઝાદી પ્રાપ્ત હતી. જયારે હુસૈન ખાનદાનના લોકો દક્ષિણ તરફથી બંગાળામાં દાખલ થયા તો પોતાની સાથે હિંદુવાદ અને તેની બધી પાબંદીઓ પણ લઈને આવ્યા. તેનાથી નીચેની જાતિના લોકોને હંમેશા તકલીફ પહોંચતી હતી અને જયારે ૧૨ મી સદીમાં ઈસ્લામ આઝાદી અને સમાનતાની પોકાર સાથે બંગાળામાં પહોંચ્યો તો જાતે જ ત્યાંના લોકો તેની તરફ આકર્ષાયા, લોકો ટોળે ટોળા મુસલમાન થવા લાગ્યા આ એક એવું કારણ હતું કે તે હોવાથી અન્ય કારણો શોધવાની જરૂર રહેતી નથી.

(મુખ્તસર તારીખે હિંદ : તર્જુમાઃ મુહમ્મદ યુસૂફ કોકણીઃ ૨૧૮– ૨૧૯)

"હિન્દુસ્તાની સભ્યતા અને ઈસ્લામ" ના શિર્ષક હેઠળ એક લેખમાં

એન.સી. મેહતા આઈ.સી. એસ. એ પોતાના મંતવ્યો આ રીતે રજુ કર્યા છે.

" ભારતના મુસલમાન સુલતાનોને મંદિરો તોડવાને લીધે બધા જાણે છે. પરંતુ મૈસુરના અજોડ મંદિરો આજે પણ એ મંદિરો તોડનારાઓને હાથે સુરક્ષિત છે. અજંતા અને ઈલોરાના બ્રાહ્મણો અને બૌદ્ધ ધર્મના અવશેષોને સુરક્ષિત રાખવામાં મુસલમાનોનો પણ હિસ્સો છે. આપણે તેની ઉપર આશ્ચર્ય ન કરવું જોઈએ. કારણ કે ઈસ્લામ ભારતમાં કોઈ નવી કોમ લાવીને આબાદ કરી નથી. ઈસ્લામ અહીંયા માત્ર એક નુરાની પ્રકાશ લાવ્યો હતો. ઈસ્લામે પ્રાચીન સભ્યતા જે નષ્ટ થઈ રહી હતી અને માનવી અંધકાર તરફ જઈ રહયો હતો તેમાંથી બહાર કાઢયા. બીજા દેશોની જેમ ભારતમાં પણ રાજકારણથી વધારે વિચારોની દુનિયામાં ઈસ્લામની જીતનો ડાયરો વિશાળ રહયો, આજે પણ ઈસ્લામી દુનિયામાં એક રૂહાની બિરાદરી છે જે તૌહીદ અને સમાનતાના અકીદાને જોડી રાખે છે. દુર્ભાગ્યે આ દેશમાં ઈસ્લામનો ઈતિહાસ સદીઓ સુધી હુકૂમતથી સંલગ્ન હતો તેને કારણે ઈસ્લામના અસલ ચહેરા પર પડદો પડી ગયો."

અતુલ ચંદ્ર ચેટરજી પોતાના પુસ્તક " એ શોર્ટ હિસ્ટ્રી" માં લખે છે.

" આસપાસમાં રસ લેવો અને તેમની ખાસ વિશેષતા પ્રમાણે નવું સ્વરૂપ આપવું ઈસ્લામનો ગુણ છે. તે આધ્યાત્મિક શકિતએ સામાન્ય લોકોનું જીવન બદલી નાંખ્યું હતુ. આજે પણ આ મહાન કાર્ય પરિવર્તન લાવી શકે છે. ઈસ્લામની તાલીમ કોઈ ખાસ જુથ કે વ્યકિતની માલિકી નથી. સમગ્ર વિશ્વ તેમાં ભાગીદાર છે. હિન્દુસ્તાનમાં ઈસ્લામની સફળતાથી માત્ર મુસલમાનોનો જ સંબંધ નથી બલકે સમગ્ર ભારતની કોમોને પણ તેની ઉપર ગર્વ હોઈ શકે છે.